Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ अहिंसा परमोधर्मः ॥

પરોપકારી મહાન્ ગૌભક્ત શ્રીયુત્

ઓધવજી રામજી

સરવૈયા.

પશુરક્ષાના હિમાયતી

નું

આત્મવૃત્તાંત.

પ્રસિદ્ધ કરનાર,

મહુવા ગૌરક્ષક સભા.

મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસમાં.
ંકર ઇશ્વરલાલ ત્રિવેદી ધ્રાંગધ્રાવાળાએ છાપ્યું.

83/2

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

mal Foundation Ch

n. Gurukul Kangr

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या................ 4३ग / २८

पुस्तकालय-पञ्जिका-संख्या..........

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

GURUKULA LIBRARY

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ अहिंसा परमो धर्मः ॥

सत्यमेवजयते ॥ ॥ मनुष्य यत्न ईश्वर कृपा.

મહાન્ ગૌભક્ત,

શ્રીયુત્ ઓધવજી રામજી સરવૈયા

પશુ રક્ષાના હિમાયતી

નું

આત્મવૃત્તાંત.

CHECKED 1973
Initial

પ્રસિદ્ધ કરનાર,

મહુવા ગૌરક્ષક સભા.

સંવત ૧૯૭૪ (દ્વિતિયાવૃત્તિ પ્રત ૨૦૦૦) સને ૧૯૧૮

ધી મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસમાં
જટાશંકર ઈશ્વરલાલ ત્રિવેદી ધ્રાંગધ્રાવાળાએ છાપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપોદ્‌ઘાત.

आर्या.

वदनं प्रसाद सदनं सदयं हृदयं सुधामुचो वाचः ।
करणं परोपकारं येषां केषां न ते जना वन्द्याः ॥

"જેમનું વદન પ્રસન્નતાના ભંડાર રૂપ હૃદય દયાયુક્ત, વાણી અમૃતની વૃષ્ટિ સમાન, પરોપકાર અર્થે કર્મ કરનાર હોય છે; એવા મહાજનો કોને વંદ્ય નથી; અર્થાત સર્વને વંદ્ય છે."

ગુજરાતના વર્તમાન યુગમાં દયાળુ પુરૂષોનો છેક અભાવ નથી. પરંતુ તેઓમાં જેઓ ગાડરીયા પ્રવાહમાં ન તણાતાં, કંઇક અક્કલનો ઉપયોગ કરી, દેશકાળની ખરી આવશ્યકયતાઓને અનુસરતા માર્ગે, પોતાની ઉદારતાનો ઉપયોગ કરવા ઉદારચિત્ત બન્યા હોય એવા તો ઘણા થોડાજ હશે. અને વળી તેમાં પણ સ્વપુરૂષાર્થે મેળવેલા દ્રવ્યનો અને પોતાની જીંદગીનો મોટો ભાગ જેમણે અવાચક પશુ સેવામાં ખર્ચી કુલ કૃત્યતા માની હોય એવા તો જવલ્લેજ જડી આવશે. એ છેલ્લી વિશ્વવંદ્ય કોટીમાંના એક આ ગ્રંથ નાયક **મહાન ગૌભક્ત શ્રીયુત્ ઓધવજી રામજી સરવૈયા** પોતાના પ્રસિદ્ધ કાર્યભારથી ગુજરાતીઓની જાણ બ્હાર નથી. કે જેમણે આ લોકના સ્વલ્પ જીવનમાંથી પરલોકના દિર્ઘ જીવનના સુખની તૈયારીઓ પાછળ પુણ્યપ્રદ ગોધનની વૃદ્ધિ અર્થે આત્મભોગનો નમુનેદાર સદ્વ્યય કર્યો છે. ને તેની એક ધર્મશાસ્ત્ર પ્રતિપાદિત કુદરતી પ્રેરાયલી ગૌ સેવાના પ્રતાપથી પોતાનો ૩૦ વર્ષથી ઘર ઘાલી બેઠેલો જુનો મહા અસાધ્ય થઈ પડેલો આમ્લપિતનો જીવલેણ રોગ વગર ઉપચારે નિર્મૂળ કર્યો. ઉપરાંત પોતાની પાછળ પ્રજા ચિન્હ રહેવાની બીલકુલ આશા નહોતી તે જગ્યાએ બે કુલદિપક પુત્રોની પ્રસાદી મેળવવાની પોતાની યોગ્યતા સિદ્ધ કરી, તેમણે એ મહદ્ ઉપકારનો બદલો વાળવા પોતાની ચાલીસ વયની પૂર્વે ધર્મપત્નિસહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડિત બ્રહ્મચર્ય ધારણ કરી, જાતિય સાધારણ સ્થીતિની દરકાર નહીં રાખતાં, આજીવિકાના ઉપાર્જનની દુકાન, પોતાના લઘુ બંધુ સુરચંદને સોંપી રાગરહીત વિતગ્રભાવે આખરની જીંદગી સુધીની પ્રતિજ્ઞાયે ગૌસેવામાં સ્વપ્રાણ સમર્પિત કર્યા, એ સામાન્ય વાત ન ગણાય. એક ભાષા સાહિત્યકાર કહે છે કે-—

સોરઠો.

કરેલ કો ઉપકાર, વીરનર વિસારે નહીં;
સમયે સાહ્ય થનાર, જો માથું દેવું પડે.

એ વાત આ ગ્રંથ નાયકે કળીના કલુષિત પ્રભાવમાં સિદ્ધ કરી બતાવી છે એમ કહેવું કોઈ રીતે અતિશ્યોકિત ભરેલું ગણાશે નહીં. આ પ્રમાણે ખરી ગૌભકિત આદરતાં શ્રીયુત્ ઓધવજીભાઇને માથે અસહ્ય પિડાઓએ એક સાથે હુમલો કરવો શરૂ કર્યો. પ્રથમ તો સુરચંદને સોંપાયેલી પેઢીપર ઉપરાઉપરી બે વરસ સુધી જે તે વસ્તુમાંથી નુકશાની આવી, ત્રીજે વર્ષે માત્ર બે હજાર રૂપીઆ જેવી સામાન્ય ઉપાર્જીત શકિત પ્રાપ્ત થઈ ત્યારે લક્ષ્મણની સરખો લઘુ બંધુ ભાઈ સુરચંદ પોતેજ બે દીવસની પ્લેગની બીમારી ભોગવી પરલોકને પામ્યા. ચોથે વરસે કંઇક શાંતિ વળશે એમ આશા બધાઈ ન બંધાઇ ત્યાંતો તેમનો ભરતજી સરખો લઘુબંધુ કાળીદાસ દમની બીમારી ભોગવી સ્વર્ગસ્થ થયો. આમ એક પછી એક પોતાના કુટુંબ પર આફત પર આફત આવી પડવા છતાં પણ ઇશ્વરી ઇચ્છાને પ્રધાનપણે કબુલી, રામ રાખે તેમ રહેવાની ઇચ્છાએ, આ સઘળાં વિઘ્નો સુળીના ઘા સોએ સર્યા માની મન ગૌભકિતમાં મચાવી, અધિક અધિક દત્તચિત્તે, હૃદયલક્ષણાઓ સુરભીસેવામાં જ જોડી રાખ્યાં ત્યારેજ ભાષા કવિયોએ પોતાના શબ્દ યંત્રમાં ગાયું કે:—

દોહરો.

આફત પર આફત પડયે, ડગ્યો ન ઉદ્ધવદાસ;
સુવર્ણ, જયમ તાવ્યે ટીપ્યે, પ્રકટે પુરણ પ્રકાશ.

આજે આવા વિકટ પ્રસંગ સુધી પહોંચીવળવાને કોણ શકિતમાન છે? તે શોધી જોશો એટલે આ ગ્રંથની યોજનાની મહત્તા સમજાયા વગર રહેશે નહીં.

આ ગ્રંથનાયકની ઉપરની ધૈર્યતાથી, તેઓ સર્વ કોમને એકસરખા એટલાતો પ્રિય થઇ પડયા કે લોકો તેમને વ્યવહારમાં મહાત્માના નામથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખવા લાગ્યા. પરમાત્માએ જેમ સગાળશા શેઠની, ચેલૈયાના માંસની માગણીની કસોટીયે અક્ષરધામની સમૃદ્ધિ અર્પણ કરી હતી તેમ આ ગ્રંથ નાયકને પણ પોતાની બે બાંહ્યો સરખા બે બંધુઓના આત્મભોગના પરિણામે આ લોકની પ્રશંસનિય કિર્તી સંપ્રાપ્ત થઇ છે. હજારો માણસ તરફથી ભલી બુરી સાંભળીને પણ ગૌસેવાનું વૃત્ત વગર બદલાની આશાએ નિઃસ્વાર્થીક નેક ટેક ને ભકિતથી અવિછિન્ન ઉજવ્યું ને હજી છેલ્લા દમ સુધી એજ માન્યતા અવિચળ રાખવાની ઉપાસ્ય ભાવના કરોડો પ્રત્યાઘાત વચ્ચે હયાત રાખવાની દુરઅંદેશી બતાવી રહ્યા છે તે ભગવે લુગડે દુનિયાં છેતરી પેટ ભરનારા મહાત્માઓથી વિશેષ ઉચ્ચતર પદવીના મહાત્મા છે એમ કોણ નહીં કહી શકે? ધન્ય છે એવા મહાત્માઓની જનેતાને કે જેણે આવા પુત્રરત્નથી પૃથ્વીને પાવન કરી પોતાની કરોડો પેઢીને ઉદ્ધારી, ઉગતી પ્રજાના હૃદયમાં એવી પૂજ્ય બુદ્ધિ રોપી દીધી છે.

આ ગ્રંથ નાયક શ્રીયુત્ ઓધવજીભાઇ હજી પણ પોતાના પરિચયમાં આવનાર દરેક ભાવિક જનને એજ ધર્મબોધ પ્રેરી રહ્યા છે કે પશુ રક્ષણના હિમાયતી બની જીવદયાના કામમાં ભાગ લેનારને ઐહિક કીર્તિ સંપત્તિ સાથે પરલોકની પરમ ધામ પ્રાપ્તિ પણ થાય છે. એટલુંજ નહીં પણ તેનું જગતમાં એટલું પ્રાતઃ સ્મરણીય નામ થઈ પડે છે કે જેમ સેંકડો વર્ષોપર થઇ ગયેલા ધર્મવીર મહાત્માઓનાં નામ લેઇ નાચી કુદી પેટ ભરનારાઓ પણ તે ભાવી નામોના ભાવના નિચે પોતાના કુટુંબનો નિર્વાહ કરવાને સારી રીતે સશકત નિવડે છે. વળી કોઈ આ લોકની સંપત્તિની આશા રાખતા હોય તેમને તો આ પશુ રક્ષા એક ચિંતામણી તુલ્ય છે. એ દ્વારા સારાં સારાં મનુષ્યોની ઓળખાણ પિછાણ વધે છે. જન પ્રતિષ્ટામાં ઉમેરો થાય છે. ને ઉદર નિર્વાહમાં આડકતરી રીતે તે તરફથી મદદ ને પુષ્ટિ મળી રહે છે આ તેમની પ્રથમ સલાહ છે. બીજી એ છે કે બીજાઓના અવગુણો જોવાની પિશાચી વૃત્તિને અંગોઅંગમાં વળગવા દેવી નહીં પણ પદાર્થ માત્રમાંથી ગુણ તારવી કાઢવાની ટેવી શકિત સંપાદન કરવી કે જેથી તે ભવિષ્યના જીવનમાં પણ એક આદર્શ વ્યકિત બની રહે છે. આ બે અલૌકિક નિશ્ચયે શ્રીયુત્ ઓધવજીભાઇનું જીવન ચરિત્ર અવશ્ય બોધપ્રદ છે. ને એવા સર્વ તો ભદ્ર વિચારોથી બંધાયલા વાતાવરણની ચમત્કારી યોજનામાં તેમનાં સુદક્ષણાવતાર સરખાં ધર્મ પત્ની અંબા, અને રામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મણની જોડ સરખા તેમના રતિલાલ અને વેણીલાલ નામના બે પુત્રો જોડાયલા છે જેથી તેમનું દષ્ટાંત ધર્મ નિર્વાહીને એક સૂત્ર સરખું બની રહ્યું છે.

ગીતા ધર્મ જે યોગભ્રષ્ટ જીવનની વ્યાખ્યા કરે છે તે આવા પુરૂષો માટેજ હશે એમ દરેક વિચારક, વિના આનાકાનીએ કબુલ રાખે છે તેથીજ બોલાય છે કેઃ—

દોહરો.

જનનિ જણ તો ભકત જણ, કાં દાતા કાં સુર;
નહિંતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

આ ગ્રંથનાયક કરતાં વિદ્યા અને સમૃદ્ધિમાં ઘણાક ગુજરાતીઓ આગળ પડતા છે. પણ તેમના કષ્ટ પ્રસારક દેહ દમનની પરાકાષ્ટાથી ઓધવજીભાઇ એ નામ સર્વ સ્થળે અબાલ વૃદ્ધમાં એટલું તો ગરગથુ થઈ પડયું છે કે આજે તેમની વૃદ્ધતા હોવા છતાં, તેમની ગૌ સેવાની, ચૌદ બ્રહ્માંડના ચોક સરખા મૃત્યુ લોકના મીનારા ઉપર નિડર ફરકતી ધર્મ ધ્વજાની છાયામાં અનેકાનેક મનુષ્યો જીવન કલ્યાણ સાધી તેમને હજારો હજાર ધન્યવાદ આપી રહ્યા છે. ને ભવિષ્યમાં પણ એજ સ્થિતિ ચાલુ રહેશે. કારણ કે આપણે દરેક દિર્ઘદર્શી જાણીએ છીએ કેઃ—

દોહરો.

નામ રહંતાં ઠાકરો, નાણાં નહીં રહંત;
કીરતી કેરાં કોટડાં, પાડયાં નહીં પડંત.

એવા વિજયિ હેતુ પુરઃ સરજ આવા ગ્રંથ નાયકોના જીવન ચરિત્રો ગુંથાય છે કે જેથી અનુયાયિ સંઘ ધંધાધાપાની હાયવોયથી બચાત થઈ, આ લોકની નર્કગામી સાહેબીના પરિત્યાગે અતિષ્ટ સુખના અંતરામ પ્રદેશ ગમ હવે પછીની પ્રજાનાં હૃદયને પુણ્યપથે દોરાવાની શકિત સલામત મુકી શકે.

પદાર્થ માત્રનું બંધારણ ત્રિગુણાત્મક મીશ્રણે પૂર્ણ હોવાથી તેમાં નિર્દોષતાનો સંભવ તો નથીજ, તેમ આ ગ્રંથનાયક સરખા મહાત્માઓ પણ કંઇકને કંઇક માયાના આવરણે દોષિત દષ્ટિગમ્ય ચસમાંમાંથી જોતાં સદોષી લાગેજ. છતાં તે અંકુરભ્રષ્ટ સ્વલ્પ દોષોને કેટલાક મતભેદે ને તેમની કીર્તિ સહન નહીં થઇ શકવાને લીધે કેટલાક વિકારીત પુરૂષો, ગુણી પુરૂ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના રાઇ સરખા દોષને મેરૂ જેવડો ચિતરી કાઢી—લોકોને તે રૂપે દેખાડવાની કોશીશ કરનારાઓ પોતાના હૃદય દુર્બિનનો ઉંધો ઉપયોગ કરવા હમેશાં જાગૃત રહે છે એવાઓનો પણ જગતમાં તોટો નથી. એવા વિધર્મી મનુષ્યોના કુકથનને આ ગ્રંથ નિરમાણ પ્રસંગે અવકાશ આપવા કરતાં, અમે તેઓ જો કબુલ રાખે તો એટલીજ ભલામણ કરવાની યોગ્ય વિચારીએ છીએ કે તેમણે આ ગ્રંથનાયક સરખા ધર્મપરાયણ જીવોના જન્મસિદ્ધ ઔદાર્યનું દૃઢિકરણ, તેમની અનુપમ ટેક અને સ્વપરહિત સાધક વૃત્તિ, પોતાની કાગદૃષ્ટિવત્ દયાપાત્ર સ્થિતિનો ત્યાગ કરી, પરોપકારીક કાર્યોથી હૃદય મુદ્રિત કરી, લખચોરાશીની વિકટ જાળમાં ફસાતા પોતાના આત્માનું પરિત્રાણ કરવું જોઇએ. કારણ કે હાલ સનાતન ધર્મની પૂજ્ય પ્રણાલી સામે અનેક તિરસ્કરણીય સમાજી ધર્મોએ શબ્દશરથી તેનું છેદન કરવાની વ્યૂહ રચના શરૂ કરી છે. ને તેમાં વેદપ્રતિપાદિત મૂર્તિપૂજા, વૃત, દાન ને શ્રાદ્ધાદિક શાસ્ત્રમાન્ય પરલોકની સામગ્રીઓનું બળીદાન અપાતું જાય છે, તો તેમાં આ પશુ રક્ષણનું પણ બળીદાન નહીં અપાશે એની શું ખાતરી ? વળી ધનીકોનો મોટો ભાગ પોલંપોલ આડંબરવાળી બાહ્ય કીર્તિને શરણ થઈ સ્વાર્થી ધર્માંધતાને પોતાની બનાવતો જાય છે. જ્યારે બીજી તરફથી અજ્ઞાન અને તજ્જન્ય અનેક વિધ દુઃખ દૈન્યમાં દેશની અપૂર્વ સ્મૃદ્ધિ સરખાં લક્ષાવધિ પશુઓ પોતાના અસહ્ય રિબિત નિઃશ્વાસથી દશે દિશાઓને ઘેરતાં રહે છે છતાં તે તરફ, એવો ધનીક વર્ગ પોતાની દૃષ્ટિપાત લહરી લેશવાર સ્થંભિત કરવાને બેનશીબ થતો જોવાય છે. આ કરાળ કાળ બળ સામે કટિબદ્ધ થવા માટે ઉપર જણાવી ગયા તેવા દૈવી બળવાળા વીરોની આવશ્યકતા પડે તે વખતે તેઓ તૈયાર હોયતો તે ખોટ પુરી પડે, ને ઇશ્વરની દૃષ્ટિએ મનુષ્યને પશુ પાલન માટેજ દુનિયામાં જનમાવ્યા છે એ જન સંઘ શકિતનું અજબ સ્ફુરણ પંચ પ્રાણને લગતાં દરેક પરમાણુંઓમાં આપોઆપ પ્રગટી નિકળે. કે સ્વદેશ કલ્યાણ ભારતના ભાગ્યમાં ઉજમાળે પગલે દાખલ થાય.

આ મહાન ધર્મ-મર્મ અર્થે જે મહાન પુરૂષોની પ્રગતિ હોય તે નોંધી રાખી જનસમાજને આપવાની ઉત્તમ હિલચાલમાં હસ્તા મલકવત્ પ્રાપ્ત થયેલા આ ગ્રંથ નાયકનાં ચરિત્રનું એક પછી એક જે સદ્ ચરિત્ર, મનુષ્યોની મર્યાદિત સ્મૃતિના ખજાનામાંથી મળી આવ્યું તે સર્વ ગ્રંથિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી તે ઉપરથી 'મહાન ગોભકત ઓધવજી રામજી' 'પશુરક્ષાના હિમાયતી' એ નામાભિધાનથી એક દલદાર પુસ્તક સંવત ૧૯૬૯ માં એક ગોભક્તે પોતાના ખરચે છપાવી જનસમાજને વિના મૂલ્યે આપવાનું વાસ્તવિક બીડું ઝડપ્યું હતું. જેથી તેની અનુપમ દૃઢતાને ઉત્તેજીત કરવા આ સભાએ પાછળથી એ ઉપયોગી કાર્યમાં પ્રેસ ખરચની જોઇતી મદદ પુરી પાડી પોતાનો ધર્મ બજાવ્યો હતો તે ગ્રંથ એટલો લોકપ્રિય થઇ પડયો કે પાછળથી તેની માગણીઓને પહોંચી વળવા માટે આ સભાને પુનઃ આજે એ લોકમાન્ય સંગ્રહની બીજી આવૃત્તિ બ્હાર પાડવાની ફરજ પડી છે. તે એટલા માટે કે તેમનું વંદનિય દૃષ્ટાંત અન્ય ભાવિક વ્યકિતયોને ધાર્મિક વલણ તરફ દોળી ઉગતી માનવ સોસાઈટીને ગૌ સેવનની જાજલ્યમાન જ્યોતિથી જન્મ પ્રેરીત બનાવે.

આ પુસ્તક પ્રગટ કરવાગાં પ્રસિદ્ધ માસિક, અઠવાડીક, દૈનિક પત્રોમાંથી જે જે ઉતારા મળી આવ્યા તે, તથા મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસના મેનેજર ને "શ્રીમાળી અભ્યુદય" માસિકના ઉત્સાહી અધિપતિ શ્રીયુત્ જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદી ધ્રાંગધ્રાવાળાએ મુદ્રિત કરેલા ઉપકાર પત્રો તથા અભિનંદન પત્રો અત્રેની જનરલ સભામાં અર્પણ કરેલા તે, તથા આ ગ્રંથ નાયકે તે બદલ ઉપકાર માનેલો તે, અને દેશાવરી આવેલા અભિપ્રાય પત્રો ને ઇન્તેખાબો ઉતારી, આ ઉલ્લેખની જોઇતી પુષ્ટિ સ્વીકારી લીધી છે તે બદલ તેઓનો ઉપકાર આ સભા માન્ય રાખે છે.

ઉપરાંત આ સંગ્રહની સંઘટન શકિતમાં પ્રેમ અને લાગણી પ્રતિપાદિત યોગ્ય સુચનાઓ અને પ્રુફ પ્રેરીત અનેકાનેક ભુલવણીઓને પહોંચી વળવાની અમર્યાદિત માયાળુતા માટે પોતાના બ્હોળા વ્યવસાયમાંથી કીંમતી વખત આપનાર, વડતાલવાળા સુપ્રસિદ્ધ કવિભૂષણ પંડિત ભાઇશંકરજી વિદ્યારામ શર્માનો પણ આ સભા ઉપકાર માનવાગાં પોતાનું પરમ કર્તવ્ય સમજે છે. જે યોગ્ય ને આનંદાનુકુલ તક વાંચક વર્ગ સ્વિકારવાની તરદી ઉઠાવશે. इति शम् ।

પ્રેમવાન્છક,

મહુવા ગૌરક્ષક સભાના વ્યવસ્થાપકો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



महान् परोपकारी गौभक्त शूर महात्मा ओधवजी रामजी सरवैया स्थापित महुवा गौरक्षक सभानी गौशाळा.

The Bombay Art Printing Works, Fort.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



महान् परोपकारी गौभक्त शू॰ महात्मा ओधवजी रामजी सरवैया; महुवा.

The Bombay Art Printing Works.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—— મહાન ગોભક્ત ——

શ્રી ઓધવજી રામજીનું આત્મગુંજન.

ગજલ-કવ્વાલી.

૧

કહે 'ઓધવજી' ગૌ સેવા, ગરૂરીથી ગજાવીશું;
જીગરને જુલ્મથી જકડી, જીભે 'સુરભી' જપાવીશું.
કળીને કષ્ટહરણી આ, કળીમાં 'કામધેનૂ' ની,
સદા સસ્નેહ છાયાથી, છબી ઉરની છપાવીશું.
અમારી સંતતી સૌને, 'રઘૂ' 'દીલીપ' નાં રુડાં;
સદોદિત 'સુરભી' સેવાનાં, સ્મરણ ભૂષણે સજાવીશું.
ધરીશું ધન અને મન એ, ધરમ પંથે છતાં કોઇ;
સરરસહ શીર ગરદનથી, કહેશે તો કપાવીશું.
ભટકતાં 'તીર્થભોગી' ને, હજારો વેદને વચને;
ખુંખારી ગાયની ખરીએ, બધાં તીર્થો બતાવીશું.
અલગ કરી આધિ વ્યાધીને, સમાધી સુરભીની સાધી;
ઉપાધી મુકિતની લાધી, ત્વચા તનની તપાવીશું.
લુંટાવી લાલચો લાખ્ખો, પરમ પદની તજી પરવા;
મને માનેલી આલમને, 'મુનીવરતા' ગપાવીશું.
અમારાં આચરણથી આ, બીજા કોઇ દેવ બળશે તો;
'વશીષ્ટે' આવર્યાં એવાં, સ્વરગ નવલાં સ્થપાવીશું.
અમે ને સૌ અમારાં એ, ભળાવ્યા 'ભાઇશંકર' ના;
અગર 'ચિંતામણી' ઓથે, લપાઇને લપાવીશું.

મુંબાઇ
કાલબાદેવી રોડ
તા. ૧-૪-૧૮

કવિ ભાઇશંકરજી વિદ્યારામ પંડિત.

પ્રાણરક્ષક ઔષધાલય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌભકત ઓધવજી રામજી

પશુરક્ષાના હિમાયતી.

આ પ્રસિદ્ધ ગૌભકતના નામ સાથે મુંગા પ્રાણીઓ તરફ અનહદ લાગણી દર્શાવનારા તેમના કામો પણ એટલાં બધા છે કે-- તેવાં એક ગૌભકતનું ચિત્ર સાથે ચરિત્ર પશુ રક્ષાના પહેલા નંબરના હિમાયતી દાખલ આપવા અમે દુરસ્ત ધારીએ છીએ; તથાપી એટલું જણાવવું જોઇએ કે સ્થળ સંકોચને લીધે હાલ તો તેની ટુંક નોંધ આપીશું તે એટલા માટે કે તેમનું અનુકરણીય દૃષ્ટાંત તેમનાં કાર્યોમાંથી ત્રિણી સેવાની માનવશકિત ખીલતે પગલે આગળ વધે.

પરોપકાર બુદ્ધિ, એ ઈશ્વરી અંશ છે. તેનું બીજ માણસના અંતઃકરણમાં રોપ્યાથી ઇશ્વરે તેને ઉંચે દરજ્જે ચઢાવ્યો છે. પરંતુ એ બીજની સાથે સ્વાર્થ નામે રિપુ ઉશ્કેરેલો છે. જે ઘણી ખરી વખતે તે બીજને ઉગીને પ્રફુલ્લિત થવા દેતો નથી. તેથીજ પરોપકારનું બીજ ઉગીને મોટું થાય છે, એવા આ સંસારમાં થોડાકજ નર રત્ન માલુમ પડે છે.

મહાન ગૌભકત શ્રીયુત **ઓધવજી રામજી** આ વર્ગના વીરલા જનોમાંના એક પ્રસિદ્ધ પુરૂષ છે. તેઓ દશા શ્રીમાળી વાણીયા, શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન ધર્મી છે. તેમનો જન્મ સંવત ૧૯૦૯ ના કાર્તિક શુદ ૧૧ (દેવ દીવાળી) ના રોજ થયો છે. કેળવણીના હિસાબે તેમને સાધારણ જ્ઞાન ઉપરાંત વિશેષ નથી. તેઓએ ૧૬ વર્ષની ઉમરમાં મહુવાની સરકારી સેકન્ડ ગ્રેડ એંગ્લોવર્નાકયુલર સ્કુલમાં ચોથા ધોરણ સુધી અભ્યાસ પુરો કર્યો. ને ઇ૦ સ૦ ૧૮૭૦ ની સાલમાં ૧૭ વર્ષની ઉમરે ગવરમેન્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતામાં સ્કુલ માસ્તરની, ને ઇ૦ સ૦ ૧૮૭૬ ની સાલમાં આ સ્ટેટમાં વહીવટી કચેરીના કારકુનની નોકરી કરી. ત્યારબાદ ઇ૦ સ૦ ૧૮૮૨ માં છુટા થઇ અનાજનો સ્વતંત્ર રોજગાર કરવા માંડયો ત્યારથી અત્યાર સુધીમાં અનાજનો પરચુરણ રોજગાર એજ તેમની આજીવિકા અર્થેનો રોજગાર છે. તેઓ સાધારણ સ્થીતિના છતાં દરેક સાર્વજનિક ખાતામાં તેમની જાહેર આગેવાની અને પ્રમાણીકપણાની કથા ઇતિહાસીક અને જાણવા જોગ હોવાથી તે અત્રે આપવાને યોગ્ય ધારીએ છીએ.

આ ગૃહસ્થે મહુવા ગૌરક્ષક મંડળીની સ્થાપના સને ૧૮૯૧ માં કરી અને તે વખતથી અદ્યાપી પર્યંત તેઓ તેના જીવન રૂપ ગૌ માતાજીના સંરક્ષક તથા તન મનને ખરા જીગરની લાગણીથી યથાશકિત ધનનો ભોગ આપી અખંડ ઉમંગથી સતત્ કામ કરનારા અને આ કાર્યને ઉત્તમતાએ લાવનાર તેના માનવંતા ઓનરરી સેક્રેટરીના પદ પર બીરાજે છે.

તેઓએ નિઃસ્વાર્થે યોગભ્રષ્ટ જીવન ગુજારી અમૂલ્ય જીંદગી ગૌ સેવાને અર્પણ કર્યાથી તે અદ્ભુત લગનીના પ્રતાપે આત્મ બળનું તારતમ્ય વૃદ્ધિ પામ્યાથી અત્રે એક મહાન કીલ્લા જેવું ગૌશાળાનું દરશનીય ભવ્ય મકાન બંધાઈ રહ્યું છે. તેમાં આશ્રય લેતી અસંખ્ય ગાયો આદિ પશુઓને અભય જીવિતદાન મળવાથી ગૌ મહાત્મનો વિજય વાવટો દિગંત પર્યંત ફરકી રહ્યો છે.

એમના ખાનદાન કુટુંબની પણ એ સર્વોપયોગી ખાતા તરફ સારી દીલસોજી છે. એમના લાયકીવાળા પુત્ર રતિલાલ અને વેણીલાલ પણ આ મહાન પરોપકારી ખાતા પ્રત્યે વખાણવા લાયક યોજના કરવા તન, મનથી સહાયતા આપે છે. એમના મરહુમ નાના ભાઇ સુરચંદ રાગજી પણ આ ખાતાને તન, મન ને યથાશકિત ધનથી દર વખત સહાયતા આપતા હતા. ને પોતાના કુટુંબમાં કોઈ પણ માંદગી વેળાયે આ ખાતાને મદદ મોકલાવી પશુઓ તરફની પોતાની દયાળુ લાગણી દર્શાવી આપતા. જે એહેવાલ આપણને પુરતી ખાત્રી આપે છે.

મરહુમ સુરચંદભાઇ એ દીવસના પ્લેગના દુષ્ટ આજારથી સંવત ૧૯૭૨ ના ભાદરવા વદ ૪ શુક્રવારે અકસ્માત ગૌલોકવાસી થયા જેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સભાએ એવા એક સુનંદા કોહીનુર સમાન ખરો મદદગાર ભકતને ખોયો છે; તે ખોટ પુરી પાડવા અને મરહુમનો આત્મા અખંડ શાન્તિ પામે તે માટે આ સભાની પ્રભુ પ્રાર્થના છે.

અખીલ જગત વ્યવહાર કીર્તિની અવશેષ મુર્તિ મુકી વખત આવે સદાને માટે આ દુનિયામાંથી અદ્દષ્ય થાય છે તે નિયમાનુસાર આપણા આ વયોવૃદ્ધ મહાત્મા પણ કાળ ચક્રના એક દાંતા ઉપર સ્વાર થઇને પરલોક તરફ પ્રયાણ કરી જાય ત્યારે તેમના આ પ્રવર્તાવેલા પશુ રક્ષણ ધર્મનું, તેમના સત્યના પોષક માર્ગનું, તેમજ તેમની પવિત્ર જીવનચર્યાના નમુનાનું નિરીક્ષણ કરનાર હરકોઇ ભાવિકને આ નેત્ર પ્રીય વ્યકિતને જોવાની અભીલાષા ઉપસ્થીત થાય તો તેવા પ્રસંગે એવા ધાર્મીક ભાવી- જનો માટે શ્રીયુત્ મહાત્મા ઓધવજીભાઇનું એક ઓઇલ પેઇન્ટીંગ પ્રસ્તુત સભાએ પોતાને ખરચે તૈયાર કરાવ્યું છે ને તેને ગોશાળાના મુબારક મકાનમાં પધરાવવાની યોજના ચાલે છે જે પ્રભુ કૃપાએ પૂર્ણ થશે એટલું જ નહીં પણ સુજ્ઞ સભાએ બુજેલી કદર તરફ જોતાં પ્રત્યેક ગોભકતને આ સભા પ્રત્યે મગરૂર થવાનું હમેશને માટે એક મજબુત કારણ મળશે.

ઇતિ શમ્

મહુવા ગોરક્ષક સભા.

મહુવા ગોરક્ષક સભા અને તેના સેક્રેટરીએ બજાવેલી સેવા.

આ સભાની ગોશાળામાં સંવત ૧૯૫૬ ની સાલના મુલુક મશહુર ધાસ-ચારાના ભયંકર દુષ્કાળમાં ૧૨૩૮ ગાયો એકઠી થયેલી તેના રક્ષણ-પોષણ માટે અન્ય જનોને ફીકર થયેલી કે ગાયોની સંખ્યા ઘણી વધી પડયાથી હવે આ માણસ ગાયોનું સંરક્ષણ કરી શકશે નહીં. પણ ગાયોને ઉલટી મરણ શરણ કરશે. માટે કુદરતની સામે બાથ ભીડવાનો દુર્ઘટ પ્રયત્ન હવે તે છોડી દે તો સારૂ, પરંતુ આ વીરનરે ઉગ્ર ભાવના ને દ્રઢ શ્રદ્ધા સાથે કરેલો પરોપકારી પ્રયત્ન પડતો મૂકયો. નહીં. તે પોતાની આજી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકાવાળા ધંધા તરફ દરકાર નહીં રાખતાં ખરા દિલથી પરોપકારી પ્રયત્નજ શરૂ રાખ્યો. તો આખરે પરમાત્માની સહાયતાથી દયાળુ દાતાના દાનની મદદ મળી આવી અને દુષ્કાળ રૂપી દુઃખદાયક સમુદ્ર સેહેજે તરી ગયા. ત્યાર પછી સંવત ૧૯૬૧ ની સાલના ઘાસ-ચારાની મોંઘવારીના વખતમાં પણ ભાવનગર દ્વારકાનાથજીની હવેલીની તથા આસપાસના ગામોની ગાયોની આવક શરૂ થયાથી પુષ્કળ ગાયો એકઠી થયેલી; તે સર્વનું પણ ઘણી સારી રીતે સંરક્ષણ કરી વિજય મેળવ્યો છે.

આ ગૌશાળામાં સારી દેખરેખ રહેવાથી કાયમ મોટી સંખ્યામાં ગાયો રહેવાથી તેના સંરક્ષણનો કાયમ બહોળો ખર્ચ હોવા છતાં કોઈપણ પ્રકારની કાયમી ઉપજ કે લાગો નહીં હોવાથી તેનો સઘળો આધાર દયાળુ મનુષ્યોની ઉદારતા ઉપર ટકેલો છે. સબબ ઘાસની મોંઘવારીનું ને ગાયોને રહેવા છાપર બાંધવાનું મોટું કરજ થયેલું. તો પણ શેઠે નહીંજ ખાતાં નીડર રહી પોતાને જોખમે ગામમાંથી કરજે વ્યાજુ રૂપિયા લાવી સભાને ધીરીને પણ કાર્ય શરૂ રાખ્યું ને કાયમ ગૌશાળાનું ને ઓફીસનું કામ પરવાર્યા પછીજ પોતાની આજીવીકા વાળા ધંધા પર જઈ ગુજરાન જેટલોજ પ્રયત્ન કરી બાકીનો બધો વખત ગૌ શેવામાંજ કાઢવા લાગ્યા. તે પ્રતાપથી આત્મબળ વૃદ્ધિ પામી એવી લાગણી થઈ કે પુર્વે જે હિન્દે જગતજનુની ગાય માતાજીનું પાલન કરી ગોપાળનું બીરદ મેળવ્યું છે. તેજ હિંદમાં ગોપાલન નહીં થવાથી સ્વદેશની અવ્યવસ્થા થાય છે. સબબ ગાયોપર પડતાં સંકટો દુર કરવામાં લોકાપવાદની ને પરિણામની દરકાર નહીં રાખતાં ગાયોને બચાવવાને અભય જીવીતદાન દેવાનો શ્રમ લેવામાંજ સીદ્ધિ માની જેથી સભાને થયેલું કરજ અદા કરી અમુક ફંડ સોંપવાથી ભવિષ્યમાં પણ આ ખાતું નીભ્યા કરે—એવા વિચાર શ્રેણીના ઊંડા પ્રદેશમાં ઉતરી પોતાના પદરને ખરચે મુંબઈ જઈ દશ હજારની રકમનો ખરડો કરી લાવવા સંકલ્પ કરી આ સભાના પ્રેસીડેન્ટ નગરશેઠ હરીલાલ મોનદાસભાઈની પરવાનગી લેતાં તેઓએ તેમને પોતાની પેઢીમાં ભોજન લેવાની સગવડ કરી દેઈ પરવાનગી આપ્યાથી સંવત ૧૯૬૬ ના શ્રાવણ માસમાં તેઓએ મુંબઈ ખરડો શરૂ કરેલો. પણ વૃદ્ધાવસ્થા હોવાથી માત્ર દોઢ મહિનામાંજ મુંબઈનું પાણી લાગ્યાથી તાવ ને કબજીયતની બીમારી થઈ આવ્યાથી શરીર બળ તદન ઘટી ગયેલું. પણ પારમાર્થિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહી રોમેરોમમાં વહેવાથી એટલું બધું આત્મ બળ વૃદ્ધિ પામ્યું કે દાદરા ચડવાનો મોટો પંથ કરવામાં બીલકુલ કાયરતા નહીં થતાં અડગ નિશ્ચયથી ખરડો શરૂ રાખ્યો જેથી **મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા** તે અનુસારે દયાળુઓના અંગમાં ગેબી મદદગારો દ્વારા કુદરતી પ્રેરણા થવાથી માત્ર સાત મહિનાની ટુંક મુદતમાં સંકલ્પ પ્રમાણે રકમ પુરી થયાનો વિજય થયો. ને પોતાની જીંદગી ખરેખરા એક સાધુ તરીકે ગૌ શેવાનેજ અર્પણ કરવાના નિશ્ચયપર આવી પોતાના દીકરા રતીલાલને મુંબઇ મરચન્ટ બેન્કની મોટા પગારની નોકરીનું રાજીનામું અપાવી સંવત ૧૯૬૭ ના માહ માસમાં પોતાના સાથે મહુવે તેડતા આવી તેને પોતાની આજીવીકાની દુકાનના વહિવટમાં જોડી દેઈ પોતે દુકાનના વહિવટમાંથી ફારક થઇ પોતાનું સઘળું જીવન ગૌ શેવાનેજ સોંપ્યું. તેવામાં સંવત ૧૯૬૮ ની સાલમાં પાછો એકાએક ઘાસ–ચારાનો ભયંકર દુષ્કાળ પડયો. તે વેળા ભાવનગર ગૌશાળાની ગાયો બચાવવા તે સભાના માનવંતા સેક્રેટરીએ મહુવા સભાની મદદ માગતાં જેટલી ગાયો હોય તેટલી મોકલી દેવી કે તેનું સંરક્ષણ કરી બચાવવામાં આવશે. એવો ખુશાલી ભરેલો ખુલાસો આપવાથી ત્યાંની ૧૧૭ ગાયો આવી. અને આસપાસના ગામોમાંથી પણ પુષ્કળ ગાયોની આવક થયાથી (૧૫૪૫) ગાયો એકઠી થઇ. તેના રક્ષણ–પોષણ માટે પાછી અન્ય જનોને ફીકર થયેલી કે હવે ગાયોની સંખ્યા વધી પડયાથી આ માણસ હવે ગાયોનું સંરક્ષણ કરી શકશેજ નહીં, પણ ઉલટી મરણ શરણ કરશે. માટે કુદરતની સામે બાથ ભીડવાનો પ્રયત્ન હવે છોડી દે તો સારૂ. પણ આ વીરનરે દૃઢતાથી કરેલ પરોપકારી પ્રયત્ન પડતો નહીં મુકતાં ખરા દિલથી પરોપકારી પ્રયત્નજ શરૂ રાખ્યો. એટલે દયાળુઓના અંગમાં કુદરતી પ્રેરણા થતાં હિંદ અને આફ્રિકાના દયાળુ દાતાઓના દાનની મદદ મળી આવ્યાથી દુષ્ટ દુષ્કાળ રૂપી ડરામણા દૈત્યના મોતના ડાચામાં જતી ગાયોનો બચાવ થયો, ને દુષ્કાળ રૂપી દુઃખદાયક સમુદ્ર સેહેજે તરી ગયા. પણ તે સર્વ હયાત રહેલી ગાયો પાંકડી રહેવાથી ને દુજણી થયા શીવાય પાંકડી ગાયો નહીં વેચવાનો આ સભાનો નિયમ હોવાથી તે (૧૫૪૫) ગાયો ગૌશાળામાં સીલકે રહી. દરમીયાન સંવત ૧૯૬૯ ની સાલમાં આ વરસે સિંધમાં ઘાસ–ચારાનો ભયંકર દુષ્કાળ પડયાથી કરાંચી પાંજરાપોળના ઢોરોને બચાવવા ત્યાંની પાંજરાપોળના માનવંતા સેક્રેટરી અને શ્રીમાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહસ્થોએ મહુવા સભાની મદદ માંગતા તેનો સ્વીકાર કરી જે જાતના જેટલાં પશુ હોય તે મહુવા ગૌશાળામાં મોકલવાં કે તેનું સંરક્ષણ કરી બચાવવામાં આવશે. એવો ખુશાલી ભરેલો ખુલાસો તાર મારફતે મહુવા સભાએ મોકલતાં કરાંચી અને દકાની પાંજરાપોળના ગાય, વાછડા, વાછડી, બળદ, પાડા, ઘોડા વગેરે (૫૭૫) જીવ આવ્યા. ને રાજુલા માહાજન તરફથી ગાય, વાછડા, સાંઢ, બોકડા વગેરે (૫૦) જીવ આવ્યા. તથા તલાજા મહાજન તરફથી રોઝ જીવ (૨) અને મહુવાના ઉનવાળા વેપારી શેઠ નુરમામદ વજીર તરફથી સાંઢ જીવ (૨) આવ્યા. તે મળી કુલ (૨૧૭૪) ની સંખ્યા થઇ. તે સર્વનું રક્ષણ કરી વિજય મેળવ્યો છે.

સંવત ૧૯૭૨ ની સાલમાં પણ પાછો ઘાસ-ચારાનો ભયંકર દુષ્કાળ પડયાથી આસપાસના ગામોના ઢોરોની આવક વધવાથી અને કરાંચી તથા દકાની પાંજરાપોળના ઢોરો બચાવવા ત્યાંની પાંજરાપોળના માનવંતા સેક્રેટરી અને શ્રીમાન સજ્જનોએ આ સભાની મદદ માગ્યાથી સુખરૂપ પહોંચે તેટલાં ઢોરો મોકલવા ખુશાલી ભરેલો ખુલાસો તાર મારફતે આપ્યાથી ત્યાંના ઢોર જીવ (૨૪૨) આવતાં કુલે એકંદર ઢોર જીવ (૨૩૭૭) એકઠાં થયેલાં તેના રક્ષણ-પોષણ માટે પાછી અન્ય જનોને ફીકર થયેલી કે હવે ઢોરોની સંખ્યા ઘણીજ વધી પડયાથી. આ માણસ હવે ઢોરોનું સંરક્ષણ કરી શકશે નહીં, પણ ઉલટાં મરણ શરણ કરશે માટે કુદરતની સામે બાથ ભીડવાનો પ્રયત્ન હવે છોડી દે તો સારૂં પણ આ વીરનરે દઢતાથી કરેલ પરોપકારી પ્રયત્ન શરૂ રાખ્યો. એટલે દયાળુ આશ્રયદાતાના અંતરાત્માને કુદરતી પ્રેરણા થયાથી હિન્દ અને આફ્રિકાના દયાળુ દાતાઓના દાનની મદદ મળી આવતાં દુષ્ટ દુષ્કાળ રૂપી દુઃખદાયક સમુદ્ર સહેજે તરી ગયા. જેથી સર્વ ઢોરો સુખાકારીથી હયાત જીંદગી ભોગવે છે; પરંતુ તેને રહેવાનાં પુરતાં છપર બાંધવા જરૂર છતાં મોટી સંખ્યાના ઢોરોના સંરક્ષણના કાયમના બહોળા ખરચને પહોંચી વળવામાંથી સભાને નાણાંનો વધારો નહીં રહેવાથી સભા પુરતાં છપર નહીં બંધાવી શકવાને લીધે શીયાળામાં ટાઢની, ઉનાળામાં તડકાની, ને ચોમાસામાં વરસાદની પુરી મુશીબત ભોગવવી પડે છે. તેથી દયાળુ ધર્મ વિરો છપર બંધાવી દઇ અક્ષય પુન્ય ને મહાન આશિર્વાદનો લાભ લેશે એમ આ પ્રસંગે જણાવી દેવા જરૂર છે.

આ ગૌશાળામાં કરાંચી અને દકા વિગેરે દુર દેશની પાંજરાપોળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોષાતાં સર્વે જાતનાં આવેલા ઢોરોનું સંરક્ષણ કરી બચાવ્યાથી આ જીવ દયાની સંસ્થાને મહાજન સમસ્તે **મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળ** નામ આપ્યું છે તે યોગ્યજ છે. એમ સર્વ આલમ કબુલ રાખશે એવો પુરાવો આ સંસ્થાએ રજુ કર્યો છે.

મોસુફ સેક્રેટરીએ ભાષણો અને પુસ્તકો દ્વારા કરેલા પ્રયાસથી અહીંના દુધાળાં જાનવરો અજાણ્યા પરદેશીને વેચાણુ નહીં દેવા તથા તેવાં પશુઓ વહાણે ચડાવી પરદેશ નહીં લઇ જવાનો ઘણો સારો બંદોબસ્ત થયેલો પરંતુ અન્ય કોમોના પરીબળથી કાયમને માટે ટકી શકયો નથી.

મહીસુરમાં દુધ દેતી બંધ થયેલી ગાયોને ગાડાગાં, હળમાં અને કોશમાં જોડવાનો રિવાજ હોવાના ખબર મળ્યાથી તુરત તે રિવાજ બંધ પાડવા ત્યાંના નામદાર મહારાજા સાહેબને અરજ પત્રીકા મોકલી પ્રયાસ કર્યાથી મોસુફ મહારાજા સાહેબે તે રિવાજ બંધ કરાવી ખરો ક્ષત્રીય ધર્મ બજાવી અક્ષય પુણ્ય ઉપારજન કર્યું છે.

ત્રાવણકોરના અલ્પાઈ બંદરમાં થતો ગો વધ અટકાવવા ભાષણો અને પુસ્તકો દ્વારા કરેલ પ્રયાસમાં વિજય પામ્યા છે.

આ સભાના પ્રયાસથી કતપર, ડુંગર, રાજુલા, જેસર, કુંડલા, ઢસા, પાલીતાણા, ડેડાણુ, કોચીન, જંગબાર, ડેલાગોવાબે વિગેરેમાં ગોરક્ષણી સભાઓ અને ગોશાળા સ્થપાઇ છે ને મોટાં જંગલો પણ રાખવામાં આવ્યા છે. ઉપરાંત જંગબાર અને ડીલાગોવાબેમાં આ સભાના ગો ભેટ ફંડના ડબા રાખી તેની સારી ઉપજ આ સભાને દર વખત મોકલાવી આભારી કરે છે.

'ત્રંબક'માં નારાયણુ વામન નામનો એક સખસ યાત્રાળુઓનો ગોર હતો તેના પાસે યાત્રાળુઓના ને તેના વડીલોના નામની ચોપડી હતી. તે સખ્સ ગુજરી જતાં તે ચોપડી એક ઠગારાએ ચોરી જઇ તેજ નારાયણુ વામન પોતાનું નામ ધરાવી પરોપકાર વૃત્તિનો ડોળ ઘાલી ગોરક્ષાને બ્હાને નાણું કઢાવવા ભાવનગર જઇ ત્યાંના નાગર વગેરે ગૃહ-સ્થોને તેમના ગોરપદા તરીકેની ઓળખાણુ આપી પોતા પાસેની ચોપડી-માંથી તેમના વડીલોના નામો બતાવી વીશ્વાસ બેસાર્યો પછી જણાવ્યું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાનદેશથી કસાઇ લોકો (૩૦૦) ગાયો વેચાણ લાવી ત્રંબક રાત રહેલા તેના ખબર મહાજનોને થતાં તુરત (૩૦૦૦) રૂા. આપી તે ગાયો વેચાણ રાખી છે. તેના ચારા માટે ગાય માતાનું કામ જાણી પરોપકાર વૃત્તિથી મારા ભાણેજ રામબાહુને સાથે રાખી ખરડો કરવા આવ્યો છું. એમ જણાવ્યાથી ત્યાં ખરડો થયો, તે ઉઘરાવી મહુવે આવી આંહી પણ તેણે તેમજ જણાવ્યાથી દયાળુ મહાજને ખરડો કરી આપતાં રૂા. ૫૦) થયેલા તેવામાં અચાનક મૌસુફ સેકરેટરીનું મળવું થતાં તેઓએ પુછેલા સવાલના જવાબમાં જણાવ્યું કે—ભાવનગર વસુલ લીધેલા રૂપીયા ત્રંબક કોઈના ઉપર મોકલાવ્યા નથી પણ અમારી પાસે રાખ્યા છે તેનું રીતસર નામું રાખ્યું નથી. તેથી કેટલા રૂપીયા વસુલ આવ્યા તેની ખબર નથી તે ઉપરથીજ તેની ઠગાઇ અને લુચ્ચાઇ ભરેલી વર્તણુંક જણાતાં ભાવનગરના ખરડાના કાગળો તથા ત્રંબકના કેશવરામ બાવાની સહીના છાપેલા કાગળની નકલ કરી લેઇ ત્રંબકથી માંગેલો ખુલાસો આવતાં સુધી ખરડો બંધ રખાવી વસુલ આવેલા રૂપીયા નગર શેઠની પેઢીમાં ભરી દેવા જણાવ્યું. તેથી પોતાનું પોગળ ખુલ્લું થવાનો ભય લાગ્યાથી તે ઠગારો આંહીથી પલાયન થઇ ગયો. તે દરમીયાન નાશક જીલ્લાના મે. ડે. કલેકટર ગુણવંતરાય ગુલાબરાય દેશાઇનો તાર તે ઠગારો હોવાનો આવ્યાથી તુરત તેને પકડી પાડવા માટે કાઠિયાવાડના મુખ્ય શેહેરોમાં કાગળો લખી પેપરોમાં આર્ટીકલ આપ્યાથી રાજકોટ શ્રાવક માસીકના અધીપતી શા. મોહનલાલ દામોદરદાસે તે ઠગારાને પકડયાનો તાર આપ્યાથી તેના પર કેશ ચલાવવા રાજકોટ જવા તૈયાર થયેલા પણ તેવામાં તે ઠગારાને પોલીસને સ્વાધીન કરવા જતાંના દરમીયાન વરસાદના સખત તોફાનને અંધારાનો લાગ જોઇ તે ઠગારો છટકી ગયાનો તાર આવ્યાથી રાજકોટ જવું બંધ રહ્યું પણ ત્યારથી ગોરક્ષાને બ્હાને એવા ઠગારા આ તરફ આવતા બંધ પડયા છે.

મરી જતાં ઢોરોના ચામડા ઉતારી લેવાની મહુવાની ભામનો ઇજારો અહીંના ઢેડ મંગલા ભાયા ને લાખા ભાયાએ રાખી ચામડાના લોભથી પ્રજાના સંખ્યાબંધ કીમતી ઢોરોને ઝેર દેઇ નાશ કર્યાથી તેના પર કેશ ચાલી ઝેર દીધાનું પુરાવાથી સાબેત થતાં તેને સખત મજુરી સાથે ૭ માસની કેદની સજા થયેલી છે, ને તેને ભામનો ઇજારો નહિ આપવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠરાવ થયો છે તેથી જનાવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા તથા સલામતી જાળવવા માટે મોસુફ સેકરેટરીને ભામનો ઈજારો રાખવા પ્રજાનો આગ્રહ થતાં બે વરસથી ભામનો ઈજારો ગોરક્ષા તરફથી રાખવામાં આવેલ છે. તે દરમીયાન પ્રજાના એક પણ ઢોરનું અકાળે મૃત્યુ નહિ થવાથી ઢોરોની સલામતી ને શાન્તી જળવાઇ રહ્યાથી પ્રજા પ્યાર વધી પડયો છે તેથી મગરૂર થવાનું છે.

ભગવાં લુગડાં ને રૂદ્રાક્ષની માળા પહેરી શંકર, શંકરના નામની રટના કરનારા સાધુઓ મેળામાં, તીર્થોમાં ને ગામ પરગામમાં પાંચ પગ અને બે પુંછડાવાળી ગાય, તથા બે જીભવાળો પોઠીયો બતાવી ભીક્ષા માગે છે, તે ગાય તથા પોઠીયાને દયાળુ હિન્દુ ભાઇઓ તથા બ્હેનો દેવ-તાઇ માની તે સાધુઓને દાનમાં પુષ્કળ પૈસો આપે છે. આ બાબતમાં મોસુફ સેકરેટરીને શંકા થઇ કે—માણસને વખતે છઠી આંગળી હોય છે. પણ ત્રીજો પગ કે બે જીભ હોતી નથી તેમજ ભેંસ, બકરી, ઊંટ, ઘોડા, હાથી, કુતરાં, બીલાડાં, બકરાં, વગેરે કોઇ જાનવરને પાંચમો પગ પુંઠ ઉપર બે પુંછડાં અથવા બે જીભ જોવામાં આવતી નથી; અને રાજાઓ, ગૃહસ્થો તથા ભરવાડોને ત્યાં લાખો ગાયો અને બળદો છે. તેમાંના કોઇને પણ એ પ્રમાણે પગ, જીભ કે પુંછડું જોવામાં આવતું નથી; છતાં આ સાધુઓની ગાય તથા પોઠીયાને વધારાના પગ પૂંછડાં અને જીભ બતાવે છે. તેને કાંટો કે સોય ભોંકવાથી દુઃખ થતું નથી તેથી તે કુદરતી નહીં પણ કૃત્રીમ હોવું જોઇએ. એવો તર્ક કરી શ્રમ લેઇ તપાસ કર્યો. તેમાં જણાઇ આવ્યું કે એ સાધુઓ, સાધુઓ નથી પણ પાખંડી લોકો છે. તેમના કામ કસાઈના ભાઇ જેવા છે. તેઓ દેખવામાં હિન્દુ સાધુઓ જેવા લાગે છે, પણ વર્તનમાં માંસ, દારૂ વિગેરેનો ઉપયોગ કરનારા તથા મુસલમાનનો હુક્કો પીનારા છે. એ લોકો સાધુઓના લેબાસમાં ખરેખર કસાઇનું કામ કરે છે. તે એ રીતે કે પાંચમો પગ બતાવવા સારૂ નાના વાછરડાનો એક પગ કાપી કાઢે છે. એજ રીતે બીજું પૂંછડું બતાવવા સારૂ એક પુંછડું કાપી કાઢે છે. ને બીજી જીભ બતાવવા સારૂ એક જીભ કાપી કાઢે છે. પછી જેમ માળી લોકો આંબા, લીંબુ, નારંગી વિગેરે ઝાડની કલમ એક ઝાડમાંથી કાપી બીજા ઝાડને લગાડે છે, તેમ કાપી કાઢેલ પગ, પુંછડું, અને જીભ બીજા બચ્ચાંની કમર, પુંઠ ને પીઠ ઉપર ચામડી કાપીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગાવી દેય છે. અને તેને દવા લગાડી સારૂં કરે છે પણ જે બચ્ચાંના પગ પુછડું ને જીભ કાપે છે, તે તો મરી જાય છે. ને જે બચ્ચાંને પગ પુંછડું ને જીભ લગાડેલી હોય છે તેને પણ જો આરામ થાય નહીં તો તેને પણ તે લોકો મારી નાંખે છે. આવી ગાયો હમેશાં નાનીજ હોય છે. કેમકે મોટી ગાયો ઉપર આવા અખતરા થઇ શકતા નથી. એ લોકો મુરાદાબાદ તરફના છે. ભગવાં કપડાં પહેરી હાથમાં ટોકરો રાખી મહાદેવ, શંકર, શંકરનો ઉચ્ચાર કરતાં ભીખ માગે છે. તે લોકો પાપી ઠગારા હોવાથી તેને દાન દેવું તે માહા પાપનું કામ છે. એમ મોસુફ સેક્રેટરીએ સંવત ૧૯૬૮ ની સાલમાં જાહેર પેપરોમાં તથા હેન્ડબીલો દ્વારા ખબર આપ્યાથી હવે એ લોકો આ તરફ આવતા બંધ થયા છે. તેથી અવાચક મુંગા પ્રાણી ઉપર ગુજરતું ઘાતકીપણું અટકવાનો વિજય થયો છે.

સોના રૂપાના દાગીનાનો તોલ ગૌરક્ષાના ધરમને કાંટે કરી દેઇ તેની તોલામણી લેવાનો બંદોબસ્ત કરી દેવા પ્રજાએ મોસુફ સેક્રેટરી પાસે માગણી કર્યાથી મોરીસીયસવાળા સોની વિઠ્ઠલદાસ એન્ડ તુળસીભાઇની કાં૦ ની દુકાને ગૌરક્ષાના ધર્મનો કાંટો રખાવી તેના તોલના આંકડાની એક રસીદ લેનારને, બીજી રસીદ વેચનારને, અને ત્રીજી રસીદ દફતરે રાખવાની ગોઠવણ કરી આપ્યાથી વેપારીઓને અંદરો અંદર ઉઠતા વાંધાઓ નાબુદ થયા છે. (હાલમાં સોની અને સરાફ વેપારીની પરસ્પરની ખટપટથી મોસુફ વિઠલદાસે કાંટે તોળી દેવાનું બંધ કર્યું છે.

અત્રેના હિંદુ સ્મશાનમાં લાઇબ્રેરીની તથા બેસવા ઉઠવાની કાંઇ પણ સગવડ નહીં હોવાથી તે વિષેનું પુરણ દુઃખ હતું. તે મોસુફ સેક્રેટરીએ જોઇ તુરત ઇ૦ સ૦ ૧૯૦૩ની સાલમાં ત્યાં એક સુબોધ લાઇબ્રેરી સ્થાપી, તેમાં સંખ્યાબંધ પુસ્તકો, બેસવાના બાંક, ખુરસીયો, તથા ન્હાવા-ધોવાને પંપ, વાસણો અને પુણ્ય-પાપ કરનારાઓની દશા દર્શાવનારા પુષ્કળ પિકચરો એકઠાં કરી ઉત્તમ સગવડ કરી આપ્યાથી જંગલમાં મંગળ થયું છે.

સંવત ૧૯૫૬ નાં ભયંકર દુષ્કાળમાં આ તરફ પુષ્કળ અનાજ પાકયું હતું. તેમાંથી જીલ્લામાં ચડત થવા લાગ્યું; અને જીલ્લામાં અત્રેના વેપારીનું ખરીદ થયેલું અનાજ અહીં આવતું કલેકટરોએ અટકાવેલું છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવા ખબર જીલ્લાના વેપારીઓએ મહુવાના વેપારી ઉપર લખેલા કાગળો મોસુફ સેક્રેટરીને વંચાવી તેનો ઈલાજ લેવા આગ્રહ કર્યાથી મોસુફ સેક્રેટરીએ આગેવાની ભર્યો ભાગ લેઇ હજુરશ્રીને અરજી મોકલી વિનંતી કરી કે આપની પ્રજાના નિર્વાહ પુરતું અહીં અનાજ પાકેલું છે, તેમાંથી અર્થ શાસ્ત્રના નિયમ પ્રમાણે જેમ અહીંનું અનાજ જીલામાં ચડે છે તેમજ જીલાનું અનાજ અહીં આવવું જોઇએ છતાં જીલાનું અનાજ અહીં આવતું કલેક્ટરોએ અટકાવ્યું છે તેની છુટી થવી જોઇએ. મગર તેમ નજ થાય તો અહીંનું અનાજ જીલામાં જતું અટકાવવું જોઇએ. જે ઉપરથી આગળ તપાસ ચાલતાં કલેકટરોએ ઈનકારી કરી અને તે સાબેત કરવાના જોખમનો સઘળો બોજો સેકરેટરી મોસુફને શીર નાંખ્યાથી મોસુફ સેકરેટરીએ અહીંના વેપારી પાસે જીલાના વેપારીના આવેલા કાગળો પુરાવામાં રજુ કરવા માગ્યા, ત્યારે તેઓને કલેકટરનો ભય લાગ્યાથી કોઈ પણ વેપારીએ એક પણ કાગળ નહીં આપવાથી મોસુફ સેકરેટરી મોટી ઉપાધીમાં આવી પડેલા. ત્યારે પણ નાહીંમત નહીં થતાં પુષ્કળ પ્રયત્ન કરીને પણ કેટલાક કાગળો હાથ કરી તેની નકલો કસ્ટમ ખાતામાં રજુ કર્યાથી લખાણ આગળ ચાલતાં જીલાનું અનાજ અહીં આવવું શરૂ થયાનો વિજય થયો હતો.

વરસાદની રેલના પાણીથી બંદરની સડક તુટી જતાં રાહદારી માલના ભરેલા ગાડાના બળદોને અસહ્ય થતી હાડમારી દુર થવા અરજ કર્યાથી સદાના દયાળુ મહારાજા સાહેબે સત્વર રીપેર કામ કરાવ્યાથી બળદોને પરમ સુખ થયું છે.

અત્રેની પાંજરાપોળમાં ઈ૦ સ૦ ૧૯૦૩ માં મોટી આગ થતાં ઘાસ ભરેલા મકાનના સળગવાથી તે આગ ઘણીજ ફાટી નીકળી હતી. એવા ખરા વિકટ વખતે પણ મોસુફ સેકરેટરીએ પોતાના પ્યારા જાનની દરકાર નહીં રાખતાં સળગતા મકાનપર ચડી જઇ બાર કલાક સુધી રહી સખત મહેનત કરી સળગી જતો ઘણોખરો ભાગ બચાવ્યો હતો.

ચોપડાને ચામડાના પુંઠાને બદલે કપડાના પુંઠા ચડાવી વાપરવા ભાષણો દ્વારા ઉપદેશ આપી પ્રથમ પોતે પહેલ કર્યાથી વીશ વર્ષથી સૌ વેપારી કપડાના પુંઠા વાપરતા થયા છે, એ આ સભાની બજાવેલી સેવાનું ઉત્તમ દૃષ્ટાંત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશના મેદાનો, જંગલો, વાડીઓ વિગેરેમાં વસનારા પશુઓ ને પક્ષીઓની માલેકી દેશના રાજાઓની હોવાથી પ્રજા ધર્મની લાગણી જાળવવા માટે ધર્મની જગ્યાથી અને વસ્તીના ભાગથી એક માઈલ સુધી શીકાર નહીં કરવા રાજ્યના કાયદાનો સખત પ્રતિબંધ છતાં કોઇએ તે કાયદાનો અનાદર કરી કાયદા વિરૂદ્ધ અહીં દક્ષીણ સમુદ્રના કીનારા ઉપર આવેલા ભવાની માતાજીના પવિત્ર અને યાત્રાના ગણાતા ધામની આસપાસ શીકાર કરવાથી હિંદુ પ્રજાની લાગણી દુઃખાતાં તે વિશેનો પ્રયાસ કરતા પ્રજા–આગ્રહ થયાથી મોસુફ સેક્રેટરીએ આગેવાની ભર્યો ભાગ લેઇ હજુરશ્રીને અરજી મોકલવાથી અમારા સદાના દયાળુ મહારાજા સાહેબે બંદોબસ્ત કરી આપ્યાથી ધર્મની લાગણી જળવાઈ રહી છે.

અહીંયા ખુશકી રસ્તે માલની આવક જાવક ઉપર મકાત માપાના જુના લેવાણના દર ઘણા સખત હતા. તે ઉઘરાવવા મકાત ઈજારદારને દર વરસ વેપારીના ચોપડા જોવાની જરુર પડતી ને તેથી વેપારીનો ભરમ ખુલો થતો. તે સંબંધી મોસુફ સેક્રેટરીએ આગેવાની ભર્યો ભાગ લેઇ અરજી મોકલવાથી દયાળુ મહારાજા સાહેબે જુના ધારા રદ કરી લેવાણના દર ઘટાડી નવા ધારા બાંધી આપવાથી વેપારીયોના ચોપડા જોવાતા બંધ પડયા છે તેથી વેપાર વૃદ્ધિને ઉત્તેજન મળ્યું છે.

સંવત ૧૯૫૫ ની સાલમાં આ તરફ બાબુ સુબાસંગ કનૈયાસંગ નામનો એક પરદેશી આવેલો. તેણે ટાપટી રેલ્વે કંપનીનો કંટ્રાકટર હોવાનું જણાવી તેમાં કામે લગાડવા સુતાર, કડીયા, દાડીયા વગેરે મજુરોના મોટા પગાર ઠરાવી લેઈ જઇ ત્યાં તેઓને ગુલામગીરીનું ને ભુખમરાનું દુઃખ દઇ જુલમ ગુજારવા લાગ્યાથી તે લોકોને આવી પડેલા સંકટમાંથી છોડાવી મંગાવવા મોસુફ સેક્રેટરીએ આગેવાની ભર્યો ભાગ લીધાથી તે લોકો સંકટ મુકત થયા હતા.

કચ્છના સિંધી લોકો સંવત ૧૯૬૮ ની સાલના ઘાસ ચારાના દુકાળના વખતમાં સહસ્ત્ર ગાયો નિભાવવા સાસણની ગીરમાં લાવેલા હતા. તેમાંથી પુંજી જતી ગાયોનો બચાવ નહીં કરી શકવાની આપદાથી તથા તેઓ અજ્ઞાન દશામાં હોવાને લીધે તેવી ગાયો કાપી નાંખવા લાગેલા. તેનો બચાવ કરવાને અજમેર શ્રી શ્વેતાંબર જૈન સ્થાનકવાસી કોન્ફરન્સના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપદેશક શેઠ દુર્લભજી સુંદરજીએ મોસુફ સેક્રેટરીને ખબર આપ્યાથી તુરત તેઓએ સાસણના વકીલ પુરૂષોતમ હેમચંદને કેટલાક સવાલ પુછી ખુલાસા માગતાં મોસુફ વકીલે જણાવ્યું કે સાત હજાર ગાયો છે, તેમાં બે હજાર પુંછલ છે. કીંમત વગર અધીયારી (ભાગવી) આપતા નથી પણ ચારથી છ રૂપિયાની કીંમતે વેચાણ આપે છે. આવો ખુલાસો વાંચી તે ગાયોને બચાવવા મોસુફ સેક્રેટરીનું લોહી ઉછળી આવ્યું. પણ તે સમયે પોતા હથુની આ ગોશાળામાં (૧૫૪૫) ગાયો હોવાથી તેના સંરક્ષણના કાયમના બહોળા ખર્ચને પહોંચી વળવા માટે ઉલટા તેઓ બીજાઓની મદદ મેળવવાની મુસ્કેલીમાં હતા છતાં પણ તે ગાયોને બચાવવા તેઓએ મુંબઇ અને અમદાવાદના સદ્‌ગૃહસ્થોને ઉપરોકત સવીસ્તર બીના સાથે વિશેષમાં જણાવ્યું કે ગીરમાંથી છોડાવેલી જેટલી ગાયો મહુવા ગોશાળામાં મોકલાવશો તે સર્વનું સંરક્ષણ મહુવા ગોરક્ષક મંડળી તરફથી કરવામાં આવશે. એવા વિનંતી પત્ર મોકલી તેજ પ્રમાણેના આર્ટિકલો પેપરોમાં આપ્યાથી મુંબઇના કરીયાણા બજારની એસોસીએશને અને વિલાયતી દવાની બજારના મેમ્બરોએ અકેક હજાર રૂપીયાથી ગીરની ગાયો વેચાણ મંગાવી લેવા મોસુફ સેક્રેટરીને ઓર્ડર આપ્યો. એટલે તુરત પરી. ત્રિભુવનદાસ ગીગાભાઇને ગીરમાં મોકલેલા અને તે ત્યાં પહોંચતા સાસણના દયાળુ વહિવટદાર દેશાઇ હરીપ્રસાદ ઉદયશંકરે શ્રમ વેઠી ગીરમાં સાથે ફરી તપાસ કરતાં જણાયું કે પત્રવ્યવહાર ચાલવાને કેટલોક વખત વ્યતિત થવાથી તે દરમ્યાન પોરબંદર ને વેરાવળ નજીકનાં રહેનારા મહાજનોએ તથા મુંબઇના કાપડના દેશી વેપારીઓની મંડળીના જોઇન્ટ સેક્રેટરી શેઠ નારણદાસ હરીભાઇએ મોતના ડાચામાં જતી ગાયો વેચાણ લઈ બચાવી છે. હવે તે લોકો પાસે સારી ગાયો રહી છે તેના ઉપર તેની આજીવીકા હોવાથી તે ગાયો તેના દેશ તરફ લઈ જવા તે લોકો નીકળેલા છે. તેથી હવે વેચાણ લેવા જેવી પુંછલ ગાયો ગીરમાં રહી નથી—એવા ખબર મોસુફ ત્રિભોવનદાસે આપ્યાથી ગાયો વેચાણ લેવાનો અવેજ મંગાવવાની જરૂર નહીં હોવાના ખબર મોસુફ સેક્રેટરીએ પત્રદ્વારા આપેલા. છતાં પણ અવેજ મંગાવવા કરીયાણા બજાર અને વિલાયતી દવાના મેમ્બરોએ તાર આપ્યો હતો, ત્યારે મોસુફ સેક્રેટરીએ ઉપરના કારણથી અવેજ મંગાવવા જરૂર નહીં હોવાના ખબર વર્તમાન પત્ર દ્વારા આપી સંતોષ જણાવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંવત ૧૯૬૯ ની સાલમાં સહસ્ત્ર ઢોરોના નીભાવ અર્થે પુરતું ઘાસ ખરીદ કરાવી મહેતા ગોપાળજી ભાણજીના સીકંજામાં નંખાવેલું તે ઘાસ ત્યાંથી ઉપાડી લેઈ ફેરવી નાંખવાને ગોરડીયા માધવદાસ અમરસી દામોદરે સેક્રેટરી મી૦ ઓધવજી રામજીને નોટીસ આપતાં તે ફેરવવાને બે મહીના લાગશે પણ તે મુદતના દરમીયાન સહસ્ત્ર ઢોરોના ચરાણમાં ખુટી જશે માટે તે ફેરવવાનો નાહક સભાને ઘણો મોટો ખર્ચ નહીં કરાવવા મોસુફ સેક્રેટરીએ સુલેહ રહેવાની ખાતર આજીજી કરેલી પણ તેઓએ નહિ સ્વીકારતાં મોસુફ સેક્રેટરી ઉપર ખડ ફેરવી નાંખવાની ફોજદારી ફરીયાદ માંડી ત્યારે પણ મોસુફ સેક્રેટરીએ શેહે નહિ ખાતાં હિંમતથી સદરહુ સીકંજો ગામ ફરતી સડકથી ઘણે દુર છે. ને તે સીકંજો તથા બીજા સર્વે સીકંજાઓ ઘણા વરસથી ખડ ભરવાનાજ ઉપયોગમાં લેવાય છે એમ પુરાવાથી કોરટને સાબેત કરી આપતાં સભાના લાભમાં ફેંસલો થયો તે વખતે તમામ ઘાસ ખુટી ગયેલું છતાં પણ મોસુફ ગોરડીયાએ ઉપલી કોરટમાં અપીલ કરેલી તેમાં આ સભા તરફથી ભાવનગર ગૌરક્ષાના સેક્રેટરી મી૦ પરભુદાસ મોતીચંદ (વકીલ) ને ધર્મ વકીલ રોકવામાં આવ્યા હતા તેનો ફેંસલો પણ આ સભાના લાભમાં થયાનો વિજય મેળવ્યો છે.

તા. ૧૧-૬-૧૯૧૩ બુધવારની રાત્રીએ પુષ્કળ વરસાદ પડવાથી મહુવામાં ચોતરફ રેલનું પુષ્કળ પાણી મોટા જથામાં ફરી વળ્યાથી સંખ્યાબંધ ઘરો, વખારો પડી ગયાં હતાં ને હજારો રૂપીયાનો માલ અને પુષ્કળ ઢોરો તણાઇ ગયાં હતાં તથા ૩૦ થી ૪૦ માણસો દટાઇને તથા તણાઇને મરણ પામ્યા હતા. તે વેળા ગોશાળામાં ચોતરફ રેલનું પુષ્કળ પાણી ફરી વળ્યું હતું. ત્યારે પણ મોસુફ સેક્રેટરીએ પોતાના પ્યારા જાનની દરકાર છોડી ગોશાળામાં જઇ ગાયો વાછરડાંને મુશ્કેલીથી બહાર કાઢી બચાવ્યાં હતાં તેમ છતાં પણ લુલી ત્રણ ગાય ને બે વાછરૂ બહાર નહિ નીકળી શકયાથી મરણ પામ્યાં હતાં. ઉપરાંત કપાસીયાની સાડ ગુણો ને નવા છપરનો કાટ તણાઇ ગયાનું સુમારે ૫૦૦) રૂપીયાનું મહુવા ખાતે નુકશાન થયું હતું. તે ઉપરાંત માતલપર ગામ કે જ્યાં આ સંસ્થાની પુષ્કળ ગાયો રહે છે—ત્યાં પણ સખત વરસાદને લીધે ગાયોને બાંધવા સારૂ કરેલા વીશાળ છપરો તુટી પડવાથી સુમારે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજાર રૂપિયાનું નુકશાન થયું હતું, પણ સારા ભાગ્યે ત્યાં ખાતે એક પણ ગાય કે વાછરૂને નુકશાન થયું નથી. એ રીતે કુદરતી સહાયતાથીજ વિજય થયો છે.

રાજુલાથી સડક વગરને રસ્તે જનારા ગાડામાં પુષ્કળ ભાર ભરી બળદો ઉપર ઘાતકીપણું ગુજરતું હતું તે બંધ થવા આગેવાની ભર્યો ભાગ લેઈ હજુરશ્રીને અરજ કર્યાથી સદાના દયાળુ મહારાજા સાહેબે રાજુલાથી પોર્ટ આલ્બર્ટ વીકટર (પીપાવાવ) થી કથીવદર સુધી તથા રાજુલાથી મહુવા સુધી વીશેપ ભાર નહીં ભરવા ઠરાવ કરી સં. ૧૯૭૦ની સાલના દરબારી ગેઝેટમાં તે હુકમ બહાર પાડવાથી બળદો ઉપર ગુજરતું ઘાતકીપણું બંધ થયું છે.

સંવત ૧૯૭૦ ની સાલમાં શહેરને લગતી માલણુ નદી ઉપર ધર્મની લાગણી દુખાવ્યાના કેશમાં મોસુફ સેકરેટરીએ પ્રતિપક્ષ સાથે સુલેહ સંપથી સમાધાન કરાવ્યાથી આપસ આપસમાં એખલાસપણું ને શાન્તી જળવાઈ રહી છે.

સંવત ૧૯૬૯ અને ૭૦ ની સાલમાં આ શહેરના વાલંદ કોમે હજામતની મજુરીના બે પૈસાને બદલે ચાર પૈસા લેવા શીરજોરી કર્યાથી ઉભડીયા ગરીબ મજુર કોમમાં ભારે કોલાહલ વધી પડયાથી પ્રજા આગ્રહથી મોસુફ સેકરેટરીએ ગામડાના વાલંદોને તેડાવી, પરવાના સોંપી તેના પાસે હજામત કરાવવા ગોઠવણુ કર્યાથી શહેરના વાલંદોએ મહાજનને શરણે પડી પોતે શીરજોરીથી કરેલી કસુરની માફી માંગવા સાથે અગાઉના પ્રમાણે બે પૈસા લેવા કબુલ કર્યાથી થયેલ કોલાહલ નાબુદ થઇ ઉભય પક્ષમાં શાંતિ થયેલી હતી. ત્યાર બાદ સંવત ૧૯૭૩ ની મોંઘવારીના વખતે વાલંદ લોકોએ મહાજનને શરણે પડી અરજ કર્યાથી દયાળુ મહાજને ત્રણ પૈસા લેવાનો ઠરાવ કરી દેઇ કદર કરી છે જેથી વીશેષ એખલાસપણું જળવાઇ રહ્યું છે.

અહીંના સુપ્રસિદ્ધ કપોળ ગૃહસ્થ દોશી લવજીભાઇ ભાણુજીના પૌત્ર દોશી દ્વારકાદાસ વિ. છગનલાલ, કે જેઓ આ સભાના પ્રેસીડેન્ટ હતા અને તેમની સહાયતાથીજ આ સભાની કીર્તિનો વિજય વાવટો મેરૂને શીખરે પહોંચ્યો છે. તે પરોપકારી ધર્મવીરનું કીશોર વયમાં પ્લેગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્ટ મરજથી સંવત ૧૯૭૦ના અષાડ સુદી ૭ ના રોજ રંગુનમાં અકસ્માત પરલોક ગમન થયાથી તેમનો શોક પ્રદર્શીત કરવા તથા તેમના કુટુંબને દીલસોજી ભરેલો પત્ર મોકલવા મોસુફ સેક્રેટરીએ તા. ૩૦-૬-૧૪ ના રોજ આ શહેરના નાગરીકોની જાહેર સભા ભરી તેમની યાદગીરી માટે કેળવણી ફંડ ખોલ્યું છે; તેની વ્યવસ્થા કરવાને કમીટી નીમવા પ્રયાસ શરૂ છે જેથી ભવિષ્યમાં આ ફંડને વિશેષ ઉત્તેજન મળવા આશા રાખી શકાય છે.

આ તરફ ખેતીમાં બળવાન ગોધલા વાપરવા માટે નાની ઉમરના વાછરડાંના કોશીયા હથીયારથી કાપે છે ને તે કામ આ તરફ કસાઇઓ પણ કરતા નથી જેથી વાઘરી જેવી નીચ કોમ તે કામ કરે છે. હવે જુઓ કે નાના વાછરડાંનો ઘા તુરતજ રૂઝાય છે ને હથીઆરથી કાપતાં વધુ રીબાતા પણ નથી પરંતુ કોલ્હાપુર, સાંગલી, જમખંડી ને મધોલકરમાં વાછરડાં એટલે ખુંટને "ખોંભ" કહે છે ને કોશીયાને "આંડ" કહે છે ને ત્યાં નાની ઉમરના વાછરડાંને બદલે પાકટ ઉમરના "ખોંભ" ના "આંડ" હથીયારથી નહીં કાપતાં પથરથી ટોચી નાંખે છે તેથી ઘણાજ રીબાય છે ને ઘણીજ મુશીબતે તે ઘા રૂઝાય છે. વળી તે 'ખોંભ'ને બાંધી તેના "આંડ" પથરથી ટોચી નાંખે છે તે દેખાવ ઘણો જ કમકમાટી ઉપજાવનારો છે તેમ છતાં પણ ત્યાં તરફના જીવદયા પ્રતિપાલ કહેવાતા "જૈન" ભાઇઓ તે કામ કરે છે તે દેખાવ ઘણોજ ખેદજનક હોવાથી પાકટ ઉમરના "ખોંભ" ના "આંડ" પથરથી ટોચી નાંખવાનો રીવાજ બંધ કરવાનો બંદોબસ્ત થવા માટે શ્રીમંત સરકાર શાહુ છત્રપતી મહારાજા સાહેબને આ સભાએ જાવક નં. ૩૪૩૮૪ થી ૮૭ સુધીની અરજીઓ તા ૨૯-૬-૧૬ ના રોજ મોકલાવ્યાથી તે દયાળુ મહારાજા સાહેબ યોગ્ય બંદોબસ્ત કરી અક્ષય પુણ્ય ઉપાર્જન કરશે એવો ભરૂંસો છે.

ગોભક્ત ઓધવજી રામજીએ પરની શેવા કર્યાથી આત્માનો વિકાશ કરવામાં મહત્તા માની તીવ્ર ઇચ્છાથી નિરલેપે અને નિઃસ્વાર્થે પશુ સેવા ને જનશેવા કરવા આત્મ ભોગ આપવાથી તેઓના હથુ ગોરક્ષા, સોનાપુર પારેવાની જુવાર, તેમના સ્વધર્મ, કુટુંબ ઉદ્ધારક, સુરધન, કુળદેવી—એ સાત ધર્મ ખાતાં ચાલે છે. તે ધર્મ ખાતાના નાણાં પોતે હાથમાં નહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતાં ત્રાહેત સજ્જન હથુ રખાવી પોતાની દેખરેખ રાખી જાતી ભોગ આપે છે. તેમના હસ્તકના કોઈ પણ ધાર્મીક ખાતાના કાર્ય પ્રસંગે બહારગામ જતી વખતે ભાડા ભથ્થાનો ખર્ચ પોતાના પદરનો ભોગવે છે એ રીતે જાતી સ્વાર્થની કાંઈ પણ આશા વગર તદન આત્મ હિતાર્થે પર કલ્યાણ કરવાથી તે અક્ષય પુન્યના પ્રતાપે તેમનો ૩૦ વર્ષનો આન્લ-પીતનો મહા અસાધ્ય રોગ વગર ઉપચારે દુર થઇ આરામ થયો છે; અને સંતાન જીવતાં નહીં તે અત્યારે બે પુત્રો હયાત રહ્યા છે. દરમ્યાન સજોડે જ્ઞાનોદય થતાં વીશ વર્ષથી સજોડે અખંડ બ્રહ્મચર્ય (ચોથું વૃત) ધારણ કર્યું છે. એ રીતે પૈસાની તથા સ્ત્રીની મોહમાયાની તદ્દન ત્યાગવૃત્તિ કર્યાથી તેઓ હથુના ચાલતાં સર્વ ધર્મ ખાતાંઓ સારી હસ્તી ધરાવે છે એજ પુરાવો બસ છે.

પ્લેગનો દુષ્ટ રોગ ફાટે ત્યારે ગૌશાળાનું સ્થળ છોડી બહારગામ જાય તો ગોવાળીયા બહાર પરગામ ચાલ્યા જાય એટલે બીમાર ને અપંગ ઢોરોના અકાળ મૃત્યુ થાય જેથી અત્યાર સુધી કરેલી પશુ શેવા નિષ્ફળ થઇ અપાર પાપના ભોકતા થવાશે એમ માની મોસુફ સેક્રેટરીએ પોતાના પ્યારા જાનની દરકાર છોડી ગૌશાળાની ઓરડીમાં રહી તે ઓરડીનું ભાડું પણ પદરથી ભરી અખંડ પશુ શેવા કરતા રહ્યા છે. તેમને પગલે દરેક મનુષ્ય ચાલી ફરજ અદા કરે એવી અમારી વિનંતી છે.

ગાયોનું સંરક્ષણ કરનારા, તેમનું દુઃખ નિવારણ કરનારા અને જ-નાવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારા જીવદયાના દરેક ધાર્મીક ખાતાઓમાં તેઓ એક સ્થંભ સમાન છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો કોઇ પણ સાર્વજનીક ખાતું તેઓની આગેવાની વગરનું નહીં હોય.

રાજકોટના મેસર્સ લક્ષ્મીચંદ ડોસાભાઈ બ્રધર્સે ૧૯૧૭–૧૮માં ઓલ ઈન્ડીયન ડીરેકટરી બહાર પાડી છે તેમાં મોસુફ સેક્રેટરીનો અને ગૌશા-ળાના ભવ્ય મકાનનો ફોટો બહાર પાડયો છે. તે બાબત આ સભા તેમનો આભાર માને છે.

મુંબઈના પ્રખ્યાત શેઠ બેહેરામજી જીજીભાઇએ દુનિયાંના નામીચા દેશ હિતકારી પુરૂષોના ફોટા મંગાવી એકત્ર કરી મુકયા છે. તે ગણનામાં ગૌ ભકત ઓધવજી રામજીનો ફોટો મંગાવી મુકયો છે. તે બાબત આવેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર તથા ઈંગ્લાડમાં સીડની, એચ. બીયર્ડ સાહેબે પશુ–પક્ષીનું સંરક્ષણ કરવા ઓરડર ઓફ ધી ગોલ્ડન એજ (સત્યુગની સભા) ઉઘાડી તે સભાના તેઓ માનવંતા પ્રમુખ સાહેબ છે. તેઓએ જીવદયા સંબંધી મોસુફ સેક્રેટરીને લખેલો લેટર તથા અહમદનગર ઘાસ–ચારાનો દુષ્કાળ પડયાથી ત્યાંના ઢોરોની થતી અવ્યવસ્થાના ખબર પેપરથી જાણી તુરત પુષ્કળ ઘાસ ખરીદ કરી ત્યાંના ઢોરોનો બચાવ કરવા આ ગૌશાળામાં મોકલવા બાબત અહમદનગર દુકાળ નીવારણ મુંબઈની કમીટીનાં માનવંતા સેક્રેટરી પુરૂષોત્તમદાસ ઠાકોરદાસને મોકલેલ વિનંતીપત્રના. ખુલાસામાં આવેલ પ્રત્યુત્તર પત્ર, તથા મહંત રામવનજી ધર્મવનજીએ જનરલ સભામાં ગાયેલી કવિતાનું વંચાણ કર્યાથી થતા આનંદમાં ઓર વધારો થાય છે.

સેક્રેટરીને મળેલા પ્રમાણ પત્રો.

Tardeo Castle
Bombay 9th Sept. 1904.

My Dear Sir

I shall feel obliged if you be so good as to send for me a copy of your full-sized photo, at your earliest convenience, as I like to add yours to the vast collection of photographs. I have got from the most eminent persons in the world.

Hoping you will kindly excuse me for taking such a liberty with you.

I remain
Yours Truly

To,
Odhavji Ramji } BYRAMJEE JEEJEEBHOY.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈ તા. ૯-૯-૧૯૦૪

મારા પ્યારા સાહેબ ઓધવજી રામજી,

તમારાથી જેમ બને તેમ જલદી તમારા પુરેપુરા કદના એક ફોટાની નકલ મને મોકલાવવાની મહેરબાની કરશો તો હું ઘણોજ ઉપકારી થઈશ કારણ કે દુનિયામાંના સૌથી પ્રખ્યાત માણસોમાંના ફોટા મેં મેળવ્યા છે તેના મોટા જથ્થામાં તમારો ફોટો મુકવાને હું ઇચ્છું છું.

હું આશા રાખું છું કે તમારી સાથે એટલી છુટ લેવાને માટે મને મહેરબાની કરી માફ કરશો. તા. સદર.

બહેરામજી જીજીભાઇ.

The Order of the Golden Age

PAIGNTON ENGLAD.

My Dear Sir,

I am glad to learn from my comrade Mr. K. L. Oza. that you share our humane and philanthropic ideals and are laboring to exalt them in your part of the world.

Let me say that I much oppreciate your help and sympathy and that I shall glaly welcome your most hearty co-operation and also that your influential friends. + + ×

With fraternal greetings, belive me, yours sincerely in the fellowship of service.

To,
ODHAVJI RAMJI

SIDNI H. BEARD.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી ઑર્ડર ઑફ ધી ગોલ્ડન એજ.

પેઈટન ઇંગ્લાંડ તા. ૪ થી મે ૧૯૦૮

મારા વ્હાલા સાહેબ ઓધવજી રામજી,

તમે અમારા દયા અને સાર્વજનીક પ્રેમના વિચારમાં ભાગ લ્યો છો, અને દુનિયાના તમારા તે ભાગમાં તેમને વધારવાને મહેનત કરો છો. એવું અમારા સ્નેહી મી૦ કેશવલાલ લાભશંકર ઓઝા તરફથી જાણીને અમે ખુશી થયા છીએ.

મને કહેવા દેશો કે તમારી મદદ અને અનુકંપા અમે ઘણી પીછાણીએ છીએ અને તમારૂં ખરા જીગરતું કામ અને તમારા મિત્રોના કામને અમે અભિનંદન આપીએ છીએ.

ભ્રાતૃભાવથી હું છું તમારો ખરા જીગરનો સહગામી,
સીડની. એચ. બીચર્ડ.

મુંબઇથી તા. ૩૦-૧-૧૩

તમારા જા૦ નાં૦ ૧૦૮૨૨ તા. ૨૫ મીનો પત્ર મળ્યો, તે વાંચી તમારી માગણી તથા હીંમત માટે પ્રસંશા શીવાય બીજું રહેતું નથી અહમદનગર તમારા ગામથી દુર પડયું નહીં તો તમારી દયાળુ માગણીનો પુરતો લાભ ત્યાંના ઢોરોને આપી શકાતે; છતાં તમારો પત્ર કમીટીમાં રજુ કરીશ.

ઘાસ સંગ્રહ કરવા બાબત તમારી સંસ્થા જે કાળજી રાખે છે તે ધન્યવાદને પાત્ર છે. ને તમો તમારી સંસ્થા માટે મગરૂર થાઓ તો તેમાં મુદલ ગેરવ્યાજબી અમો ગણતા નથી. કેમકે ગઇ સાલમાં અનેક ગામનાં ઢોરોને માટે તમે આશરો આપ્યો છે તે જાહેર વાત છે. તેને માટે તમો તથા તમારી કમીટીના પરોપકારી સેકરેટરીને ધન્યવાદ ઘટે છે.

પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ.

કવિત.

મહુવામાં ગોપાળ સભા, પ્રથમ બોલાવી પોતે;
જણાવ્યું જે ગૌ શેવા, હરેક પાપ હંત્રી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાળ ધરાવ્યું નામ, ગૌશાળા કરાવી ગામ,
ગૌમાતાના દ્વેષી જનો, દનુંજ દિગંત્રી છે.
અમે સૌ એના આભારી, લાગા કર્યા લાભકારી;
તિવૃ મતી આ સભા, ચલાવનાર તંત્રી છે.
જાણુ છે આયુ ક્ષણીક, દશા શ્રીમાળી વણીક;
ઓધવજી મેતા, એના મુખ્ય ઉપમંત્રી છે.

દોહરો.

પશુ રક્ષક મંડળ પ્રતી, પ્યાર કરે પશુપાળ;
સૌ જન બોલો એક સ્વર, જય જય જય ગોપાળ.

મહંત રામવનજી ધર્મવનજી (કવિ)

ADVOCATE OF INDIA 14TH MAY 1913.

Cow protection society years good work

+ + + *Honorary Secretary of the Mahuva cow-protection sociting on the work done by his branch says that* **2174** *head of cattle were fed and taken care of by his branch during the last year. When fodder was scarce in sind his branch took charge of* **575** *head of cattle from* **Karachi** *and* **Thattha** *and provided them with fodder. The institution has also offered its help to The* **Ahmednagr Famine relif fund** *and volunteered to take charge of their cattle. The question we are told is now under the consideration of the* **Ahmednagar** *Famine relief committee.*

The Mahuva branch also maintains a **Veterinary Hospital** *and has latety béen experimonting in improving the breed of cattle.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

The institution is doing gôod work which we are glad to see has been recognised by various philanthrophists of **Gujarat, Bombay** *and* **Kathiawar.**

એડવોકેટ ઓફ ઈન્ડીયા તા. ૧૪-૫-૧૩.

ગોરક્ષક સભાનો ધ્યાનમાં લેવા જોગ ટુંક અહેવાલ.

× + × મહુવા ગોરક્ષક સભાના ઓનરરી સેક્રેટરીની સંસ્થાના થયેલા કામની નોંધ ઉપરથી જાણવામાં આવ્યું છે કે—

આ સંસ્થાએ છેલા વર્ષ સુધીમાં **૨૧૭૪** પ્રાણીઓનું ઘણી સારી રીતે સંભાળ લેઈ સંરક્ષણ કર્યું હતું—

સીંધમાં જ્યારે દુકાળ હતો તે અરસામાં આ સંસ્થાએ **કરાંચી** અને **ઠઠ્ઠાની** પાંજરાપોળના **૫૭૫** પ્રાણીઓ મંગાવી તેનું ઘણું સારી રીતે સંરક્ષણ કર્યું હતું—તદ્ ઉપરાંત આ સંસ્થાએ **અહમદનગર** દુકાળ રીલીફ ફંડને ઘણી સારી મદદ આપવા તથા ત્યાંના ઢોરોનું પણ સંરક્ષણ કરવા અગ્રભાગ લેવા જણાવ્યું હતું તેની નોંધ હજુ પણ **અહમદનગર** દુકાળ રીલીફ કમીટીમાં લેવાય છે.

આ સંસ્થામાં **હોસ્પીટલ** તરીકે માંદા ઢોરને સાજાં કરી તેની ઓલાદ સુધારવા કીમતી પ્રયોગ લેવામાં આવે છે.

આ સંસ્થા આગળ વધતી જોઇ **ગુજરાત, મુંબઈ** અને **કાઠિયાવાડના** પ્રખ્યાત વિદ્વજ્જનો તેની નોંધ લેવાને મગરુર હોવા સાથે ઘણીજ ખુશાલી દરશાવે છે.

જામેજમશેદ તા. ૧૧-૨-૧૯૦૩

× × × મુંબઈ ગૌરક્ષક મંડળીની માફક મહુવા ગૌરક્ષક મંડળી પુરતો શ્રમ લે છે.

ગુજરાતી પંચ તા. ૫—૬—૧૯૧૦

ભાવનગર સંસ્થાનના મહુવા બંદરમાં સ્થપાયેલી શ્રી ગૌરક્ષક મંડળી દિન પ્રતિદીન જે રીતસર કામ કરી ગો સેવા બજાવે છે, તે અનુકરણીય અને અભિનન્દનીય છે. આ મંડળીની સ્થાપના સને ૧૮૯૧ માં થયેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના ઉદ્દેશો એ છે કે--ગૌરક્ષા તથા ગૌ પોષણ કરવાં, ગોવધ ગમે તે પ્રકારે અટકાવવો, બીમાર ગાયોને દુરસ્ત બનાવવી, માતા વગરના વાછરડાંને પાળી મોટાં કરવાં અને જીવદયા કે પશુ પક્ષી રક્ષણ જેવાં પરોપકારી કાર્યો કરનારને યથાશકિત સહાય આપવી. આ મંડળના કામકાજનો વાર્ષિક રિપોર્ટ પ્રગટ કરવામાં આવે છે, અને તે ઉપરથી આ મંડળે શું શું કર્યું છે તે જણાઇ આવે છે. આ મંડળી પ્રતિવર્ષે રૂા. ૨૦) થી ૨૫) રૂા. આપી ઉદ્દેશોની સિદ્ધિને લગતાં નિબંધો લખાવે છે; હજારો નિરાધાર વાછરડાં પોષે છે; મહુવા અને આજુ બાજુના ગામડામાં ઢોરોને જે કોઇ પ્રકારની અગવડો હોય તે દૂર કરે છે; દર્દવાળી ગાયોને ઔષધોપચારથી શાન્તિ બક્ષે છે, ગોવધ અટકાવે છે; અને મોટાં જંગલો રાખી સર્વ ગાયોને ચારો પુરો પાડે છે ÷ × × ×

આ મંડળના સેક્રેટરી ઘણા હુશિયાર, ખંતીલા ને ઉત્સાહી છે. તેમના કામકાજ માટે તેમને ઘણા સંતોષપ્રદ પ્રમાણપત્રો મળ્યા છે, તેઓએ પોતાનું અણમોલ જીવન આ મંડળની સેવામાં સોંપ્યું છે. તે માટે તેમની સ્તુતિના જેટલા શબ્દો લખીએ તેટલા ઓછા છે. અમે શ્રી મહુવા ગૌરક્ષક મંડળને તેણે કરેલાં કાર્યો માટે ધન્યવાદ આપી, તે સભા હજુ ઘણાં સારાં કાર્યો કરે એમ ઇચ્છી અંતે ગૌ મહત્તા બતાવવા કવિ બાઇશંકરજીના શબ્દોમાં વદીશું કે—

તૃણ ખાય તોયે તેનું તન, તત્વો રૂડાંથી તર ર્હ્યું;
પદ-પુંછ, તુચ્છ પવિત્રને, મળ સુત્ર પણ મહત્તા ભર્યું
પય પ્યારૂં પોષણકારી, જેમાં વીર્યની વૃદ્ધિ ઠરે;
હતભાગી હિન્દુ કોણ ? તે નહિં સુરભીનું સેવન કરે.

મુંબઈ સમાચાર તા. ૫-૧-૧૯૧૨

મહુવા ગૌરક્ષક સભાની ગૌશાળામાં સંવત ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળમાં અને સંવત ૧૯૬૧ ના નબળા વરસમાં સહસ્ત્ર ગાયોનું રક્ષણ પોષણ થયું હતું, ને કાયમ સેંકડો ગાયોનું રક્ષણ-પોષણ થાય છે. આ વરસે પણ ઘાસ-ચારાનો દુકાળ પડયાથી ઢોરોની સ્થીતિ દયાજનક થઈ પડી છે × + + ×

આ સભા વખતો વખત ઘાસ-ચારાના દુકાળના ખરી અડીના વી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કટ પ્રસંગે જાહેર હિંમત, ખંત અને કાળજી રાખી નબળી ગાયો આબાદ કરી દુનિયાના ઉપયોગમાં લાવે છે; ને સારા સાંઢ રાખી ખેતીના સાધન રૂપ બળદની વંશ વૃદ્ધિ સુધારે છે. તેથી ગૌરક્ષાનો મુળ હેતુ મોટે અંશે ફળીભુત થાય છે.

ગૌશાળાની મુલાકાત લેનારને સ્વર્ગીય ગો લોક સમાન આનંદજનક દેખાવ નજરે આવે છે. નાણાની વ્યયસ્થા ત્રાહેત સજન હથુ થાય છે, હિસાબ ચોખો રહે છે, વાર્ષિક રિપોર્ટ બાહાર પડે છે, વીશ વર્ષના વહિવટમાં કાંઈ પણ ગરબડ થયાનો દાખલો ઉત્પન્ન થયો નથી. આવા પવિત્ર ખાતાને મદદ કરનારને અક્ષય પુન્ય પ્રાપ્ત થાય છે. એવા લાભને લીધે આ સભાને હિન્દુ, મુસલમાન, પારસી, યાહુદી, ખ્રીસ્તી આદી સર્વ કોમવાળા મદદ મોકલાવે છે, તેને લીધે ફંડ વગરનું ને કાંઈ પણ લાગા ઉપજ વગરનુ આ ખાતું સારી રીતે નીભી હિન્દુસ્તાનના ખોહોળા દેશાવરમાં સારી ખ્યાતી પામ્યું છે × × + ×

મુંબઈ સમાચાર તા. ૮-૪-૧૨

× × × મહુવાની ગૌરક્ષણી સભા ગાયોના સંરક્ષણાર્થે જે સતત પ્રશંસાપાત્ર અને ભગીરથ પ્રયત્ન કરી રહી છે તે અવશ્ય મદદને પાત્રજ છે. આ સભાની ઉપયોગીતા આવા ભયંકર દુષ્કાળ વખતે બરાબર દેખાઇ આવે છે. સંવત ૧૯૫૬ ના મુલુક મશહુર ભયંકર દુષ્કાળ વખતે આ સભાએ ૧૨૩૮ ગાયોનું રક્ષણ-પોષણ કરી ધન્યવાદ અને અમૂલ્ય આશીષ મેળવી હતી તે મુજબ પાછો બાર વરસે દુષ્કાળનો ડરામણો દુષ્ટ દૈત્ય આવી પહોંચી આ સભાને પોતાના કર્તવ્યમાં કટી કસવા જાણે કે ચેલેંજ કરતો હોય એમ બન્યું છે; પરંતુ આ સભાએ કોઈ પણ પ્રકારે નિરૂત્સાહ અને ભયગ્રસ્ત ન થતાં હીંમતથી પોતાની ફરજ બજાવતાં મહા દુઃખના છ માસ વીતાવ્યા છે. × × ×

આ સભાની ગોશાળામાં ગાયો મોકલનાર પાસેથી કાંઇ પણ રકમ લેવામાં આવતી નથી. + × × ખરી અડીના દુઃખમય વીકટ પ્રસંગે મદદ મોકલનારને હજારો હજાર આશિર્વાદ મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈ સમાચાર તા. ૪-૫-૧૨
સાંજ વર્તમાન તા. ૮-૫-૧૨
જૈન સમાચાર તા. ૧૩-૫-૧૨

હિન્દુસ્તાની ગોરક્ષક સભાઓ અને પાંજરાપોળો સાથે સરખામણી કરતાં દરિયા કિનારે આવેલી મહુવા શેહેરની નાનકડી ગોરક્ષણી સભા અવલથી ઘણું સારૂં સાહસ કર્યે આવે છે એમ પ્રસિદ્ધિમાં આવ્યું છે, એ સભા ગાયોની સારવાર ઘણીજ દેખરેખથી કરવાને લીધે તેની પાસે પુષ્કળ ગાયોનો જથો શીલકમાં રહે છે, તેમાંની બીમાર, પુંછડા, લુલી, ઘરડી, તાવડ ને દુજણી ગાયો તળ મહુવામાં ને સારી ગાયો માતલપર ગામના ચરાણના બીડમાં રાખે છે. દુધાળાં જાનવરો અને ગાય, બેલો વગેરે પશુઓ ખેતીના આધાર રૂપ ને દેશનું ખરૂં દ્રવ્ય છે તેને નિભાવવાનું ઘાસ તે ખરી દોલત માની અવલથી નવ લાખ પુળા ખડની બે ગંજી આ સભાએ સંઘરી રાખેલી છે. તો પણ જ્યાં સુધી દેશમાંથી ખડ વેચાણ મળ્યું ત્યાં સુધી ખડ વેચાણ લાવીને અને ત્યાર પછી પણ દેશાવરથી વેચાણ મંગાવીને પણ અત્યાર સુધી જાનવરોનું સંરક્ષણ કરી ઉપલી બન્ને ગંજીઓ અનામત રાખી છે. હવે ફકત એક ગંજી ઉખેળી છે. એવો ખડનો પુષ્કળ જથો રાખવાથી હાલમાં ખડના દુષ્કાળના માઠા વર્ષમાં ત્રણ હજાર સુધીની સંખ્યાના જાનવરોનું ખુશી ખાતે સંરક્ષણ કરવાની એ સભાએ જાહેર હીંમતમાં હોવાથી તે માનને પાત્ર છે. એજ રીતે દરેક ગોરક્ષણી સભાઓ ને પાંજરાપોળો અવલથી અગમચેતીથી રહેતો પરમારથ થવા સાથે દેશોદય થશે ને ઘણીજ ખ્યાતીને પામશે.

મુંબઈ સમાચાર તા. ૧૮-૭-૧૨
સાંજ વર્તમાન તા. ૧૫-૭-૧૨

મહુવા ગોરક્ષક સભાએ સંવત ૧૯૫૬ના મુલુક મશહુર દુષ્કાળ વખતે ૧૨૩૮ ગાયોનું સંરક્ષણ કર્યું હતું, તેમજ હાલના ઘાસ-ચારાના ભયંકર દુષ્કાળમાં પ્રણ પ્રજાની અને બીજી સંસ્થાની આવેલી ગાયો તથા ધણી વગરની રઝળતી ગાયો સભાના નોકરો પાસે મંગાવી લઇને તથા ગરીબ લોકોને ત્યાંથી દુઃખી થતી ગાયો વેચાણ મંગાવીને સહસ્ત્ર ગાયોનું સંરક્ષણ કર્યું છે, અને પૈસા વડીયે પણ પ્રજાને એક રૂપિયાનું અધમણુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખે પણ ઘાસ મળ્યું નહીં તેવા ખરી અડીના વીકટ પ્રસંગે પણ પ્રજાને દોઢ મણ લેખે ત્રણ હજાર મણ ખડ વેચાણ આપ્યું છે વધારે ખુશી થવા નું એ છે કે ગરીબ રબારી ભરવાડોના ઢોરોને બચાવવા માટે એક હજાર મણ ખડ વગર પૈસે મફત આપ્યું છે. આ સભા એક બાજુ સખી મહાશયોની મદદ મેળવે છે ને બીજી બાજુ જીવ દયાની બીજી સંસ્થાઓ ને અને પ્રજાને મદદ આપે છે તેને લીધેજ આ સભા પ્રત્યે પ્રજા પ્યાર ને લોક લાગણી વધી પડવાથી દેશ પરદેશના દયાળુ ધર્મ વીરો અંતઃકરણથી આ સભાને ચાહે છે અને મદદ મોકલાવે છે. દરેક ધર્મ ખાતાં આવાં સાહસ કરનારાં નિવડશે ત્યારેજ દેશનો ઉદય થશે × + × આવાં જાથુ-કર્તા ધર્મ ખાતાને સખી ગૃહસ્થો પોતાનો ઉદાર હાથ લંબાવી યોગ્ય મદદ મોકલાવશે તે દેશોદય થવા સાથે અક્ષય પુન્ય ને મહાન આશિર્વાદ રૂપ થશે.

મુંબઈ સમાચાર તા. ૧૨—૯—૧૨
ગુજરાતી તા. ૧૫—૯—૧૨

મહુવા ગોશાળામાં કાયમ મોટી સંખ્યામાં ઢોરો રહેવા છતાં સારી દેખરેખને લીધે ઢોરોને રહેવાના છપરમાં કિંચીત પણ ગંદકી રહેતી નથી. ઢોરોને મુકવા આવનાર પાસેથી કાંઇ પણ રકમ લેવામાં આવતી નથી હર વખત ઘાસ ચારાના ભયંકર દુષ્કાળમાં સહસ્ત્ર ઢોરોનું ને સુકાળના વર્ષમાં સેંકડો ઢોરોનું કાયમ સંરક્ષણ થાય છે. લુલાં, આંધળાં, પાંગળા, લાવડ, પુંછક્ષ, બીમાર, વગેરે ઢોરોને જુદા જુદા વોર્ડમાં બાંધી ઘણી ખંત ને કાળજીથી સંરક્ષણ થવાથી તેની સ્થિતિ કાયમ ઋષ્ટ પુષ્ટ રહે છે. સારા સાંઢ રાખી બળદની વંશ વૃદ્ધિ સુધારી દુનિયાંના સદુપયોગમાં લાવે છે. સારા ઢોરો કરીને ખેડુત મગર વેપારી ઉત્તમ ગ્રાહકોને કીંમત કરતાં પણ પાંચ રૂપિયા ઓછા લઇને વેચાણ આપવામાં આવે છે. ને બળદની વંશ-વૃદ્ધિ સુધારવા રબારી ભરવાડને મફત પણ આપવામાં આવે છે; ત્યારે પણ તેની સ્થિતી કાયમ ઋષ્ટ પુષ્ટ રહે ને સભાની સંમતિ શીવાય તેનો વિક્રય કરી શકે નહીં; ને રક્ષણ કરવાને અશક્ત થાય તો વગર કીંમતે સભાને સ્વાધીન કરી દે—એવા જામીન લેઇ સોંપવામાં આવે છે. પરંતુ કાયમ મોટી સંખ્યામાં ઢોરો રહેવાથી તેને રહેવાને વિશેષ છપર બાંધવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર છે. સીલકનાં નાણાંની વ્યવસ્થા કમીટીની સંમાતથી મહુવાના નગર શેઠ હરીલાલ મોનદાસ ત્રંબકભાઇ હસ્તુ થાય છે. ભેટ મોકલનારને તુરત પહોંચ મળે છે. સીલીક ભાવનગર દરબારી સેવીંગ્સ બેંકમાં રહે છે. વાર્ષીક રીપોર્ટ બહાર પડે છે. આજ સુધીના વહિવટમાં કાંઇ પણ ગરબડ થયાનો દાખલો ઉત્પન્ન થયો નથી. ભેટ મોકલનારનો મુળ હેતુ પુર્ણ અંશે પાર પડે છે. પુન્ય કરનારને આ ઉત્તમ ખાતું છે, આ ખાતાનો વહિવટ સત્યના અને નિર્લેપે ચાલવાથી હિન્દના બહોળા દેશાવરના અને આફ્રીકાના દૂર દેશના સખી ગૃહસ્થોની મદદ આવે છે × × ×

આ સભા જેમ સખી ગૃહસ્થોની મદદ મેળવે છે, તેમ જીવ દયાની દરેક સંસ્થાને જરૂરી પ્રસંગે આ સભા પણ સખી હાથ લંબાવી મદદ મોકલાવી ફરજ અદા કરે છે, જેમકે આ વરસે ઘાસ-ચારાના ભયંકર દુષ્કાળના ખરી અડીના વીકટ પ્રસંગમાં ભાવનગર ગોરક્ષાના ૧૧૭ ઢોરોનું સંરક્ષણ કર્યું છે, તથા ગરીબ રબારી ભરવાડ વગેરેના ઢોરોને પણ વગર પૈસે મફત ઘાસ આપી નીભાવ્યાં છે. તથા જાફરાવાદ ગોરક્ષાને પણ રૂા૦ ૩૦૦ ની મદદ મોકલાવી છે. તદ ઉપરાંત બળદની ઓલાદ સુધારવા માટે ભાવનગર ગોરક્ષક સભાએ ઢોરો મંગાવ્યાથી રૂા૦ ૪૨૫ ના ઢોરો તેમને વગર પૈસે મફત પહોંચાડયા છે. આવું સાહસ કરનારી સભા પ્રત્યે લોક લાગણી વધી છે ને સારી ખ્યાતીને પામી ઉંચી હસ્તી ધરાવે છે, તેનો ધડો દરેક જીવ દયાની પાંજરાપોળ વગેરે સંસ્થાઓ લેઇ ખેતીના સાધનને ઉતેજન આપશે તોજ દેશોદય થવા સાથે પરમારથ થશે.

મુંબઈ સમાચાર તા. ૨૧-૪-૧૩

મહુવાની ગોશાળામાં ઘાસ-ચારાના દુકાળ વખતે સહસ્ત્ર મુંગા પ્રાણીયોનું ને સકાળના વરસમાં સેંકડો પ્રાણીઓનું સંરક્ષણ થાય છે. ગઈ સાલમાં ઘાસ-ચારાના ભયંકર દુકાળ વખતે ૧૫૪૫ ગાયોનું સંરક્ષણ થયું હતું ને સર્વ ગાયો પાંકડી રહેવાથી, અને દુજણી થયા શિવાય પાંકડી ગાયો નહીં વેચવાનો સભાનો નિયમ હોવાથી સઘળી ગાયો ગૌ-શાળામાં સીલકે રહેલી છે; ને આ વરસે સીંધમાં ઘાસ-ચારાનો દુકાળ પડવાથી કરાંચી પાંજરાપોળના સેક્રેટરી અને ત્યાંના શ્રીમાન ગૃહસ્થોએ પાંજરાપોળના પશુઓને બચાવવા મહુવા સભાની મદદ માગ્યાથી, જેટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશુઓ હોય તે તમામનું સંરક્ષણ થવા માટે મહુવે મોકલી દેવા કે તેને બચાવવામાં આવશે. એવા ખુશાલી ભરેલા ખુલાસાનો તાર મહુવા સભાએ મોકલાવ્યાથી કરાંચી અને ઠઠ્ઠાની પાંજરાપોળની ગાયો, વાછડા, વાછડી, બળદ, સાંઢ, ઘોડા વગેરે મળી (૫૭૫) જાનવરો આવ્યા, ને રાજુલા મહાજન હથુનું ફંડ ખુટી જવાથી ત્યાંની ગાયો, વાછડા, સાંઢ બોકડા વગેરે (૫૦) જાનવરો આવ્યાં તથા તલાજા મહાજન તરફથી રોઝ જીવ (૨) આવ્યાં અને મહુવાના ઉનવાળા વેપારી શેઠ નુરમામદ વજીર તરફથી જાતવંત સાંઢ જીવ (૨) આવ્યા તે મળી કુલ (૨૧૭૪) જાનવરો થયાં તે સર્વ આ ગૌશાળામાં સુખાકારીથી હયાત જીંદગી ભોગવે છે.

અહમદનગર ઘાસ-ચારાનો દુકાળ પડયાથી ત્યાંના ઢોરોની દુખીયારી સ્થિતી થયાના ખબર મહુવા સભાને પેપરોથી જાણવામાં આવતાં તુરત અહમદનગર દુકાળ નિવારણ ફંડની મુંબઇની કમીટીના ઓનરરી સેક્રેટરી શેઠ પુરૂષોતમદાસ ઠાકોરદાસને તા. ૨૫-૧-૧૩ નો રીપોર્ટ મોકલી વિનંતી કરી કે આ સભાએ પશુઓના સંરક્ષણાર્થે દર વરસ માફક પુષ્કળ ઘાસ ખરીદ કરી મોટા જથામાં સંગ્રહ કરી રાખ્યું છે. માટે અહમદનગર થી દુખીયારી સ્થિતિમાં આવેલાં જેટલાં ઢોર હોય તે સર્વે ઢોરો મહુવા ગૌશાળામાં મોકલાવશો એટલે તેનું સંરક્ષણ કરી બચાવવામાં આવશે તેના પ્રત્યુતરમાં મેહેરબાન શેઠ પુરૂષોતમદાસભાઇએ લખેલ પત્રની નકલ.

મેહેરબાન શેઠ હરીલાલ મોનદાસ,

પ્રમુખ સાહેબ મહુવા ગોરક્ષક સભા.

સાહેબ,

તમારો જા૦ નં૦ ૧૦૦૨૨ તા. ૨૫-૧-૧૩નો પત્ર મળ્યો; તે વાંચી તમારી માગણી તથા હીંમત માટે પ્રશંસા શિવાય બીજું રહેતું નથી. અહમદનગર તમારા ગામથી દુર પડયું, નહીં તો તમારી દયાળુ માગણીનો પુરતો લાભ ત્યાંના ઢોરોને આપી શકાતે. છતાં તમારો પત્ર કમીટીમાં રજુ કરીશ.

ઘાસ સંગ્રહ રવા બાબત તમારી સંસ્થા જે કાળજી રાખે છે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધન્યવાદને પાત્ર છે; ને તમો તમારી સંસ્થા માટે મગરૂર થાઓ તો તેમાં મુદલ ગેરવ્યાજબી અમે ગણતા નથી. કેમકે ગઈ સાલમાં અનેક ગામના ઢોરોને માટે તમે આશરો આપ્યો તે જાહેર વાત છે. તેને માટે તમો તથા તમારી કમીટીના પરોપકારી સેક્રેટરીને ધન્યવાદ છે.

મુંબઇ તા. ૩૦—૧—૧૩

પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ.

મુંબઇ સમાચાર તા. ૧૩-૭-૧૫

આ જીવદયાની સંસ્થાએ ગાય વાછરડાં આદી સહસ્ત્ર પશુઓનું ભરણ પોષણ કરવા ઉપરાંત માતા વગરનાં સેંકડો વાછરડાં ઉછેરી તથા બીમાર ખોડાં ઢોરને ઔષધોપચારના પાટાપીંડીથી આરામ બક્ષી સારા ખુંટ રાખી ગાયોની ઓલાદને વંશવૃદ્ધિ સુધારી દુનિયાના સદઉપયોગની સપાટી ઉપર દર્શનીય ને પ્રશંસનિય પુરાવો રજુ કર્યો છે.

હિન્દની ખેતીનો સઘળો આધાર બેલ (બળદ) ઉપર હોવાથી ગાયો આપણા દેશની ખરી દોલત છે તેની વૃદ્ધિ અર્થે દેશકલ્યાણકારી કાર્ય આ સંસ્થા પા સદીથી એક સરખી રીતે બજાવે છે; તેથી પ્રાચીન કાળના જેવું ગૌનું મહાત્મ વધારવામાં આ સંસ્થા એક્કો નીવડી છે.

આ સંસ્થાએ સંવત ૧૯૫૬ અને સંવત ૧૯૬૮ ના ઘાસ–ચારાના દુષ્કાળમાં સમાન દૃષ્ટિથી સર્વ કોમના તમામ જાતના ઢોરોનું સંરક્ષણ કર્યું હતું ઉપરાંત સીંધના ઘાસ–ચારાના દુષ્કાળમાં કરાંચી અને ઠઠ્ઠા વગેરેની પાંજરાપોળમાં પોષાતાં સરવે જાતના ઢોરોનું ભરણ પોષણ કરી બતાવ્યાથી તથા જીવદયાની બીજી હરેક સંસ્થાને જરૂરી પ્રસંગે યોગ્ય મદદ કરવાથી મહાજન સમસ્તે આ સંસ્થાને **મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળ** નામ આપ્યું છે તે યોગ્યજ છે, તે સર્વ આલમ કબુલ રાખશે એવો પુરાવો આ સંસ્થાએ રજુ કર્યો છે. આ પાંજરાપોળમાં અત્યારે ૫૦૧ ગાયો સુખાકારીથી હયાત જીંદગી ભોગવે છે. આવા જાથુકના જીવદયાના ખાતાને દાનેશ્વરીઓ પોતાનો ઉદાર હાથ લંબાવી મદદ કરશે તો બેશક મુંગા પશુઓના આશીરવાદ મળવા સાથે દેશોદય થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજામીત્ર તા. ૨૬-૭-૧૯૧૬

મહુવા—(કાઠીયાવાડ) ગૌરક્ષક સભાની પાંજરાપોળનો સંવત ૧૯૬૪ થી ૧૯૭૦ સુધીનો સાત વર્ષનો રિપોર્ટ બહાર પડયો છે. જુના વખતથી અન્નદાન સર્વોત્તમ દાન લેખાતું આવે છે. સદાવ્રત આપવા તે જુના વખતની અન્નદાનની રીતી છે, તે મુજબ અનાથાશ્રમ સુધરેલા જમાનાની જરૂરીયાતપર રચાયલાં છે તેમજ ગૌરક્ષા પણ હિન્દુસ્તાનમાં ઉત્તમોત્તમ કાર્ય ગણાય છે. તે અનુસાર દરેક નાના મોટા શહેરોમાં પાંજરાપોળો નિભાવવામાં આવે છે પણ હાલ પંદર વીશ વર્ષ થયાં મેઘરાજાની અવકૃપાને લઇને સાલબસાલ દુષ્કાળ અને ઘાસ-ચારાની તંગીને લીધે પાંજરાપોળ નિભાવવાનું કાર્ય અતી દુર્ઘટ થઇ પડયું છે તે અતી સંકટના વખતમાં મહુવા પાંજરાપોળ અતી સાહસ અને પૈસા એકત્ર કરવાનું કઠીન કામ જારી રાખી આખા હિન્દુસ્તાનમાં અચળ કીર્તિને પામી છે. સાત સાલ દરમીયાન ૧૯૬૮ ની સાલનો દુષ્કાળ તેમજ બીજી સાલોમાં પણ હિન્દુતાનના કોઇ કોઇ ભાગોમાં દુષ્કાળ તથા ઘાસ-ચારાની તંગી રહી હતી તે દરમીયાન હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાંથી જાનવરો મંગાવી નીભાવ્યા છે. સંવત ૧૯૬૪ ની સાલની શરૂઆતમાં કુલ જાનવર ૨૧૧ હતાં તેમાં સાત સાલ દરમીયાન ૧૯૬૩ જાનવરોનો ઉમેરો થયો હતો જેમાં કરાંચી અને ઠઠ્ઠાની પાંજરાપોળ તરફથી ૫૭૫ જીવ મોકલવામાં આવ્યા હતા. કરાંચી અને હિંદુસ્તાનના બીજા ભાગોમાંથી મહુવા સુધી ઢોર મોકલવામાં આવે તે માત્ર સ્થાનિક ફંડ એકત્ર કરવાને અભાવે બનવા પામે એ સંભવીત છે. મહુવા પાંજરાપોળ સભા તરફથી વરસમાં ત્રણ દીવસ ગાયો વિગેરેને પાકના લાડુ આપવાનો બંદોબસ્ત કરેલો છે, જ્યારે બીજા કેટલાક દિવસે કપાસીયા વિગેરે અનેક દાનેશ્વરી દાતાઓ તરફથી અપાય છે. આ સભાને જન્માષ્ટમી, સંક્રાંતિ, ગોપઅષ્ટમી એવા પ્રસંગની ભેટમાં સાત સાલ દરમીયાન રૂપીયા ૨૦૭૭-૧૦-૦ શુભાશુભ પ્રસંગની ભેટમાં રૂપીયા ૮૯૫-૪-૦ તથા જુદે જુદે ગામે પેટી મુકવામાં આવી છે તેની ઉપજના રૂા. ૧૩૮૬-૪-૯ તથા દેશાવરમાંથી ઓનરરી સેક્રેટરી તથા ઉપદેશક મારફતે રૂપીયા ૯૩૫૮-૬-૧૧ તે ઉપરાંત પરબારી ભેટ હિંદુસ્તાન અને આફ્રિકાના શહેરો અને ગામોમાંથી રુપીયા ૪૮૧૫૯-૦-૦ ની મળી હતી જે વિગેરેથી કુલ આવક સાત સાલની રૂા. ૯૦૬૬૮-૧-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ હતી. જ્યારે તેજ મુદતમાં કુલ ખરચ રૂા. ૯૦૫૧૭–૪–૭ાા નો થયો હતો. આવી મોટી આવક તથા ખરચ તે સભાના કાર્યવાહકોએ લીધેલી અતુલ મહેનતનું પરીણામ છે જેને માટે તેઓ આખા હિંદુસ્તાનની પ્રજાના આશીર્વાદને પાત્ર બન્યા છે.

हिंदी समाचार ११ मी जुलाइ १९१६

आगमन—महुवा गौरक्षक सभा की और से यहां एक मंडली आइ हुइ है. क्योंकी काठियावाड में घोर दुरभीक्ष के कारण तृण का बडा तोटा हो रहा है। महुवा गौशाळा में नियत गौओ के अतिरीक्त १००० गौ बाहार से आ गइ है उन्ही के पालन पोषण के लीये द्रव्य की आवश्यक्ता है यहांभी १३०० रुपये के लगभग चंदा हो चुका है और अभी उद्योग जारी है इस मंडली के साथ उक्त गौशाला के सहकारी मंत्री श्रीयुत् अंबावीदास भी है। दयावान हिंदुओ को ऐसे कामो में दील खोल कर सहायता करनी चाहीये उक्त सभा की गौशाला में ईस समय ५००० पशु होंगे।

हिंदी समाचार १८ जुलाइ सन १९१६

गौका चित्र.

यह चित्र हमें महुवा गौरक्षक सभा की और से मीला है. चित्र वास्तव ही में दर्शन करने योग्य है हमारे पाठको में से प्रायः सज्जनो ने एक ऐसे चित्र को देखा होगा जीस में गौकें शरीर में अनेक देवताओं के बाह्यका चित्र चित्रीत कीया गया है परन्तु इस में एक विशेषता यह पाई जाती है की जहां अन्य चीत्रों में गौके एक खडग् हस्त राक्षस को दीखाया गया हैं वहां इस चित्र में गुरु दत्तात्रय का चीत्र दीया गया है। विविध रंगो से अलंकृत होने के कारण यह चीत्र बडा ही चित्ताकर्षक हो गया है मूल्य भी एक

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आना रख गया है यह चीत्र प्रत्येक हिंदु को मंगा कर अपना घर सुसज्जीत करना चाहिये इस चीत्र के लिये उक्त सभा धन्य-वाद की पात्र है

हिन्दी समाचार ८ अगष्ट सन १९१६

महुवा गोरक्षा की पिंजरापोळ.

"मनुष्य मात्र के जीवन का साधन गाय है" इसी वचन के आधार पर महुवा (काठियावाड) भावनगर राज्य में गोरक्षा के नीमित एक संस्था है जो बडी उतमता से चल रही है. गाय की रक्षा का उद्देश रखते हुए उसने एक पींजरापोळ भी खोल रखा है. यह ऊपर उसी का चीत्र दिया गया है महुवा कोई बडा नगर नहीं है परन्तु उसके निवासीओ का उत्साह अवश्य प्रशंसा योग्य है जीन्होने इतने बडे कार्य का भार उठाया हुआ है हमें उक्त सभा की सप्त वर्षीय रीपोर्ट देखने का अवसर मीला है उसके देखने से मालूम हुआ है कि इस सभा के पींजरापोल में हजारो ही गौ, बैल, भैंस, घोडा आदि पशुओ की रक्षा होती है करांची और ठठ्ठा तक में इसकी शाखाएं स्थापीत है अनेक जंगल ले छोडे हैं जीन में इस सभा की पींजरापोळ के पशु आनन्दसे चरते है आय व्यय का प्रबन्ध उत्तम है ऊपर जो चीत्र द्रष्टीगत हो रहा है. उसी में सभा का कार्यालय है इस गोशाला को भावनगर राज्य की ओर से भी यथेष्ट सहायता मिलती है सन १८९१ में यह सभा स्थापीत हुइ थी उस समय से आज तक इस सभा द्वारा गौ तथा जीव रक्षा संबंधी जो कार्य हुआ है उस की सराहना हम ही नहीं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बरन हम से प्रथम देश के प्रायः सब ही समाचार पत्रोने की है। जीनका नाम सप्त वर्षीय रीपोर्ट में भी लिया गया है. इस कार्य में गोभक्त ऊधवजी रामजी विशेष प्रकार से उल्लेख योग्य है जीनके परीश्रम और उद्योग से सैंकडो पशुओ की रक्षा हो रही है आशा है कि ऐसी संस्था को यथाशक्ति सहायता देने में किसी को आपत्ती न होगी. क्योंकि महुवा गोरक्षक सभा द्वारा जो कुछ गौ रक्षा तथा जीव रक्षा के सम्बन्ध में किया जाता है उस में जहां तक हम समझते है स्वार्थ लेश मात्र भी नहीं है और इस सभा का कार्य नियम वद्ध होने के कारण उस देशहीमें नहीं बरन भारत भर में विश्वास भाजन हो रही है देश के धर्मात्मा शेठ, शाहुकार, राजा, महाराजा, जागीरदार, धनीमानी, वकील, जज इत्यादि को उदारता से आर्थीक सहायता करनी चाहीये जीस से यह सभा और भी द्रढता से गोरक्षा इत्यादि के काम में कटिबद्ध हो सके.

हिन्दी समाचार ता. १५ अगष्ट सन १९१६

॥ गोभक्त उधवजी रामजी ॥

गत अंक में गोरक्षा सभा महुवा की पींजरापोळ का जो चीत्र दिया गया था उसके स्थापक यही महानुभाव हैं आपने सन १८९१ में गोरक्षा सभा नामक एक संस्था स्थापित की थी और सन १८९८ में एक गोशाला स्थापीत की और पश्चात् गोशालाको पिंजरापोल का स्वरुप दिया गया। आप जाति से दशा श्रीमाली और धर्म से श्वेतांबर स्थानकवासी जैन है आप का जन्मकाल कार्तिक शुदी ११ सम्वत् १९०९ का है।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈસ્ટ આફ્રિકા સમાચાર તા. ૨૨-૭-૧૯૧૪

આ સભા પોતા હથુના સહસ્ત્ર ઢોરોના સંરક્ષણનો કાયમનો પુષ્કળ ખર્ચ પુરો પાડવા ઉપરાંત ઘાસ ચારાના દુષ્કાળ વાળા દેશાવરમાં રીબાતાં ઢોરોને બચાવવા જરુરી પ્રસંગે યોગ્ય મદદ મોકલાવે છે.

આ વરસે જલાઉન (બુંદેલખંડ) ના રાવ સાહેબ ગોપાલદાસ શર્મા ને રૂા. ૨૫૦) તથા બ્યાવર જીલ્લે મેવાડ (રજપુતાનાના) શ્રા. સતી દાન કરમચંદને રૂા. ૨૫૦) મોકલાવેલા છે તેમજ ગોકુળ મથુરાં આસપાસ ચોરાશી કોશમાં ઘાસ ચારાનો ભયંકર દુષ્કાળ પડયાથી ત્યાંના ઢોરો બચાવવા માટે મથુરાં વૃજ ચોરાશી કોશની "ફેમીન ફંડની" મુંબઈની કમીટીના ઓનરરી સેક્રેટરી દા, રવજી નારણજી (ઠે. મુ૦ જે૦ માર-કીટ) ને પણ હાલમાં રૂા. ૨૫૦ મોકલાવ્યા છે.

સદરહુ ત્રણે દેશાવરમાં ઘાસ ચારાનો ભયંકર દુષ્કાળ પડયાથી ત્યાં પરબારી યોગ્ય મદદ મોકલવા સખી ગૃહસ્થોને ઉદાર હાથ લંબાવવા આ સભાએ વર્તમાન પત્રો દ્વારા જાહેરને અપીલ કર્યાથી વઢવાણથી રા. રા. ગીરધરભાઇ ઝુંઝાભાઇ ચુડગર બી. એ. નિરાધાર મનુષ્યો અને પશુઓને આશ્રય આપનાર મંડળના ઓનરરી સેક્રેટરીએ જલાઉનના રાવ સાહેબ ગોપાળદાસ શર્માને પ્રથમ રૂપીયા ૨૫૦ ને તે પછી રૂા. ૧૫૦ મળી કુલ રૂા. ૪૦૦ મદદના પરબારા મોકલાવ્યા છે. એજ રીતે દરેક આશ્રયદાતાઓ પોતાનો સખી હાથ લંબાવી ઉપલા દેશાવરોમાં મદદ મોકલાવશે તો પરમારથ થવા સાથે દેશોદય થશે.

હિંદ વિજય તા. ૮—૭—૧૪

મહાન ગૌભકત ઓધવજી રામજી પશુ રક્ષાના હિમાયતી એ નામની બુક મહુવા ખાતેના "ધી મહુવા ત્રિભુવન પ્રિ. પ્રેસ" ના માલેક મી૦ જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદીના તરફથી ભેટ મળી છે જેનું અવલોકન કરતાં મી૦ જટાશંકર ઇશ્વરલાલ તેમજ રા. રા. ઓધવજીને ધન્યવાદ આપ્યા સીવાય રહેવાતું નથી. મી૦ ઓધવજી રામજી ગૌભકત પોતાના પરોપકારી સ્વકર્તવ્યથી એવી પ્રસીદ્ધિને પામ્યા છે કે તેમની પરોપકારી વૃત્તિથી કોઇ પણ અંજાણ નથી. મહુવામાં ગોરક્ષક સભા સ્થાપી તેને હસ્તીમાં લાવનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પુજ્ય સજ્જન છે. ઘણા સંકટો વેઠી દુકાળના સમયે પણ તેઓ હીંમતથી આગળ વધવાને હઠયા નથી; એવા પરોપકારી પુરૂષનો ધડો લેવા દરેક હીંદી બંધુઓને સુચના કરીએ છીએ ઉપરાંત એવા અનુકરણ કરવા યોગ્ય નરોની કાર્યકુશળતાને જાહેરમાં લાવી સૌ કોઇને મફત આપવાને આગળ પડેલા મીં૦ જટાશંકર ઇશ્વરલાલની ઉદારતાને અમો માનથી વધાવીએ છીએ.

હિંદ વિજય તા. ૧૯—૭—૧૬.

કાઠીયાવાડ માંહેના મહુવાની ગોરક્ષક સભાની પાંજરાપોળનો સંવત ૧૯૬૪ ના કારતક શુદ ૧ થી સંવત ૧૯૭૦ ના આસો વદ ૦)) સુધીનો સાલ સાલી રીપોર્ટ સદર સભા તરફથી બહાર પાડવામાં આવ્યો છે જે જોતાં સદર સભાએ ગોરક્ષા કરવાને માટે ઘણું સારૂં કાર્ય કર્યું છે એમ પ્રતિતી થાય છે. જો કે આવી સંસ્થાનો આધાર દેશના દયાળુ દીલના ગૃહસ્થો ઉપર હોય છે પણ તે લોકો કનેથી પૈસો મેળવવો અને તેનો યોગ્ય વ્યય કરી દેશ હીતનાં કાર્યની સાથે જન સમાજની પ્રીતિ સંપાદન કરવી એ બાહોશ અને સાત્વિક હૃદયના સંસ્કારી પુરૂષથીજ બની શકે છે સદર સંસ્થાના ઓ. સેક્રેટરી રા. ઓધવજી રામજી કે જેઓને હિંદુસ્તાનમાં ભાગ્યેજ કોઇ નહીં ઓળખતું હોય અને તેનો ફોટો સદર રીપોર્ટમાં આપવામાં આવ્યો છે તેઓની આત્માર્પણની સેવાનુંજ ઉપરોક્ત સંસ્થાની જાહોજલાલી એ શુભ પરીણામ છે. રીપોર્ટમાં આવક જાવક નાણાનું અને ગાયો આદી મુંગા પ્રાણીઓનું સ્પષ્ટીકરણ આપેલું છે જે જોવાથી સદર સંસ્થાએ કેવું ચોખ્ખું અને દેશને ઉપયોગી કાર્ય કર્યું છે એ સહજ જણાઇ આવે એમ છે. દેશ બાંધવો આવાં ધર્મનાં અને દેશ હીતનાં કાર્યમાં હરહમેશ બનતી મદદ કરે અને આવી સંસ્થાઓ હસ્તીમાં આવે એવુંજ અમો ઇચ્છીએ છીએ.

દિગંબર જૈન માસીક
વીર સંવત ૨૪૪૨ શ્રાવણ માસ.

મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળનો રીપોર્ટ—નીરાધાર ગાયો તથા ભેંસો જ્યાંથી મળી આવે ત્યાંથી ખરીદ કરી કે છોડાવી લાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું પાલન પોષણ કરવામાં આ સભા ઉત્તમ કાર્ય કરી રહેલી છે જેનો આ ૨૫૦ પૃષ્ટનો સાત વર્ષનો મોટો રીપોર્ટ છે જેમાં કુલ આવક રૂ. ૯૦૬૬૮–૧–૦ ની થઈ છે અને ખર્ચ આશરે રૂ. ૮૧૦૦૦–૦–૦ નો છે. એમાં એનાં સ્થાપક અને મંત્રી મી. ઓધવજી રામજી તથા ગોશાળા નો આકર્ષણીય ફોટો પણ છે. દરેકે આ રીપોર્ટ મંગાવીને વાંચવો જોઇએ મળવાનું સ્થળ—મંત્રી–મહુવા ગોરક્ષક સભા મહુવા (કાઠીયાવાડ)

જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરોલ્ડ માસીક માસ અષાડ સંવત ૧૯૭૨

મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળ, રીપોર્ટ વર્ષ સાતનો સંવત ૧૯૬૪ થી ૧૯૭૦ પૃ૦ ૨૪૮ જીવદયાનું કાર્ય જૈનો પોતાનું માને છે છતાં ખાસ કરી જૈનેતર ગૃહસ્થ મહેતા ઓધવજી રામજી મહુવામાં જે રીતે ગાયોનું રક્ષણ કરવા તરફ લક્ષ રાખી કાર્ય કરતા રહ્યા છે તે ખાસ નોંધવા જેવું છે. આ દેશની અનેક જાતની દોલતમાં ગાય પણ એક દોલત છે કારણ કે તેની પ્રજા બળદ ખેતીનું મુખ્ય સાધન છે તેમજ તેનું દુધ સાત્વીક છે. આ કારણે "ગાયને ગૌમાતા" આપણે કહીએ છીએ.

હોય જીવતી જો ગાયો વા બળદોની છત થાય
ગોપુત્રોને હળમાં ખેડી ખંતે ખેતી કરાય.—
હિંદનું દ્રવ્ય બળદ ને ગાય.

પ્રયાસ સ્તુત્ય છે જેઓ ખાસ આ માટે જે દ્રવ્ય આપે છે તેનો પ્રમાણીકપણે સન્નીષ્ઠાથી અને ખરી લાગણીથી બુદ્ધિ પુર્વક ઉપયોગ કરે છે તેઓ ધન્યવાદને પાત્ર છે.

ब्राह्मण सर्वस्व मासिक मार्च सने १९१७

यह काठियावाड के महुवा शहेर की गोरक्षणी सभा की सात वर्ष की रीपोर्ट है रीपोर्ट देखने से विदीत हुआ कि यह सभा इस प्रांत में गोरक्षा का अच्छा प्रचार कर रही है इस गोशाला का

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

खास मकान बना हुआ है जिसे इस सभा के संस्थापक महेता ओधवजी रामजी ने बनवाया है। उक्त गोशाला के संस्थापक तथा गौशाळा के मकान के दो चीत्र भी इस में है। मिलने का पता गोरक्षक सभा, महुवा (काठियावाड)

હિંદે આરામ માસિક અગસ્ટ સને ૧૯૧૬

મહુવા ગોરક્ષક સભા,

મજકુર મંડળ તરફથી અઢીસો પાનાનું એક દલદાર પુસ્તક મળ્યું છે જેમાં ૧૯૦૭ થી ૧૯૧૪ ના સાત વર્ષનો વિગતવાર રીપોર્ટ રજુ કર્યો છે એ ઉપરાંત આ સભાના નૈતીક કર્મો, સભાના મુખ્ય અધીકારીઓ, સભાને મલતી મદદ માટેની ગોઠવણ તથા ઉપજ ખરચનું સરવૈયું વગેરે પ્રગટ કર્યું છે એ સીવાય મહાન પરોપકારી મી. ઓધવજી રામજી સરવૈયાનું તથા સભાના ગોશાળાના મકાનનાં સુંદર ચીત્રો રજુ કર્યા છે જે ઉપરથી આ સભાની અગત્યતા અને તેની અપુર્વ સેવાનો આપણને કાંઇક ભાસ થાય છે એજ સભાના સ્વદેશી સ્ટોરવાળા મી. પુરૂષોત્તમદાસ પીતાંબરદાસ તરફથી એક પત્ર અમને જુદો મળ્યો છે. જેમાં મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળે ઢોરો બચાવવા માટે કરેલા એક વધુ સાહસની વીગત દર્શાવી છે. અત્યાર સુધીમાં એકઠા થએલા ૨૧૭૪ ઢોરોનું સંરક્ષણ થતું આવ્યું છે તે ઉપરાંત વળા પાંજરાપોળનાં એક હજાર વધુ ઢોરોનું સંરક્ષણ કરવાનું સાહસ ખેડયું છે. આથી આવાં જાથુકનાં ધર્મ ખાતાંને દાનેશ્વરી મદદ કરશે તે ઘણીજ કીંમતી ને અમુલ્ય આશીરવાદ સમાન થઇ પડશે એમાં સન્દેહ નથી.

જ્ઞાનસુધા માસીક જુલાઇ સને ૧૯૧૬

મહુવા ગોરક્ષક સભાનો રીપોર્ટ—(સાત સાલી) આ સભા મહુવાના પરોપકારી મહેતા ઓધવજી રામજીના પ્રયાસથી સ્થપાઇ છે અને તેમનાજ સતત્ પ્રયાસથી ગાયોના રક્ષણનું પારમાર્થીક કાર્ય કરી રહી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ સભાના પ્રયાસથી ગુજરાત, કાઠિયા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાડમાં તો બીજી અનેક ગોરક્ષક સભાઓ સ્થપાઈ છે પરંતુ કોચીન અને દક્ષીણ આફ્રિકામાં જંગબાર, ડેલાગોઆબે જેટલે દુર પણ ગોરક્ષક પેટા સભાઓ સ્થપાઇ છે. દેશપરદેશથી આ સભાને દ્રવ્યની મદદ પણ સારી મળતી હોવાની ખાત્રી રીપોર્ટમાં આપેલી મદદ આપનારાઓની લાંબી નામાવલી ઉપરથી જણાય છે. આવા કાર્યને પોતાની શકતી પ્રમાણે મદદ કરવી એ મનુષ્ય માત્રની ફરજ છે.

મહાજ્યોતી માસીક સંવત ૧૯૭૨ કીરણ ૧૦-૧૧-૧૨.

શ્રી મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળનું પશુ પાલન.

આજ કાલ ઋષિ મહર્ષિ અને કર્મયોગી જેને તેને લખવા તથા કહેવામાં આવે છે પણ ખરૂં જોતાં તો બધો ઢોંગ અને મીથ્યા આડંબરજ છે. વખાણનારા અને સ્વાર્થી ખુશામતીઆ જે માન અને મોટાઇ આપે છે તેને યોગ્ય પોતે છે કે નહીં? તેવી લાયકાત પોતાનામાં છે કે કેમ? એ વીશેનાં કાંઈ પણ વીચાર કર્યા વગર મુંગે મોઢે પોતાને મળતા મફતી યા માનનો સ્વીકાર કરે છે અને પોતાને માટે લખવા તથા બોલવામાં આવતા મહત્તા સુચક શબ્દોને માટે કાંઈ પણ ખરો ખુલાસો જાહેરમાં કરતા નથી. તેવા માનના ભુખ્યા બડા લોકો ખરૂં કહીએ તો પોતે પોતાની હાંસીજ કરાવે છે. **મહર્ષિ** તો શું પણ હાલ ઋષિ જડવા પણ દુર્લભ છે અને **કર્મયોગી** કોઈ વીરલ નર જડી આવે. કંઇ પણ માન મોટાઈની લાલસા વગર નિઃસ્વાર્થે અને નિષ્કામ વૃત્તિથી પશુ રક્ષાનું પરમોપકારી ભારે કામ કરનારા પણ પોતાને ગોસેવક અને ગોભકત કહેવરાવીનેજ સંતોષ માનનારા **શ્રી મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળના** માનદ્ પણ કાર્યદક્ષ **મહેતા ઓધવજી રામજી સરવૈયાને કર્મયોગી** કહી શકાય. તેમની યોગતા અને નિષ્કામ વૃત્તિથી તન મનથી લાગણી પુર્વક કરેલી ગોસેવા વીગેરે સંબંધી વિશેષ જાણવા ઇચ્છતારે " મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસના માલેક જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદી મહુવા (કાઠિયાવાડ) " પોસ્ટેજ મોકલી એ શીરનામે લખી " **મહાન ગોભકત ઓધવજી રામજી** " નામનું પુસ્તક મફત મંગાવી લઇ વાંચી જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળની કાર્યવાહીનો તારીખ ૬-૧૧-૧૯૦૭ થી તા. ૧૯-૧૦-૧૪ સુધીના ૧૮ માથી ૨૪ મા વર્ષ સુધીનો સાત સાલી રીપોર્ટ અમને તા. ૧૭-૭-૧૬ ને રોજ મળ્યો છે. તે વાંચી જોતાં હું બેધડક કહું છું કે—"**હરકોઈ પ્રસંગે એક પાઈ પણ દાન કરતી વખતે 'મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળ'ને જરૂર યાદ કરજો**" આવાજ પ્રકારની અપીલ મુંબઇ પ્રદેશ આર્ય પ્રતિનીધી સભાનું મુખ પત્ર શાન્તાકુજ ગુરૂકુળ વિદ્યાલય તથા વેદ પ્રચાર ફંડને માટે કર્યા કરે છે પણ આર્ય મન્યોનાં એ ફંડો તો ફંદ ફીતુર જેવાં અમને લાગે છે અને તેમાં તેઓની અમુક પ્રકારની સ્વાર્થ ખુંચ્ચી અને સંકુચીત વૃત્તિ અમને જણાઈ છે જે વિશે સવિસ્તર કોઇ પ્રસંગે લખીશું. ગૌરક્ષક સભાઓ મુંબઇ કલકત્તા વિગેરે ઘણાં મોટા શહેરો અને ગામોમાં છે પણ તે બધાં કરતાં કામ કરી બતાવવામાં અને મહાં ભારે મુસ્કેલીના વખતમાં કે જ્યારે ભલભલા મુંઝાઇ ગયા તેવા ખરા અણીના વખતે હજારો પશુઓ (ગાય, બળદ, સાંઢ, વાછડા, વાછડી, ભેંસ, પાડા, ઘોડા, રોઝ વિગેરે) પાળવા ઉપરાંત ઘાસ-ચારાના ભયંકર દુકાળને લીધે લોકોનાં પાંજરાપોળોનાં અને બીજી ગૌરક્ષક સભાઓ હસ્તકનાં ઢોરો દુર દુરથી મંગાવી તે સર્વને નીભાવવાં કોઇ પણ જાતનો ભેદભાવ રાખ્યા વિના હરકોઇનાં ઢોરને ઘાસ-ચારા અને ઓસડ વેસડની મદદ આપવી એ કામોમાં આગળ પડતો ભાગ લેનાર તો **મહુવા ગોરક્ષક સભાની પાંજરાપોળ** એકજ છે રીપોર્ટમાં પહેલા ૪૨ પૃષ્ટોમાં પ્રારંભીક નીવેદન, સભાના મુખ્ય અધીકારીઓ. સતત પ્રયાસથી સ્થપાયલી પેટા ગોરક્ષક સભાઓ અને તેના અધીકારીઓ, વિજ્ઞપ્તિ નવીન ખુશ ખબર, સભાને મળતી મદદ માટે નાણાંની ગોઠવણ, ભેટ અને મદદ માટે ઉપકાર, ઠરાવ, સભાએ ગાય માતાઓની બજાવેલી સેવા, સેક્રેટરી **ઓધવજી રામજીનો** રીપોર્ટ, ગાયોની આવક જાવકનું પત્રક, હિન્દુસ્તાનમાંથી લુપ્ત થતી ગૌ શેવા વગેરે બાબતો આપી છે તે ખાસ કરીને વાંચવા વિચારવા જેવી છે. રીપોર્ટમાંથી ફક્ત એટલી બાબતો વાંચવાથીજ તેના સુયોગ સેકરેટરીની કાર્યકુશળતા, સદ્‌ભાવના અને ઉત્કંઠાનો ખ્યાલ આવશે અને આખા ભારત વર્ષનાં ઘણાં સમૃદ્ધિવાળાં મોટાં શહેરોની પાંજરાપોળો અને ગૌરક્ષક સભાઓ નહીં કરી શકી તેવાં પશુરક્ષા અને પશુ પાલનનાં મહાભારે કામ કાઠીયાવાડને એક છેડે આવેલા **મહુવાની ગોરક્ષક સભા** કરી શકી છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેટલાજ માટે સર્વ કોઇએ તે ગોરક્ષક સભાને સહાયતા આપવી ઘટે છે. ઘણા લોકો મહુવા ગોરક્ષક સભાને મકર સંક્રાંતી, જન્માષ્ટમી, દીવાળી ને તેવાજ શુભાશુભ પ્રસંગની ભેટ નિયમિત મોકલાવે છે તેનું પત્રક (क) પાને ૪૫ થી ૬૬ માં સુધી આપેલું છે.

શુભાશુભ પ્રસંગની ભેટનું લીસ્ટ (ख) પાને ૬૭ મે આપેલું છે. માલના ગાડાંની ઉપજનું લીસ્ટ, કાઠની લાતીની ઉપજનું લીસ્ટ, મહુવામાં ગોભેટના ચોડેલ ડબાની ઉપજનું પત્રક (ग) ગામડામાં ગો ભેટના ચોડેલા ડબાની ઉપજનું પત્રક (च) દેશાવરમાં આ. ઓનરરી સેકરેટરી, ઉપદેશક અને કારકુન હથુ થયેલા ખરડાથી આવેલી ગોભેટની ઉપજનું લીસ્ટ, થએલા ખરડાની તથા દેશાવરથી પરબારી ગોભેટ આવી તેનું પત્રક (छ) સંવત ૧૯૬૪ થી ૧૯૭૦ સુધીનું સાત સાલી ઉપજ ખરચનું સરવાયું, દુઃખદાયક મરણની નોંધ, ઉદ્દેશ. પશુ રક્ષણ એ વગેરે બાબતોથી ભરપુર ૨૫૦ અઢીસો પાનાનો રીપોર્ટનો મોટો પોથો દરેક સદ્દવિવેકી, અને સુવીચારી ધર્મોદ્ધારક, સંસાર સુદ્ધારક અને દેશોન્નતિ ચાહક નરે જરૂર વાંચવો વીચારવો ઘટે છે અને અંતરાત્મા પ્રેરણા કરે તો આ પશુ રક્ષક સંસ્થાને મદદ કરવી અને હસ્તે પરહસ્તે બનતી મદદ કરાવવી. નોટો, શેરો અને લોનોનાં કાગળીયા તથા સોના રૂપાની પાટો કે હીરા મોતીના દાબડાને ધન માનવા કરતાં આ ખેતી વાડી ઉપર ઉભા રહેલા દેશ હિંદુસ્તાનનું ખરૂં ધન તો ગોધન—પશુ ધન છે અને તેની વૃદ્ધિ રક્ષણ અને આબાદીમાંજ આપણી ચઢતી બઢતી અને ઉન્નતી છે નહીં તો તેને અભાવે પાયમાલી તો થઈજ રહી છે ને થશે.

તંત્રી.

આદર્શજીવન માસિક કાર્તિક, માર્ગશીર્ષ ૧૯૭૩

આજના અંકમાં મહુવાની સુપ્રસિદ્ધ ગૌશાળાના ઉત્પાદક અને ઓનરરી સેકરેટરી શ્રીયુત **ઓધવજીભાઇ રામજી સરવૈયાનો** ફોટો આપવામાં આવ્યો છે. આ પરોપકારી નરરત્ને હજારો ગાયો કસાઇઓના હાથમાં જતી બચાવી છે તેમજ તેમના હાથે બીજાં પણ પરોપકારનાં કાર્યો એટલા બધા થવા પામ્યાં છે કે—મુંબઇના પ્રખ્યાત શેઠ બહેરામજી જી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીભાઇએ દુનીયાના નામીચા દેશ હિતકારી પુરૂષોના ફોટા મંગાવી એકત્ર કરી મુકયા છે તે ગણનામાં આ નર રત્નનો ફોટો પણ મંગાવી મુકયો છે તેઓના ભાષણો-લેખો પુસ્તકો દ્વારા સતત્ પ્રયાસથી મહીસુરમાં દુધ દેતી બંધ થયેલી ગાયોને ગાડામાં, હળમાં ને કોસમાં જોડવાનો રીવાજ બંધ પડયો છે તથા ત્રાવણકોરના અલ્પાઈ બંદરમાં થતો ગૌવધ અટકાવવામાં ફતેહ પામ્યા છે અને કતપર, ડુંગર, રાજુલા, જેસર, કુંડલા, દસા, પાલીતાણા, ડેડાણ, કોચીન, જંગબાર, ડેલાગોઆબે વગેરેમાં ગૌરક્ષણી સભાઓ ઉધાડી ચરાણના મોટાં જંગલો રાખવામાં આવ્યા છે. ગહુવામાં મરી જતાં ઢોરોના ચામડાં ઉતારી લેવાની ભાગનો ઇજારો એક ઢેઢને આપવામાં આવ્યો હતો તેણે ચામડાના લોભથી પ્રજાના સંખ્યાબંધ કીમતી ઢોરોને ઝેર દઈ નાશ કર્યાથી તેનાપર કેસ ચલાવી ઘણા પશુઓને બચાવ્યા તેમના પશુઓ તરફ દયાના કામો ઉપરાંત સોનાપુર, પારેવાની જુવાર, સ્વધર્મ એવાં વિગેરે જુદા જુદા સાત ખાતાંઓ ચાલે છે એ સાત ધર્મ ખાતાંનાં નાણાં પોતાના હાથમાં નહીં રાખતાં ત્રાહીત સજ્જનના હાથમાં રખાવી પોતાની દેખરેખ રાખી જાતીભોગ આપે છે તેમના હસ્તકના કોઇ પણ ધાર્મીક ખાતાના કાર્ય પ્રસંગે બહાર જતાં વખતે ભાડા ભથ્થાનો ખર્ચ પોતાના પદરનો ભોગવે છે. જો તેઓ શ્રીમંત હોત તો તે ઠીક હતું પણ તેમ ન હોવા છતાં પણ પોતાના પદરનો ખર્ચ કરી સ્વાર્થની કાંઇ પણ આશા વગર આત્મહિતાર્થે પર કલ્યાણના કાર્યો કરે છે. તેઓ વૃદ્ધ હોવા છતાં યુવાનને પણ હંફાવે એવાં પરોપકારના કાર્યો તનતોડ હજુ કરે છે. આ લખનાર આજથી બે વરસ ઉપર પોતાના મુરબ્બી સ્વ. જાદુના મહાન્ પ્રો૦ નથુભાઈ મંચ્છાચંદને ત્યાં ગયેલો ત્યારે તેમના સદ્ કાર્યોની ઝાંખી જોવા ભાગ્યશાળી થયો હતો અને તે વખતે અંતરમાંથી એજ ઉર્મી નીકળી આવી હતી કે ભારતમાં આવા રત્નો અમ્મર રહો. શ્રીયુત્ ઓધવજીભાઈ જેવા પરોપકારી પુરૂષ જેઓના રગેરગ અને રોમેરોમમાં પરોપકારના ધબકારા થયા કરે છે તેનું જીવન જાણવું કેટલું બધું જરૂરનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્સંગ માસિક ફાગણ ચૈત્ર સંવત ૧૯૭૩

તથા દશા શ્રીમાળી હિતેચ્છુ માસિક પોષ મહા સં. ૧૯૭૩

મહુવા-(કાઠિયાવાડ) ગૌરક્ષક સભાનો છવીશમો વાર્ષિક મહોત્સવ.

મહુવા ગૌરક્ષક સભાનો વાર્ષિક મેલાવડો દર વરસે મકરસંક્રાંતીના રોજ કરવામાં આવે છે, તેમ રાબેતા મુજબ આ વરસે પણ તા. ૧૩-૧-૧૭ ના રોજ કરવામાં આવ્યો હતો. ગૌશાળાની ગાયોને ઝુલો, ઝાંઝર, ટોકરા તથા પુષ્પના હાર પહેરાવી અબીલ ગુલાલ નાંખી કુમકુમના ચાંદલા કરી બે હજાર ગાયોનું સરઘસ મોટા મેલાવડા સાથે વાવટા અને વાજીંત્ર સહ ઘણીજ ધામધુમથી શહેરના સર્વ ભાગમાં ફેરવવામાં આવ્યું હતું કે જેનો અવર્ણનિય સ્વર્ગના ગૌલોક જેવો આબેહુબ દેખાવ જોઇ દરેક કોમવાળા હર્ષ પામ્યા હતા. ત્યારબાદ અખંડ પ્રૌઢ પ્રતાપી મહારાજા સાહેબ સર ભાવસિંહજી કે. સી. એસ. આઈ. બહાદુરે ભેટ આપેલા રૂા. ૧૦૦૦) તથા રાજ્ય માતુશ્રી નંદકુંવરબા સી આઇ ઇ. કયસરેહિન્દ સાહેબના રૂા. ૪૦૦) તથા માજી દીવાન સાહેબ વજેશંકરભાઇ ગૌરીશંકરભાઇના રૂા. ૫૦૦) તથા રાજુલાના શા. લવજી ત્રંબકના રૂા. ૧૦૦) મળી કુલ રૂપીયા ૨૦૦૦) ના ઉત્પન્ન થયેલા વ્યાજની રકમના રૂા. ૯૦ તથા અમદાવાદના દાનેશ્વરી શેઠ કનૈયાલાલ મોતીલાલ હીરાભાઇએ સારંગપુર મીલ્સ કું. લીમીટેડનો શેર ૧ નં. ૧૭૮ નો દાનમાં આપી સખાવત કરી છે. તે શેરના દર વરસે ઉત્પન્ન થતા વ્યાંજમાંથી અર્ધ રકમ નડીઆદ હિન્દુ અનાથઆશ્રમે રાખી બાકીની અર્ધ રકમ આ સભાને મોકલી દેવાનો મોસુફ શેઠે બંદોબસ્ત કરી તે શેર નડીયાદ હિન્દુ અનાથાશ્રમને સોંપ્યાથી નડીયાદ હિન્દુ અનાથાશ્રમ મારફતે વ્યાજના વસુલ આવેલા રૂા. ૨૦૦) મળી કુલ રૂા. ૨૯૦ ના પાકના લાડવા બનાવી સર્વ ગાયોને ખવરાવવામાં આવ્યા હતા તથા મુંબઈ કાપડ મારકીટના જાણીતા વેપારીઓ મેસર્સ હરીદાસ નાગજી વોરા રામપરાવાળા તથા મેસર્સ મંગળદાસ ગોપાળજી જાફરાવાદવાળાએ મોકલેલા ગુપ્ત ભેટના કપાસીયા સર્વ ગાયોને ખવરાવવામાં આવ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર વરસ માફક આ વરસે પણ ગૌશાળાના વિશાળ ચોગાનમાં બાંધેલા સમીયાણા (મંડપ)માં એક જનરલ સભા ભરવામાં આવી હતી તે પ્રસંગે ગાયોના હિતમાં તત્પર એવા મહાશયોએ આપી હતી, આ સભાનું પ્રમુખસ્થાન અહીંના મુખ્ય જજ રા. રા. વૃજલાલ ડાહ્યાભાઈ બારૈયા સાહેબને આપવા માટે ધી મહુવા જીનીંગ પ્રેસના મેનેજર બાપાલાલ ગોવરધનદાસે દરખાસ્ત મુકતાં તેને ધી મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસના માલેક જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદીએ ટેકો આપ્યો હતો જે સર્વાનુમતે પસાર થતાં પ્રમુખે બેઠક લીધા બાદ સભાનું કાર્ય આગળ ચલાવવામાં આવ્યું હતું.

સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાએ પ્રથમ ઈશ્વર સ્તુતિ, ગાયોની પવિત્રતા, અતી ઉપયોગીપણું ને તેનું સંરક્ષણ કરવાની મનુષ્ય માત્રની ફરજ હોવા વિશે વિવેચન કર્યા બાદ આખા વરસનું સરવૈયું વાંચી બતાવ્યું હતું જે સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ મેસર્સ ગોપાળજી મીઠા ગાંધીએ ગાયોની ઉપયોગીતાપણું ને તેનું રક્ષણ કરવાની આવશ્યકતા તથા સેક્રેટરીએ આપેલા આત્મભોગ વિશે ઘણુંજ અસરકારક હૃદયભેદક વ્યાખ્યાન આપી શ્રોતાઓનાં મન આકર્ષી લીધા હતા.

આ પ્રસંગે શ્રીમાળી અભ્યુદય માસિકના તંત્રી અને મહુવા ત્રિભુવન પ્રીન્ટીંગ પ્રેસના માલેક મી૦ જટાશંકર ઈશ્વલાલ ત્રિવેદી ધ્રાંગધ્રાવાળાએ ગોભકત શુર મહાત્મા ઓધવજી રામજી સરવૈયાએ દિવ્યતાનો સાક્ષાતકાર થવા માટે જગતજાળ તોડી પ્રીય ઇચ્છાઓ તથા વિષય વાંસનાઓ વીંધી ગૌ શેવાનો પાર પામવા ઉત્સુક થઇ પ્રેમભાવથી પ્રાણાર્પણ કરી આત્મભોગ આપી નિષ્કામ અપુર્વ અસામાન્ય ગો શેવા કર્યાથી ઇશ્વરનો સાક્ષાત્કાર થયો છે તે દરમીયાન તેમના કુટુંબની આજીવીકાના આધારરૂપ તેમના લઘુ બંધુ સુરચંદ રામજી સરવૈયા બે દીવસના પ્લેગની બીમારીથી અકસ્માત ગૌલોકવાસી થયા વિગેરેના અનેક તાપ અને સંકટો વધારે નડયા તેમ તેની સામે થઇ ઓર વિશેષ ગો સેવા બજાવી રહ્યા છે.

દોહો.

આફત પર આફત પડયે, ડગ્યો ન ઉદ્ધવદાસ;
સુવર્ણ જયમ તાવ્યે ટીપ્યે, પ્રકટે પુર્ણ પ્રકાશ.

ઉપરોક્ત બાબતને લગતું ટુંકમાં વિવેચન કરી એક અભિનંદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ર મુદ્રાંકીત કરી અર્પણ કર્યું હતું. તેના જવાબમાં મોસુફ સેક્રેટરીએ જણાવ્યું કે હું જીંદગી ગુજારવા અને મરણ પામવા જન્મેલ છું આ ક્ષણભંગુર દેહની સાર્થકતા, સત્ય અને પ્રભુ સિવાય સર્વ મીથ્યા જણાયાથી એક સાધુ તરીકે જીવન ગાળી મેં મારી ફરજ અદા કરી છે. સાધુ કે ફકીરને માન કે સ્તુતિપર હક્ક નથી તેમ છતાં અનેક માનપત્રો અને પ્રમાણ પત્રોની વિભુતીથી મને વિભુષિત કરેલ છે તે મને અહંભાવ ને ઉભરો લાવનાર સાંસારીક સુખનું ભાન બતાવે છે.

મેં મારી ફરજથી વિશેષ કંઈ પણ કર્યું નથી તેમ છતાં મારા પ્રત્ય પ્રેમની મમતા જોઇ તમારો કેટલો ઉપકાર માનું તે શબ્દ દ્વારા દર્શાવી શકતો નથી. હવે મને કશાની જરૂર નથી એવા ઉદ્‌ગારોથી ઉપકાર માન્યો હતો. ત્યારબાદ મેસર્સ ગોપાળજી મીઠા ગાંધીએ જણાવ્યું કે સેક્રેટરી **ઓધવજી રામજી સરવૈયા** કોઇ વિલક્ષણ મનુષ્ય છે છતાં અનઅધિકારી હજુ સુધી સમજી શક્યા નથી તેમની પાછળ રહી સહાય આપનાર મનુષ્ય શકતી કરતાં મહાન શકતી અથવા પ્રભુને અથવા કોઇ દેવને તે જોઇ શકે છે. તેમના પ્રાણાર્પણ ને નિષ્કામ અપુર્વ અસામાન્ય ગૌ શેવામાં તેમની જીંદગી નીકળવાથી કાયમનો પુષ્કળ ખર્ચ પુરો પડે છે તથા અન્ય દરેક જીવદયાની સંસ્થાને જરૂરી પ્રસંગે યોગ્ય મદદ આપવાના સાહસ કરી હિન્દની જીવદયાની સંસ્થાઓમાં અગ્રપદે સારી હસ્તી ધરાવે છે તે અક્ષરસઃ ખરૂં છે. તેનું અનુકરણ કરવા યોગ્ય દૃષ્ટાંતને આગળ મુકી વયોવૃદ્ધ સેક્રેટરીની હયાતીમાં સહાયક નીકળી આવવા પ્રમુખે જણાવ્યું હતું. ત્યારબાદ પ્રમુખનો ઉપકાર માની ગો માતાજીનો જય બોલાવી સભા વિસરજન થઇ હતી.

દશા શ્રીમાળી હિતેચ્છુ માસિક ભાદ્રપદ આશ્વીન સં. ૧૯૭૨

મહાન ગૌભક્ત ઓધવજી રામજી,

પશુરક્ષાના હિમાયતી.

× × × શ્રીયુત તંત્રીએ ઉકત હેડીંગ નીચે જીવન વૃત્તાન્તની સંક્ષિપ્ત નોંધ લઇ સ્વતંત્રપણે બતાવેલ છે કે તેમનું જીવન ચરિત્ર પ્રસિદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા બાદ હજારો સર્ટીફીકેટો વિગેરે તેઓશ્રીને મળેલાં છે જે બધાં આપતાં એક મોટું પુસ્તક ભરાય તેમ છે. ગઈ સાલના દુષ્કાળમાં પણ આગલા વરસોની માફક ઘણી કિમતી સેવા તેઓએ બજાવેલી છે. મહુવા ગોરક્ષક સભાના રીપોર્ટનાં અમે આ અંકમાં રીવ્યુ લીધાં છે તેમાં પણ તેઓશ્રીએ કરેલી ઉત્તમ સેવાની નોંધ લેવામાં આવી છે. આ મહાત્માનો દાખલો અન્ય સ્થળે પાંજરાપોળ ચલાવનારાઓ લે અને દ્રવ્યનો સદુપયોગ કરે એમ તેમજ મહાત્મા ઓધવજીભાઇને હસ્તે દિન પ્રતિદિન આવા અનેક શુભ કાર્યો થાય એમ ઇચ્છીએ છીએ અને મહાત્મા ઓધવજીભાઇને ભલામણ કરીએ છીએ કે તેઓની પાછળ સભાની વ્યવસ્થા તેવાને તેવીજ ચલાવે તેવા દયાળુ વીરનરો તૈયાર કરે તથાસ્તુ.

દશા શ્રીમાળી હિતેચ્છુ માસીક

પોષ–માહ સં. ૧૯૭૩.

મહુવા (કાઠિયાવાડ) ગોરક્ષક સભાનું એક વધુ સાહસ અને તેને કરવી જોઈતી મદદની જરૂર.

મહુવા ગોરક્ષક સભા તરફથી સ્થાપવામાં આવેલી ગોશાળામાં હાલ બે હજાર ગાયો આશરે લે છે તદ્ ઉપરાંત કરાંચી (સિંધ) ની પાંજરાપોળના સેંકડો પશુઓ સંરક્ષણાર્થે મોકલવા ત્યાંની પાંજરાપોળના ઓ. સેકરેટરી મોરારજી સુંદરજીએ પરવાનગી માગ્યાથી મહુવા ગોરક્ષક સભાએ સુખરૂપ પહોંચે તેટલાં પશુઓ મોકલી દેવાનો ખુશાલી ભરેલો ખુલાસો લખી મોકલવાથી ત્યાંના સેંકડો પશુઓ આવવા વકી છે. આવી રીતે મહુવા ગોરક્ષક સભા દરેક જીવદયાની સંસ્થાને જરૂરી પ્રસંગે વખતો વખત યોગ્ય મદદ કરવાનું સાહસ ખેડે આવે છે. આ ખાતું છેલ્લા લગભગ પચીશ વર્ષ થયાં ચલાવવામાં આવે છે અને હવે તેને જાથુકનાં સંગીન પાયા ઉપર મેલવાની હીલચાલ ઉપાડી લેવામાં આવી છે. પ્રથમ તો ગાયોના નીભાવ માંટે ઘાસ–ચારો મેળવવાની યોજના હાથ ધરવામાં આવી છે. અને તે માટે વીશ હજાર રૂપીયાનું એક ફંડ ઉભું કરવાની ગોઠવણ કરવામાં આવી છે. આ ફંડના વ્યાજમાંથી ગાયોના ઘાસ ચારા માટે ડુંગર, બીડ અને ચરાણ વાળી જગ્યા વાર્ષિક પટાથી મહેસુલ ભર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાના ઠરાવથી મેળવવા ધારાદો રાખવામાં આવ્યો છે. ગાયોના નીભાવ માટેના આ ફંડમાં મુંબઈના આશ્રયદાતાઓ તરફથી લગભગ ચાર હજાર ની રકમ અત્યાર આગમચ ભરાઇ ચુકી છે અને મુંબઇની કાપડ મારકીટના જાણીતા વેપારીઓ મેસર્સ હરીદાસ નાગજી વોરા, પ્રેમજી રણછોડદાસ દોશી, અને વૃજલાલ જીવણદાસ વોરા તરફથી નાણાં એકઠા કરવાનો પ્રયાસ ઉઠાવી લેવામાં આવ્યો છે.

× × × મુંબઈમાં ફંડ ઉભું કરવાની હીલચાલ ઉપાડી લેનારા ઉપલા આશ્રયદાતાઓને અંતઃકરણથી ધન્યવાદ ઘંટે છે.

મુંગા વાચા વગરના નિર્દોષ અને પવિત્ર પશુઓને બચાવવાના આ પુન્યવંતા કાર્યમાં દેશ પરદેશના સખી દીલના દાનેશ્વરીઓએ મદદ કરવાની અવશ્ય જરૂર છે અને તેવી મદદ વગર આ ધર્મ કાર્ય પાર ઉતરવું મુસ્કેલ છે સબબ દાનેશ્વરીઓએ યોગ્ય મદદ આપવાથી પરમાર્થ થવા સાથે દેશોદયનું પ્રથમ પગથીયું છે.

દશા શ્રીમાળી હિતેચ્છુ માસિક

કારતક માગસર સં. ૧૯૭૩

મહાન ગૌભક્ત ઓધવજી રામજીના પાંત્રીશ વર્ષની ઉમરના લઘુ બન્ધુ સુરચંદના પ્લેગની બીમારીથી અકાળ સ્વર્ગવાસની નોંધ લેતાં અમને ઘણી દીલગીરી થાય છે. તેઓ શ્રીયુત ઓધવજીના પુત્ર વેણીલાલની સાથે દુકાન સંબંધીનો વ્યવહાર ચલાવતા હોવાથી શ્રીયુત ઓધવજીભાઇને વ્યવહાર સંબંધી કંઇ પણ ધ્યાન આપવાની જરૂર નહીં રહેતી હોવાથી પાંજરાપોળના કામમાં બધો વખત રોકતા હતા. ભક્તોની કસોટી કરવા માટેજ જાણે હોય નહીં તેવી રીતે હંમેશાં ભક્તો ઉપરજ મહાન દુઃખો આવી પડતાં આપણે સાંભળ્યા છે આ વાત લક્ષમાં રાખી શ્રીયુત ઓધવજીભાઈ પોતાની ફરજમાં મશગુલ રહેશે એવી અમને ખાત્રી છે ભાઇ સુરચંદને ધર્મનાં સંસ્કારો સારા હતા અને મરણ પર્યંત શુભ વૃત્તિમાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા હતા. તેઓનો આત્મા શાન્તિમાંજ બીરાજતો હશે. મરહુમ પોતાની પાછળ ત્રણ દીકરા તથા એક દીકરી અને વીધવા મુકી ગયેલ છે. બીજી ભલામણોમાં એક ભલામણ ગરહુમતી એ હતી કે મારૂં કુટુંબ ગમે તેવી નિર્ધન સ્થીતીમાં આવી પડે તો પણ પુત્રીને કંકૂને ચાંદલે આપવી. મરહુમનો સ્વર્ગવાસ ભાદરવા વદ ૪ ના રોજ થયો અને આસો શુદ ૮ ના રોજ સરવૈયા કુટુંબનો થોરડી મુકામે મેળો હતો. ભાઈ સુરચદના અચાનક વિયોગથી આ મેળો બંધ રાખવાની તજવીજ થતી હતી પરંતુ શ્રીયુત ઓધવજીભાઈએ બંધ નહીં રાખવા તથા પોતે સદરહુ મેળામાં હાજર રહેવા ઇચ્છા બતાવી જેથી મેળો થયો હતો. ગમે તેવા દુઃખમાં પણ પરોપકારનું કાર્ય નહીં વીસરવાની તેઓની વૃત્તિ માટે તેઓને ઘણાજ ધન્યવાદ ઘટે છે.

દોહરા.

સુખ માથે શલ્યા પડો, હરિ હૃદયથી જાય;
બલિહારી એ દુઃખની, (તે) પલપલ રામ ભજાય.
અગ્રેસરના ઉપરે, જોખમ હોય હંમેશ;
મોટા ખીલા મોભમાં, વળીથી હોય વિશેષ.

થોરડી મુકામે દશા શ્રીમાળી વણિક સરવૈયા કુટુંબનો મેળો આસો શુદ ૮ ના રોજ રા. રા. ગોકળદાસ વછરાજ સરવૈયા તરફથી આમંત્રણ પત્રિકાઓ કાઢી કરવામાં આવ્યો હતો. તેમાં શ્રીયુત ઓધવજી રામજીએ હાજરી આપ્યાથી આશરે ૪૦૦ કુટુંબીઓએ હાજરી આપી હતી. પ્રથમ કુળદેવીના દર્શન લીધા બાદ મહેતા ભગવાનદાસ દામોદરદાસની ધર્મશાળામાં કુટુંબનું સંમેલન થયું હતું. × × × આવા કુટુંબોના સંમેલનોથી પરસ્પર પ્રેમ ને ઐકયતાની વૃદ્ધિ થાય છે એટલુંજ નહિ પરંતુ જ્ઞાતિ તથા દેશને પણ લાભ કર્તા નિવડે છે. માટે દરેક કુટુંબે આ દાખલો અનુકરણ કરવા યોગ્ય છે. રા. રા. જીવણલાલ ધનજી સરવૈયા જેઓ દશા શ્રીમાળી સરવૈયા કુટુંબ હિતેચ્છુ મંડળના ઓનરરી સેક્રેટરી છે તેઓના અથાગ શ્રમ અને ઉત્સાહ માટે ધન્યવાદ ઘટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશા શ્રીમાળી હિતેચ્છુ માસિક
કારતક માગશર માસ સં. ૧૯૭૪

સાભાર-સ્વીકાર.

મહુવા ગૌરક્ષક સભાની પાંજરાપોળનો રિપોર્ટ:—મહાન ગૌભકત ઓધવજી રામજી સરવૈયા સ્થાપીત ઉકત ગૌરક્ષક સભાનો સાત વર્ષનો રીપોર્ટ જોતાં તેમનું ગૌસેવામય જીવન તેમના પ્રશંસકોને આશ્ચર્ય ચકિત કર્યા વિના નહીંજ રહે એમ અમારૂં માનવું છે. સખત શ્રમ લેઇને સત્ય, પ્રમાણિક પણું અને ચોખવટથી જે કાર્ય તેઓ શ્રી કરે છે તેનો દાખલો દરેક પાંજરાપોળોએ લેઇ તે ઢબે કાર્ય કરવાની ખાસ જરૂર છે.

તંત્રી.

સકળ શુભ ગુણ સંપન્ન પુજનિક ધર્માત્મા મહાન ગૌભક્ત શુર મહાત્મા મુરબ્બી શ્રી ઓધવજીભાઇ સરવૈયા.

મુ૦ મહુવા.

વિ. વિ.—કે એક ગૌભકત તરફથી પ્રગટ થયેલ પુસ્તક મળતાં તેમાં આપે જીવદયાના હિમાયતી તરીકે આખી જીંદગી ગૌ શેવાને અર્પણ કર્યાથી આપશ્રીને ઇંગ્લાંડ, આફ્રિકા અને ભારતવાસી મહાન નરો તરફથી મળેલા પ્રમાણપત્રોનું વંચાણ કર્યાથી એક સ્વધર્મિ અને સ્વજ્ઞાતિ તરીકે મને મોટી મગરૂરી ઉત્પન્ન થાય છે. આપ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એક પવિત્ર સાધુ મહાત્માની નિતીમય જીંદગી ગાળો છો અને તે પણ ભારત ભુમીનું અમુલ્ય ને અખુટ દ્રવ્ય જે ગાયો તેના સંરક્ષણાર્થે પરોપકાર બુદ્ધિ વડે નિઃસ્વાર્થી પ્રેમભરી મહાન સેવા બજાવો છો તે ખાતે આપને મારા જેવો એક રંક (પામર) પ્રાણી જેટલો ધન્યવાદ આપે તેટલો ઓછો છે. ખરેખાત ગૌરક્ષા માટે આપે બેહદ કામ કરીને આપની જીંદગીને સાફલ્ય કીધી છે.

મેધરાજા માટે યજ્ઞેશ્વરને કરેલી સ્તુતિ તેમજ પાંચ પગની ગાય અને બે જીભવાળા પોઠીયાના સંબંધમાં ઠગારાઓની ઠગાઈ બાબતનું આપે મોકલેલ લખાણ તાબેદાર સૌને વંચાવશે તેમજ મારા પુસ્તકમાં "ભારત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસી ભાઇઓ તથા બહેનોને અગત્યની અપીલ" એમ હેડીંગ કરીને તમામ હકીકત જણાવીસ. મેઘરાજાની સ્તુતિ માટે પણ જગ્યે રોકીશ અને મહુવા ગૌરક્ષક સભાની ટુંક નોંધ પણ મહારા અમૂલ્ય શીક્ષાના પુસ્તકમાં પ્રગટ કરવા ચુકીશ નહીં તે સાથે આપના જેવા પરોપકારી પવિત્ર મહાત્માનું "જીવન ચરિત્ર" પણ મારા પુસ્તકમાં પ્રગટ કરીશ. જેનો ધડો બીજાઓ પણ લઇ શકે. હું આપને વિનંતી કરૂં છું કે આપના ફોટાનો પુરેપુરા કદનો (બ્લોક) મને મોકલાવવા મહેરબાની કરશો કે જેથી આપણા સ્વધર્મી જૈન બન્ધુઓ આપના પવિત્ર અને પરોપકારી જીવનમુર્તિ નીરખવાને ભાગ્યશાળી થાય. આંહી બ્લોક આવ્યેથી ફોટો સારા આર્ટ પેપર ઉપર છપાવીને હું મારા પુસ્તકમાં પ્રગટ કરી શકું. લાંબા વખત થયા આપના દર્શન માટે અને ગોશાળા જોવા માટે ઇચ્છા છે પણ પ્રસંગ સાનુકુળ નહીં હોવાથી દીલગીર છું. આપ અને આપના સહકુટુંબને ખુશ તન્દુરસ્તી સાથે દિર્ઘાયુષની મારી અહોનીશ પ્રભુ પ્રાર્થના છે.

અમદાવાદ ધનાસુતારની પોળ	**માસ્તર જીવરાજ નીમચંદ સાયલાકર,**
તા૦ ૨૩–૮–૧૯૧૫.	સેક્રેટરી મુંબઈ ઝાલાવાડી જૈન ધર્મ સભા.

વિ. કે મહારો અંતઃકરણનો વિચાર મહારા "અમૂલ્ય શિક્ષા" પુસ્તકને "અર્પણ પત્રિકા" આપ જેવા પુણ્યશાળી મહાન પુરૂષને આપવા મેં લાંબા વખત થયાં ઇચ્છા રાખી છે અને હું ધારૂં છું કે મારા જેવા એક લઘુ બન્ધુને તે પ્રમાણે "અર્પણ પત્રિકા" આપવા હુકમ ફરમાવશો તો તાબેદાર કૃતાર્થ થશે. મુંબઇ શહેરમાં મહારા ઘણાએક શ્રીમંતો ખાસ પીછાણવાળા છે પણ ગુણવાળાની પરીક્ષામાં આપની નામના જગજાહેર સુપ્રસિદ્ધ હોવાથી આપશ્રીનેજ હું અર્પણ પત્રિકા આપવા ઇચ્છા ધરાવું છું તે કૃપા કરી કબુલ રાખશો એવી મારી નમ્ર વિનંતી છે. પરમાત્મા આપ જેવા પવિત્ર મહાન નરો (કોહીનુર તુલ્ય) હિન્દમાં ઉત્પન્ન કરો એજ મહારી પ્રભુ પ્રાર્થના છે. આપ મારા પુજનીક સુરબ્બી વડીલ ભ્રાતા હોવાથી અર્પણ પત્રિકા આપતાં મને બહુજ હર્ષ થાય છે વળી સ્વજ્ઞાતિ અને મહાન પુણ્યશાળી હોવાથી મને પોતાને ખાસ મગરૂર થવા જેવું છે.

અમદાવાદ તા. ૬–૯–૧૫	**માસ્તર જીવરાજ નીમચંદ સાયલાકર,**
	સેક્રેટરી મુંબઈ ઝાલાવાડી જૈન ધર્મ સભા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાનુભાવ મહાશય જીવદયાના ચુસ્ત હિમાયતી પરમ ગોભક્ત શુર મહાત્મા સ્વધર્મી સુરબ્બી શ્રી ઓધવજી રામજી સરવૈયાની સેવામાં.

મુ૦ મહુવા.

વિ. કે—આપનો તા. ૯-૯-૧૫ નો પત્ર મળ્યો તેમાં અમુલ્ય શીક્ષા પુસ્તકની અર્પણ પત્રિકા સ્વીકાર્યાના સમાચાર જાણી ઘણાજ આનંદ સાથે આભારી થયો છું.

અમદાવાદ તા. ૧૧-૯-૧૫

માસ્તર જીવરાજ નીમચંદ સાયલાકર,
સેક્રેટરી મુંબઇ ઝાલાવાડી જૈન ધર્મ સભા.

“ **અમૂલ્ય-શિક્ષા** ” **પુસ્તકના કર્ત્તા માસ્તર**—જીવરાજ નીમચંદ સાયલાકરે પ્રસ્તાવનામાં જૈનોત્તર નામાવળીમાં બતાવેલ છે કેઃ—સદરહુ પુસ્તકની અર્પણ પત્રિકા મહુવા નિવાસી આપણા સ્વધર્મી બંધુ અને જીવદયાના ચુસ્ત હિમાયતી તેમ ગૌરક્ષક સભા અને પાંજરાપોળના ઓ. સેક્રેટરી **મહાત્માશ્રી ઓધવજીભાઈ રામજીભાઈ સરવૈયાને** આપવામાં આવી છે, તે સાથે તે પ્રતાપી મહાન પુરૂષની છબી (ફોટો) અને જીવન ચરિત્ર પણ આપવામાં આવ્યું છે કે જેનો ધડો બીજા ભાઇઓ લેશે. અને તે ઉપરથી જોવાનું, જાણવાનું અને દયામય પરમાર્થિ થવાનું અનુકરણ કર્માનુસાર થશે એવી આશા છે.

અર્પણ-પત્રિકા.

પરમ ગોભક્ત જીવદયાના ચુસ્ત હિમાયતી સકળ શુભ ગુણસંપન્ન મહાત્મા શ્રી ઓધવજીભાઈ રામજીભાઈ સરવૈયા

મુ૦ મહુવા બંદર.

ધાર્મિક ધીરવીર મહાશય !

સ્વધર્મ પ્રત્યેની આપની અચળ શ્રદ્ધા, પરોપકાર અને ધર્મ કાર્ય ખાતે આપની પુર્ણ પહેલ; પશુ રક્ષાના હીમાયતી તરીકેની આપની દ્રઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રદ્ધા, મહુવા ગૌશાળા, પાંજરાપોળ, અને દરેક ધાર્મિક ખાતાઓ તરફ આપની ઉત્તમ લાગણી, ગૌરક્ષા આદી અનેક અવાચક મુંગા પ્રાણીઓ તરફ આપ અને આપના સહ કુટુંબનો અનહદ પ્રેમ આપના ઉત્તમ કાર્યો માટે દેશ-વિદેશથી મળેલાં અસંખ્ય સર્ટીફીકેટો વિગેરે અનેક શુભ ગુણો-થી આકર્ષાઇ સહરહુ પુસ્તક સત્કાર પુર્વક આપને અર્પણ કરી અત્યાનંદ પામું છું.

ભારતનું નૂતન વર્ષ સં. ૧૯૭૨	આપનો સ્વધર્મિ બન્ધુ, **સાયલાકર.**

સૌજન્ય સુધાસાગર,

મહાત્મા શ્રી "ઓધવજીભાઇ" ને ધન્યવાદ.

(મનહર છંદ.)

પશુ રક્ષા તણાં કાર્ય કીધાં આગેવાન થઈ,
સહાય તે માહે આપે નામ નિજ મેળવ્યું;
"જૈન ધર્મ" વૃદ્ધિ થવા નિરંતર આનંદથી,
સર્વ શુભ સંસ્થા પ્રત્યે ભલું ચિત્ત ભેળવ્યું.—૧

અસંખ્ય ગાયોનો દુષ્કાળમાં બચાવ કરી,
દીન રાત્રી વૃદ્ધ છતાં હ્રદયને હેળવ્યું;
ધાર્મિક અનેક ખાતાં માટે ફંડ ઉભાં કરી,
સેક્રેટરી તણું અલૌકીક કાર્ય કેળવ્યું.—૨

વિશ્વમાં વિખ્યાત થઇ માન પામ્યા પુરેપુરૂં,
નિઃસ્વાર્થ પણે સદા રહ્યા નિજ અંગથી;
પરોપકાર વૃત્તિ માટે અંતરમાં ખંત ધરી,
"ઓધવજીભાઈ" રોજ રહ્યા એક રંગથી.—૩

એવા અત્યુત્તમ ગુણો સુણ્યાં સર્વ મુખ થકી,
મન છલકાયું મુજ આનંદ તરંગથી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અભ્યુદય શિક્ષા'ની બુક આનંદે અર્પણ કરૂં,
'સાયલાકર'ના શ્યામ સ્વીકારો ઉમંગથી.—૪

પરમ કૃપાળુ પરમાત્મા મહાત્મા શ્રી ઓધવજીભાઈ તથા તેઓશ્રીનાં દયાળુ કુટુંબને લાંબું અને આબાદ આયુષ્ય, સુખશાન્તિ સાથે અર્પણ કરે એવું અમો અંતઃકરણથી ઈચ્છીએ છીએ. તથાસ્તુ ! ! આમીન ! આમીન ! આમીન !

કર્ત્તા સેવક,
સાયલાકર.

મહાન ગૌભકત ઓધવજી રામજી પ્રત્યે ઉપકાર પત્ર.

મહાન ગૌભકત,

"**મારી ગૌ માતાજીની સેવા માટે હું અહોનિશ કાળજી રાખીશ**" એવા પ્રેમાળ ઉદ્દગારો આપે જ્યારે આ ગૌશાળા સને ૧૮૯૮ માં ખુલ્લી મુકી ત્યારે કાઢયા હતા, તે હકીકતને આજે બાર વર્ષ થઇ ગયાં છે. અને તે અરસામાં આપે ગૌ માતાજીની સેવા માટે જે અથાગ શ્રમ વેઠી ઉચ્ચ પ્રતિના અનેક સુકૃત્યો કરી સંવત ૧૯૫૬ ના મુલુક મશહુર ભયંકર દુષ્કાળ વખતે અને ત્યાર પછી સંવત્ ૧૯૬૧ ના દુષ્કાળમાં સેંકડો ગાયોના પાલણ-પોષણ માટે આપે તન મન અને ધનથી નેક ટેક રાખી ખરી ગૌ ભકિત બજાવી ઉપરનું વચન સિદ્ધ કરી આપ્યું છે તે ખાતે આપને ઘણોજ ધન્યવાદ ઘટે છે.

સતત્ શ્રમ વેઠી તથા આપના દેહના દુઃખની પરવા સરખી પણ કર્યા વગર ગૌ સેવા માટે હમેશાં પ્રયત્ન કરો છો; ગૌ માતાજી કેમ સુખી થાય, અને બળદોની કેમ ઉત્પત્તી વધે એ આશયને આપ પુર્ણ લક્ષથી ચિંતવન કરો છો, અને તેની પ્રાપ્તી અર્થે ઉપાય યોજો છો. તેમજ સભા-ની ચઢતી સ્થીતિ કરવા સારૂ એક મોટી રકમ એકત્ર કરવાનું 'પણ" લઇને દેશ, ઘરબાર તથા પુત્ર-પત્ની સહ વર્તમાન તજીને તેમજ આપની આજીવીકાવાળા ધંધાની પણ પરવા રાખ્યા સીવાય આપે મુંબઇ જેવા વિશાળ શહેરમાં લાગટ સાત માસ સુધી આપના પદરના ખરચે, મુંબઇનુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી લાગી દેહ વ્યાધિગ્રસ્ત થયા છતાં પણ તન મનથી અને નિસ્પૃહ-વૃત્તિ પણે ખરી ગો શેવા બજાવીને દસ હજાર રૂપિઆની મોટી રકમ એકઠી કરી સભાને સદાની આબાદ કરેલ છે. જેને માટે ઈચ્છુ છું કે—આવા સ્તુત્ય કામો કરવા આપ દિર્ઘાયુષ રહો, અને આથી પણ મોટાં કામો હાથ ધરી અનેક જીવોને સ્થીત કરી અનંતાનુબંધી પુણ્યના ભોક્તા બનો એવી મારી પરમ કૃપાળુ શ્રી કૃષ્ણ પરમાત્મા પ્રત્યે બે હાથ જોડી નમ્ર પ્રાર્થના છે.

ગો શેવાના કાર્ય માટે હમેશાં ચિંતવન કરો છો અને કોઇ પણ ગોશાળાને ઉત્તેજન આપવામાં આપ હંમેશાં તત્પરતા બતાવો છો; અને એવા બીજા અનેક ગો સેવાના પ્રયત્નો આપે આપની સુકિર્તિમય કારકી-દીમાં આ મહુવા શહેરમાં સને ૧૮૯૧ માં "ગૌરક્ષણ સભા" સ્થાપન કરી વીશ વર્ષથી સતત્ કર્યા છે જેથી માત્ર મહુવા શહેરમાં નહિ પણ આખા ભરતખંડમાં આપના નેક નામની સુવાસ પ્રસરી રહી છે જેથી આવા વીર પુરૂષનો દાખલો જોઈ મહુવા શહેરનો દરેક રહેવાશી મગરૂર છે.

છેવટ સર્વ વ્યાપક માયાનું અવલંબન કરી જગતનું સંરક્ષણ કરનારા લક્ષ્મિ પતી, અને રક્ષણ કરવામાં વિઘ્ન કરનારાઓને જીતનાર જીષ્ણુ એવા શ્રી પરમાત્મા રૂપ જેવા કે—મચ્છ, કચ્છ, વામન, નૃસિંહ પરશુરામ, વરાહ, બુદ્ધ, કૃષ્ણ, રામ, કલ્કી એવા દશે અવતાર આપ મહાશયનું સર્વદા સંરક્ષણ કરો. શાંતિ ? શાંતિ ? ? શાંતિ ? ? ?

શાર્દુલવિક્રીડિત.

જન્મી જ્ઞાતિ વણીકમાંહિ વપુથી, દાતા દયાના ગુણે;
ગૌની ભકિત કરીજ કિરતી ઉજળી, પામ્યા સહુ કો સુણે;
થાઓ આત્મ ગુણી સુપુત્ર સુખને, શાંતિ સ્મૃદ્ધિ બહુ;
પામો ઉદ્ધવ પૃથ્વિમાં અમરતા, આશિષ એ હું દઉં.

ધી મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસ ઓફીસ—સંવત ૧૯૬૭ ના વૈશાખ શુદ ૩

હું છું વિશ્વાસુ,
જટાશંકર પ્રેમજીલાલ ત્રિવેદીના
સાદર વેદપ્રણિત શુભાશિર્વાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેક્રેટરીએ માનેલો ઉપકાર.

પ્રિય મહાશયો ! આ અસાર સંસારમાં ક્ષણભંગુર દેહનો ભરૂસો નથી ને મનુષ્ય દેહથીજ પરમારથ થઈ શકે છે. સબબ માતૃભૂમીના એક પુત્ર તરીકે પ્રેમથી આત્મહિતાર્થે પરમારથ કરવા હું મગરૂર છું ને તેમ હોવુંજ જોઇએ. મનુષ્યનો અમુલ્ય અને રત્ન ચિન્તામણી જેવો ઉત્તમ અવતાર મળનારને શીર પરમારથ કરવાની ખાસ ફરજ હોવાથી તે ફરજ મેં સહેજસાજ અદા કરી હોય તો તે કાંઇ પણ વિશેષ કર્યું હું માનતો નથી, છતાં આપે તેને મોટા રૂપમાં ગણી હું પામર પ્રાણીને જે માન આપ્યું છે તે બાબત હું આભારી થયો છું અને તે માન મારે માટે નહિ પણ મારા કામને માટે માનું છું અને તેનો ટેક રાખું છું આપે મારા પ્રત્યે જે ઉદાર વૃત્તિની ઉમદા લાગણી બતાવી છે, તે માત્ર આપની ઉત્તમતા અને પ્રાણી માત્રના હિતની તતપરતા બતાવે છે અને દરેક સજ્જનને ધડો આપનારી બીના છે. આવા સ્તુતિપાત્ર પ્રયાસને ફરીવાર ઘુંટણીએ પડી આભાર માની આપને મુબારકબાદી આપું છું ને જણાવું છું કેઃ—

પ્રિય બન્ધુઓ ! હવે મારી વૃદ્ધોવય ઉમર હોવાથી જીંદગીના જે થોડા દીવસ બાકી રહ્યા હોય તેમાં કેટલી ગો ભકિત કરી શકાશે તે હું જાણતો નથી. સબબ પ્રેમયુકત ગોભકિતનો સંદેશો હું મુકી જઇ શકું તેની ખાતર મારી હયાતીમાં સત્યતા ને નિર્લેપ ગોભકિત કરનારા મદદગારો મળી આવો એવી પરમાત્મા પ્રત્યે મારી ખરા જીગરથી પ્રાર્થના છે.

॥ ૐ શ્રી ॥

શ્રીયુત્ સકળ સદ્ગુણ સંપન્ન હિન્દ હિતૈષી ગોવૃંદ રક્ષણીક પરમ ગોભક્ત માન્યવર મહાશય ઓધવજી રામજી મુ. મહુવા.

માનવંતા શેઠજી સાહેબ,

આજે સંવત ૧૯૬૯ ના પોષ શુદ ૯ ને સોમવાર (મકરસંક્રાંત) ના વાર્ષિક મહોત્સવના માંગલીક શુભ પ્રસંગે, અને આપના મહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારમાર્થીક કાર્યને અંગે આ "અભિનંદન" પત્ર આપને સપ્રેમ અર્પણ કરવા અગાઉ, આપની મહાન યશસ્વી, કેવળ પારમાર્થીક જીંદગીના અન્યને અનુકરણીય, ઉત્તમ કામોની ટુંક નોંધ લેવા ઈચ્છા રાખું છું જે યોગ્યજ છે.

આપશ્રીએ આપના લૌકિક વ્યવહારીક કાર્યની સાથે તન, મન અને ધનથી ઉત્સાહ પુર્વક જે ખરેખરા પારમાર્થીક કાર્યો કેવળ નિઃસ્વાર્થ વૃત્તિએજ કરવામાં આપનું મહાન આયુષ્ય ગાળ્યું છે; તે આપને તથા આપના કુટુંબ પરિવારને ઉજ્વળ યશ સંપાદન કરાવનારૂં હોઇ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

કોઇના ભલા ગુણોની પીછાણ તેઓના સંસર્ગમાં આવ્યા સિવાય કોઇથી થઈ શકતી નથી; પરંતુ આપના ભલા ગુણો તો એની મેળેજ, વિના સંસર્ગે આપના પવિત્ર પ્રભાવની તેજસ્વી છાપ-પિછાણ, દેશી અને વિદેશીયના હ્રદયમાં, એક સરખી રીતેજ આકર્ષણ કરી રહેલ છે; એ ઓછું પ્રશંસનિય નથી.

આપે ગમે તેવા વીકટ સંયોગો આવ્યા છતાં પણ ગોરક્ષણ કરવાનું, એક ઈશ્વરી ફરજ તરીકે ગણી ખાસ પોતાનુંજ કર્તવ્ય માની, જે સાહસ ઉઠાવેલું છે; તે ગઇ સાલ સંવત ૧૯૬૮ જેવા ઘાસના મહાન દુષ્કાળ સમયે, મહાન પરિશ્રમે ઉમદા કોશીશથી ઘાસ-ચારા વિના રીબાતી એવી ૧૫૪૫) નિરાધાર ગાયોનું સંરક્ષણ કરવામાં, જે ઉમદા કૌશલ્ય વાપર્યું છે; તે કહેવાતા નહિ પરંતુ ખરેખરા ગો ભક્ત સિદ્ધ કરવાને પુરવાર છે, એમ અમો માનીએ છઇએ અને એ નિર્વિવાદ છે.

આ દોરંગી દુનિયામાં "કરવા કરતાં કહેવું સહેલ છે," પરંતુ આપે તો તેથી ઉલટી રીતે "કહેવા કરતાં કરવું સહેલ છે." એમજ અવલંબીને જે કંઈ સહેલાઇથી જન સમક્ષ કરી બતાવ્યું છે; તે આપનું નામ ચિરકાળ રાખવાની સાથે, અન્યને દાખલો લેવા જોગ પણ છે. દાખલા તરીકે મહુવા ગોરક્ષક સભા જે ઉમદા જાહોજલાલી સાથે પુર હસ્તી દિગંત સુધીની ખ્યાતિ સાથે ભોગવે છે, તે માત્ર આપના શુભ કર્તવ્યની નીશાની રૂપ, આપનેજ આભારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ હીરાનું મુલ્ય ઝવેરીઓજ કરી શકે છે, તેમ આપ જેવા ધાર્મિક માનુષી હીરાઓનું મુલ શ્રી પરિબ્રહ્મ પરમાત્મા સચ્ચિદાનંદજ કરવાને સમર્થ છે. માટે છેવટ અમો ખરા જીગરથી ઈચ્છીએ છીએ અને એ મહાન કૃપાળુ પ્રભુ પાસે માગીએ છીએ જે, તે આપને આપના યશસ્વી ધાર્મિક અને પારમાર્થિક કામોની સાથે લાંબુ આયુષ્ય તન્દુરસ્તી સાથે બક્ષે તથા ઇચ્છિત આશાઓ સફળ કરે અને આપનાજ જેવા દઢ સદ્ધર્માવલંબી સેવકો આ ગનહર મધુમાવતિની રમણિય ભૂમી ઉપર ઉત્પન્ન કરે કે જેથી આપનું આરંભેલું ગોરક્ષક સંબંધી મહત્વનું અને શ્રેયસ્કર કાર્ય દીન પરદીન વૃદ્ધિજ પામે. શ્રી હરિ શાંતિ? શાંતિ?? શાંતિ???

ગીતી.

આ સંસારે જન્મી, નિપાત પામે નિશ્ચય સૌ જીવો;
પણ શુભાશુભ કરમે, ઉપજે તેમાં અમિત જીવિત દીવો.—૧
એ દીવા સમ છે જે, હિન્દ હિતૈષી ઓધવ શુભ હીરો;
મધુમાવતીનો વાસી, પરમારથી એ અમર રહો ધીરો.—૨

શાર્દુલ.

જેણે જન્મી જગે સદા હરપળે, કીધું ભલું સર્વનું,
જ્ઞાનેથી ગરવાઇ ધરિ મુળ સૌ, છેદી દીધું ગર્વનું;
રાચી શ્રીહરિ ધ્યાનમાં પ્રિતિ થકી, ફર્ઝો કરી છે અદા,
એવા **ઓધવ રામજી** ઉધવ વત્ સ્નેહે નિહાળુ સદા.–૧

જે છે વિશ્વ મહીં અતિ સુખવતી. વૃદ્ધો અને બાળને,
યુવામાં પણ પુષ્ટિકારી વપુની, સાથેજ સંભાળને;
રાજા-રંક શ્રીમંતને સમપણે, પાળેજ જે ઉર્મિથી,
આ ગૌરક્ષણ કાજ પ્રેમ ધરીને, ધાતાજ જે પ્રેમથી.–૨

જ્યો આ કાળ કરાળ કેર કરતો, પ્રાણી મુંગા ઉપરે,
ચારાં વિણ વિમંત હામ દીલથી, હાર્યા સહુ જ્યાં ખરે;
એવી પાપિ પળેજ દુઃખ સહિને, કાર્યો કર્યાં ઉમદા,
પાળી ગાય અસંખ્ય **ઓધવ** તણી, એ યાદ આપે સદા.–૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિઃસ્વાર્થે પરમાર્થમાં વખતને, રોકયોછ ઉલ્લાસથી,
કાયા, કર્મ અને કરી વચનથી, બેઠા ન જે હાસથી;
એવા વિરલ વિશ્વમાં વિમળ જે, દેશોત્કર્ષે મથ્યા,
વ્હાલા **ઓધવ** ધન્ય ભકત જગમાં, ગાયોની વારે ચઢયા.-૪

સાધ્યું છે નિજ હીત ચિત્ત ચાહિને, કામો રૂડાં આદરી,
માયા, મત્સર, મોહને દુઃખદ જે, પ્રેમે પરાં સૌ કરી;
શાંન્તિ-શીયળ-સત્યથી જગતમાં, છાયી રૂડી નામના,
એવા **ઓધવ** વીર ભકત ઉરની, પૂરો પ્રભુ કામના.-૫

શાંતિ ! શાંતિ ! ! શાંતિ ! ! !

ધી મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસ ઓફીસ—સંવત ૧૯૬૯ ના
પોષ શુદ ૬ તા૦ ૧૩-૧-૧૯૧૩ મહુવા-કાઠિયાવાડ.

હું છું
જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદીના
સાદર વેદપ્રણિત શુભાશિર્વાદ.

સેક્રેટરી ઓધવજી રામજીએ માનેલો ઉપકાર.

આપ સૌ ભાઇઓની આજના પ્રસંગમાં તેમજ અન્ય ઘણે પ્રસંગે ઘણી રીતે પ્રત્યક્ષ જણાઇ આવતી મારા પ્રત્યેની મમતા માટે હું પુરણ આભારી થયો છું.

આપે મારા પર કૃપા કરી મને કીર્તિને ગાનની પાયરીએ ચડાવી માન આપ્યું તેનો સ્વીકાર કરતાં મારા મનમાં જે જે વીચારો નીકળી આવે છે તે મારાથી કહી બતલાવાતા નથી. આપ સર્વની આવી મમતા સંપાદન કરવાને તથા બહોળા વીસ્તારમાં મારી જીગરની ઉંડી ઇચ્છાને અમલમાં મુકવાને મને આ સભાના જોઇન્ટ પ્રેસીડેન્ટ અહીંના નગર શેઠ હરીલાલ મોનદાસ ત્રંબકભાઇ તથા દોશી છગનલાલ લવજીભાઈ ભાણજીની સહાયતાથી જે તક મળી છે. તે માટે હું તેમનો બહુ અહેશાનમંદ છું.

આપ સૌ મારી સાથે મળતા થશો કે આ સુંદર માન અને પ્રેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરેલા ઉપકાર માટે મારાથી ઘટતો આભાર માની શકાશે નહિ ને મેં કહ્યું તેમ હું ખરેખર મારા માનનો જવાબ આપી શકું તેમ નથી.

મેં શું કામ કર્યું છે? માત્ર સહેજસાજ ફરજ અદા કર્યા ઉપરાંત કાંઇ પણ વિશેષ કર્યું હોય એમ હું માનતો નથી છતાં આપે આત્મભોગ આપ્યાનું જણાવ્યું છે તો એવો આત્મભોગ આપ્યો હશે તો આત્મીક બાબતમાં મને ફાયદો થયો હશે, આત્મીક બાબતમાં હું લાભ ખાટ્યો હોઇશ એટલે મારો આભાર માનવાની જરૂર નથી તેમ આવા માનની મેં આશા રાખી નહોતી. છતાં આપે શા શા કારણથી મારી ચાલને પ્રસન્ન કરી આટલી આબરૂ આપી, તે મારાથી કહેવાતું નથી. તમારા વખાણ વડીએ હું પોતાને ઓળખી શકતો નથી આવું આબરૂદાર માન આપ્યું તેનો હું મોટો ટેક રાખું છું અને મને આનંદ થાય છે કે આથી કરીને બીજાઓને પણ પરમારથના રૂડાં કામો કરવાની ઉશ્કેરણી મળશે એવી રીતે કે આપણે પણ કદરદાનોની નજરથી જતા રહીશું નહીં.

આ માનનો સ્વીકાર કરતાં વધારે ખુશી ઉપજે છે કે જેમને હું ઘણા દીવસથી ઓળખું છું તેમને હાથે આ માન મને મળે છે ને તે માન મને પ્રતિષ્ટીત સભા વચ્ચે મળ્યું છે તે બાબત હું ઉપકાર માનું છું છેવટ દીન પ્રતીદીન રૂડાં કામો થઇ આવા પુરણ મમતાના સંતોષોદ્ગાર કાઢવાના અનેક પ્રસંગો મળો. ને મારી વૃદ્ધોવય હોવાથી હું મારી પાછળ ગોભક્તિનો પ્રેમ ભર્યો સંદેશો મુકી જઈ શકું તેની ખાતર સત્યતાથી ગોભકિત કરનારા મદદગાર મારી હયાતીમાં મળી આવો એવી ખરા જીગરથી પ્રાર્થના કરૂં છું.

મહાન પરોપકારી ગોભકત,

મહેતા ઓધવજી રામજી સરવૈયા

મુ. મહુવા બંદર.

આજે સંવત ૧૯૭૦ ના પોષ વદી ૩ ને બુધવાર (મકરસંક્રાંતિ) વાર્ષિક મહોત્સવના માંગલિક શુભ પ્રસંગે અત્રેની ગૌરક્ષક સભામાં બિરાજેલા માનવંતા પ્રમુખ સાહેબ અને અન્ય ગૃહસ્થો સમક્ષ આપના ઉત્તમ કામોની ટુંક નોંધ લેવા ઈચ્છા રાખું છું જે યોગ્યજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપશ્રીના બખ્શાવર હાથથી પરોપકારી કામમાં મુખ્ય ભાગ બજાવવાની ઉત્તમ તક પસાર થયેલી છે, થાય છે, અને થશે તે સઘળી બાબતોનું વિસ્તારથી વર્ણન કરવામાં આવે તો તે અતિશયોક્તી નહીંજ ગણાય; પરંતુ અત્યારના ટુંક પ્રસંગને લઈ ફક્ત બે શબ્દો લખવાને રજા લઈશ:—

કલ્પવૃક્ષ રૂપ ગાય માતાજીને અભયદાન આપવાને ભાગીરથ પ્રયાસ કરી આ સભા સ્થાપન કર્યાં પછી અદ્યાપી પર્યંત તેના ટકાવપણાના યત્ન અને તેને માટે ઉઠાવેલ સંકટો જોઈ આપના શુભ કર્તવ્યની નીશાની રૂપ આપનેજ આભારી છે.

ગાયોનું ઉત્તમ રીતે સંરક્ષણ થવા માટે એક વિશાળ મકાન મ્હોટી રકમનો ખરચ કરી બંધાવેલ છે, તો પણ તેની વધારે સુખ શાંતિને માટે ચિંતવન કરી ગોશાળાની ચારે બાજુમાં છપ્પર બાંધવાની જે ઉત્તમ યોજના કરેલી છે અને તેમાં પણ સેંકડો રૂપીયાનો ખર્ચ કરી ગાય માતાજીનું સંરક્ષણ કરો છો. તેમજ ગયા ચોમાસામાં મહુવામાં મ્હોટી પાણીની રેલનાં મુશળધાર મેઘમાં આ ગોશાળાની ચો તરફ પાણી ભરાઇ ગયેલું અને તેવા સમયમાં આપ એકાએક ઘરનો ત્યાગ કરી પોતાના પ્યારા દેહની પણ દરકાર રાખ્યા શિવાય ગોશાળામાં આવી સમગ્ર ગાયોના બચાવ માટે અનહદ પરિશ્રમ લેઈ નવા જીવનનું સીંચન કરેલું છે કે જેને માટે આપને કયા શબ્દોમાં ધન્યવાદ આપવો તે આલેખવાને અસમર્થ છું.

આ સભામાં ગાયોની બહોળી સંખ્યા હોવા છતાં કરાંચી અને હલ્લાના રીબાતા જાનવરો પછવ મંગાવી ગત વર્ષમાં ૨૧૭૪ મુંગા પ્રાણીઓનું દીલોજાનથી સંરક્ષણ કરી ધર્મની ધજા ચોતરફ ફરકાવી મુકી આ સભાને ઉંચા હિમાલયના શિખરપર ચડાવેલ છે અને જગ જાહેર કરેલ છે. તદ્દ ઉપરાંત ગત વર્ષમાં આપે અનેક પરોપકારી સુ કાર્યો કરી તેમાં ફતેહમંદ નિવડેલા છો; અને હજી પણ સાર્વજનીક કાર્યમાં અગ્રપદ ધરી તન મન ધનથી મચ્યા રહો છો કે જેને માટે આપનું આ પવિત્ર જીવન સૃષ્ટિમાં એક ધડો લેવા જોગ છે, અન્યને આદર્શરૂપ છે, અમૃતનો કુપ છે, દેવને પરિતૃપ્ત કરવાનો સુગંધમય ધુપ છે.

છેવટે જગતન્નિયંતા શ્રી કૃષ્ણ પરમાત્મા પાસે નમ્રતાથી યાચના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરૂં છું કે આપની આર્થિક અને પારમાર્થીક વૃત્તિને પુરતી મદદ આપો અને નવા જીવનનું સીંચન કરી આપના જીવન રૂપ બગીચાને મિષ્ટ ફળદાયી બનાવો. અસ્તુ.

શાર્દુલ.

પામો આયુષ દીર્ઘ ક્ષેમ કુશળે, રેજો સદા સુખથી,
જામો કીર્તિ "પ્રભાકર" સમી, સાધો રૂડી સંપતી;
સિદ્ધિ બુદ્ધિ સમૃદ્ધિ શેષ જગની, સંચી સદા ઉરમાં,
વામો સંકટ સુરભીના સર્વથા શુભ પુણ્યતણા પૂરમાં.

શ્રી મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસ અને શ્રીમાળી અભ્યુદય ઓફીસ.
સંવત ૧૯૭૦ ના પોષ વદી ૩ બુધવાર.

હું છું કૃપાભિલાષી,
જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદીના
શુભાશિર્વાદ.

સેક્રેટરીએ માનેલો ઉપકાર.

પ્રિય મહાશયો !

મને આપ સર્વેએ જે માન આપ્યું છે તે માટે હું સૌનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. મને મારી ફરજ બજાવવામાં માન શા માટે જોઇએ? તે મને સમજાતું નથી. મેં આપને જણાવ્યું હતું તે પ્રમાણે ધર્મ ખાતાના ચલાવનારાઓએ તેમાં જોડાવા સાથેજ જરૂર પડે માથું આપવા સુધીની જવાબદારીઓ ઉઠાવવીજ જોઇએ તો પછી શારીરીક શ્રમ તો તેથી વધુ નજ ગણાય. વળી શારીરીક શ્રમ અને વ્યાયામ એ તો ધર્મ ખાતા ચલાવનારનું પ્રથમ અંગ છે અને એવા યોગ્ય લક્ષ પુર્વક મેં મારી ફરજ અદા કરી તેમાં મેં માન સંપાદન કરવા જેવું કંઇજ અગત્યનું કાર્ય કર્યું નથી છતાં આ આપની કીંમતી ભેટ સ્વીકારવા આપ સૌનો અને આ સભાના જોઇન્ટ પ્રેસીડેન્ટ નગરશેઠ હરીલાલ મોહનદાસભાઈ તથા દેશી છગનલાલ લવજીભાઇની ઇચ્છા અને આજ્ઞા છે તો તે સાભાર સ્વીકારી આનંદ પામું છું કે જે ઉત્સાહને આપની દીલસોજી મને જીંદગી પર્યંત યાદ રહેશે.

હું પુર્ણ રીતે સમજુ છું કે આ માન મને મળે છે તે આ સભા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના જોઈન્ટ પ્રેસીડેન્ટ સાહેબની અને આપ સૌની મારા પ્રત્યેની માયાળુ મમતા તથા મારી અલ્પ ગો શેવાની કદરદાની કર્યાનું પરિણામ છે. મારા ઉપર આપની આવી અપુર્વ કૃપા અને અમિદ્રષ્ટી તથા મમતા મારા જીવન પર્યંત કાયમ રહે એમ હું અખંડ યાચના ઈશ્વર પાસે કરૂંછું.

આ પ્રસંગે હું એમ કહું કે જીવદયાના હિમાયતી થવું એ જૈનોનો સહજ ગુણ છે અને ખાસ કરી જૈન કુટુંબનો તો તે વંશપરંપરાથી મળેલો વારસો છે તેને આપ આત્મશ્લાધા નહીંજ ગણો.

જૈન સમાજ જો કે ઘણીજ શાખામાં વહેંચાયેલો છે પણ તેઓ સર્વ તરફથી જીવદયાની સેવામાં પ્રાણાર્પણ કરવાના હજારો દાખલા ઇતિહાસ પ્રસિદ્ધ છે અને તેવી ઝળહળતી ગો શેવામાં સ્વાત્માર્પણ કરવામાં તત્પર રહેનારા જૈન કુટુંબમાં મારો જન્મ થયો છે. તે માટે મને પોતાને મહદ્ ભાગ્યશાળી માનું છું અને પ્રભુ પાસે મારી પ્રાર્થના છે કે મારી સંતતી અને વંશવારસોમાં પણ તે માયાળુ પરમાત્માની કૃપાથી જીવદયાની શેવા કરવાની ગોભક્તિ હંમેશને માટે કાયમ રાખે.

હવે મારી ગોસેવા રૂપી સાધારણ ફરજ બજાવ્યામાં મેં શ્રમ ઉઠાવ્યો એમ આપ સૌ જણાવો છો તો તેમાં આ સભાના જોઈન્ટ પ્રેસીડેન્ટ સાહેબની ગોસેવા તરફની કાળજી તથા દીલસોજીને આચારમાં મુકવા નિમિત્ત બનવા શિવાય મેં કાંઈ વિશેષ કર્યું નથી એટલે કે મેં તો માત્ર તેઓ સાહેબની ઉદાર વૃત્તિએ બતાવેલી સેવાજ નેકીથી બજાવી છે જેમાં માત્ર હું તો નિમિત્ત રૂપજ હતો. મને તો કેવળ તેમની કલ્પવૃક્ષ તુલ્ય છાયાથીજ અદ્‌ભુત માનની પ્રસાદી હાંસલ થઈ છે એ આપ સર્વેને પણ જણાશે આ ખાતાનું શ્રેય કરવામાં હું તો માત્ર દેહ રૂપજ છું. પ્રાણ રૂપ તો તેમનો ગો શેવા તરફનો ભાવજ હતો અને મારી ગો શેવાનું બીજ પણ તેમનામાંજ સમાયેલું છે.

મેં મારી ફરજ બજાવવામાં ઉઠાવેલ શ્રમ માટે આપ સર્વેના તરફથી અપાએલ બદલા માટે ઉપકાર માની તથા તે શ્રમમાં આવતી મુસ્કેલીઓને આપ કરતાં વધારે સમજી શકે તેવા નીપુણ આ સભાના જોઈન્ટ પ્રેસીડેન્ટ સાહેબ વિષ્ણુ ભગવાન જેમ પોતાના ભકતની વહાર કરવા પધારે તેમ તસ્દી લેઇ મારી ગો શેવાની કદર કરવાને માન આપવા માટે તેમના મારા ઉપર થયેલા આભાર રૂણને શબ્દમાં મુકી વારંવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપકાર માની ગો શેવામાં પ્રાણાર્પણ સુધી પાછા નહીં હટવાની વૃત્ત પ્રદર્શીત કરવાની રજા લઉં છું ને પ્રભુને વિનંતી કરૂં છું કે આ સભાના સર્વ સભાસદોને દિર્ઘાયુષી કરી મહાન ગોભકત બનાવે.

આપે જે જે શુભેચ્છાઓ દર્શાવી છે તે ઘણા માનસહ સાનંદ સ્વીકારી તેવીજ શુભેચ્છાઓ પુનઃ આપના પ્રત્યે મોકલી મુકત કંઠે અભિવંદન અર્પું છું આપ જેવા એક નિષ્ટાથી ઇશ્વરપર ભરૂસો રાખી કર્તવ્ય કર્યા જનાર મહાશય તરફથી શુભ આશિર્વાદ પામ્યો તેમાં હું મોટું સાર્થક થયું સમજુ છું ને આપ સર્વેએ મારે માટે જે અલંકારીક શબ્દો વાપર્યા તેને યોગ્ય નીવડવા પરમાત્મા મને મતિ તથા ગતિ આપે એવી અભિલાષા સહ વીરમું છું. ઓધવજી રામજી સરવૈયા.

પરોપકારી મહાન ગોભકત,

મહેતા ઓધવજી રામજી સરવૈયા

મુ૦ મહુવા બંદર.

दानाय लक्ष्मीः सुकृताय विद्या चिंता परब्रह्म विनिश्चयाय ।
परोपकारायवचांसि यस्य वंद्य स्त्री लोकी तिलकः सएव ॥

મહાત્મન !

ઉપરોકત વાકયાનુસાર આપનું યશસ્વી વંદવા યોગ્ય જીવન છે. દુનિયામાં અવતાર લઇ હંમેશાં સત્કર્તવ્યપરાયણ થનાર આપ સમાન વિરલ વ્યકિતઓને હજારોવાર ધન્યવાદ ઘટે છે. આપ પ્રતિદીન બનતી મહેનતે આજ લાંબા વખતથી જગતના જીવનરૂપ ગોમાતાજીના સંરક્ષણાર્થ રૂપી પારમાર્થીક કાર્યનો ઝુંડો ઉડાવી જે સતત્ પ્રયત્ન કરતા રહ્યા છો તે અવર્ણનિય છે.

પુરાણોમાં નિષ્કામ નૈસર્ગિક જીવન ગાળનાર વ્યકિતને દેવની ઉપમા આપેલી છે જેને આપ અક્ષરસઃ મળતા છો એમ કહેવામાં અમો લેશ પણ અતિશયોકિત કરતા નથી.

આપ સરખા એક પશુ પાલક મહા પુરૂષની જીવન કૃતિઓ જનસમાજને અવસ્ય ઉપયોગી થઈ પડે એમ હોવાથી આપનાં સદ્ચરિત્રો કે જે જે મનુષ્યોની મર્યાદિત સ્મૃતિના ખજાનામાંથી મળી આવ્યાં તેને સર્વ ગ્રંથ ગ્રંથિત કરી ઉપર જણાવી ગયેલા પુસ્તક નામે એક ગોભકતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રગટ કર્યું છે તેમજ હાલના કળીકાળમાં પરોપકારી જીવન ગાળનાર મહા પુરૂષનું દિગ્દર્શન કરાવનાર ચિત્ર (ઓઇલ પેઇન્ટીંગ) તૈયાર કરાવી આ સભાની કારકીર્દી અવર્ણનિય કરેલ છે તે જાણી જનસમાજને વધુ ખુશી થવાનું કારણ મળશે.

ઉપરોકત પુસ્તક અને ઓઇલ પેઇન્ટીંગનું સઘળું ખર્ચ આ સભાએ પુરૂં પાડયું છે તે ખાતે સભાએ બુજેલી કદર જોતાં પ્રત્યેક ગોભકતોને સભા પ્રત્યે મગરૂર થવાનું હમેશને માટે મજબુત કારણ મળશે.

પારસમણીના સ્પર્શથી લોહ પણ કીંમતી કંચન બની જાય છે, તેમ આપના સદ્ ઉપદેશ રૂપી સમાગમથી સહવાસમાં આવેલા અજ્ઞાત મનુષ્યો પણ કંચન રૂપ દયાવાન બને છે. આપના અગાધ સદ્ગુણોનું વર્ણન કરવું એ સાગરનો તાગ આણવા જેવું એક પ્રકારનું સાહસજ છે.

માનુષી વ્યકિતમાં " અન્યને ઉપયોગ તેમ સુખી કરવામાં જે પરાકાષ્ટા કરે છે તેજ પુરૂષ સર્વમાં અધિક ભાગ્યશાળી હોય છે " એ ન્યાયે આપ પણ પારમાર્થીક વૃત્તિમાં પ્રવૃર્ત હોવાથી ઉપરોકત પંકિતને લાયક છો એટલે તત્ સંબંધે અધિક કથન નહીં કરતાં એજ ઇચ્છીશું કે આપ આપના મહાન કાર્યમાં દિન પ્રતિદીન યશસ્વી બનો અને અસંખ્ય ગાયોનાં રક્ષણ કર્ત્તા બની અન્યને તેવા બનવાની પ્રેરણા પ્રેરો એજ મહેચ્છા !

શાર્દુલ.

થાતાં પ્રાતઃકાળ બ્હાર પુરમાં, સુરભી તણા જોરથી;
ત્રાસે કંપીત અંગ યુથ અરિનાં, નાસી છુટે દોરથી;
ધ્રુજે ભૂમિ અને ઉડુગણ સહુ, ભૂ કંપ જાણે થયો;
રામજી સુત ઓધવ તણો, આનંદ વ્યાપી રહ્યો.-૧
ભુખ્યાને દઇ ભોજનો, ઉદ્ધવ મટાડે ક્ષુધા,
વ્હાલા ઓધવ કૃષ્ણ ભકત જનનાં વ્હારેજ ગોની ચઢયા.
ખ્યાતી જેની જગે રહી જળહળી યુકિત પ્રયુકિત થકી;
બીજા ગોભકતોનિ કોટિ મહીં તો દેવાંશી એ છે નકી.-૨

શ્રીમાળી અભ્યુદય ઓફીસ, મહુવા-કાઠીયાવાડ. તા. ૧૪-૧-૧૯૧૫

લી૦ શુભેચ્છક,
જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદીના
શુભાશિર્વાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેક્રેટરી ઓધવજી રામજીએ માનેલો ઉપકાર

હિન્દની ખેતીનો સઘળો આધાર ગાયોના પુત્ર (બળદ) ઉપર હોઇ અર્થ શાસ્ત્રના નિયમ પ્રમાણે ગાય આ દેશની ખરી દોલત હોવાથી પરમાત્મા શ્રી કૃષ્ણચંદ્રે ગાયોનું રક્ષણ કરી "ગોપાળ" એવું બીરદ મેળવવામાં ખરી શ્રેષ્ઠતા છે એમ પોતાના ઉજવળ દષ્ટાંતથી જગતને બતાવી આપ્યું છે અને તે પછીના રાજા મહારાજા અને મહાજનો પણ એમજ વર્ત્યા છે એટલે ગાયોનું સંરક્ષણ કરવુંજ જોઇએ ને તેને માટે પૈસા તો શું પણ દેહ સુદ્ધાંતની દરકાર નહીં કરવી એવીજ માન્યતા હજારો વર્ષથી બળવાન વેગવાળી ચાલી આવે છે, તે પગલે ચાલીને હું માત્ર મારી ફરજ અદા કરૂં છું તેમાં કાંઈ પણ વિશેષ કરતો હોઉં એમ હું માનતો નથી છતાં મને વિશેષણો જોડી માન આપી આપના આભાર તળે દબાવ્યો છે તેનો બદલો મારી શકિત અનુસાર ગૌમાતાજીની શેવા કરવા સિવાય બીજી કોઇ રીતે વાળવા સમર્થ નથી.

આપ સર્વ મારી સાથે મળતા થશો કે આ સુંદર માનપત્ર અને પ્રેમભર્યા આવકાર માટે મારાથી ઘટતા શબ્દોમાં આભાર માની શકાશે નહિ પણ તમારા આ પ્રેમના શબ્દોની જ્યારે મારા પુત્રોને ખબર પડશે ત્યારે તેમને હર્ષનાં આંસું આવશે ને તે આંસું શોભશે. મેં કહ્યું તેમ ખરેખર હું તમારા માનપત્રનો જવાબ આપી શકું તેમ નથી કારણ તમે મારાં જે વખાણ કર્યાં છે તેને હું લાયક નથી છતાં આપની મમતાવાળી ભેટને શિરસાવંદ્ય કરૂં છું.

તમારા વખાણ વડે હું મને પોતાને ઓળખી શકતો નથી જે સદ્‌ગુણો તમે મારામાં જોયા છે ને જે કામ માટે તમે મારો આભાર માન્યો છે તે માટે હું પાત્ર નથી તેમજ એક ગોભકતે રચેલા મારા સદ્ ચરિત્ર પુસ્તકનો પ્રેસ ખર્ચ તથા મારા ઓઇલ પેઇન્ટીંગનો ખર્ચ સભાએ આપી મારી જે કદર કરી છે તેથી હું મહદ્ ઉપકાર તળે આવ્યો છું.

મને વિશેષ આનંદ એ થાય છે કે આ માનવંતી સભાએ જે કદર બુઝી છે તેથી પરમારથના કાર્યો કરવાને ભવિષ્યની પ્રજા પણ ઉત્કંઠીત રહેશે. હવે મારી વૃદ્ધાવસ્થા હોવાથી મારી હૈયાતીમાંજ આ સંસ્થા ચલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનાર યોગ્ય ઉમેદવાર નીકળી આવે તો આ લોક તથા પરલોકમાં મારા આત્માને વિશેષ શાંતિ થશે ને તે ઇચ્છા વિશ્વાધાર પ્રભુ પુરી પાડે એજ નમ્ર ઇચ્છા જણાવી વીરમું છું.

ઓધવજી રામજી સરવૈયા.

॥ ॐ श्री परमात्मने नमः ॥

સકલ સદ્‌ગુણાલંકૃત મહદ્ પુણ્ય પ્રભાવશાળી, મહાન ગોભક્ત, પારમાર્થીક, નરસણી ઓધવજી રામજી સરવૈયા.

મુ૦ મહુવા બંદર.

માન્યવર મહાશય !

ગોભક્તિના સંક્રાંતિના પરમાનંદ પર્વ પ્રસંગે, ગોભક્તિ પ્રદર્શિત કરવા મળેલા સંમેલનમાં, ગોભક્તિ કરવાના સંભાષણો પહેલાં, જેણે ગોભક્તિજ કરવાને જીંદગી સ્વાર્પણ કીધી છે એવા આપને, સમયોચિત અભિનંદન આપવાની અમો અમારી ફરજ અદા કરવાની આલ્હાદજનક પ્રથમ તક હાથ ધરીશું તો તે અનુચિત નહિજ ગણાય.

કુદરતાધિન આ ફાની દુનિયામાં કાળચક્રના નિયમાનુસાર સર્વ કોઈ જન્મે છે અને મરે છે; પરંતુ ખરૂં જન્મવું તો તેજ ગણાય કે, જેણે અસાર ગણાતા આ સંસારમાં, કેવળ સારજ ગ્રહણ કરેલો છે અને યાવત્‌ચંદ્રદિવાકરૌ નામ ધારણ કર્યું છે, કે જે કોટીમાં આપ મુકાઓ છો.

વર્તમાન કાળમાં લાંબા વખતથી અધમ દશાને પ્રાપ્ત થતા આપણા દેશનો પુનઃ ઉદ્ધાર કરવાને, જે વિરલાઓ આજ થોડાક દશકાથી ધન, તન અને મનનાં ભોગે ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે; તે પંક્તિમાં આપ પણ છો. કારણ કે રાજકિય હક્કો મેળવી દેશોદ્ધાર કરવાની સાથે, કૃષિકારનાં જે ધંધા ઉપર આપણો વિશાળ દેશ આબાદ થવાને અવલંબી રહેલો છે, તે કૃષિના વિકાસને માટે જોઇતાં અમુક પ્રાણીઓને ઉછેરી-પરિબળ વધારવાનું ધ્યાન આપવું જરૂરનું છે; કે જે આપે, આપની વૃદ્ધાવસ્થા હોવા છતાં પણ પૂર્ણ ખંત અને ઉત્સાહ પુર્વક આપ્યું છે—અને આપો છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મધુરંધર મરહુમ મહારાજા સાહેબ સર તખ્તસિંહજી બહાદુર જી. સી. એસ. આઇ. ના ઉદાર–પ્રશંસનિય રાજ્ય પગલે ચાલનાર, આપણા નેક નામદાર મહારાજા સાહેબ સર ભાવસિંહજી બહાદુર કે સી એસ. આઈ. ના નિર્મળ રાજ્યામલમાં વિધવિધ ફળદ્રુપી ગણાતી, રમણિય એવી આ મધુમાવતી (મહુવા) નગરીને આપે, આપના ગૌરક્ષણીક ઉત્તમ અને ઉપયોગી કાર્યમાં દૃઢ યોગથી વિશ્વવિખ્યાત બનાવી છે. જેનું નામ, આપના યશસ્વી નામની સાથે અમરત્વ પામ્યું છે, જે સ્થાનિક વાસીઓ ઉપર આપનો ન ભુલી શકાય એટલો ઉપકાર છે.

છેવટે કહેવું જોઇએ કે આપે ચાલતા કળીકાળમાં પણ ગૌરક્ષામાં આત્મભોગ આપીને, મહાન ગોભક્ત એવા શ્રી કૃષ્ણ ઉદ્ધવની ગોભકિતને તાદૃશ્ય કીધી છે. એકંદરે આપનું જીવન અનેકને અનુકરણીય છે એમ કહેવામાં અમો બીલકુલ અતિશયોકિત કરતા નથી. પરમ કૃપાળુ પરમાત્મા પાસે અમો દીકર જોડી એટલુંજ ઇચ્છીએ છીએ કે—આપ પુર્ણ તન્દુરસ્તી સાથે લાંબુ આયુષ્ય ભોગવી જગતજનોને, જેનાં ઉપર દેશોદયનો આધાર છે એવી ઉમદા ગોભકિતનું શિક્ષણ આપતા રહો.

શ્રીહરિ ૐ શાંતિ ? શાંતિ ? ? શાંતિ ? ? ?

ગીતી.

જીંદગી સ્વાર્પણ કીધી, દેશોદયનાં કાજમહીં જેણે,
ધન્ય ! ધન્ય ! હા ! જગમાં, નામ ધર્યું છે ચિરંજીવ તેણે.

વસંત તિલકા.

શીખાવ્યો પાઠ ઉમદા કટિબદ્ધ થૈને,
હા ! મોક્ષદાયી વ્રત યોગ તણુંજ લૈને;
શાન્તિ ધરી હૃદયમાં નિજ કાર્ય માંહે,
સુખો તજી જીવનનાં રઝળી જ્યાં ત્યાંહે.–૧

માયા તજી તનુજની ગૃહી જ્ઞાન દિસે,
ઝોકાવ્યું નાવ તનુ મોક્ષ તણેજ ચિલે;
સેવા કરી સુરભીની, સુરભી બચાવી,
આવી અનેક વિપતો પણ તે હઠાવી.–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતિ.

આદર્શ જીવન જગમાં ઓધવ કીધું ઉદ્ધવ અવતારે;
ડુબતા દેશ બન્ધુને, સ્વદૃષ્ટાંતે જેઉ સદા તારે.

ઉપેંદ્રવજ્રા.

ચિરાયુ થૈને સહુ અર્થ સાધો,
ગૌરક્ષમાં લાભ સમગ્ર લાધો;
આવી જયંતી ઉજવો અનેક,
ઉરમાં ધરી ઓદ્ધવ ટેક નેક.

દોહરો.

નામ જપંતા આપનું, નાસે પાતક દુર;
ઓધવ, ઉદ્ધવ રૂપ હો ! વસજો જગજન ઉર.

શ્રીમાળી અભ્યુદય ઓફીસ અને ધી મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસ.
સંવત ૧૯૭૨ ના પોષ શુદિ ૧૦ શુક્રવાર તા. ૧૪-૧-૧૯૧૬

હું છું શુભેચ્છક,
જટાશંકર ઈશ્વરલાલ ત્રિવેદી
ધ્રાંગધ્રાવાળાના શુભાશિર્વાદ.

સેક્રેટરીએ માનેલો ઉપકાર.

પ્રિય મહાશયો !

આ અસાર સંસારમાં ક્ષણભંગુર દેહનો ભરૂસો નથી ને મનુષ્ય દેહે પરમારથ થઇ ઊંચી ભૂમીકાએ ચઢાય છે. સબબ માતૃ ભૂમીના એક પુત્ર તરીકે પ્રેમથી આત્મહિતાર્થે પરમારથ કરવા હું મગરૂર છું ને તેમ હોવુંજ જોઇએ. મનુષ્યનો અમૂલ્ય ને રત્નચિંતામણી જેવો ઉત્તમ અવતાર મળનારને શીર પરમારથ ને ભક્તિ કરવાની ખાસ ફરજ હોઇને તે ફરજ અદા કરવા હું સહેજસાજ શકિતમાન થયો તેમાં કાંઈ પણ વિશેષ કર્યું હું માનતો નથી છતાં આપ દેશ હિતૈષીએ તેને મોટા રૂપમાં ગણી હું પામર પ્રાણીને માન આપ્યું છે તે બાબત આભારી છું ને તે માન મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે નહીં પણ મારા કામ માટે માનું છું ને તેનો ટેક રાખું છું આપે મારા પ્રત્યે ઉદાર વૃત્તિની જે ઉમદા લાગણી બતાવી છે તે માત્ર આપની ઉત્તમતા અને પ્રાણી માત્રના હિતની તત્પરતા બતાવે છે ને દરેકને ધડો લેવા જોગ હોવાથી આપના સ્તુતિપાત્ર પ્રયત્નોને ફરીવાર ધુંટણીએ પડી આભાર માની મુબારકબાદી આપું છું ને મારા અંતઃકરણના ઉદ્‌ગારો જણાવું છું કે હું વયોવૃદ્ધ હોવાથી જીંદગીના જે જુજ દીવસ બાકી રહ્યા હોય તેમાં કેટલી ગોભકિત કરી શકીશ તે હું જાણતો નથી. સબબ પ્રેમયુકત ગોભકિતનો સંદેશો હું કાયમને માટે મુકી જઈ શકું તેને માટે મારી હયાતીમાં ગોભકિત કરનારા મદદગાર મળી આવે એવી પ્રેરણા કરનાર પરમાત્મા પ્રત્યે મારી પ્રાર્થના છે.

દોહરો.

મળીને મધુમતિના સુજન, ઉમંગથી આ વાર;
ગુણીયલ ગૌ માતા તણો, બોલો જય જયકાર.

ઓધવજી રામજી (સરવૈયા)
સેક્રેટરી.

॥ संक्रान्तिपर्वाभिनंदनम् ॥

શ્રીયુત મહાત્મન્ !

ઓધવજી રામજી સરવૈયા

મહુવા—કાઠિયાવાડ.

सुरभी वैष्णवी माता नित्यं त्वं मोक्ष साधनम् ।
रिद्धिदा सिद्धिदा माता नित्यं विष्णुपदे स्थिता ॥

આ મકરસંક્રાન્તિના માંગલિક પ્રસંગે, ગૌસેવાના સતત હિમાયતી અને સ્વકર્તવ્યપરાયણ, સંસાર–વ્યવહારમાં રહ્યા છતાં પણ વિરકત રહી, શુદ્ધ સાધુતા ધારણ કરનાર, આપને આ **અભિનંદન પત્ર** હું અર્પણ કરૂં છું કેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોહરા.

આજ દિવસ આનંદનો, શુભ ઉત્તરાયણ પર્વ;
પૂજન ભાવ ધરી કરે, ગૌ માતાનું સર્વ.

ગોકુળ કુળ ઉદ્ધારવા, કરવા ગૌ રક્ષાય;
ગોકુળ પતિ શ્રી કૃષ્ણની, માગી ઉદ્ધવ સહાય.

હરિગીત છંદ.

માગી મદદ કંઇ સબળની ગૌ રક્ષવા કરિ પ્રેમને,
તપ આદર્યું અતિ ઉગ્ર આખી જીંદગી ધરિ નેમને;
થઈ પ્રસન્ન શ્રી ગોકુળપતિ નિજ સ્હાય આપે સર્વદા,
હોજો શરદ શત આયુ ઓદ્ધવ, રામજી સુતનો સદા.–૧

આ ભર્તખંડ વિશાળમાં બહુ દ્રવ્ય બળ નિજ વાપરે,
વૈભવ ક્ષણિક બહુ ભોગવે—નવ ગાયની રક્ષા કરે;
એવા જનો જન્મ્યાથિ શું—છેદાય ગૌની આપદા,
છે ધન્ય ઓદ્ધવજી સમા સત્કાર્ય જે કરતા સદા.–૨

ત્યાગી સદા નિજ સ્વાર્થને પરમાર્થમાં પ્રીતી ધરી,
સાર્થક કર્યું જિવતર સુપ્રેમે ગાયની રક્ષા કરી;
નિજ પ્રાણથી પ્રિય ગાયને ગણિ વેઠી કૈં કૈં આપદા,
દિન રાત ગૌ રક્ષા કરી, જય રામજી સૂતનો સદા.–૩

સુખ ભોગનો કરિ ત્યાગ શુભ ઉદ્યોગ ગૌ રક્ષા તણો,
રાખી રહ્યા ધિર ધર્મ કરિ સત્કર્મ હર્ષ ધરી ઘણો;
જયને પ્રદેશે મેળવ્યું મહાજન મમત ધરિ લક્ષદા,
ઈશ્વર તનુજ આશિષ દે—સૂત રામજી, જય હો સદા ।–૪

ધી મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસ, અને શ્રીમાળી અભ્યુદય ઓફીસ.
સંવત ૧૯૭૩ ના પોષ વદિ ૫ શનિવાર.

લી॰ શુભેચ્છક,
જટાશંકર ઈશ્વરલાલ ત્રિવેદીના
શુભાશિર્વાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેક્રેટરી ઓધવજી રામજીએ માનેલો ઉપકાર.

મને જે માન આપ્યું છે તેને યોગ્ય હું નથી છતાં આટલો બધો મને શા માટે વખાણવામાં આવે છે તેનું કારણ હું સમજી શકતો નથી પરમાત્મા શીવાય કોઈ ભલો નથી બાકીના તો તેના હસ્તમાં હથીયારો છે પ્રભુની કીર્તિ મહાનમાં મહાન હો ! અને જે મનુષ્યો તેને લાયક હો તેને કીર્ત્તિ મળો, પણ મારા જેવા નાલાયકને ઘટતી નથી ચાકરની કીંમત તેના ભાડા જેટલી નથી અને મેં ખરેખરા સાધુ તરીકે મારી જીંદગી ગૌ શેવાગાં સ્વાર્પણ કરી છે ને ખાસ કરીને સાધુ કે ફકીરનો કોઇ પણ માન કે સ્તુતિપર હક નથી કારણ કે જે નોકર તમારી સેવા કરીને ફકત પોતાની ફરજ બજાવે છે તે નોકરની શું તમે સ્તુતિ કરશો ?

મને અનેક માનપત્રો અને પ્રમાણપત્રો મળ્યાં છે અને બધાં વર્તમાન પત્રોમાં મારાં ઘણાં વખાણ થયા છે તેઓની મમતા માટે હું કેટલો ઉપકાર માનુ ? મારા પ્રત્યેના પ્રેમના ઉપકાર શબ્દ દ્વારા દર્શાવી શકતો નથી. હવે મને કશાની તંગી નથી પણ હું વયોવૃદ્ધ છું ને ક્ષણભંગુર દેહનો ભરૂસો નથી. માટે મારી હયાતીમાં મારૂં કામ સંભાળવાને મદદગાર મળી આવવા ઇષ્ટ શ્રી પ્રત્યે ખરા જીગરથી મારી પ્રાર્થના છે.

ઓધવજી રામજી સરવૈયા.

॥ श्री परमात्मने नमः ॥

સકળ સદ્‌ગુણાલંકૃત માન્યવર મહાશય ઓધવજી રામજી સરવૈયા

ઓનરરી સેક્રેટરી ગોરક્ષક સભા,

મુ૦ મહુવા બંદર.

શ્રીયુત શેઠજી !

શાસ્ત્ર કથિત મકરસંક્રાંતિના મહાન પુણ્યકાળ પ્રસંગે સ્થાનિક ગોરક્ષક સભાના વાર્ષિક સંમેલન સંમારંભે પ્રતિ વર્ષ નિયમાનુસાર ટુંકું પણ અતિ ઉપયોગી શુદ્ધ સંસ્કાર પ્રેરિત આ અભિનંદન પત્રિકા આપને અર્પવાની હું મારી પવિત્ર ફરજ બજાવવાને સહર્ષ પ્રેરાઉં છું પ્રયોજન કે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન વ્યવહારના સ્વાર્થી લાભોને આપે ક્ષણિક સુખપર અને ઉલટાં જીવન બંધન રૂપ ગણી ત્યજ્યાં છે અને સકળ શાસ્ત્રોએ નિર્ણીત કરેલો **પરોપકારાય શતાં વિભુતય:** । આ નાશવંત પંચ ભૌતિક શરીરથી બને તેટલો પરોપકાર કરવાના મુખ્ય સિદ્ધાંતને અવલંબી પાશ્ચાત્ય જીવન સૂત્ર નિર્માણ કર્યું છે: એટલુંજ નહીં પણ પ્રતિપળે વૃદ્ધાવસ્થાને નહીં ગણકારતાં તેનાં શ્રેયને માટે પરિશ્રમ કરવામાં ઉત્સાહ પુર્વક કટિબદ્ધ રહો છો, અને શાસ્ત્ર કથિત **અર્થં સાધયામિ વા દેહં પાતયામિ** ની કહેતીને પુરવાર કરી આપો છો જેનાં પરિણામ રૂપે, અત્રેની ગોરક્ષક સભાનો પ્રતિદીન થતો જતો ઉત્કર્ષ, સંખ્યાબંધ પોષાતી ગાયો અને તેનો પરિવાર, તેઓની શારીરિક સંરક્ષણ દૃષ્ટિ સમિપ મોજુદજ છે.

"કાળા માથાનો માનવી શું ન કરી શકે?" એ આપે આપના શુભ અને સતત્ પ્રયત્નથી કર્તવ્યમાં મુકી જનસમાજને બતાવી આપ્યું છે. જ્યારે અત્રે ગોરક્ષક સભાની સ્થાપના થઈ ત્યારે કોઈએ પણ નહીં ધાર્યું હતું કે તે આવી અન્યને અનુકરણીય ઉત્તમ પ્રકારની સ્થિતિ પ્રાપ્ત કરશે. કહેવું જોઈએ કે અત્યારની તેની આ સ્થિતિ આપના મહદ્ પરિશ્રમને આભારી છે.

અનેક ગોરક્ષક સંસ્થાઓ આ સંસ્થાની મદદ માગે છે અને તે આપ દ્રઢતા પુર્વક ગમે તેવે જોખમે પણ આપો છો એ આપનું સાહસ પ્રશંસાને પાત્ર છે એમ કહ્યા વગર ચાલશે નહીં.

છેવટે આપની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછીજ છે, એમ આપે આપના નિષ્કામ કર્તવ્યથી જગતને બતાવી આપ્યું છે. આપના શુદ્ધ સંસ્કાર અન્ય ભારત સંતાનોમાં આવિર્ભાવ પામો અને આત્માને બળવાન બનાવો એજ અંતરોર્મિ !

છપ્પય છંદ.

ઓપાવ્યું છે કૂળ, કરી કાર્ય શુભ જગમાં,
પ્રસર્યો યશ દિગંત્, પડે પડઘા નગ—ખગમાં;
જ્યાં જોયું ત્યાં લોક, કરી પ્રશંસા મુખે;
નિભાવ્યાં પશુ થોક, મરતાં અનેક ભૂખે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓધવજી—ઉદ્ધવ સમું, નામ ખરૂં સાર્થક કર્યું;
સાચા નિજ કર્તવ્યથી, ચીરંજીવી પદ જગ ધર્યું.

દોહરો.

દિર્ઘાયું થઈ જગતમાં, કરો અધિક શુભ કાજ;
આશિષ આપું પ્રેમની, શુદ્ધ હૃદયથી આજ.

શ્રીમાળી અભ્યુદય ઓફીસ,—મહુવા કાઠીયાવાડ. તા૦ ૧૪ મી જાન્યુઆરી સને ૧૯૧૮ (મકરસંક્રાંતિ)

લી૦ શુભેચ્છક,
જટાશંકર ઈશ્વરલાલ ત્રિવેદી ઝાંગઝાવાળા
તંત્રી શ્રીમાળી અભ્યુદય,—મહુવા.

સેક્રેટરી ઓધવજી રામજીએ માનેલો ઉપકાર.

મને જે માન મળે છે તેમાં વધુ પડતું જે જે જણાવ્યું છે તેટલું મારા તરફથી થયેલું નથી, પણ માત્ર મારા પ્રત્યે સારી લાગણીથી તમોને સારૂં લાગ્યું હશે એમ જણાય છે. મારા તરફથી કાંઇ પણ થયું હોય તો જેની પ્રેરણાથી થયું હોય તેનો ઉપકાર માનવાનો છે કેમકે ખરી રીત જોશો તો તેના હુકમ સિવાય કંઈ થઇ શકતું નથી. માટે હુકમ કરવાવાળાનો ઉપકાર માનવો જોઇએ, હુકમ ઉપાડવાવાળાને કંઇ પણ જશ નથી.

મુંગા પશુઓનો જે નીભાવ થયો છે તેનું માન તેનેજ ઘટે છે. છતાં મારે માટે જે લાગણી બતાવી છે તેનો બોજો એટલો બધો વધી ગયો છે કે તેનો બદલો કરવાને ઘણીજ મુંઝવણો આવે છે. પણ તમે કહો તે મારે અવશ્ય કરવુંજ જોઇએ, એટલું જણાવી આભારસહ સ્વીકારૂં છું. ને તમે આપેલા ઉદાર આવકાર, માયાળુ ઇચ્છા, મમતા, પ્રેમમય શુભેચ્છાની ભાવના, અંતરની આતુરતા અને પ્રાર્થના માટે આનંદસહ ફરી આભાર માની મારૂં અભિનંદન આપું છું.

ઓધવજી રામજી સરવૈયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશાવરની જીવદયાની સંસ્થાએ મદદ માગ્યા સંબંધી તથા આ સભાએ મદદ આપ્યા બાબતના પત્રો.

(ઈંગ્રેજી ઉપરથી)

વ્હાલા સાહેબ ઓધવજી રામજી સરવૈયા,

વિ. કે આ વર્ષે સંયુકત પ્રાંતો (બુંદેલખંડ) માં ઘાસ ચારાનો ભયકર દુષ્કાળ પડ્યાથી મુંગા પ્રાણીઓને કટાકટીનો વખત આવ્યાથી માત્ર ચામડાની કીંમતે ખાટકીને ત્યાં ગાયો વેચાય છે. આખા હિન્દુસ્તાનમાં સુપ્રસિદ્ધ છે કે તમે ગૌમાતાની પવિત્ર જીંદગી બચાવવા દયાળુ અને ઉદાર પુરૂષ છો, ને મુંગા પ્રાણીઓ બચાવવા ઉદાર રીતે મદદ ને આશ્રય આપ્યા કરો છો માટે અહીંના પશુઓ બચાવવા તમે સખી હાથ લંબાવી મદદ કરવાનું મહાભારત કાર્ય કરશો. જલાઉન તા. ૨૯–૧૨–૧૯૧૩.

રાવસાહેબ ગોપાળદાસ શર્મા
B. A. LL. B.
પ્રેસીડેન્ટ જલાઉન ગૌશાળા.

વ્હાલા સાહેબ ઓધવજી રામજી સરવૈયા,

વિ. કે અહીંના બે હજાર ઢોરો ત્યાં મોકલવાનો ખુશાલી ભરેલો ખુલાસો આપે જણાવ્યાથી ઢોરો મોકલવા વકી હતી પણ પત્ર વ્યવહાર ચાલતાંના દરમીયાન ઢોરો ઘણુંજ નબળાં પડી જવાથી ત્યાં પહોંચી શકે તેમ નહીં હોવાથી આપે હમારા પ્રગણાના ઢોરો નિભાવવાના તીક્ષ્ણ કામમાં રૂા. ૨૫૦) મોકલાવ્યા તેની રસીદ આ પત્ર સાથે બીડી છે. આવા વિકટ પ્રસંગે જીવદયા પ્રત્યે પ્રેમ દયા અને ઉદારતા માટે તમારો આભાર માનવા પુરતા શબ્દો નથી કે તેની હદ વાળી શકાય. અનાથ મુંગા પ્રાણીઓનાં સંરક્ષણના સુકૃત્યમાં ભાગ લેવાને તમારી જીંદગીમાં વધારો થાઓ અને વિજય પામો એમ ખરા જીગરથી ચાહું છું.

જલાઉન તા૦ ૫—૪—૧૯૧૪

રાવસાહેબ ગોપાળદાસ શર્મા
B. A. LL. B
પ્રેસીડેન્ટ જલાઉન ગૌશાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वधर्मि बन्धु ओधवजी रामजी सरवैयाः
महुवा गौरक्षक सभाना ओनररी सेक्रेटरी
महुवा–काठियावाड.

वि. के, अमारा जील्लामां घास चारानो दुष्काल पड्याथी मात्र चामडाने माटेज गाय, बेल, भेंस विगेरे पशुओ नसीराबाद छावणीमां कपाय छे. तेने बचाववानां धर्मना कार्यमां योग्य मदद मोकलवा आपनो पुण्यशाली उदार हाथ लंबावशो एवो भरूंसो होवाथी तस्दी आपी छे.

ब्यावर (रजपुताना) ता. १४–२–१४ — सतीदान करमचन्द गुलेछा, गौशालाना प्रतिनिधी.

स्वधर्मि बन्धु ओधवजी रामजी सरवैया,
मु. महुवा बंदर.

वि. के अहिंना बे हजार ढोरो त्यां मोकलवानो खुलासो भरेलो खुलासो मळ्यो पण पत्र व्यवहार चालताना दरम्यान ढोरो नवळा पड्याथी त्यां पहोंची शके तेम नहिं होवाथी आपे अहींना ढोरो वचावधाना महाभारत कार्य माटे रु. २५०) मोकलाव्या तेनी रसीद आ कागळ साथे मोकली छे. आप पुण्यशाली आवा दयाधर्मनां कार्यने मदद करो छो तेथी आपने तथा आपना देशने धन्य छे. आवां परोपकारी कार्योने मदद करवा तमे लांबु आयुष्य भोगवो एवी हमारी नम्र प्रार्थना छे.

ब्यावर ता. ३—५—१४.

सतीदान करमचन्द गुलेछा,
ब्यावर गौशालाना प्रतिनिधी,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીયુત ઓધવજી રામજી સરવૈયા ગોરક્ષક સભાના સેક્રેટરી
મુ. મહુવા.

વિ. કે દરેક જીવદયાની સંસ્થાને જરૂરી પ્રસંગે યોગ્ય મદદ કરો છો તદ્અનુસાર અહીંની પાંજરાપોળમાં આશ્રય લેતી એક હજાર ગાયોના સંરક્ષણાર્થે યોગ્ય મદદ મોકલી આભારી કરશોજી.

ભાઈચંદ ફુલચંદ મહેતા
કરશનલાલ ગુલાબચંદ મહેતા
વળા પાંજરાપોળના ઓનરરી સેક્રેટરીઓ.

આસપાસના ગામડાના રબારી ભરવાડ હિન્દુ મુસલમાન ઢેડ ચમાર ભંગી વિગેરે નીઘણીયાતી એક હજાર ગાયોના સંરક્ષણાર્થે ઘાસ ચારાની મદદ માટે આપે રૂા. ૧૦૦) મોકલાવ્યાથી ધન્યવાદ ઘટે છે. હાલમાં સારો વરસાદ થયાથી દરેક માલેકો પોતાની ગાયો લેઈ જવાથી ને સીલીકના ફંડમાં વધારો હોવાથી સદરહુ રૂા. ૧૦૦) પાંછા મોકલાવ્યા છે તેની પહોંચ લખશોજી.

ભાઈચંદ ફુલચંદ મહેતા
કરશનલાલ ગુલાબચંદ મહેતા
વળા પાંજરાપોળના ઓનરરી સેક્રેટરીઓ.

શ્રીયુત ઓધવજી રામજી સરવૈયા ગોરક્ષાના સેક્રેટરી,
મુ. મહુવા.

વી. કે મથુરાં વૃજ ચોરાશી કોસના ઢોરોના સંરક્ષણાર્થે આપે રૂા. અઢીસો મોકલાવી મદદ કર્યાથી આપને ધન્યવાદ આપીએ છીએ. પરંતુ હાલમાં અમારા હયુતું ફંડ વધવાથી તે રૂા. ૨૫૦) આપને પાછા મોકલાવ્યા છે, તેની પહોંચ મોકલાવશો. આપના જેવા ઘણા ગોભક્તો હિન્દમાં ઉત્પન્ન થવા અમારી પ્રાર્થના છે.

મુંબઈ તા. ૧૨-૮-૧૪

દા. રવજી નારણજી
શેઠ રણછોડલાલ વરજીવનદાસ.
મથુરાં વૃજચોરાશી કોસના ફ્રેમીન ફંડના ઓનરરી સેકરેટરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોભકતરાજ ધર્મશીરોમણી સુમુક્ષુ રત્ન ઉદ્ધવ,

વિ. કે અમારી ગોશાળાનાં (૫૫૦) ઢોર આપની ગોશાળામાં સંરક્ષણાર્થે મોકલવા આપની સભાએ મંજુરી આપ્યાથી ત્યાં મોકલવા વકી હતી પણ તે દરમીયાન મેઘરાજાની કૃપાથી વૃષ્ટી થતાં આ તરફથી ઢોરો ત્યાં મોકલવા બંધ રહ્યા છે. આપની હીંમત માટે ધન્યવાદ ઘટે છે.

ચાળીસ ગામ તા. ૩-૭-૧૯૧૪

ધનજી ગોવરધન,
ગોરક્ષાના ઓનરરી સેક્રેટરી.

વિ. કે શંખેશ્વર ગોરક્ષા મંડળીના વહીવટદાર મારા મિત્ર હથુ બેલ ગામ જીલ્લાના પાદવાડ ગામે અને કલોલ જીલ્લાના જમખંડી ગામે (૩૨૫) ગાયો છે તે સંરક્ષણાર્થે આપની ગોશાળામાં મોકલવા આપે મંજુરી આપ્યાથી તે સર્વ ગાયો ત્યાં મોકલવા વકી હતી પણ મેઘરાજાની કૃપા થતાં હાલે ત્યાં મોકલવી બંધ રહી છે. આપની ઘણા વર્ષોની પ્રશંસાપાત્ર ખરી ગોભકિત અને જાહેર હિંમતને ધન્યવાદ ઘટે છે.

મુંબઇ તા. ૭—૭—૧૪

વોરા વૃજલાલ જીવણદાસ.

વિ. કે અહીંની પાંજરાપોળના (૯૦) ઢોરો સંરક્ષણાર્થે આપની ગોશાળામાં મોકલવા મંજુરી માંગતા આપે ખુશાલી ભરેલો ખુલાસો લખી મોકલવાથી તે ઢોરો ત્યાં મોકલવા વકી હતી પણ પાછળથી મહુવા ઘણું દુર જણાયાથી તથા લગતા શહેરોમાં અહીંના ઢોરો મોકલવા સગવડ થવાથી તમારી તરફ મોકલવાનું બંધ રહ્યું છે. આપની સભા દેશાવરની દરેક જીવદયાની સંસ્થાને જરૂરી પ્રસંગે મદદ કરે છે તે ખરે ધન્યવાદને પાત્ર છે.

મુળી તા. ૧—૧૧—૧૪.

શેઠ લક્ષ્મીચંદ બેલશી. } આજ્ઞાથી
,, હુરજીવન ગોગજી. }

દા. જગજીવન ભાણજી—પાંજરાપોળના મુનીમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિ. કે અહીંની પાંજરાપોળનાં (૮૮) ઢોરો આપની ગોશાળાઓમાં સંરક્ષણાર્થે મોકલવા માગેલી મંજુરીનો ખુલાસો આવ્યાથી તે ઢોરો આપના તરફ રવાના કરેલાં, પણ તે ઢોરો બોટાદ પહોંચતાં ત્યાંના નગર શેઠ હીંમતલાલભાઇ હરીલાલભાઇએ બોટાદની પાંજરાપોળમાં રાખવા અમને તાર કરી મંજુરી માગ્યાથી તે ઢોરો ત્યાં રાખવા અમે તેમને મંજુરી આપી છે. તેથી તે ઢોરો ત્યાં રહ્યાથી આપની તરફ આવતાં બંધ રહ્યા છે. આપ સંકષ્ટ સમયે સહસ્ત્ર પશુઓને સહાયતા આપવાની જાથુકની તૈયારીઓ રાખો છો તે બદલ અહીંના મહાજને આશ્ચર્ય પામી આપને ધન્યવાદ આપ્યો છે.

માંડળ (ગુજરાત) તા. ૯–૧–૧૫.

ગણેશજી ડોસાભાઇ,
મહાજનના મુનીમ.

સીંધમાં ઘાસ–ચારાનો દુકાળ પડયાથી અંહીની પાંજરાપોળનાં પશુઓને નીભાવવા આપની મદદ માગતાં જેટલાં ઢોરો હોય તેટલાં મોકલી દેવાનો ખુશાલી ભરેલો ખુલાસાનો તાર મળ્યાથી ગાયો, વાછડી, વાછડા, બળદ, પાડા, ઘોડા, મળી (૫૭૫) પ્રાણીઓ મોકલાવ્યાં તે મહુવે સુખરૂપ પહોંચતાં વાજતે ગાજતે વાજીંત્ર અને વાવટા સાથે ઘણીજ ધામધુમથી સામૈયું કરી સર્વ પશુઓને પુષ્પથી વધાવી કુમકુમના ચાંદલા કરી અબીલ ગુલાલ નાંખી પુષ્પના હાર પહેરાવી ગોશાળામાં લાવ્યાના માંગલીક વર્તમાન આપના મંગળમય પત્રથી શ્રવણ થતાં પારાવાર આનંદ થયો છે.

તમે દરેક જીવદયાની સંસ્થાને જરૂરી પ્રસંગે ઉત્સાહથી મદદ કરી ફરજ અદા કરો છો તે મહુવા શહેરનાં ધન્યભાગ્ય કે તમારા જેવા ધર્મના કામમાં ઉત્સાહી ધર્મ ધુરંધરનો જન્મ થયો છે. ઇશ્વર તમને દીર્ઘાયુષ બક્ષે ને તમારા જેવા ઘણા પરોપકારી પુરૂષો ઉત્પન્ન થાઓ એવી અમારી પ્રાર્થના છે. કરાંચી તા. ૧૫—૩—૧૯૧૩.

ઠા. મોરારજી સુંદરજી
પાંજરાપોળના સેક્રેટરી.
શેઠ ગોવરધનદાસ વીસનદાસ રતનચંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠા. કુંવરજી ખીમજી
શેઠ ચેલારામ વલુમલ
ઠા. જીવરાજ લખમણ
ઠા. લાલજી લક્ષ્મીદાસ
ઠા. હરીભાઇ ઓધવજી.
ઠા. વલભદાસ ઉમરશી.
શાહ મણીલાલ શામજી

વી. કે સંવત ૧૯૬૯ ની સાલમાં અહીંની પાંજરાપોળનાં ઢોરો
આપની ગોશાળામાં મોકલવા મંજુરી માંગતાં ખુશાલી ભરેલો ખુલાસો
આવ્યાથી ઢોર જીવ (૫૭૫) આપને મોકલેલા તેને આપે બચાવી અ-
ભય જીવીતદાન આપ્યાથી આ વરસે પણ આ પાંજરાપોળના ઢોરો સં-
રક્ષણાર્થે ત્યાં મોકલવા પરવાનગી મંગાવતાં તેનો ખુશાલી ભરેલો ખુલાસો
આપે લખી મોકલ્યાથી ઢોર જીવ (૨૪૨) મોકલાવ્યા તે મહુવે સુખરૂપ
પહોંચતાં વાજતે ગાજતે વાજીંત્ર અને વાવટા સાથે ઘણીજ ધામધુમથી
સામૈયું કરી સર્વ પશુને ફુલથી વધાવી કુંમકુંમના ચાંદલા કરી અબીલ
ગુલાલ નાંખી પુષ્પના હાર પહેરાવી ગોશાળામાં લાવ્યાના માંગલીક વર્ત-
માન આપના મંગળમય પત્રથી જાણી પારાવાર આનંદ થયો છે:

આપ મહાન તપસ્વી અને દૈવી ગુણોથી મહાત્મા રૂપે બીરાજી રહ્યા
છો ને ગીતાજીના વાકય પ્રમાણે ભુલા પડેલા છો, તેથી આપને પુર્વનું
જ્ઞાન ભાન સુચવે છે ને યોગીન્દ્ર પુરૂષ તરીકે ઇશ્વરને ઓળખીને સ્વપ્ન
તુલ્ય સંસાર માનીને વૈરાગ્ય વૃત્તિથી અખંડ ગોભક્તિ કરી ગોપાળનું
બીરદ મેળવ્યું છે તેથી દૈવી અવતાર માનીએ છીએ તે સંબંધી સવીસ્તર
અથીકરણ કરવામાં આવે તો આપના ગુણ વર્ણનની એક નોવેલ તૈયાર
થાય તેવું છે સબબ આપની કીર્તીના જે ગુણગાન ગવાઈ રહ્યા છે તેમાં
વૃદ્ધિ પામવાનું તથા આપનું દીર્ઘાયુષ્ય થવાનું ખરા જીગરથી ચાહીએ
છીએ. કરાંચી તા. ૨૫-૧૨-૧૬

શેઠ ચેલારામ વલુમલ
શેઠ ગીધુમલ લેખરાજ
,, પ્રાગજી કાળા ગલા
,, રામદાસ મોરારજી
શેઠ ગોવરધનદાસ વીસનદાસ રતનચંદ ,, દેવરભાઈ પ્રાગજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ મણીલાલ શામજી
,, લાલજી લખમીદાસ
,, વલભદાસ ઉમરશી
,, રૂગનાથ કલ્યાણજી
,, રતનજી પુરૂષોત્તમ
,, જમનાદાસ સુંદરજી
,, માધવજી વશરામ
,, અમરચંદ માધવજી
,, જીવરાજ લખમશી
,, ટોલુમલ શેદુમલ
(રાયલી બ્રધર્સ ઓફીસ)
શેઠ સુંદરદાસ વલભદાસ

ધર્મ શીરોમણી સુમુક્ષુ રત્ન ઉદ્ધવ,

વી. કે અહીંની પાંજરાપોળના સેંકડો પશુઓ આપને મોકલાવ્યા તે હરવખત આપે ઉત્સાહ પુર્વક સંભાળી લઇ સારવારમાં રાખી આશ્રય આપ્યાથી અમે અપાર ઉપકાર તળે દબાયા છીએ.

તમે સંસારી ને સાધારણ સ્થિતીના વૃદ્ધાવય છતાં, મોહ માન, માયા, લોભ, રાગ ને દ્વેષનો ત્યાગ કરી કુટુંબ પરિવાર અને વ્યવહાર આદીથી વિરકત થઈ મન ભગવું કરી આત્મ બળીદાન દેઈ નીર અભિમાનથી ખરી ગૌ શેવા કરવાથી આધ્યાત્મીક બળ પ્રાપ્ત થયાથી આત્મીક બળ વડે જુવાન કરતાં પણ અધીક પરિશ્રમ વેઠી તનતોડ મહેનતે જે અખંડ ગૌ શેવા કરો છો તેવી ગૌ શેવા આ યુગમાં કોઇથી બનવાની નથી તમે તો આ ભવ અને પરભવ બંન્ને સુધાર્યા છે ઉપરાંત અનેક આત્માના ઉદ્ધારક થઈ પડયા છો તે કાંઇ ઓછા પુણ્યની વાત નથી તેનો બદલો આપને ઈશ્વર અગણીત આપેજ.

દુનિયાનું જીવતર ગૌ પુત્ર ઉપર છે, તેનું રક્ષણ કરનારા તમે જગત્ રક્ષણ કરનારા છો તે બાબત વિશેષ ઉપમા આપવાથી આંબાને તોરણ બાંધ્યા બરોબર છે પણ ઉઠયા "મે" વટેમાર્ગુ કહે ને સુરજ ઉગ્યો છાનો રહે નહિ. આપ આવા જગત્ હિતૈષી કાર્યો કરવા દીર્ઘાયુષ રહો ને કાયમ કુદરતી સહાયતા મળ્યા કરો અને દિન પ્રત્યે યશ કીર્તિ ને ચડતી કળા પામો એવી પ્રભુ પ્રાર્થના કરી અમે વિરામ પામીયે છીએ.

તલાજા તા૦ ૧—૩—૧૯૧૫

દોશી કેશવજી ઝુંઝાભાઈ ભીખાભાઇ
દોશી સુળજી જગજીવન
દોશી પરશોતમ ભગવાન
શા ફુલચંદ હીરજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહુવા ગોરક્ષક સભાની વીઝીટના શેરા.

વાંચો ! વંચાવો !! દયા કરો !!!

આજે આ ગૌશાળાની મુલાકાતથી મને અતીશય પ્રસન્નતા થઈ છે એ સંસ્થાના આત્મરૂપ શ્રીયુત ઓધવજી રામજી સરવૈયા જે નિઃસ્વાર્થે તન્મયતાથી એ પરોપકારી કાર્ય કરતા રહ્યા છે. તેના અંશના અંશથી પણ જો કોઇ સંસ્થાનું કાર્ય કરવામાં આવે તો તે પ્રસિદ્ધી પામ્યા વિના રહે નહીં. એ મહાશય કર્મવીર અતી દીર્ઘ આયુષ્ય ભોગવી ગોભકિતનો પ્રત્યક્ષ પાઠ દેશને આપતા રહે એ મારી પ્રભુ પ્રતિ નમ્ર પ્રાર્થના છે.

મહુવા તા૦ ૨૩-૫-૧૯૧૬

કૌશીકરામ વિઘ્નહરરામ મહેતા, B. A.
વિદ્યાધીકારી ભાવનગર સ્ટેટ.

॥ श्री शारदांबा विजयतेतराम् ॥

શ્રી શા. ર. જા. નં. $\frac{૧૬૭}{૭૨}$ સીક્કો

श्रीमत्परहंस परिव्राजकाचार्य पदवाक्यप्रमाण पारावार पारीणस्वाद्यनेक पदांकित जगद्गुरु श्री मच्छंकराचार्य श्री शारदापीठ द्वारकां संस्थानाधीश्वर श्रीमन्माधवतीर्थ स्वामिभिः

આજરોજ મહુવામાં ગોરક્ષાની સંસ્થા છે તે નજરે જોવા સારૂ ગોશાળામાં જવું થયું અને ત્યાં ગાયો બાંધવાની જગો ફરીફરીને જોવામાં આવી. ગાયોનું સંરક્ષણ સારી રીતે ચાલે છે અને ગાયો શરીરે રૂષ્ટ પુષ્ટ છે; કેટલીએક અપંગ ગાયો છે તેમની પણ સારવાર સારી રીતે રહે છે એમ નજરે જોવામાં આવ્યું, અને ગોશાળા પણ પાકી બંધાયેલી અને અંદર ગાયોનું સુવા બેસવાનું સ્થાન સ્વચ્છ રહે છે. એકંદરીમાં આ ગોરક્ષક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા પ્રશંસનીય છે એમ નજરે જોતાં માલુમ પડયું છે તેથી ધર્મિષ્ટ સં-દગૃહસ્થો આ ગોશાળાને ઉત્તેજન આપશે અને ગોરક્ષાને મદદ આપવી એ હિન્દુ ધર્મમાં મોટામાં મોટું પુણ્ય છે માટે સમસ્ત રાજા, મહારાજા, શેઠ, શાહુકાર, શ્રીમંત, ભૂપાળ, સર્વેને ભલામણ કરવામાં આવે છે કે આ સં-સ્થાને મદદ આપવી એ શ્રેયસ્કર છે. એજ સંવત ૧૯૭૧ ના માગશર વદ ૯ ને શુક્રવાર તા૦ ૧૧ મી ડીસેમ્બર સને ૧૯૧૪ સ્વારી મુ૦ મહુવા તાબે ભાવનગર—(કાઠિયાવાડ)

સીકો   શ્રી આજ્ઞાથી,

કેશવ બળવંત કીરકરે

હજુર કામદાર

નિ. શ્રી શા. પી. સં. દ્વારકાં.

ભારત વર્ષમાં પશુ રક્ષાની કેટલી આવશ્યકતા છે, તે સંબંધી આ સ્થાને કંઇ કહેવાની આવશ્યકતા નથી. દેશના તમામ સુધારકો અને મનુ-ષ્ય રક્ષાનું મહાત્મ્ય સમજનારાઓ એકી અવાજે પોકારીને કહેવા લાગ્યા છે કે—જ્યાં સુધી ભારત વર્ષમાં પશુઓની રક્ષા બહોળા પ્રમાણમાં નહિ કરવામાં આવે ત્યાં સુધી ભારતીય મનુષ્યોની માનસિક, શારીરીક અને યાવત્ આત્મિક સ્થીતી પણ કદાપી સુધરી શકવાની નથી. આ ઉદ્દેશને લઇનેજ ગામેગામ અને શહેરે શહેર પશુશાળાઓ કહો કે પાંજરાપોળો સ્થાપિત થયેલી જોવામાં આવે છે. આવીજ એક પશુશાળા અહીં મહુવામાં પણ જોવામાં આવી. જો કે નામ ગૌશાળા છે પરંતુ તમામ પ્રકારનાં પશુ-ઓની રક્ષા થાય છે એટલે અમે પશુશાળાના નામથી ઉલ્લેખી છે.

આ પશુશાળા જોઇને વધારે ખુશી એટલા માટે થાય છે કે તેના મુખ્ય કાર્યવાહક **ઓધવજી રામજી સરવૈયાની** કાર્યદક્ષતા અને જીવ રક્ષામાં કેટલું પુણ્ય છે તેના રોમ રોમ વાસિત થયેલા વિચારોને લીધે આ પશુશાળામાં રહેલાં પશુઓની ઘણીજ સારી રક્ષા થય છે કે જેવી રક્ષા બાજી પાંજરાપોળો કે પશુશાળાઓમાં બહુજ કમ જોવામાં આવે છે. અનેક પશુઓને પશુશાળાઓમાં એકઠાં કરી તેની યોગ્ય રીતે રક્ષા કર-વામાં ન આવે અને બેદરકારી રાખવામાં આવે તો તે ઉલટું પાપ બાંધ-વા જેવું થાય છે પરંતુ તે આમાં જોવામાં આવતું નથી. ઉકત મહાનુભા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વની આ પશુશાળા પ્રત્યે ઘણીજ લાગણી છે તેમાં પણ તેઓ નિસ્પૃહતાથી કાર્ય કરતા હોવાથી વિશેષ પ્રેમ ધરાવે તે સ્વાભાવિક છે. ખરેખર આવી સુવ્યવસ્થિત પશુશાળા તરફ દરેક જીવદયાના હિમાયતીઓએ સહાનુભૂતી પ્રકટ કરવી અને પોતાની યથાશકિત મદદ કરવી એ પરમ કર્ત્તવ્યજ છે બસ એજ.

મહુવા વદિ ૭-૬-૨૪૪૩ વીર સંવત તા. ૧૪-૪-૧૯૧૭ ઇસ્વી.

શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય,
શ્રી વિજયધર્મસુરિ
A. M. A. S. B.
મહારાજશ્રીની આજ્ઞાથી,
મુની વિદ્યાવિજય

ગોભકત ઓધવજી રામજી સરવૈયા,
શ્રી મહુવા બંદર.

ગોરક્ષાના હિમાયતી તરીકે તમારૂં નામ પહેલાં મારા સાંભળવામાં આવેલ અને મારૂં અત્રે આવવું થયાથી અનેકવાર ગૌશાળાની મુલાકાત લીધી તેમાં ગાયોને રહેવાના સાધનો, ઘાસ-ચારાની વ્યવસ્થા, લુલી લંગડી ગાયોને માટે રખાતી દેખરેખ, પેઢીની વ્યવસ્થા વિગેરે જોતાં મને એટલો આનંદ થયો છે કે આજ સુધીમાં સર્વ ઠેકાણે પશુરક્ષાની સંસ્થાઓમાં આવો કાર્યક્રમ તથા તમારા જેવો જાતીભોગ આપનાર મ્હારા જોવામાં આવ્યો નથી.

તેજ પ્રમાણે જીવદયાની અન્ય સંસ્થાઓના કાર્યવાહકો પ્રયત્ન કરશે તો તે સંસ્થાઓ પણ આવી ઉત્તમ રીતે કાર્ય બજાવી શકશે.

સંવત ૧૯૭૩ ના માગશર વદ ૧૨ શુક્રવાર તા. ૨૨-૧૨-૧૯૧૬

શ્રી જૈનશ્વેતાંબર મુની મહારાજ,
શ્રી ભકિતવિજયજી.

પૂર્વના કરેલા સુકર્તવ્યના શુભ કર્મનો ઉદય થયાથી તમે પરોપકાર બુદ્ધિવડે નિઃસ્વાર્થી પ્રેમભરી ખરી ગોભકતી કરી પુન્યનો ખજાનો હાંસલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરો છો તેથી તમોને મુમુક્ષતા શકિત પ્રાપ્ત થાઓ એવો આશિર્વાદનો પ્ર-
વાહ પ્રવાહીત થઇ તમારા પ્રેમભર્યા ભકિતભાવ તરફ ગમન કરે છે.

શિયળને સમકીત્ સાથે સંતોષ સહિત શાન્તિ સ્વભાવ અને લોભ લાલચ વગરનો પરોપકાર એજ જીંદગીનો ઉદ્ધાર કરનાર છે ધર્મ એજ નૌકા છે, સતગુરૂ નાવીક છે તેની મદદે નાવડી કીનારે પહોંચી શકશે.

જમાનાની રજોવૃષ્ટી ઘણીજ શીંસરી રૂક્ષકને રંગ બેરંગી કઢંગી દેખવા માત્ર છે તે રજોવૃષ્ટિના બંધારણ વખતે ઉત્તમ રજોવૃષ્ટિમય સંસ્કારી નમુનાનો બીજક રોપાયો હોય તેજ સ્વ તથા પરના હિત માટે જીંદગી તથા વખતનો ભોગ આપવા સૃજાયલાં છે તે તમારા જેવા નમુના કવચીતજ મળી આવે છે. દુનિયા અને ચાલતો જમાનો માત્ર મોઢે જીભને ટેરવેથી બોલીને ખોટી લવરી કરી ફોગટ ગાજનારા તો પગલે પગલે અથડાયા કરે છે.

પરમાત્માની કૃપા યાને સન્માર્ગ દર્શક ગુરૂજનોના હૃદય ઉગળકાનો પ્રેમરસ પ્રણીત મીષ્ટ ને ઇષ્ટ આશિર્વાદ એ બે અને પુર્વ પુન્ય સંસ્કારનો ઉદય એ ત્રીપુટી (ત્રવેણી) નું પવિત્ર સ્થાન તમોને પ્રાપ્ત થાઓ અને તેમાં સ્નાન કરી આત્મ સાધને પવિત્ર કરી પોતે પવિત્ર થાઓ એવી પ્રભુ પ્રાર્થના છે. તા. ૨-૭-૧૯૦૭

મહામુની શ્રી ઉમેદચંદજી મહારાજ
શ્રી શ્વેતાંબર જૈન સ્થાનકવાસી બરવાળા સંઘાડાના ગાદીપર.

જૈન શ્રાવક કુળ ભુષણ જીવદયાના હિમાયતી જૈન સજાના ચલકતા સાચા કોહીનુર તુલ્ય સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયા

ગોરક્ષક સભા મહુવા બંદર.

આજરોજ ગોશાળાની ભેટ લેતાં સેક્રેટરી **ઓધવજી રામજી** સરવૈયાની દષ્ટિ અમારા ઉપર પડતાં તુરત તેઓ ઉભા થઇ ઘણીજ નમૃતા પુર્વક વંદન કરી ગોશાળામાં અમારી સાથે ફરી દરેક જગા બતાવી. તે સઘળું જોવાથી સ્વર્ગના ગોલોક જેવો સચોટ આભાસ થયો છે તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાર દઇને કહેશું કે આવી પશુશાળા આખા હિન્દમાં ભાગ્યેજ હશે. સેક્રેટરી ઓધવજી રામજી એક ગૃહસ્થાશ્રમી કહેવાતા નર છે તે કાયમ એકવાર આહાર (જમવા)ની સાથે દુનિયામાં નૈષ્ટિક ગૌરવતાવાળું બ્રહ્મચર્ય ધારણ કરી ધર્માદા પૈસા હાથમાં પણ લેતા નથી ને ખરા જીગરની સત્યતા સાથે ખરેખરા ત્યાગી સાધુ તરીકે સાધુ જીવન ગાળી આત્મબળીદાન દે છે. હજારો અવાચક પ્રાણીઓને અભય જીવિતદાન આપી રહ્યા છે તે કેવું મહાભારત કામ કહેવાય ? આવાં મહાન્ પરોપકારી કાર્યોથી દુનિયાની સપાટીપર સોનેરી અક્ષરમાલા કોતરાઇ રહેશે.

જૈનશાસ્ત્ર કહે છે કે—એક જીવની દયા પાળવા થકી અનંત જીવો અનંત સુખને પામી ગયા છે. તે અનુસાર એક જૈન પ્રજાના ચલકતા સાચા કોહીનુર તુલ્ય શ્રાવક કુળ ભૂષણ જીવદયાના હિમાયતી સેક્રેટરી એવા અનેક જીવોની દયા પાળવાથી જૈન પ્રજાના કંઠાભરણ રૂપ છે તે અનંત સુખના ભોક્તા થાય તે બનવા જોગ છે. હમારો પણ એજ આશિર્વાદ છે. એજ.

મીતી વિક્રમાર્ક ૧૯૭૨ ના માઘ શુકલ પક્ષ ૨ ને શનીવાર.

તા. ૫—૨—૧૬

જૈનશ્વેતાંબર સ્થાનકવાસી.

મુની મહારાજ શ્રી સંઘજી સ્વામી

ની આજ્ઞાથી તેમના ચર્ણરજ

કાનજી સ્વામી

સાયલા જૈન સંપ્રદાય

આ ગોશાળાની વીઝીટ લેતાં આજનો મંગળમય મુહુર્ત માંગલિક તહેવાર કેટલો આનંદદાયક અને શાંતિ સમાધિ કરતા નીવડ્યો છે તે અંતર્યામિ આત્માજ અનુભવ સાથે આનંદ માને છે. આજનો કીંમતિ વખત રત્નત્રયાત્મિક ભાવના સાથે ગુજારી કૃતજ્ઞ થવાનો છે.

સેક્રેટરી ઓધવજી રામજીએ ખરી પશુ સેવા કર્યાથી જીવદયાના હિમાયતીનું બિરૂદ (નામ) ધરાવ્યું છે, ને તેનું નામ આ જીવદયાના ખાતાં જોડે સુવર્ણાક્ષરથી સ્મરણીય રહ્યું છે; તેની અત્યુત્તમ અમુલ્ય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલભ્ય પશુ સેવાએ મનુષ્યત્વનું અમૃત પાયુંછે તેનું લક્ષ્યબિન્દુ મનુષ્ય માત્રને મનુષ્યત્વ ને ઈશત્વ પર્યન્તની નિઃશ્રેણીએ ચડવાની દૈવીશકિત વૃદ્ધિ પામો ને મહાન જગન્નિયંતા નવા જીવનનું સિંચન કરી બગીચાને ફળદાયી બનાવો અને સંતજનોનાં પ્રેમભર્યા મિષ્ટ ને ઇષ્ટ આશિર્વાદને પાત્ર થઈ સમાધિ આવિન રહો એવો હમારો આશિર્વાદ છે.

જૈનશ્વેતાંબર સ્થાનકવાસી
મુનિશ્રી હર્ષચન્દ્રજી,
બરવાળા જૈન સંપ્રદાય.

આ પશુશાળાની મુલાકાત લીધાથી જણાવીશું કે ગો પ્રતિપાળ આધવજી રામજીના આત્મભોગે મનુષ્યત્વનું અમૃત પાયું છે તેનો તથા કાળા માથાનો માનવી કેવું ને કેટલું સાહસ કરી શકે છે તેનો ખરો અનુભવ આ પશુશાળા જોનારને થાય છે. વીશેષમાં અનુભવસીદ્ધ જણાવી શકીશું કે—

જેણે સમાધીથી ચીત શુદ્ધ કર્યું છે. વદન સત્ય ભાષણથી શુદ્ધ કર્યું છે ને કાયા બ્રહ્મચર્યથી સુદ્ધ કરી છે એવા મનુષ્યો તીર્થોદક વગર સુદ્ધજ છે

ભકિત વડે, યોગ વડે અથવા તત્વ વિચાર વડે મનુષ્ય જ્યારે પોતાનું મીથ્યાભીમાન ગાળી દે છે ત્યારે ઈશ્વર રૂપ થયેલા મનુષ્ય ઉપર કોઇ પણ ગ્રહ કે રાશીની સત્તા ચાલી શકતી નથી આટલો પ્રેમ પ્રસાદ આ લેખમાં જણાવી વીરામ પામીએ છીએ.

જૈન શ્વેતાંબર સ્થાનકવાસી,
મુની શ્રી મોહનલાલજી
બરવાળા સંઘાડો.

જીવદયા પાળવી એવો મ્હોંડેથી પોકાર કરનારા ઘણા છે પણ તન, મન કે ધનથી વ્યય કરવાનો સમય આવે ત્યારે સૌ ખશી જાય છે પણ તમે પ્રેમ, દયા, શાન્તિ અને પરોપકારના સિંધુનદ સમાન અને ભકિત, જ્ઞાન અને વૈરાગ્યના પ્રત્યક્ષ મહાસાગર હોવાથી હાલના કળીના જમાનામાં જીવદયા જેવું પુન્ય નથી એવા દૃઢ નિશ્ચયપર રહી મુંગા પ્રાણીઓના સં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષણાર્થે જીંદગી વહન કરો છો તે મુંગા પ્રાણી પ્રત્યેની દયાની સંસ્કારિક લાગણીથી મુક્ત કંઠે જણાવતા ઘણોજ હર્ષ થાય છે.

મેઘરથ રાજા એક જીવની દયા પાળવા થકી તિર્થંકર પદ યાને પરમાત્માના અવતાર રૂપે થયા છે તો અનેક પ્રાણીઓને જીવન આપવાથી અનહદ પુણ્ય બંધાય છે સબબ પરોપકારના સત્ કાર્યો સદાને માટે કરવાને તમને દીર્ઘાયુષ્ય બક્ષો એવી અમારી પ્રાર્થના છે.

ખંભાત તા. ૧૯-૧૦-૧૭

મહામુની શ્રી ગીરધરલાલજી તથા ચતુરજી.

મહુવા ગૌરક્ષાની કીરતી હર વખત સાંભળવામાં તથા પેપરદ્વારા જાણવામાં આવ્યાથી આ ખાતું જોવા અમને લાંબી મુદતથી ઇચ્છા હતી. અને હાલમાં ભરવાડોને જીવદયાનો ઉપદેશ દેવા અમારૂં મુકામ થતાં આજરોજ ગૌશાળાની મુલાકાત લીધી તેમાં દુરથી ગૌશાળાનું મકાન દેખતાં સાત્વિક ભાવ ને આનંદ થયો અને ગૌશાળામાં પેસતાં આ ખાતાના સેક્રેટરી ઓધવજી રામજીએ ઘણુંજ પ્યારથી અમને સરવે જગા બતાવી તેમાં ખુલ્લી જગાની ચોતરફ સુંદર બાંધેલા વિશાળ મકાનોમાં દુજણી, પાંકડી, તાવડ અને લુલી ગાયો તથા વાછરડાં જુદા જુદા વોર્ડમાં નિયમસર બાંધેલા તથા રહેલી માવજત ને સંભાળથી ઢોરોની રૂષ્ટ પુષ્ટ સ્થિતિ અને નાણાંની આવક જાવકનો હિસાબ વગેરે જોવાગાં આવ્યાથી ઘણોજ આનંદ થયો છે.

જીવદયાનો ઉપદેશ દેવા દેશાવરના બહોળા ભાગમાં અમારૂં ફરવું થતાં દરેક પાંજરાપોળો અને ગૌરક્ષા વિગેરે જીવદયા ખાતાની મુલાકાત અમે લેઇએ છીએ પણ આવી સંભાળ રખાયેલું કોઇ ખાતું અમારા જોવામાં આવ્યું નથી. આ ખાતું જોવાથી ગરવ ગળી જાય તેવું છે. કાળા માથાનો માનવી શું ન કરી શકે? જેને નીતિ ને સત્યની સહાય છે તેની બરોબરી કોણ કરી શકે? કોઈજ નહીં, સેક્રેટરી ઓધવજી રામજીની આગાહી ખરી છે. આ ખાતાનો સેક્રેટરી કેવા તંત્રથી કામ ચલાવે છે તેનો ખરો ખ્યાલ ને અનુભવ આ ખાતું નજરે જોયા શિવાય થતો નથી, તેમનું વર્ણન કરવાને કોઇ સમર્થ નથી તેથી આ "દૈવિ ચમત્કારિક" ખાતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાહનારાઓએ આ ખાતું ખાસ નજરે જોવા જરૂર છે. પૈસો ઘણો ખરચે છે પણ તેનો સદુપયોગ ખરી લાગણીવાળા વહિવટ કરનારાને અભાવે થતો અટકે છે. સેક્રેટરી ઓધવજી રામજી આવા ધરમના કામો કરવા દીર્ઘાયુ થાઓ ને જીવદયાના પરોપકારી કામોમાં વિજય પામો એવી અમારી આશિષ છે. મહુવા તા૦ ૧૯-૧-૧૯૧૫

આજ્ઞાથી,
ભગત લખા ભગવાનની સહી,
દા. છોટાલા શંકરભારથી,
ભરવાડોના ધરમગુરૂ રોહીશાળાના ગાદીધર.

પૂર્વે અધુરો રહેલો યોગ આ ભવે તમારો આત્મા પુરો કરવા ખરી ગૌ ભકિત કરે છે તે ફળીભુત થવા અમારી પ્રાર્થના છે.

कवित.

શશીકે તારા બોત હે, તારાકો શશી એક;
મેરે જેસે બોત હે, તેરે જેસે એક.
તુમ સુવંશ કુળભુષણ, તુમસે ચલે જહાજ;
હમપર નિંદક પાતકી, બાંહ્ય ગૃહેકી લાજ.

તમે દીર્ઘાયુષી થઇ વિશેષ ગૌભકિત કરો એવો અમારો આશિર્વાદ છે. મહુવા તા. ૧-૫-૧૯૧૩

રઘુવીરદાસજી જગમોહનદાસજી ઉર્ફે રામપાંશરા.

આજરોજ ગૌશાળાની ભેટ લેઇ ગાય માતાઓનાં દર્શનનો અલભ્ય લાભ લીધો. ત્યાર પછી ગાયોની ઉત્તમ પ્રકારની સ્થિતિ તથા સર્વ દફતરી ચોપડામાં ઘણોજ પ્રમાણીકપણે ચોખ્ખો હિસાબ જોઇ અમને ઘણોજ સંતોષ થયો છે. તા. ૨૬—૩—૧૯૦૨

ભક્ત હરીભાઇ જલાભક્ત વીરપરવાળા.

મહુવા ગૌરક્ષક સભા હસ્તકની ગૌશાળા આંહીના વહીવટદાર સાહેબ વનમાળીદાસભાઈ સાથે આજે જોવાનો પ્રસંગ મળ્યો. સેક્રેટરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મી૦ ઓધવજી રામજીએ ગોશાળા તથા તેનો વહિવટ વગેરે તમામ બતાવ્યાં તે જોઇ અમારે કહેવું જોઇએ કે ગોશાળાની દેખરેખ તથા તેના હિસાબની પદ્ધતી વગેરે તમામ સંતોષકારક છે.

આ કામ પ્રત્યેની મી૦ ઓધવજીની અંતઃકરણની લાગણી તથા તેવીજ ખંતથી મહેનતનું આ પરીણામ છે તે ચોકસ દેખાઈ આવે છે.

ઉપર પ્રમાણે જો તે સભાના દરેક મેમ્બર ગોશાળાના હિત તરફ વિશેષ ખંત બતાવે તો આ ગોશાળાની સ્થીતિ ઘણીજ વધારે સારી થાય એમાં સંદેહ નથી. તા. ૧૫—૫—૦૯

મુળચંદ જાદવજી.
સં. ભાવનગરના આ૦ વસુલાતી અધીકારી.

આજરોજ ગોશાળા જોવા આવતાં સેકરેટરી મી. ઓધવજી રામજીની મુલાકાત થતાં ગાયોની સ્થીતિ અને હીસાબી ચોપડા જોઇ ઘણોજ આનંદ થયો છે. તા. ૧૮—૧૨—૦૭

બરજોરજી અરદેશર એન્ટી,
સં ભાવનગરના દરબારી હિસાબી ખાતાના ઉપરી અધીકારી.

મહુવા ગોરક્ષક સભા હસ્તકની ગોશાળા આજરોજ જોવા જતાં સેકરેટરી મી૦ ઓધવજી રામજીએ ગોશાળા તથા તેના વહીવટ વગેરેના ચોપડા બતાવ્યા તે જોઇ અમો ઘણા ખુશી થયા છીએ. ગોશાળામાં પાંગળી ગાયોની હાલત જોતાં એમ જણાયું કે તેની માવજત તથા દેખરેખ બહુ સારી છે. એક જગ્યાએ કેટલાંક નાના વાછરડાં જોવામાં આવ્યાં તે સઘળાં સારી હાલતમાં હતાં એ સઘળાનું માન તેમના વ્યવસ્થાપક સેકરેટરીને ઘટે છે. તા. ૩૦—૫—૧૪

P. DEB.
M. B. G. M. (Edinburgh)
સં. ભાવનગર વૈદક ખાતાની ઉપરી અધીકારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયોની દેખરેખ અને માવજત ઘણીજ સારી રીતે થતી મારા જોવામાં આવી છે અને ખરેખર હું ઘણોજ ખુશી થયો છું.

તા. ૧૫—૭—૧૯૦૦

મગનલાલ દલપતરામ (કવિ)
પ્રગણે મહુવા ન્યાયાધીશ.

આજરોજ ગોશાળાની વીઝીટ લેતાં લુલી-પાંગળી વીગેરે બીમાર ગાયોને ઔષધોપચારથી આરામ કરી રાખેલી માવજતને લીધે તેની હ્રષ્ટ પુષ્ટ સ્થીતી જોવામાં આવી તેમજ, ભેટના આવેલા નાણામાથી એક પાઇની પણ ગરબડ થવા પામે નહી એવા હીસાબી ચોપડાનાં નામાની ઉત્તમ પ્રકારની ગોઠાણ જોવામાં આવી તે ખરેખર ખુશી થવા જેવું છે.

આ ખાતાના સેક્રેટરી મી૦ ઓધવજી રામજી લાંબી મુદતથી નિઃસ્વાર્થે પોતાનું આખું જીવન આ ખાતાને અર્પણ કરી એક ખરા ત્યાગી મા-ફક આખો દીવસ આત્મભોગ આપી ખરી ગોભકિત કરે છે તેને લીધેજ આ ખાતું સારી હસ્તી ધરાવે છે તે જાણી ઓર વિશેષ ખુશી થવા જેવું છે. તા. ૩—૫—૧૯૦૮

કેશવજી હરીભાઇ.
પ્રગણે મહુવા ન્યાયાધીશ.

આજરોજ સાંજે ચાર વાગે શ્રી મહુવા ગોરક્ષક સભાના સ્વચ્છ, સાદા, અને સુવ્યવસ્થિત મકાનમાં આવી વીઝીટ લીધી. સેક્રેટરી મી૦ ઓધવજી રામજી ત્યાં હાજર હતા, તેમણે પ્રેમાળ ભાવથી સ્વાગત કરી. પ્રથમ તેમની પાસેના આ સંસ્થાના દફતર સંબંધીની હકીકત આલ્હાદ જનક વીગતથી રસભેર દફતર સહીત કહી બતાવી. દફતરમાં નીચેની વિવિધ સામગ્રીવાળાં સંખ્યાબંધ કાગળો જણાયા.

રોજમેળ, માસિકમેળ, ખાતાવહી, ભેટના આપેલા પૈસાની અપાતી પહોંચ બુક, ગોશાળામાં દાખલ થતી વખત ગાયની સ્થીતિ અને સારી થયેથી રૂપીયા ઓછા લઇને વેચાણ આપ્યા સંબંધીનાં પત્રકો, ખડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાંણુ કપારીયા આવ્યા તથા ખવરાવ્યાનાં પત્રકો, મહુવામાં અને ગામ-
ડામાં ચોડેલા ભેટ ફંડના ડબાની ઉપજ આવી હોય તેની વાહેતની
ખાત્રીની સહી સાથેનાં પત્રકો, ગોદાન દેવા તથા સ્મશાને ગાય દોવરાવ્યા-
ની ફીના તથા લીલ પરણાવવા વાછડા વાછડીની ફીના પત્રકો તથા દુધ
છાણા, ખાતર વેચાણ કર્યાની ઉપજના પત્રકો, સરક્યુલર બુક, પ્રોસી-
ડીંગ બુક, જાવક બુક, આવક બુક વીગેરે તમામ જાતના હીસાબી ચોપડા.

આ તમામ દફતરની સ્થીતિ અને પદ્ધતી બતાવાઈ તે જોતાં તે
પ્રમાણે જારી રહેતો ભવિષ્યમાં કોઈ ગરબડ થવા અવકાશ તરી આવતો
જણાતો નથી. આ યોજના ઘડનાર અને તે અમલમાં મુકનાર કાર્યવાહ-
કોને માટે દફતર ઉંચા માનનું ભાન કરાવે તેવું જણાય છે. તેમાં સ-
વોત્કૃષ્ટ એક વાત જણાઈ આવી છે તે એ કે ગોશાળામાં દાખલ થતી
વખતની ગાયની સ્થીતિ અને સારી થયેથી રૂપીઆ ઓછા લઇને વેચાણ
આપ્યાના પત્રકો છે; અને ગાય વેચાણ આપતાં પણ તે સુરક્ષિત રહે તે
માટે જામીન વેચાતી આપતાં લેવાય છે.

બીજી એક ધ્યાન ખેંચનારી બીના એ જણાય છે કે પત્ર વ્યવહા-
રમાં ગોરક્ષાની શેવા બજાવવાની જાજ્વલંત ફરજ અદા કરવા જતાં અમુક
સ્થળે અત્ર તત્ર બીજી ફરજની વાત ધ્યાનમાંથી ખસી ગઈ જણાય છે.
પરંતુ તેમાં શુદ્ધ બુદ્ધિ પ્રત્યક્ષ જણાય તેવું છે.

દફતરની વિગત બતાવ્યા બાદ ચોગાનમાં ધણ જયારે આવ્યું ત્યારે
ત્યાં જોવા તેડી ગયા ત્યાં ખોડાં આજારી ઢોરને પાટા પીંડ કરી માવજત
રાખી સંરક્ષણ કરવાની વ્યવસ્થાથી રૂષ્ટ પુષ્ટ થએલી ગાયોની સ્થીતિ
દેખાડી. મી. ઓધવજીએ એકજ રસમાં વિવર્ત રૂપે તમામ રસનો સાક્ષા-
ત્કાર કરાવી એટલી હદ સુધી હૃદયને સહૃદય કર્યું અને અંતઃસ્પર્શી
થવા કે વ્યવસ્થાપકો અને કાર્યવાહકો તરફ પુજ્ય ભાવની લાગણી
ઉત્પન્ન કરાવી દરેક દ્રષ્ટાને પણ "ફુલ નહિં તો ફુલની પાંખડી" એ
કહેતી પ્રમાણે શેવા બજાવવાનું ભાન પોતે અવશ્ય કરાવતા હશે એવું
ભાન સ્વતઃજ થયું.

મી૦ ઓધવજી કષ્ટ વેઠીને નિઃસ્વાર્થે એટલુંજ નહિ પણ સ્વાર્થના
ત્યાગે અને સ્વાર્પણ કરી અગ્ર લઈ ગાયોની શેવા બજાવે છે તેને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના તરફ માનની નજરે જોવું ઘટે છે. જો કે જે વ્યવહારિક દૃષ્ટિએ કષ્ટ જણાય છે તે શરૂઆતનું કષ્ટ છે, અને જે સુખ શરૂઆતમાં કષ્ટદાયી અને વિષ રૂપ હોય છે તે તેજ કારણથી પરિણામે અમૃત રૂપે થાય છે, અને તેજ ખરૂં સુખ છે; તો પણ તે વર્તનમાં મુકનારા ધીરવીરો વીરલ હોય તે પૈકી મી૦ ઓધવજી આ બાબતમાં છે એમ કહેવાય તો અતિશયોકિત ગણાશે નહીં.

આવી સંસ્થાને માનની નજરથી જોઇ તેમાં યત્કિંચિત્ પણ જેનાથી તન, મન, અગર ધનથી બની શકે તો તે સ્થાને અને સુપાત્રેજ છે. એટલી પુર્ણાહુતી કરી આ ગો માતાઓના ચરણ કમળમાં આ ઉલ્લેખનો વિન્યાસ કરવામાં આવે છે. તા. ૯—૮—૧૯૧૩

ઈ૦ એ૦ સેમ્યુઅલ,
મ્હગણે મહુવાના વહિવટદાર.
મુકુંદરાય પ્રભાશંકર,
મ્હગણે મહુવાના ન્યાયાધીશ.

આજરોજ ગોશાળામાં ગાયોના રક્ષણ વગેરે કામની વ્યવસ્થા તથા તે કામ પ્રત્યે સેક્રેટરી મી૦ ઓધવજી રામજીની ખંત જોઈ ઘણોજ આનંદ થયો છે. તા. ૧૮—૧૨—૦૭

વનમાળીદાસ કરશનજી,
મ્હગણે મહુવાના વહીવટદાર.

ગોરક્ષક સભાની ગોશાળા નજરે જોઇ તો જગ્યા સ્વચ્છ અને જાનવરોની સંખ્યા સારી જણાય છે હીસાબ કીતાબ અને કામકાજની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની જણાય છે. આ ખાતાને મદદ આપવી તે મારી નજરે તો ફરજ જણાય છે. સેક્રેટરી ઓધવજી રામજી કેવળ ગોભક્ત વૃદ્ધ આશામી છે. તેની લાયકાત અને લાગણી જોઈ મને આનંદ થયો છે અને એમ કહેવામાં ખોટું નથી કે અહીંની ગોરક્ષાનું કામ સર્વત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાહેર રીતે સારૂં ગણાય છે તે મી૦ ઓધવજીની જાત મહેનત અને ભકતીનેજ આભારી છે. તા. ૩—૨—૧૩

વિશ્વનાથ રણછોડજી જોશી.
સં. ભાવનગરના પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ.
શેઠ મગનલાલ હરગોવીંદદાસ મુંબઈવાળા.

આ પૃથ્વી ઉપરની ઇશ્વરની તમામ પેદાસમાં મનુષ્ય સૌથી શ્રેષ્ટ દરજ્જો ભોગવે છે પરન્તુ જો તે મનુષ્ય પોતા કરતા ઉતરતી પંકતીના જીવો તરફ પોતાની ફરજો શું છે તે ન સમજતો હોય તો પછી તેની કહેવાતી શ્રેષ્ટતાનો ખરો ભાસ આવી શકે તેમ નથી. મુંગા જાનવરો પ્રત્યે મનુષ્યની ફરજ શું અને કેવી છે તેનો ખરો ચિતાર જો મેળવવો હોય તો મહુવા ગોશાળાની ફકત એકજ વાર મુલાકાત લેવાની ભલામણ કરી શકાશે.

સદરહુ સંસ્થાના કાર્યવાહક મી૦ ઓધવજી રામજી કોઇ પણ જાતના સ્વાર્થ વિના તન, મન, અને ધનના અસાધારણ ભોગે મુંગા અશકત પ્રાણીઓની ઉતમ પ્રકારની સેવા કરવામાં પોતાનું જીવન ગાળે છે; અને તેમ કરીને મુંગા પ્રાણીઓ પ્રત્યેની માણસ જાતની ફરજોનો ઉમદા પાઠ અસરકારક રીતે પોતાના મનુષ્ય ભાઈબંધોને શીખવે છે.

તા. ૨૫-૨-૧૬

અરદેશર જમશેદજી સુનાવાળા,
મેજીસ્ટ્રેટ—મહુવા.

આ ગોશાળાની વીઝીટ લીધાથી કહી શકીશું કે દરેક જીવદયાની સંસ્થામાં આ સંસ્થા શ્રેષ્ટ પદ ધરાવી મહુવાને પ્રસિદ્ધીમાં આણ્યું છે. તે અક્ષરસઃ ખરૂં છે. તેનો ખરો અનુભવ હાલના કળીયુગમાં જાતે જોયા શીવાય થઇ શકશે નહીં એવી મારી ખાત્રી છે. આ સંસ્થાએ હિંદ, યુરોપ ને આફ્રિકાના દુર દેશોમાં મહુવાને પ્રસિદ્ધીમાં આણ્યું છે તે સેક્રેટરી ઓધવજી રામજીના આતમભોગને આભારી છે. તા ૫-૭-૧૫

શીવલાલ હીંમતરામ,
દીવના ગવર્નમેન્ટ ઇંટર પીટર એન્ડ પ્રાઇવેટ સેક્રેટરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગોશાળાની વીઝીટ લેવા આવતાં સંસ્થાના ઓનરરી સેક્રેટરી મી૦ ઓધવજી રામજીએ સાથે ફરી સર્વ સ્થળ બતાવ્યાં તેમાં ગાયોની શારિરીક સ્થિતિ, તેને રહેવાના વિશાળ પવિત્ર આશ્રમ, ઘાસ રાખવાના છપ્પર, કુવો અવેડો, બીમાર ઢોરોને ઔષધોપચારથી રહેતી માવજત, ખડ ખાણનો જથ્થો અને દરબારી ખાતા જેવા નિયમસર રહેતા હીસાબી ચોપડા તથા તેના બહાર પડતા સરલ વાર્ષિક રીપોર્ટો ઇત્યાદી જોઈ તપાસી જે સંતોષ થયો છે તેનું વિશેષ બ્યાન કલમથી થઈ શકે તેમ નથી. આ સંસ્થા સ્થાપી ત્યારથી અત્યાર સુધી મોસુફ સેક્રેટરી તદન બિનસ્વાર્થે તન, મન અને ધનથી ખરી ગોભક્તી કરવામાંજ મચ્યા રહી પોતાનું જીવન આ સંસ્થામાંજ ગાળે છે તેનું આ સંતોષકારક પરીણામ જોઇએ છીએ. તેમની સત્યતા, પ્રમાણીકપણું, ને લખાણની શૈલી જોઈ કઠણ હૃદય વાળો પણ મદદ આપવા તૈયાર થાય છે. તેઓ પોતાનો સઘળો ટાઈમ આ સંસ્થાના કાર્યમાંજ ગાળે છે ને અહર્નિશ તેનાજ હિતનું ચિત્તવન કર્યા કરે છે તેથી ભવિષ્યમાં આ સંસ્થા ઘણી જ સારી સ્થિતિએ પહોંચશે એવો સંપુર્ણ ભરોંસો છે. તા. ૨૬-૮-૧૪.

કેશવલાલ ગોપાળજી એલ. સી. ઇ.
આસિ. ઇન્જીનીયર કુંડલા.

આજ રોજ સવારે ગૌરક્ષાના સુંદર તથા વિશાળ મકાનની મુલાકાત લીધી મહુવા (કાઠિયાવાડ) માં ગામથી પશ્ચિમે આવિસ્તૃત જગા આવેલી છે ભવ્ય જગ્યાઓના દુરથી દર્શન થતાંજ સાત્વિક ભાવો સ્ફુરે છે તેમ આ જગ્યાના દર્શનથી તેના ભક્તરાજ મંત્રી ઓધવજી રામજીના સ્વાર્પણનું પવિત્ર સ્મરણ થઈ આવે છે.

ખુલ્લી જગાની આસપાસ સુંદર માળેલા મકાનોમાં ગાયો, વાછરડાંઓ નિયમસર બાંધેલા જણાય છે. ઓફીસના કારકુનો દફતરી કામ પદ્ધતીસર એવી ચોક્સાઈથી કરે છે કે કોઇ સરકારી દરબારી દફતરી કામનો ખ્યાલ આવે છે. આ મુલાકાત દોઢ કલાક લંબાઇ. તેમાં આ વૃદ્ધ મંત્રીએ એટલું બધું બતાવ્યું તથા એટલી બધી હકીકતો મુકી કે કેટલો સમય ગયો તેનું ભાન પણ રહ્યું નહી.

વિઝીટર બુકમાં મોટા ગૃહસ્થો, અમલદારો, અને વિદેશી અનેક સ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાક્ષરોના શેરા વાંચ્યા. તેનો સાર એ જણાયો કે આવો નિડર અને નિ:સ્વાર્થી ખંતી મંત્રી "ન ભૂતો ન ભવિષ્યતે" અર્થાત ફરી મળી આવનાર નથી. વકીલ મી૦ મુળચંદ ત્રીકમજીના શેરામાં મહુવાની આ સંસ્થા બીજી ગૌરક્ષણી સંસ્થાઓના મુકાબલામાં અગ્રપદે આવેલી છે. તે આવા મંત્રીની જન્મ દાત્રી મહુવાની બહુ રત્ના વસુંધરાને લઇને છે. અને ગૌરવકારક છે તે ખરૂં લાગે છે. મહુવાની આબો હવામાં કવિઓ, સાક્ષરો, જાદુગરો, સાહસિક વેપારીઓ ઉત્પન્ન થયા છે. પરંતુ આવા આત્મભોગ દેનારા પશુ રક્ષાના હિમાયતી ગૌભક્તનો જન્મ મહુવાની ભૂમિકાને ભારે માન અપાવે છે.

ક્રમે ક્રમે વીશ હજાર રૂપીયા જેટલી મોટી રકમ ખરચીને એક મહાન કિલ્લા જેવું ઉભું કરેલું આ મકાન અને તેમાં આશ્રય લેતી અસંખ્ય ગાયો કોઇના સ્વાર્પણની સાક્ષી પુરે છે. આ મકાન ઉપરાંત તેમાં હજારો પશુઓને બચાવવા દેશ વિદેશમાંથી લાખો રૂપીયા ઉઘરાવી તેનો પવિત્ર વ્યય કરી એક અલ્પ મનુષ્યાત્માએ કેટલી ફતેહ મેળવી છે તે જોવાનું છે:—

ગુજરાત, કાઠીયાવાડમાં આવી સંસ્થા બીજી જણાતી નથી. આ ધીરવીર મંત્રી જોગ મદદ મેળવે છે, તેમ પરદેશમાં મદદો મોકલાવે છે. અહોરાત્રી હજારો પત્ર વહેવારમાં તથા ગૌ શેવામાં નિમગ્ન રહી ધન્ય જીવન ગાળે છે. વિદ્વાન, ગ્રેજ્યુએટ કે ધનાઢ્ય નહીં છતાં સામાન્ય શરીર સંપતિ અને સામાન્ય બુદ્ધિ શકિત વડે ગૌ શેવામાં એવી અદ્ભુત લગ્ની લાગી રહી છે કે તેની પાસે તે શિવાય કોઈ બીજી વાતજ નથી.

લોકો કહે છે કે ચોરો કાંઇ રાંડે છે? પણ આ મનુષ્યને અભાવે આ ચોરો એવો રાંડી બેસવાનો સંભવ લાગે છે. કે આ ઇસારો કેવો અનુભવજન્ય છે તેની ખાત્રી તે વખતે થશે. ખરૂં સત્ય, ખરો પરમાર્થ, ખરૂં તત્વજ્ઞાન, સર્વ સંગત થવું ભારે મુશકીલ છે. ખરી દેશોન્નતિ કે દેશ સેવાની ચર્ચા આ મંત્રી છોડતોજ નથી તેણે તો ઘરેઘર, ગામેગામ વ્યકિત વ્યકિત પરત્વે પર્યટન કરી અલખ જગાવી નિરંજનને નજદીકમાં લાવવાની કેવી અદ્ભુત કાર્ય સિદ્ધી કરી છે તે વધાવી લેવાનું આપણું કર્ત્તવ્ય છે. તેની પોતાની બુદ્ધિમાંથીજ ઉપજાવી કાઢેલી તેની અનેક ગૌકવણો જોઇ જોઇ શાબાશ! ધન્યવાદ! એવા ઉદ્ગારો અનેક મોઢેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળે છે. કોઈ પવિત્ર જાહેર સેવા કરાવવી હોય તો આ મનુષ્યની સહાય માગતાંજ તે ખડે પગે તૈયાર થઇ જાય છે. ગોરક્ષાની જોડે જોડે બીજાં અનેક પરોપકારી કામો તેણે કરેલાં છે તેની વિગતની નોંધ અહીં અસ્થાને લાગે છે. ટુંકા લેખમાં તેમને પુરો ઇન્સાફ દઈ શકાય નહીં એમ સમજી આ ગોરક્ષા સંબંધી લેખ દફતરમાં ચીરસ્થાયી રહેવાની સદાશા રાખી સંતોષ મેળવીએ છીએ.

કહેવાય છે કે ઘણાં મનુષ્યો ઘણું કરી શકે પણ એકલો કેટલું કરી શકે. આ દૃષ્ટાંતથી આ કાયરવાણી કેટલી મિથ્યા લાગે છે.

દોહરો.

એક શુરો બહુ બહુ કરે, કરે ન એવું હજાર,
શંકર, સહજાનંદ બુદ્ધ, હતા એકલા ચાર.

મહુવા તા૦ ૧૫–૫–૧૪

દ્રષ્ટાંન્ત ચિંતામણી,
શેઠ વલ્લભદાસ પોપટભાઈ,
કુંડલા ડે. વહિવટદાર.

દોહરો.

જીવે કોટી વર્ષ પણ, જે દીન સતસંગે જાય,
ખરૂં જીવ્યું એ દિનનું બાકી ફોક સદાય.

ઉપર મુજબની કહેતીએ આજનો દિવસ હું મારા જીવીત ગાહેના સાર્થક દિવસોમાંનો એક માનુ છું તે એટલા માટેજ કે કાર્ય પરત્વે મારૂં આવવું આ શહેરમાં થતાં મારા સુકર્મના યોગે દેશમાં વિખ્યાતી પામેલી એવી "મહુવા ગૌરક્ષણી સભા" તેના સંસારી છતાં યોગેશ્વરની પદીને પ્રાપ્ત થયેલા મહાત્મા સ્વરૂપ શ્રીયુત સ્વદેશ વત્સલ સેક્રેટરી ઓધવજી રામજીનું અનાયાસે મળવું થઈ નિરખવાનો સુયોગ પ્રાપ્ત થયો છે.

ગૌશાળાનું મકાન, તેની વ્યવસ્થા, ઢોરોની સારવાર, અને અપંગ તથા રોગીષ્ટ ઢોરોને દવાઓ આપી દુઃખથી વિમુકત કરવાની પદ્ધતિ જોઈ મારૂં મન આનંદોબ્ધિનાં વિશાળ મહાસાગરમાં ગરકાવ થઇ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દફતરી કાર્ય તપાસતાં તે નિયમીત, ચોખ્ખું અને કોઇને પણ શંકાસ્પદ થવાનો વખત ન આવે એવી રીતે આકર્ષક જણાયું.

વિશેષ આલ્હાદજનક તો, વયોવૃદ્ધ અને સંસારની મોહમાયામાં અનેકવાર મહાસાગરના ભરતી ઓટથી ઉપર, બહાર આવતાં વિવિધ પ્રકારનાં સમુદ્રવાસીઓની માફક અથડાઈ-કુટાઇ સદાને માટે ઉચ્ચત્તર દશાને પામેલા આ મહાન ઉપયોગી દેશોત્કર્ષ સંસ્થાના ઓનરરી સેક્રેટરી ઓધવજીભાઇના સુખની, મુખ્ય મુખ્ય પ્રાસાંગીક વાતો સાંભળવાનો જે ઉત્તમ સમય વ્યતીત થયો છે. તેજ હતો તે અવર્ણનિયજ છે "સારા કાર્યમાં સો વિઘ્ન" એ કહેતી અનુસાર આ શુભ કાર્યની શરૂઆતથી આજ સુધીમાં તે મહાત્માએ કેવા ને કેટલાં ભયંકર સંયોગો વચ્ચે પોતાનું કાર્ય પાર પાડયું છે એ બેશક દેશ સેવા બજાવનારાઓ ઉપરાંત દરેકે અનુકરણ કરવા યોગ્યજ છે. સોનાની કસોટી જેમ વારંવાર તાવવાથી થાયછે, તેમ શુદ્ધ હૃદયના ભાવિક જનોની કસોટી પણ પરમાત્મા અનેક વિઘ્નો લાવી કરે છે અને તેમાં જો તે હીંમતથી અડગ રહે છે તો પછી તેને કશી વાતની કમી રહેતી નથી જેનું તાજેતર દષ્ટાંત આ સંસ્થા અને તેના એક નિષ્ટ સેક્રેટરી છે એમ કહેવું એ લેશ પણ અતિશયોકિત જેવું મને લાગતું નથી. ઉકત મહાશયનું જીવન વૃત્તાંત વાંચતાં તેમજ તેમના માટે કેટલાક અગ્રગણ્ય દેશહિતચિંતકોએ અને વિદેશીઓએ દર્શાવેલા સહદ ઉદ્‌ગારો જોતાં અને પ્રસિદ્ધ લેખકો તથા કવિઓએ જે ઉદાર આશયથી કાવ્યો લખી જાહેરમાં મુકયા છે તે સર્વ તપાસતાં આ **ઓદ્ધવ** તે ખરેખર કૃષ્ણ સખા ઉદ્ધવનો અવતારજ હોય એમ આ સંસ્થા અને ઉકત મહાશયનું તદ્દન સાદું અને સરલ વર્તન જોતાં કહેવું પડે એ નિઃસંશય અને નિર્વીવાદ વાત છે એમ મારૂં માનવું છે.

ભારતવર્ષમાં જે જે દેશ સેવકોએ કાઇ પણ પ્રકારની દેશ સેવા કરીને પ્રથમ પંકિતનું માન ધરાવ્યું છે તેમાં શ્રીયુત્ ઓધવજીભાઇ પણ દાખલ થવાને દરેક રીતે યોગ્ય છે. આવા મુંગા પ્રાણીઓને અર્થે જાતીય ભોગ આપનાર આવા વિરલ મહાત્માઓ જવલેજ મળી આવે છે.

સર્વ કોઇ કહે છે કે બીલકુલ સ્વાર્થ સિવાયનું કોઇ પણ કાર્ય કે કોઈ પણ વ્યકિત હોય નહિ પણ એ કહેવું પુજ્ય ઓધવજીભાઇના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધમાં બીલકુલ ખોટું ઠરે છે. જે અનુભવથી સિદ્ધ થાય છે. આ સંસ્થા ઉપરાંત પણ દરેક લોકોપયોગી કાર્યમાં ઉક્ત મહાત્મન્ બનતું કરવાને હમેશાં ઉત્સુક રહે છે જે તેમની લોક પ્રત્યેની નિર્મળ લાગણી બતાવી આપે છે. ઘર, કુટુંબ, અને સ્વધંધાનો ત્યાગ કરી જેણે સ્વજીવન સદર સંસ્થાનેજ અર્પણ કર્યું છે તેવાજ મહાત્માઓ જગતને વંદનીય છે. દીલગીરી સાથે જણાવવું જોઇએ છીએ કે આ મધુમાવતીની દીવ્ય મુર્તી દિગંતમાં વ્યાપિ રહી છે. તેનું સ્મરણ ભવિષ્યમાં કાયમ રહે અને ઉછરતા દેશ સેવકોને અનુકરણીય થઈ પડે એવાં પગલાંઓ લેવાં એ જો કે સમગ્ર પ્રજાની ફરજ છે પણ તેમાંએ આ મધુમાવતીની પ્રજાની ખાસ ફરજ છે. જો કે જ્યાં સુધી આ સંસ્થા અસ્તિત્વમાં છે ત્યાં સુધી તો તેમનું સ્મરણ પણ કાયમજ છે પરંતુ તેમની ઓઇલ પેઇન્ટીંગ છબી અત્રેની જાહેર લાઇબ્રેરી કે એવા કોઇ જાહેર સ્થળે મુકવાની જરૂર જણાય છે. જે સુચના કરવી હું યોગ્ય ધારૂં છું અને આશા રાખું છું કે આ મધુમાવતીની પ્રેમાળ પ્રજા આ મારી નમ્ર સુચનાને ઉપાડી લેવાને ચુકશે નહીં. ટુંકમાં એટલુંજ કહેવું બસ થશે કે—

દોહરો.

કહેવું સૌને સહેલ છે, પણ કરવું મુશ્કેલ;
કરનારા મળતા જગે, સિદ્ધ થતું ધારેલ.

છેવટમાં મહાશય ઓધવજીભાઇનું દિર્ઘાયુ ઇચ્છી આવી સભા પ્રતિ સર્વની સહાનુભૂતિ નીરંતર વધતી રહો એવી નમ્ર અભિલાષા પૂર્ણ થવાને પરમાત્મા પાસે યાચના કરી વિરમું છું. તા. ૧૫-૧૧-૧૫.

દાસાનુદાસ,
કાશીરામ ભાઈશંકર ઓઝા, કવિ પ્રેમી
સબ એડીટર હિન્દ વિજય, વડોદરા.

મુંબઇથી આવ્યા બાદ આજરોજ આ ગોશાળાની વીઝીટ લીધી તેમાં ગાયોને રહેવાના ઠેરી મકાનો તથા તેની અને ઢોરોની વ્યવસ્થાની નીયમીતતા તથા તે સર્વની અને તેના રક્ષકો પરની સેક્રેટરી ઓધવજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામજીની ધીરજ, શાંન્ત સાત્વીક વૃત્તી સાથેની અંતઃકરણ પુર્વકની દેખ રેખ જોઇ અપાર સંતેષ થાય છે.

આ સભાનું કાર્ય દીનપ્રતિદીન વૃદ્ધિ પામતું આવે છે તેને માટે મૌસુફ સેક્રેટરી અને તેના સર્વ કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે. આ સભાની વિશેષ આબાદી થવાનું ઇચ્છીએ છીએ.

તા. ૧૮—૫—૧૯૧૮

ડોસ્તમહામદ મનજીભાઇ નથુભાઇ.

મુંબઇથી મારી મહુવાની મુસાફરી દરમીયાન મેં આ ગોશાળાની વીઝીટ લીધી, તેમાં અપંગ, આંધળાં તેમજ પ્રજા તરફથી માતા વગરના આવેલાં નાનાં વાછરૂ માટે ઘણીજ ઉત્તમ વ્યવસ્થા જોવામાં આવી છે. આ સભાના સેક્રેટરી ઓધવજી રામજી વયોવૃદ્ધ છતાં દીવસ ને રાત અહો પરીશ્રમ વેઠી સતત્ ગોસેવા કરી ધન્ય જીવન ગાળે છે. આ સંસ્થા જીવદયાની બીજી દરેક સંસ્થાને દુષ્કાળમાં યોગ્ય મદદ મોકલાવેછે એજરીતે દરેક જીવદયાની સંસ્થા એકત્ર ભાવ રાખી અરસ પરસ મદદ કરશે તોજ ભારત ભુમીમાં ખેતીવાડાની વૃદ્ધિ થવા સાથે દેશોદય થશે અને પવીત્ર ભારતભુમીની આગલી જાહોજલાલી માત્ર ગોસેવાથીજ મેળવશે. માટે ગો રક્ષા ને પાંજરાપોળનું કોન્ફરન્સ ભરી અરસપરસના વીચારોની આપ લે કરવાની જરૂર જણાય છે સબબ તે શરૂઆત પ્રથમ કાઠીયાવાડમાં થાય અને તેની પહેલ કરવાનું માન શ્રીયુત ગાંધીજી જેવા દ્રઢ મનના ને નીડર સેક્રેટરી ઓધવજી રામજી ખાટી જાય તો કાંઇ અજાયબ થવા જેવું નથી. મૌસુફ સેક્રેટરીનું દ્રષ્ટાંત સર્વોતમ છે.

શીવાય આંહીના વેપારના લાભાર્થે એકાદ મંડળ સ્થાપવા આંહીના મહાજનશ્રી પ્રત્યે મારી વિનંતી છે. આશા છે કે તેનો સ્વીકાર થશે.

તા. ૧૨-૫-૧૮

જીવરાજ ગોકળદાસ નેણસી
હિંદી ઉતારૂઓ તથા વેપારીઓની હાડમારી
દુર કરનારી મંડળીના ઓ. જો. સેક્રેટરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમોએ આજે રવિવારની સાંજે ગોશાળાની ભેટ લીધી, ગોશાળા વિષે અમે પ્રથમ ઘણે ઠેકાણેથી પ્રશંસા સાંભળી હતી. તેમજ કેટલાક વર્તમાન પત્રથી વાંચી હતી. તે પરથી અમોને જે કાંઈ ખ્યાલ ગોશાળા વિષે આવ્યો હતો તે કરતાં પણ શાળા પ્રત્યક્ષ જોવાથી જે ખ્યાલ આવેલ છે તે અનેક ગણો વધારે છે. એમ કહેવાને અમોને ઘણોજ સંતોષ પેદા થાય છે. ઓ. સેકરેટરી મી. ઓધવજીની નિરપેક્ષક ગોશેવા તેમણે ચલાવેલો ગાયો માટેનો સતત્ દીર્ઘોદ્યોગ, તેમની હિસાબ તથા દફતર રાખવાની પ્રશંસાપાત્ર શૈલી તેમણે પોતાનું સર્વ જીવન ગાયો પ્રીત્યર્થેંજ અર્પણ કરેલું છે તે બીના તેમજ નવા આવનારને ગોશાળાની દરેક હકીકત તથા ઇતીહાસથી વાકેફ કરવાની તેમની ઉત્સુકતા તથા ખંત જોઇને તથા ગોશાળાની ઉતમ વ્યવસ્થા જોઇને ત્યાં જનારા ઉપર જે છાપ પડે છે તે અલૌકીક છે. મી૦ ઓધવજીભાઇ સદરહુ બાબત ધન્યવાદને યોગ્ય છે. એમ તેમના વિષે કહેવું એ સૂર્યને પ્રકાસ છે. એમ કહેવા બરાબર છે. તેમ તેમની રીત ભાત તથા વર્તન જોતાં તેમને તેવા ધન્યવાદની અપેક્ષા હોય એમ માનવું એ તેમને એક જાતનું કલંક લગાડવા જેવું છે.

આપણા ધર્મમાં પ્રથમ દરજ્જે "ગા" ને દૈવત ગણવાની આજ્ઞા છે. "मातृ देवो भव" પણ તે :માનું દૂધ તો દરેક માણસ બહુ તો ૫–૭ વર્ષ સેવન કરે છે, અને તેને માટે તેની એટલી બધી યોગ્યતા ધર્મે વર્ણવેલી છે પરંતુ ગાયનું દુધ વગેરે રસો દરેક માણસો જીંદગી લગી સેવન કરે છે તો તે પ્રત્યે આદર રાખી તેનું સંગોપન કરવું એ દરેક માણસનું કર્તવ્યજ છે. એટલુંજ નહિ પણ તેથી ઉલટો પ્રજાને ઘણુંજ પ્રકારનો ફાયદો પણ છે. ગોરસના સેવનથી શરીર પુષ્ટ થાય છે, બુદ્ધિ તીવ્ર થાય છે વીગેરે ગુણો તો છેજ પણ આ દેશમાં ખેતીનો સર્વે આધાર ગોપુત્ર ઉપરજ છે એવા ઉંડા વિચારોથી ગાયોને આર્ય ધર્મમાં દૈવત માનેલું છે તે યોગ્ય છે. એક પ્રકારે કહીએ તો તેમાં સ્વાર્થજ સમાયેલો છે પણ તે સ્વાર્થ માટે પણ મી૦ ઓધવજી જેવા કેટલા નિરપેક્ષ પુરૂષો ઉત્પન્ન થાય છે? ગણ્યા ગાંઠ્યાજ. અસ્તુ!

મી૦ ઓધવજી જેવા અનેક ગોભકતો ઉત્પન્ન થાઓ અને તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ગોમાતાનું સંગોપાન કરી આર્ય પ્રજાને તેમના આશિર્વાદથી પૂર્વની જાહોજલાલી ભોગવવાને સમર્થ બનાવો એવી પરમેશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

તા. ૬—૧૨—૧૪.

ગોવીંદરાવ બળવંતરાવ.
મેજીસ્ટ્રેટ મહુવા.

ભાવનગરના એક અસીલના કામ પ્રસંગે મારૂં આવવું થતાં અનાયાસે આ ખાતું તપાસવાની ઇંતેજારી થવાથી ગૌશાળામાં આવતાં ગોભકત ઓધવજી રામજી સરવૈયા ખરા આત્મભોગથી ગોસેવા કરતા જોવામાં આવ્યા. તેઓએ તમામ કામ બતાવ્યું. જ્યાં આશ્રય લેતી સુમારે બે હજાર ગાયો આદી ઢોરો જુદા જુદા વોર્ડમાં નિયમાનુસાર બાંધેલા લુલાં અપંગ ઢોરોની સ્થીતી, પ્રજા તરફથી માતા વગરનાં આવેલાં વાછરૂને ઉછેરવાની તથા બીમાર ઢોરોને જાતે પાટા પીંડી બાંધવાની ગાવજત, જગ્યાની સ્વચ્છતા, તથા નાણાં સંબંધી કાંઈ પણ ગરબડ થવા પામે નહીં એવા હીસાબી નામાંના ચોપડા વિગેરે જોઈ ઘણોજ હર્ષ થયો છે. આવા જાતુકના વર્ગ ખાતાનો કાયમી પુષ્કળ ખર્ચ છતાં કાંઇ પણ કાયમી ઉપજ નહીં હોવાથી તેનો સઘળો આધાર દયાળુ આશ્રયદાતાઓની ઉદારતા ઉપર ટકેલો છે ને ગોભકત ઓધવજી રામજીના આત્મબળ ઉપર જ આ ખાતું ટકી રહેલું છે. તેમના જેવા મહાત્મા ભવિષ્યમાં નીકળવાનો સંભવ ઓછો છે સબબ ગો શેવા કરવાને ગોમાતાના અંતઃકરણની આશીષથી તેમનું આયુષ્ય લંબાવે એમ ઇચ્છી તેમને અંતઃકરણથી ધન્યવાદ આપું છું.

દરેક ગૃહસ્થે અહીંયા પ્રેક્ષક તરીકે પણ એક વખત આ ખાતું તપાસવાથી ખાત્રી થશે કે એક ગોભકતરાજે પોતાના આત્મબળની શકિતથી કેટલું કામ પાર પાડયું છે. આવા ધાર્મીક ખાતાને કાયમી ટકાવી રાખવા સખી ગૃહસ્થ પોતાની ઉદારવૃતિ લંબાવવા ગૌમાતાની આશીષ લે તે ઈચ્છવા જોગ છે. જ્યાં બબે હજાર ગાયોની સેવા થાય છે તે કાયમ ટકી રહેવાને વાસ્તે ઉદાર ગૃહસ્થની ઉદારતા ઉપરજ આધાર રહે છે.

તા૦ ૬-૬-૧૯૧૬.

ચત્રભુજ દયાળજી વકીલ—ભાવનગર.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમોએ મહુવા ગૌશાળાની મુલાકાત લીધી. ગૌમાતાના દર્શનનો અલભ્ય લાભ લીધો ગોશાળાના વહિવટ સંબંધી રાખવામાં આવતા દફ્તરો તપાસ્યાં ને હિસાબ વિગેરેની ચોખવટ અને સ્વચ્છતા જોઇ અમોને અતી આનંદ થયો. ગોશાળાના ઓનરરી સેક્રેટરી શ્રીયુત ઓધવજી રામજી નિઃસ્વાર્થપણાથી અને અંતઃકરણ પુર્વક જે ઉત્તમ કાર્ય કરે છે તે જાતે નિહાળી અમો તેમને ઘણોજ ધન્યવાદ આપીએ છીએ આવી શુદ્ધ માનસીક ભાવનાથી કામ કરનારા થોડાજ માલુમ પડે છે. બે હજાર જેટલી ગાયોનું રક્ષણ આવી ઉત્તમ રીતે થતું જોઇ સર્વને સાહજીક આનંદ અને હર્ષ થાય એ સ્વભાવીક છે. બહારથી વખતો વખત સંગીન મદદ આવે છે તેને આ ગોશાળા પુરણ રીતે પાત્ર છે તેમ જણાવતાં ખુશી ઉપજે છે ઓનરરી સેક્રેટરી સાહેબે સભા સ્થાપન થઇ ત્યારથી અત્યાર સુધીનો હેવાલ ટુંકમાં જણાવ્યો તથા દરેક દફ્તર બતાવી તે સંબંધી ટુંક વિવેચન કર્યું. આ સર્વ બાબતનું અવલોકન કરતાં અમોએ લગભગ અઢી કલાક વ્યતીત કર્યા તેટલા વખતમાં અમોએ ગોશાળાની સર્વ વ્યવસ્થા જાતે નિહાળી અમો ખાત્રી સાથે અમારો અંતઃકરણનો સંતોષ જાહેર કરીએ છીએ અને અન્ય ગોશાળાઓને આ ગોશાળાને પગલે ચાલવાની ખાસ ભલામણ કરવા ઉદ્યુકત થઇએ છીએ.

તા૦ ૧૨-૨-૧૯૧૩

શેઠ પ્રભુદાસ ભગવાનદાસ ભવાનભાઈ
ભાવનગર ગોરક્ષક સભાના પ્રેસીડેન્ટ અને નગરશેઠ.

શેઠ વ્રજદાસ ભગવાનદાસ ભવાનભાઈ
નગર શેઠ.

ગાંધી જાદવજી માવજી
સં. ભાવનગરના માજી. ડે. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર.

મોદી ભીખાભાઇ ગાંડાભાઇ
ઝવેરી હીરાલાલ વાલચંદ
નારણદાસ ત્રીભોવનદાસ
લલુભાઇ ગાંડાલાલ
ગોરડીયા લવજી ભગવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવનગરમાં લગભગ એક વર્ષ પૂર્વે મહુવા ગૌરક્ષક સભાનો વાર્ષીક અહેવાલ અમારા વાંચવામાં આવતાં પૃથ્વીલોકમાં અવાચક પ્રાણીઓને સ્વર્ગીય સુખ આપનારી તે પારમાર્થિક સંસ્થા નિહાળવાની તથા ઐહીક સુખનો ત્યાગ કરી ક્ષણિક આનંદમાં ન લુબ્ધ થતાં આત્મભોગ આપી કેવળ પુણ્યાર્થેજ પોતાનું જીવન અર્પનાર તે સંસ્થાના પ્રધાન કાર્યવાહક પુણ્ય શ્લોક મહાત્મા ઓધવજી રાગજીભાઈનાં દર્શન કરી કૃત્ય કૃત્ય થવાની અમને તીવ્ર ઉત્કંઠા ઉત્પન્ન થઇ અહીં કાર્યવશાત થોડો સમય નિવાસ થતાં પ્રભુ કૃપાએ તે તીવ્ર ઉત્કંઠા શાંત કરવાનો પ્રસંગ અમને પ્રાપ્ત થયો. ઉપરોક્ત સભાએ બંધાવેલું ગૌમાતાનું ભવ્ય અને વિસ્તૃત મંદીર તેમાં ગૌમાતા પોતાના બાળકો સહિત સુખ અને શાંતિથી નિવાસ કરી શકે એવી દરેક પ્રકારની સામગ્રી તથા સગવડતા અને તન, મન, અને ધનથી પ્રયત્ન કરી એ સામગ્રી પુરી પાડવામાં તથા ગૌમાતાની સગવડતા સાચવવામાં શરીરની પણ ઉપેક્ષા કરનાર કેવળ નિઃસ્વાર્થ વૃત્તિનું અવલંબન કરનાર મહાત્મા ઓધવજીભાઇ-એ સર્વના દર્શનથી અમને અકથનિય અને અપુર્વ આનંદનો અનુભવ થયો એ સંસ્થાને ઉચ્ચતમ સ્થાને મુકી આદર્શરૂપ બનાવવાને માટે મહાત્મા ઓધવજીભાઇને સર્વથા અભિનંદન ઘટે છે.

મહુવા તા૦ ૧૬ ૩-૧૯૧૭

વીઠલદાસ ખીમજી પટેલ, B. A.
હેડમાસ્તર એ. વી. સ્કુલ—મહુવા
ચંદુલાલ છોટાલાલ ઓઝા, B. A.
મણીલાલ જીવનલાલ જોશી; B. A.
આસિ. માસ્તર આલ્ફ્રેડ હાઇસ્કૂલ-ભાવનગર.

આજરોજ અહીંની ગૌશાળાની મુલાકાત લેતાં ત્યાંની વ્યવસ્થા જોઈ ઘણોજ આનંદ થયો છે. કમ્પાઉન્ડમાંથી છાણ ઘાસ તથા બીજો નકામો કચરો દરરોજ ઉપાડી બહાર લઇ જવામાં આવે છે અને સ્વચ્છતાના નિયમોપર સારૂં ધ્યાન અપાતું હોય એમ જણાય છે. બીમાર ગાયોને દવા દારૂ કરવાને માટે એક દેશી વૈદ્યની નિમણૂક કરી છે એ ઘણા સંતોષની બાત છે પરંતુ એ જગ્યાએ કોઇ ભણેલા અગર તે વિદ્યાની કોલેજમાં પાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલા માણસની ગોઠવણ કરવાને જો વિચાર કરવામાં આવશે તો વધારે ફાયદો થવા સંભવ છે.

આ ધર્મ ખાતાનું હિસાબી દફતર તપાસતાં ઘણુંજ ચોખ્ખું જણાયું છે અને તેને માટે તે ખાતાના સેક્રેટરીને ધન્યવાદ આપવામાં આવે છે. આ ખાતું હમેશને માટે આવું સંતોષકારક રીતે ચાલે તેને માટે લાગા વિગેરેની કાંઇક કાયમી ઉપજ કરવાની હું જરૂર જોઉં છું આ ખાતાને વધારે આબાદ કરવાને માટે મદદની ઘણી જરૂર છે અને આ ધર્મખાતામાં અપાયલી મદદ કોઇપણ રીતે અસ્થાને કહેવાશે નહીં. તા. ૧૮-૩-૧૯૦૯

મોતીચંદ કુરજી ઝવેરી,
G. B. V. C.
વેટરીનરી સરજન અને પાંજરાપોળના ઈન્સ્પેકટર.

આજરોજ મહુવા ગોશાળાની વીઝીટ લીધી આ સંસ્થાના કેટલાક હેવાલો અવાર નવાર મારા વાંચવામાં આવ્યાથી આ સંસ્થા જોવાની મને ઘણા દીવસથી ઉગ્ર ઉત્કંઠા હતી તે લાભ મને આજે મળ્યાથી આનંદનો અવધી થયો છે. ઢોરોને રાખવાના મકાન, તેની સ્વચ્છતા, દરેક જાતના ઢોરોને જુદા જુદા વોર્ડમાં રાખવાની ગોઠવણ તથા તેમના પોષણ માટે ખડખાણુની રખાતી વ્યવસ્થા ઉત્તમ પ્રકારની છે. ઘાસને સંગ્રહી રાખવાની ગોઠવણ વખાણવા લાયક છે. આ શાળામાં આવેલાં પુંછલા-નબળાં ઢોરોની સંભાળ અને ખોરાકની ગોઠવણથી ઉત્તમ તન્દુરસ્તી અને શકિત મેળવેલી જોઇ મારા હર્ષનો પાર રહ્યો નથી જેથી આ ગોશાળાની સાર્થકતાની મને ખાત્રી થઈ છે કે એક મનુષ્ય પોતાની ધર્મબુદ્ધિથી, એકનિષ્ટાથી અને પ્રમાણિકપણાથી કામ કરે છે તો તે પરિપુર્ણ ફતેહ પામે છે તેનો આ ગોશાળા દાખલો છે. આ સંસ્થાના બંધારણ અને વહિવટની પવિત્રતા માટે ગોભકત **ઓધવજી રામજી** સરવૈયા ધન્યવાદને પાત્ર છે. અને તેમના સહાયકો પણ તેજ પ્રમાણે ઉત્સાહથી કામ કરે છે એમ પ્રતિતી થાય છે. તા૦ ૨૩ એપ્રીલ ૧૯૧૭. |

મુળશંકર જેઠાભાઈ,
વડોદરાના માજી નાયબ સુબા;
અને અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજીની
ધર્મ પેઢીના હેડ મેનેજર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈથી આવીને ગોશાળાની વીઝીટ લીધી તેમાં ગાયોની ઉત્તમ પ્રકારની સ્થીતી. તેને ખડ, ખાણ. પાણી વિગેરેની ઉત્તમ ગોઠવણ અને હિસાબી નામાંની ઉત્તમ વ્યવસ્થા જોઈ ઘણોજ આનંદ થયો છે. તે સર્વ સેક્રેટરી મી૦ ઓધવજી રામજી તદન નિઃસ્વાર્થે તન મનનો આત્મભોગ આપી ખરી ગોભકિત બજાવે છે તેને આભારી છે. તા૦ ૮-૨-૧૯૧૧.

હરીદાસ નાગજી વોરા.

આજરોજ આ સંસ્થાની વીઝીટ લીધી તેમાં ઢોરોને પાટાપીંડીની રખાતી સંભાળ સાથેની માવજત, સ્થીતી, તેને રહેવાના વિશાળ છપરોની સુંદરતા, ગોશાળાનું ભવ્ય મકાન, હીસાબી ચોપડામાં રખાતા નામા વિગેરે જોઇ ઘણોજ સંતોષ થયો છે. ને તે સઘળુ ધર્મવીર સેક્રેટરી ઓધવજી રામજીનાજ આત્મભોગને આભારી છે. તેની વૃદ્ધાવસ્થાની હયાતીમાં કમીટી સારૂં ભંડોળ કરશે તો તેની પાછળ આ ખાતું જેવીને તેવી સ્થીતીએ આબાદી સાથે ચાલ્યા કરશે અને મહાન આશીરવાદ પ્રાપ્ત થશે. તા૦ ૫-૬-૧૯૧૮

હરીદાસ નાગજી વોરા રામપરાવાળા,
કાયમી ચરાણ ફંડના મુંબઈ ખાતેના પ્રતિનીધી.

મુંબઇથી અહીં આવ્યા બાદ હું અહીંની ગોશાળા જોવા માટે ગયેલો તે જોવાથી તથા તેના સેક્રેટરીની ખંતીલી કાળજીથી લુલાં, લંગડાં વિગેરે બીમાર ઢોરોની સ્થીતિ ઘણી સારી જોવામાં આવી છે. હિસાબ રાખવાની ગોઠવણ પ્રમાણીકપણાથી ઘણી સારી રહે છે. આ ખાતાને મળેલી મદદનાં નાણાં ઢોરોને આરામ કરવાના કામમાંજ વાપરવાનો સદઉપયોગ થાય છે મોસુફ સેક્રેટરીની કામ કરવાની રીતભાત ઘણીજ સારી ખંતીલી છે. તેનો દાખલો બીજી ગોશાળાને લેવા જોગ છે. તા૦ ૨૬-૧૧-૧૯૦૯

નારણદાસ પુરૂષોત્તમદાસ.

મુંબઇથી આવી આ સંસ્થાની વીઝીટ લીધી તેમાં નિરાધાર અને અપંગ ઢોરોને સાચવવાની નિયમીતતા તથા ઢોરોની અને તેના રક્ષકોપરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેક્રેટરી ઓધવજી રામજીની ખંત પુર્વકની દેખરેખ તેમજ સંસારમાં રહીને વૈરાગ્યદશા તથા ધીરજ જોઇ લખવું પડે છે કે—આ સંસ્થા જેવી દરેક જીવદયાની સંસ્થાએ નકલ કરવા તેમજ મોસુફ સેક્રેટરીના ગુણોનું અનુકરણ કરવા દરેક સંસ્થાને તેમજ દરેક બંધુઓને ખરા જીગરથી મારી વિનંતી છે જેથી આ સંસ્થા જેવી દેખરેખ દરેક સંસ્થામાં થાય આ સંસ્થા જાતે જોવાથી ખરો અનુભવ થાય છે તેથી દરકને આ સંસ્થાની મુલાકાત લેવા આગ્રહ સાથે વિનંતી કરૂં છું ને મોસુફ સેક્રેટરીનું દીર્ઘાયુષ્ય થાઓ એવી મારી અંતઃકરણ પુર્વક પ્રભૂ પ્રાર્થના છે.

તા૦ ૧—૫—૧૯૧૮

શેઠ હરીલાલ લાલચંદ રામજી.

રંગુન અને મુંબઇથી આવી ગૌરક્ષાનું મકાન ઢોરોની સ્થિતિ અને હિસાબ તપાસી જોવાથી તથા તમામ હકીકત સાંભળવાથી અમારૂં મન ઘણુંજ સંતોષ પામ્યું છે. મી૦ ઓધવજીભાઇએ ઢોરોની મેનેજમેન્ટ ઘણુ સારી રાખી છે, તે પુર્વ જન્મનો યોગભ્રષ્ટ આત્મા આ ભવે યોગ પુરો કરવાનેજ અવતાર લીધો હોય એમ માનીએ છીએ ને તેને ધન્યવાદ આપીએ છીએ. તા૦ ૯-૧૨-૧૯૧૫

ટોકરશી મુળજી.

આ સંસ્થાની ઉત્તમ વ્યવસ્થા હોવાનો હૈવાલ મને અનેકવાર પેપરો દ્વારા કર્ણગોચર થયો હતો પરંતુ આજરોજ ઇશ્વર કૃપાથી આ સંસ્થા નિરક્ષણાર્થ મને અનાયાસે તક મળી. ત્યાંની ગાયોની ઉત્તમ પ્રકારની માવજત દફ્તર તથા હિસાબ આદિનો ચોકખો વહેવાર આગન્તુક પ્રેક્ષકનું સનમાન કરવાની ત્યાંના કાર્યકર્તાઓની ઉત્તમ પદ્ધતિ તથા તેના સેક્રેટરી મહાશય ઓધવજી રામજી સરવૈયાની કાર્યદક્ષતા જોઇ મને સંપુર્ણ સંતોષ થયો છે.—આર્યના પ્રાચીન ગૌરવનું સ્મરણ કરાવનાર આવા ઉત્તમ સંસ્થાને સહાય આપવી એ હિન્દુ હોવાનું અભીમાન રાખનાર દરેક પ્રજા પોતાની ફરજ સમજી આ દેશના તથા પરદેશના દાનશુર ગૃહસ્થો જો આવું સુપાત્ર દાન કરવામાં પોતાનો હાથ લંબાવશે તો આ સંસ્થા ગૌ મહાત્મ્યનો વિજય વાવટો આખા દેશમાં ફરકાવવા શકિતમાન થશે તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા દેશોમાં ચાલતી આવી અનેક સંસ્થાની હરિફાઈમાં અગ્રસ્થાન જરૂર ભોગવશે એ નિઃસંદેહ છે.

સંસ્થાની ઉત્તમ પ્રકારની વ્યવસ્થાએ તેના સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાની ધર્મનિષ્ટા તથા કાર્યદક્ષતાને આભારી છે. આ સંસ્થાનો દિન પ્રતિદીન જય ઇચ્છી વિરમું છું. ઇંતીશમ્ તા૦ ૨૯-૧૧-૧૯૧૪.

ત્રીભોવનદાસ કાળીદાસ પંડ્યા,
સ્વા૦ કા૦ નિ૦ શારદાપીઠ સંસ્થાન દ્વારકા.

આ ગોશાળામાં ઢોર મોકલનાર પાસેથી કાંઈ પણ ફી લેતા નથી આસપાસના ગામોના અને પરદેશના ઢોરો રાખી ઘણીજ દેખરેખ ખંત અને કાળજીથી સંરક્ષણ કરે છે. ઘાસ-ચારાના દુકાળમાં સહસ્ત્ર અને સુકાળના વરસમાં સેંકડો ઢોરોનું કાયમ સંરક્ષણ થાય છે તેનો કાયમનો પુષ્કળ ખર્ચ છતાં કોઇ પણ પ્રકારનો કાયમી લાગો કે ઉપજ નહીં હોવાથી તેનો સઘળો આધાર દયાળુ પુરૂષોની ઉદારતા ઉપર ટકેલો છે. પરંતુ સત્યતાથી આ ખાતાનો વહીવટ ચાલવાથી દરેક કોમના સખી ગ્રહસ્થોની મદદ કાયમ આવ્યા કરે છે. આ સભા જેમ સખી ગ્રહસ્થોની મદદ મેળવે છે તેમ જીવદયાની સંસ્થાને જરૂરી પ્રસંગે આ સભા પણ સખી હાથ લંબાવી પોતાની ફરજ અદા કરે છે અને ઘાસને ખરી દોલત માની પુષ્કળ ઘાસની ગંજીઓનો સંગ્રહ રાખે છે. બીમાર ઢોરોને ઔષધોપચાર કરી સારાં કરે છે. માતા વગરનાં વાછરડાં પાળી પોષી મોટાં કરે છે. મ્હોટા જંગલો રાખી ચારો પુરો પાડે છે સારા સાંઢ રાખી બળદની ઓલાદ સુધારી ખેડુત મગર વેપારી ઉત્તમ ગ્રાહકને કીંમત કરતાં પણ પાંચ રૂપીઆ ઓછા લઇને વેચાણ આપે છે બળદની વંશ વૃદ્ધિ સુધારવા રબારી ભરવાડને મફત પણ આપે છે ત્યારે પણ તેની સ્થિતી કાયમ આબાદ રહે ને સભાની સંમતી શીવાય તે વેચી શકે નહીં એવા જામીન લઇ સોંપે છે સીલીકના નાણાની વ્યવસ્થા કમીટીની સંમતીથી આ સભાના પ્રેસીડેન્ટ અહીંના નગરશેઠ હરીલાલ મોનદાસભાઈ હસ્તુ થાયછે. ભેટ મોકલનારને તુરત પહોંચ મળે છે સીલીક ભાવનગર દરબારી સેવીંગ્સ બેંકમાં રહે છે. હીસાબ ચોખ્ખો રહે છે. વાર્ષિક રીપોર્ટ બહાર પડે છે. આજ સુધીના વહીવટમાં કાંઇ પણ ગરબડ થયાનો દાખલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થયો નથી તેથીજ આ ખાંતુ સારી હસ્તીમાં જોઇએ છીએ તે સઘળું આ ખાતાના સેક્રેટરી ઓધવજી રામજીના જાતીભોગને આભારી છે. દરેક ધર્મખાતાં આવી પવિત્રતાથી ચાલવાને અમો ચાહીએ છીએ.

તા. ૧૫—૭—૧૯૧૩.

નુરમહામદ વજીર–ઉનવાળા વેપારી.

મહુવા ગોરક્ષક સભાએ ઢોરો બચાવવા મહાન સાહસ કર્યાના તથા ઢોરોનો મોટો જથ્થો માતલપર ગામે હોવાના ખબર વર્તમાન પત્રો દ્વારા અવાર નવાર અમારા જાણવામાં આવ્યાથી ચાહીને અમે માતલપર ગામે જતાં ઢોરોનો કેમ્પ અને તેના સર્વ સ્થળોએ અમે જાતે ફરી તપાસતાં ત્યાંની કાર્યવાહી અમને ઘણીજ ઉત્તમ પ્રકારની જણાઇ છે.

આ સંસ્થાને ચાહનારાઓએ આ કેમ્પ જોવાની અવશ્ય જરૂર છે. અહીં ઢોરોની રખાતી માવજત જોવા પહેલાં મહુવા ગોરક્ષક સભા શું છે તેનો ખ્યાલ કરવાને કોઇ સમર્થ નથી એમ કહેવામાં જરા પણ અતિશયોકિત જેવું નથી. મહુવા સભાના માનદ મંત્રી કેવા તંત્રથી કામ ચલાવે છે તેનો ખ્યાલ ત્યાં કરાવેલી ઘાસની ગંજીઓ જોવાથી વિશેષ થાય છે. "કાળા માથાનો માનવી શું ન કરી શકે" તેનો ખરેખરો નમુનો છે. પૈસા ઘણાં ખરચે છે પણ તેનો સદઉપયોગ સારા કાર્યવાહકોને અભાવે થતો અટકે છે. અમે મોટા રજવાડામાં ઘણી ગંજીઓ જોઇ છે પણ આ ગંજીઓ જોવાથી અમારો ગર્વ ગળી ગયો છે. જેને નીતિ ને સત્યની સહાય છે. તેની બરોબરી કોણ કરી શકે? કોઇજ નહીં! મી. ઓધવજી રામજીની યોગમય આગાહી ખરી છે તેઓ એવા ધાર્મિક કાર્યો કરવાને દીર્ઘાયુષ રહો એવી હમારી બંદગી છે. તા. ૯—૧—૧૪

શેઠ દેવજીભાઇ પ્રધાનભાઇ,
તળાજા વાળા.

રંગુનથી આવી આ સંસ્થાની ભેટ લીધી તેમાં આ સંસ્થાની પ્રશંસા કરવા વર્તમાન પત્રોથી તથા ઘણા મહાશયોથી જાણવામાં હતી તેના કરતાં પણ વીશેષ વખાણવા લાયક શ્રેષ્ટ વ્યવસ્થા જાતે જોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતી થઈ છે તે સઘળું સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાએ બધી શકતી આ સંસ્થાને અર્પણ કર્યાનુંજ પરીણામ છે અને હજુ વીશેષ પ્રશંસા પામવાનો સંભવ છે તેથી તેમનું દીર્ધાયુષ થવા પ્રભુ પ્રાર્થના કરી વીરામ પામું છું. તા. ૮—૩—૧૮

માસ્તર તલકચંદ વેલજી.

દેશાવરથી મારૂં અહી આવવું થતાં આ ગોશાળાની ભેટ લેવાથી સ્વર્ગના ગો લોક જેવો આબેહુબ દેખાવ જોઇ ઘણોજ આનંદ થયો છે. આવા પારમાર્થીક કામો કરવા મી૰ ઓધવજી રામજીને પરમેશ્વર લાંબી જીંદગી બખશે એવી દુવા ગુજારતો મહુવા તા. ૨૮—૨—૧૬.

સેવક,

સોરાબજી એદલજી માદનના,

આજે અમો બન્ને ભાઇઓ ગોરક્ષાની મુલાકાતે આવ્યા તેનો કારભાર અને હીસાબના ચોપડા વીગેરે જોઇ હમોને ભારે આનંદ ઉપજ્યો છે. ઢોરો માટેના મકાનો અને તેની સ્વચ્છતા ધ્યાન ખેંચવા જોગ છે. એમ કહેવામાં સહરાગત ભરેલું લાગશે નહીં. તા. ૧૧–૬–૧૭

લી. સેવકો,

અરદેશર દારાશા મીરજાં,

રતનજી ભીખાજી શેઠના.

ગોરક્ષા સમાજની વીઝીટ લેતાં મને જણાવવાને ખુશી ઉપજે છે કે ગયા દુષ્કાળમાં કરાંચી અને ઠઠ્ઠા પાંજરાપોળ વીગેરેના અસંખ્ય ઢોરો સેક્રેટરી મી૰ ઓધવજી રામજી સરવૈયાની ખાસ હીંમત અને અંગત મહેનતથીજ નીભ્યાં છે પણ તેમની હયાતી પછી તેમના જેવા અથાગ પરીશ્રમ અને કાળજી તથા નીપુણતાથી પવિત્ર કાર્ય ચલાવનાર મદદગાર કોઈ બહાર નહીં પડ્યાથી ભવિષ્યના કારોબાર માટે શંકા જેવું છે.

તા. ૬–૧૨–૧૪ | શેઠ કાવસજી પીરોજશા કકાકા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સભાની ગોશાળામાં ગાયોનો મોટો જથ્થો હોવાથી તેનું રક્ષણ પોષણનો ખર્ચ વધારે હોવાથી મદદ માગતાં આ ગોશાળાની ગાયો વેચાણ લઈ વડીયા તાલુકાની પ્રજાના ખેડુતોને સોંપવી કે જેથી સભાને ખર્ચ ઓછો થાય અને વડીયા તાલુકામાં બળદની વંશવૃદ્ધિ થાય એવી ઉત્તમ લાગણી નામદાર વડીયા દરબારશ્રીને થતાં ગાયો વેચાણ લેવા અમોને આંહી મોકલવાથી આંહી આવી ગોશાળાની ભેટ લીધી તેમાં ગાયોની સ્થીતિ અને ઓફીસના દફતર તથા હીસાબના ચોપડા તપાસતાં અમોને તે સઘળું રેગ્યુલર ચોખ્ખું માલુમ પડયું છે તે સભાના સેક્રેટરી મહાશય ઓધવજી રામજી સરવૈયા જેઓ નિઃસ્વાર્થે અને પરોપકારાર્થે પૈસાને હાથ લગાડ્યા વગર તન, મન, ધનથી કામ કરે છે. તે મહાત્મા જેવા પુરૂષના પ્રયાસથી આ સભાનું કામ ઘણી ઉત્તમ રીતે ચાલે છે તે જોઇ ઘણોજ આનંદ થયો છે.

(Sd.) **Girjashanker Nagji**
Medical Officer.
VADIA State.
ગીરજાશંકર નાગજી,
મેડીકલ ઓફીસર, વડીયા સ્ટેટ.

વ્રાપજથી આવી આ સંસ્થાની વિઝીટ લેવાથી જણાવું છું કે ભવ્ય જગ્યોના દુરથી દર્શન થતાંજ સાત્વીક ભાવો સ્ફુરે છે. તેમ આ ગોશાળાના દર્શનથી તેના ભકતરાજ મંત્રી ઓધવજી રામજીના સ્વાર્પણનું પવિત્ર સ્મરણ થઈ આવે છે.

દરેક જાતનાં ઢોરોને જુદા જુદા વોર્ડમાં તથા ખોડાં આજારી ઢોરોને ઘાંસની પથારીમાં રાખવાની તથા પાટા પીંડી બાંધવાની અને પ્રજા તરફથી માતા વગરનાં તરતનાં જન્મેલાં, આવેલા વાછરૂને પાળવા પોષવાની તથા બીમાર ઢોરોને પાટાપીંડી બાંધવાની માવજત અને ગોઠવણ ઉત્તમ પ્રકારની છે. કમ્પાઉન્ડમાંથી છાણ ને નકામો કચરો ઉપાડી લેવામાં સ્વચ્છતાના નિયમાનુસાર સાફ ધ્યાન અપાય છે. નાણાં સંબંધી ગરબડ થવા પામે નહીં તેવી ચોખવટ વાળો હિસાબ રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયા સાધારણ સ્થીતીના ને વયોવૃદ્ધ છતાં માત્ર એક વખત જમવાના ટાઇમ સીવાયના સઘળા વખતનો જાત્રીભોગ આપી નરસિંહ મહેતો ને મીરાં જેવા પરમ ભકતની માફક દીલનો રંગ ચડાવી ગાયોની શેવા કરી ધન્ય જીવન ગાળે છે. તે શેવાના પ્રતાપે વૃદ્ધાવસ્થા છતાં શારિરીક માનસિક ને આત્મિક બળ જોઇ ચકિત થઇ ખરેખર ઉદ્ધવનો અવતાર માની વિરામ પામીએ છીએ.

તા૦ ૯-૫-૧૯૧૬ | લી૦ શુભેચ્છક.

ધનેશ્વર પ્રમાણંદદાસ.

વિરેશ્વર પ્રમાણંદદાસ.

આ ખાતું ઉત્તમ પ્રકારનું ચાલતું હોવાનું અનેક વ્યકિત દ્વારા લાંબી મુદતથી મારા જાણવામાં હતું તેથી આ ખાતાની ભેટ લેવા હું તલપી રહેલ, સબબ મુંબઇથી લગ્ન પ્રસંગે મારૂં આવવું થતાં આ ખાતાની ભેટ લેઇ બે દિવસ સુધી તપાસણી કરી તેમાં માતા વગરના વાછરડાં, ગાયો, જાતવારી ઢોરો જુદા જુદા વોર્ડમાં બાંધેલા તથા તેમની રખાતી ગાવજત ને સંભાળથી ગાયોની સ્થીતી, મકાનની સ્વચ્છતા, ખડ કપાશીયા ખવરાવવાની ગોઠવણ અને ધરધણી કરતાં પણ અધીક રહેતી સંભાળ તથા હિસાબી નાણાની ચોખવટ વિગેરે જોઇ મારૂં હૃદય આનંદથી ઉભરાઇ જાય છે. પૂર્વના ઉગ્ર પુણ્યના પ્રભાવથી આ ભુપૃષ્ટ પર ચંચળ મનને જીતી વૈરાગ્યની લગામ હાથમાં રાખી તન મનથી નિસ્પૃહતા પુર્વક મહાન અભંગ ગોશેવાનો ભગીરથ પ્રયત્ન કરનાર ઉદ્ધવના દર્શનનો લાભ મળ્યાથી આનંદોર્મિ ઉભરાઇ આવે છે સબબ હે ઉદ્ધવ! હે બાપ!! તુને ધન્યવાદના વરસાદો વરસાવું છું.

સુપાત્રે દાન આપનારને આ પવિત્ર ખાતું છે. તેનો વિશેષ અનુભવ આ ખાતું જાતે તપાસવાથીજ થાય છે. વેપાર અર્થે ઘણાં દેશાવરમાં મારૂં જવું થતાં અનેક જીવદયાની સંસ્થાની મુલાકાત લીધી છે. તેમાં કોઇ પણ સંસ્થાનો આવો કાર્યક્રમ કે પ્રદ્ધતિ મારા જોવામાં આવી નથી. તેથી જેટલો ગૌમાતાના દર્શનથી આનંદ થયો છે તેટલોજ આનંદ તેના ભકતરાજ ઓધવજી રામજી સરવૈયાના દર્શનથી થયો છે. સબબ જગતનિયંતાનો આભાર માનું છું. તા૦ ૨૩-૨-૧૯૧૭.

મેમજી રણછોડદાસ ડુંગરવાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું આંહી કોઇ કામ પ્રસંગે આવેલો ને મારા મનમાં એવી ઇચ્છા થઈ કે આંહી કોઈ મહાત્મા અથવા કોઈ પરમાર્થીક પુરૂષ હોય તો તેને મળવું એવી ઇચ્છાથી અહીંના સદ્ગૃહસ્થોને પુછતાં મને એવી ભલામણ કરી જે પરમાર્થીક ને પ્રમાણીક પુરૂષને મળવા ઇચ્છા હોય તો તેવા પુરૂષ ગોશાળાના સેક્રેટરી ઓધવજી રામજીભાઇ છે તેને મળવાથી તમોને આનંદ થશે તેથી આજે હું ગોશાળામાં ગયો. ત્યાં જતાંજ મારા મનને એવો ભાસ પડયો કે હું જાણે ગો લોકમાં આવ્યો હોઉં એવા સાત્વીક રજકણોએ મુને ઘેરી લીધો એટલામાં ઓધવજીભાઇએ મને આવકાર આપી આસન આપ્યું ને ગોશાળાનો હીસાબ બતાવ્યો તે એવો તો ચોખવટવાળો હતો કે તેમાં કોઇ જાતની ગરબડ થઈ શકેજ નહીં. મોક્ષ ને માટે મહાત્માઓ દેહ દમન કરે છે તેવીજ રીતે ઓધવજીભાઈ ગાય માતાજીની શેવા કરવામાં દેહને પડતાં સંકષ્ટો સહન કરે છે. હું પચીશ વર્ષ મેરગી આર્ય સુબોધ નાટક કંપનીમાં રહ્યો, બહુ દેશાવર ફર્યો પણ આ પુરૂષનો જોટો જોવામાં આવ્યોજ નહીં એવા પુરૂષોનું પરમાત્મા શુભ કરો એવી અંતઃકરણથી આશીષ આપનાર—

સંવત ૧૯૬૪ ના વૈશાક શુદ ૬ બુધવાર.

ગવળ ધનેશ્વર વિશ્વનાથ,
રહેવાશી મુળી, હાલ વઢવાણ કાંપ.

આ સંસ્થાના સાહસનો ધ્વની હરવખત મારા સાંભળવામાં આવ્યાથી તેનું નિરીક્ષણ કરવા મ્હને આકાંક્ષા હતી તે ફળીભુત થવા સદ્ભાગ્યે પ્રભુ અનુકૃપાએ મારૂં આંહી આવવું થવાથી મેં આજરોજ આ સંસ્થાની વીઝીટ લીધી. ઢોરોની રખાતી માવજત, ઢોરોની આરોગ્યતા, મકાનની સ્વચ્છતા, ખડ ખાણનો રાખેલો જથ્થો અને ચોખવટવાળો હીસાબ જોઈ સંતોષ થયો છે તે સઘળું આ સંસ્થાના સેક્રેટરી ઓધવજી રામજી નીષ્કામ વૃત્તિથી તન, મન, ધનનો ભોગ આપી તેમનું સર્વસ્વ જીવન ગો શેવા પાછળજ વીતાડે છે તેને લીધે છે જેથી તેમની જીંદગી યશસ્વી ને ધન્યવાદને પાત્ર છે તેઓ દેહનું સાર્થક જે ભકિત અન્ય સ્વરૂપે ગો માતાની શેવા કરે છે તેથી તેઓ સદેહે વિદેહી જેવા ગણાય છે. તેમનું સરળ હૃદય અને ઉદારચિત્તની મહત્વતા જોઇ જાણી વૃદ્ધ ચાણાક્ય રાજ્ય નીતિમાંનો શ્લોક લખવાને ઉત્કંઠા થઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

निन्दन्तु नीतिनीपुणा यदिवास्तुवन्तु ।
लक्ष्मी समा विशतु गच्छतुवा यथेष्टं ॥
यद्यैव वा मरण मस्तु युगान्तरेवा ।
न्याया पत्थः मविचलन्तु पदंनधीराः ॥

ઉપરના ઉદ્ગાર પુર્વક અનાથ પ્રાણીની જે શેવા ઉઠાવે છે તે પ્રશંસનીય છે. જેથી પરમ કૃપાળુ પરમાત્મા તેમને આરોગ્યતા બક્ષી આવાં દુર્લભ કામ કરવાને દીર્ઘાયુષી બનાવે એવી પ્રભૂ પ્રાર્થના છે.

તા. ૧૪-૫-૧૯૧૩ | હરગોવીંદદાસ ધનેશ્વર ભટ્ટ,
દેલવાડા સ્કુલના હેડમાસ્તર.

મહુવા ગૌરક્ષક મંડળીના વાર્ષિક રિપોર્ટના અહેવાલ વર્તમાનપત્ર દ્વારા મારા જાણવામાં આવ્યાથી આ ખાતું સારી રીતે ચાલતું હોવાની મારી માન્યતા હોવાથી એ ખાતું નજરે જોવા મને જીજ્ઞાસા હતી તે અત્યારે અજમેર શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના ઉપદેશક તરીકે મારૂં અહીં આવવું થતાં હું ગૌશાળાશ્રમમાં ગયો તેમાં પેસતાંજ જાણે સ્વર્ગીય ગો લોકમાં આવ્યો હોઉં તેવો મને આભાસ થયો દરમીયાન એ મંડળીના સેક્રેટરી મી૦ ઓધવજી રામજીએ મુંગાં પશુઓ તથા તેના સંરક્ષણાર્થે ખડ ખાણનો સંગ્રહ કરી રાખેલો પુષ્કળ જથો તથા હીસાબી ચોપડા બતાવ્યા તેની યોગ્ય તપાસણી કરતાં જણાયું છે કે ઢોર મુકવા આવનાર પાસેથી કાંઈ પણ રકમ લેવામાં આવતી નથી ગમે તે દેશની જીવ દયાની સંસ્થાના પશુઓ આવે તે સંભાળી લેઈ સંરક્ષણ કરે છે.

દરેક જાતના ઢોરને જુદા જુદા વોર્ડમાં રાખવાની, ખોડાં આજારી ઢોરને ઘાસની પથારીમાં રાખવાની ને તરતના જન્મેલા માતા વગરના મુકી ગયેલાં વાછરૂને પાળવા પોષવાની ગોઠવણ તથા પાટા-પીંડી બાંધવામાં રખાતી માવજત ઉત્તમ પ્રકારની છે. નાણાં સંબંધીનો હીસાબ એવી ચોખવટ વાળો રહે છે કે તેમાં કાંઈ ગરબડ થઇ શકેજ નહીં.

મોસુફ સેક્રેટરી દશા શ્રીમાળી વાણીયા જૈન સ્થાનકવાસી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ વૃધ્ધોવયના ને સાધારણ સ્થીતિના છતાં માત્ર જમવા જવાના ટાઈમ સીવાય બધા વખતનો જાતીભોગ આ સંસ્થાનેજ આપે છે.

હું કચ્છ, કાઠીયાવાડ વીગેરે ઘણા દેશાવરોમાં ફર્યો તેમાં આ પુરૂષનો જોટો મને જોવામાં આવ્યો નથી. હું કહી શકીશ કે—

પૂર્વે જનક રાજા રાજ્યપાટ ભોગવવા છતાં પોતાનો આત્મા પરમાત્મામાં પ્રેરાયેલો રાખવાથી વિદેહી ગણાયા છે એજ માફક મોસુફ સેક્રેટરી સંસારી છતાં કુટુંબ, દુકાન, ધંધો રોજગાર વીગેરે લૌકીક માયાનો ત્યાગ કરી ખરેખરા એક સાધુ તરીકે પોતાનું સઘળુ જીવન આ મંડળને સોંપી અનેક સંકટો વેઠી જે ગો શેવા બજાવે છે તેનું વર્ણન લખતાં આખું પુસ્તક ભરાય તેવું છે. સબબ ટુંકામાં જણાવું છું કે—

હિન્દના ખેરખાહ દાદાભાઈ નવરોજજીએ હિન્દના શ્રેય માટે આખું જીવન અર્પણ કર્યું છે એજ રીતે મોસુફ સેક્રેટરીએ આખું જીવન આ મંડળને સોંપી મહારાજા દીલીપના જેવી ખરી ગોભકિત બજાવે છે તે દુનિયાની જાણમાં રહેવા માટે તેમના જીવન વૃતાન્તનું પુસ્તક પ્રસિદ્ધ થવા હું જરૂર જોઉં છું અને હું તેમના સહવાસમાં આવ્યો એ મારા ધન્ય ભાગ્ય ગણું છું.

ઉત્તમ મનુષ્યોના ને જીવદયાની સંસ્થાના વૃતાન્ત જાહેરમાં મુકવાનો મારો ઉદેશ હોવાથી જાહેરને જણાવું છું કે દરેક જીવદયાની સંસ્થાઓ મોસુફ સેક્રેટરીનું અનુકરણ કરો અને તેમના જેવા અનેક મનુષ્યો ઉત્પન્ન થઈ આવી સંસ્થા ઉભી કરી દેશનો ઉદય કરો એવી મારી પ્રાર્થના છે. તા. ૪—૫—૧૯૧૩

શેઠ દુર્લભજી સુંદરજી લીંબડીવાળા.
શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના ઉપદેશક.

પેટલાદ (વડોદરાના) ડાઈંગ ફેકટરીના માલીક *રાજ્યરત્ન પરી૦ નારણભાઈ કેશવલાલના વહીવટ કરનાર છોટાલાલ મોતીલાલ. જત હું

---

*દર વરસ પરમારથમાં સહસ્ત્ર રૂ. ના દાનની સખાવત કરવાથી વડોદરાના શ્રીમંત સરકાર સેનાખાસખેલ સમશેર બહાદુરે રાજ્યરત્ન શેઠનો ઈલકાબ એનાયત કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્રે નદીની રેલથી ઘણા માણસોને નુકશાન થવાથી નિરાધાર માણસોને મદદ કરવા સારૂ ઇશ્વર પ્રેરણાથી આવેલો તેથી મહુવા ગોરક્ષાનું મકાન જોવા સારૂ ગયેલો ત્યાં રા૦ રા૦ સેક્રેટરી ઓધવજી રામજી હાજર હતા. તેમણે ગોશાળા તથા ગાય માતાઓ તથા ઘાસ વીગેરે બતાવ્યું તથા ચોપડા વીગેરે ઉત્સાહ પુર્વક બતાવ્યા તે જોઇ ઘણો આનંદ થયો. હિન્દુસ્તાનમાં જ્યાં જ્યાં મેં ગોશાળા જોયેલી તથા સાંભળેલી છે તેમાં કોઈ આવી નથી. ગાયો વધારે છે તેની સંભાળ વધારે તથા ખરચ ઘણોજ કમતી થાય છે. હમેશાં એક ગાય દીઠ ખરચ ફક્ત ત્રણ ચાર આના થાય છે. આ જોઇ આશ્ચર્ય થાય છે કે આવા ખર્ચમાં શી રીતે થતું હશે તેમ ગો માતાની સ્થીતી પણ સારી છે ઘાસ તથા કપારીયા પણ રોજ આપવામાં આવે છે. કામ કરનાર રા ઓધવજીભાઇ તન, મન વાણીથી શેવા ઘણીજ સારી કરે છે. શરીર જોતાં કામ વધારે કરી શકે તેવા દેખાતા નથી પણ મનોબળ ઘણુંજ હોવાથી ઉત્સાહ પુર્વક આઠ માણસના કરતાં પણ વધારે માણસનું કામ કરે છે. ઘર, દ્રવ્ય, છોકરાંની સંભાળની કાળજી નહિ રાખતાં આખો દીવસ ગાયો માતાજીની સેવા કરે છે. ઇશ્વર પાસે એટલીજ પ્રાર્થના છે કે એમનું આયુષ્ય વધારે કે ગાયોની સેવા સારી થાય. બીજું મારા અનુભવ પ્રમાણે પ્રથમ કામ આરંભ વખતે જેટલો ઉત્સાહ હોય છે તેટલો થોડા વખત પછી નથી હોતો પણ આમનો તો પચીશ વરસથી કામ કરે છે પણ દીવસે દીવસે ઉત્સાહ વધે છે તથા ગાયોની સીલક પણ વધે છે. હાલ ૨૧૦૦ ને આશરે ગાયો હસે, અહીં છે તથા બીજી માતલપર છે. દુધ તથા ગાયો વેચવાની રીત ભાત ઘણીજ સારી વખાણવા લાયક છે. વધારે લખવાનું છે પણ મારે જવા ઉતાવળ હોવાથી બંધ કરૂં છું. પરમાત્મા એમની પાછળ કોઇ એવો નર તૈયાર કરે કે આ મુજબ કામ ચાલે. પૈસાદાર આવા કામની દેખરેખ રાખતા હશે પણ આમની સ્થાતિ એવા જબરી નથી. તેમ કાળજીથી કામ કરે છે તેથી ખરચ કમ તથા ગાયેનો વધારો છે; તથા ગઇ સાલ દુકાળમાં ગાયોની રક્ષા કરી છે તથા બીજા લોકોને ઘાસ ઘણું સસ્તા ભાવથી સમદૃષ્ટી રાખી બધાને વેચાતું આપેલું છે × × ×

તા. ૨૫—૬—૧૯૧૩ | રાજ્યરત્ન પરી૦ નારણભાઈ કેશવલાલનો વહીવટ કરનાર છોટાલાલ મોતીલાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુન માસની ૧૧મી તારીખે રાત્રે મહુવા અને આસપાસના ગામડાઓમાં બહુજ ભારે અને અસાધારણ વરસાદ પડયો જેને પરીણામે નદીમાં બહુજ સખ્ત પુર ચડી આવ્યું તથા તે ભયંકર હોનારતમાં સેંકડો મકાનો જમીનદોસ્ત થવા પામ્યાં તથા ઘણાક જાનની ખુવારી થવા પામેલ; તે વખતે અત્રેના રહીશોમાં હૃદયભેદક સંકટના નિવારણ અર્થે મુંબાઈ નગરીના ઉદાર દીલના રૂના મુકાદમો અને વેપારીઓએ ત્યાં એક ફાળો શરૂ કર્યો; અને તે ફાળામાં ભરાયેલી રકમની વ્યવસ્થા અર્થે તથા દુ:ખી અને નિરાધાર બંધુઓ અને ઢોરના દુ:ખનું અવલોકન કરવા અર્થે મારૂં અત્રે આવવું થયું. અહીં આવીને જોવા લાયક સંસ્થાઓ વીશે પુછપરછ કરતાં અત્રેની ગોશાળા ખાસ કરીને જોવા લાયક છે તેમ મારા સાંભળવામાં આવ્યું જો કે અત્રેની ગોશાળાની યોગ્ય પ્રશંસા મારા સાંભળવામાં આવેલ હતી તેથી તથા અત્રેના માતબર ગૃહસ્થોના અભીપ્રાય ઉપરથી આવી ઉત્તમ સંસ્થાના તથા તેના સ્થાપક અને કાર્યવાહક શ્રીયુત્ મહાશય ઓધવજી રામજીના દર્શનનો અલભ્ય લાભ મેળવવાને હું ઉત્સુક થયો.

આ સંસ્થા, તેમાંના બીચારા મુંગા, નધણીયાતા, અશકત અને દયાની લાગણી ઉત્પન્ન કરે તેવા પ્રાણીઓની સ્થિતી, તેમને માટે રાખવામાં આવતી કાળજી, તેમની માવજત, વગેરે બાબતો જોઈ ગમે તેવા પાષાણ હૃદયના માણસનું હૃદય પણ દ્રવ્યા વગર રહે તેમ નથી. દૂધ, ઘી, માખણ વગેરે ચીજોની લાલચથી પોતાના સ્વાર્થની ખાતર કોઇ પણ ગૃહસ્થ પોતાના ઢોરની ચાકરી કરેછે તેમાં પોતાના સ્વારથ શિવાય બીજું કાંઈ નવીન નથી. પણ કોઇ પણ જાતના સ્વાર્થ અથવા લાભ વગર તન, મન અને ધનના મહાન અસાધારણ ભોગે આવા લાચાર ઢોરોની ચાકરીને માટે પોતાનું જીવન અને સર્વસ્વ, કાંઇ પણ જાતની અપેક્ષા વગર, ગૌ માતાની ચાકરીનેજ અર્પણ કરવું તેવો મહાન્ અને સ્તુતિપાત્ર આત્મભોગ કોઈકજ નર રત્ન આપી શકે. આવી ઉત્તમ સંસ્થાના દર્શનથી તથા આ નર રત્ન શ્રીયુત્ મહાશય ઓધવજી રામજીના દર્શનથી હું આજે કૃતાર્થ થયો છું.

પરમ કૃપાળુ પરમાત્માએ સરજાવેલ અવાચક પશુ પ્રાણીઓની સેવાને ખાતર પોતાનું જીવન અર્પણ કરવું, અને તે પણ કોઇ જાતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પૃહા વગર માત્ર પોતાના પવિત્ર કર્તવ્યની ખાતર, એવું પ્રશંસા પાત્ર કર્તવ્ય કરતાર આવા નર રત્નો આ પ્રવૃતિમય સંસારમાં લાખ મનુષ્ય માં એક પણ ભાગ્યેજ મળી આવે છે. અહીંના વહીવટના સર્વે ચોપડા તપાસતાં કોઇ પણ માણસને એમ તુરતજ જણાઇ આવશે કે આવો ચોખ્ખો વહીવટ સારામાં સારા સરકારી અને દરબારી ખાતામાં પણ ભાગ્યેજ રાખવામાં આવતો હશે. ભેટ તરીકે આવેલી એક પાઇ પણ કાળાંતરે ગેરવલે જાય તેમ નથી, તેવા અહીંના સર્વ ચોપડાઓ તપાસતાં મારી સંપુર્ણ ખાત્રી થઇ ચુકી છે. અહીંના સેક્રેટરી શ્રીયુત ઓધવજી રામજીએ આપણ સંસારી માણસોના દેઢ પરમેશ્વર પૈસાને હમેશને માટે વર્જ્ય ગણેલ છે. પોતે હૃદયના શુદ્ધ પ્રેમથી ગાય માતાની અનન્ય ભકિતભાવથી સેવા કરવામાંજ પોતાની જાતને કૃત કૃત્ય સમજે છે. આ સંસ્થામાં જાધુને માટે બેથી ત્રણ હજાર સુંગા અને અશકત ઢોરોને પાળવામાં આવે છે. તથા દુષ્કાળ અથવા ઘાસ ચારાની તંગીને વખતે બહારગામથી પણ સેંકડો ઢોરોને અહીં લાવી પાળવા પોષવામાં આવે છે આ સર્વ અહીંના સેકરેટરી પ્રાતઃસ્મરણીય ઓધવજી રામજીના ઉત્સાહ, પવિત્ર પ્રેમ, અને અથાગ શ્રમ તથા મહાન આત્મભોગને આભારી છે. એમ મારે સત્યતાની ખાતર કબુલ કરવુંજ જોઇએ.

આ સંસ્થાને પોતાથી બનતી મદદ આપી જીવનનું ખરૂં સાર્થક સંપાદન કરવાની સદ્બુદ્ધિ મારા સર્વ બન્ધુઓના મનમાં શ્રી પરમકૃપાળુ પરમાત્મા પ્રેરે એવી અરજ નમ્રતા પુર્વક હું તે કૃપાળુને કરૂં છું. છેવટ આ સંસ્થાને સંપુર્ણ આબાદી અને ફતેહ તથા શ્રીયુત મહાશય ઓધવજી રામજીના ઉચ્ચ આશયની પરીપુર્ણતા ઇચ્છી હું અત્રે વીરમું છું. તા. ૧૮—૭—૧૯૧૩

કાનજી ગોવરધનદાસ (બુધ્ધદેવ)
મુંબઇ કોલાબા જનરલ રીલીફ ફંડના વોલેંટીયર.

માલણ નદીના પુરે કરેલી મહુવા શહેરની દુઃખી સ્થીતી નીહાળતાં જનાયાસે ગોશાળાનું મકાન મારા જોવામાં આવ્યું અને તની વ્યવસ્થા જાણવાની કુતુહળતાએ મને મજકુર ગોશાળામાં પ્રવેશ કરાવ્યો મજકુર સંસ્થાના સેક્રેટરી મી૦ ઓધવજી પોતાની જાતી દેખરેખ હેઠળ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાય માતાના પગને તેલ વગેરે મર્દન કરાવતાં મેં નિહંળ્યા હતા. આસ-પાસ ફરી જોતાં સંસ્થા બહુજ સુવ્યવસ્થીત જોવામાં આવી અને તે તપાસ કરતાં મી૦ ઓધવજીની જાતી દેખરેખનુંજ પરીણામ હતું એમ મ્હારે કહ્યા વગર ચાલતું નથી. અચાનક જઈ ચડવા છતાં આ પ્રકારની સુવ્યવસ્થા જોઈ મને અતી હર્ષ થયો હતો. દફતર વગેરે જોતાં હીસાબ કીતાબ પણ સુવ્યવસ્થીત તથા ચોખ્ખા જોવામાં આવ્યા અને મી૦ ઓધવજી વૃદ્ધ હોવા છતાં જે કુશળતાથી તંત્ર ચલાવતા હતા તે નીરખી મને સાનંદાશ્ચર્ય થયું. શ્રીમદ્ ભગવદ્ગીતામાં સન્યસનું જે લક્ષણ બતાવ્યું છે કે પોતાના સર્વ કર્મનો ન્યાસ કરવો એટલે નિષ્કામ કર્મો કરવાં તેનું નામ સન્યાસ. તે મુજબ ભગવાં કપડાં ધારણ કર્યા વગર મી. ઓધવજી સન્યસ્ત દશા ભોગવે છે. આ લેખ તેમની સ્તુતિ કરવા ખાતર કરતો નથી પરંતુ એક કલાકના સહવાસમાં મને જે ભાસ પડયો છે તેનોજ માત્ર આ ઉલ્લેખ છે.

મહુવા ખાતે અનાથ પશુઓ માટે બે સંસ્થાઓ છે. એક પાંજરા-પોળ અને બીજી ગોશાળા. જો બન્ને સંસ્થા એકત્ર કરવામાં આવે તો ખરચમાં ઉગારો થાય અને તે પાંજરાપોળ જો મી૦ ઓધવજી જેવાના હાથમાં મુકવામાં આવે તો અવશ્ય શહેરને લાભ થયા વગર રહે નહીં એવો મારો અભીપ્રાય છે × × ×

તા. ૭—૮—૧૯૧૩ | લાલશંકર હરપ્રસાદ,

ધી ગ્રેન મરચન્ટ એસોસીએશનના સેક્રેટરી અને પ્રતીનીધી.

આજરોજ મહુવા ગોરક્ષણી સભાની મેનેજમેન્ટ ગૌઓની પ્રતિપાલના ખાતાની ઉંચા પ્રકારની ચોખવટ તેમાં ખાસ કરીને આ ખાતાના ઓન-રરી સેક્રેટરી ભાઇ શ્રી ઓધવજી રામજીની જીગરમય લાગણી આત્મભોગ અને નિઃસ્વાર્થ ઉદ્યોગ જોઇ ખરેખરા આનંદ પામ્યા છીએ. મહુવા જેવા નાના શહેરમાં જ્યાં આમળ બહુજ અલ્પ મદદની આશા ગામ તરફથી રાખી શકાય પરંતુ ઓનરરી સેક્રેટરી ઓધવજીભાઈની નિઃસ્વાર્થ દયામય લાગણીઓએ અન્ય સ્થળોએથી ઉત્તમ પ્રકારની મદદો આકર્ષેલ છે. આર્યા-વૃતમાં ધરમાદા ખાતાંઓ આવા દયાળુ અને શુદ્ધ નરરત્ન જેવા પુરૂષોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમાં હોય તો તેનું પરિણામ બહુજ ઉમદા જોવામાં આવે આશા છે કે આવા ખાતાં વાસ્તે મદદ કરવામાં સૌ કોઈ મગરૂર બનશે.

તા૰ ૫—૫—૧૯૦૬.

દુર્લભ કલ્યાણ.
શેઠ દેવચંદ દામજી કુંડલાકર.
શેઠ નરસીંહદાસ જાદવજી,,

આજરોજ અત્રેની ગોરક્ષક સભાનું કાર્યાલય જોવાનો પ્રસંગ આવતાં તેમાં ચાલતી વ્યવસ્થા મને ઘણીજ સંતોષપદ જણાઈ છે દરેક ખાનગી ઘરમાં જે પ્રકારની ગો શેવા તેમના માલેકો કરે છે તેથી આવા મોટા સમુદાયની સદરહુ ગૌશાળામાં થતી શેવા કોઇ પણ પ્રકારે ઉતરતી નથી એટલુંજ નહીં પણ બીમાર ગાયોની ઉલટી ઘણીજ વધારે કાળજી લેવાય છે ઘાસ, ખાણ વિગેરેની પણ ઉત્તમ વ્યવસ્થા છે. તે સર્વ તેના ધુંધી સેક્રેટરી મી૰ ઓધવજી રામજીની શુદ્ધ નિઃસ્વાર્થ લાગણીને આભારી છે એ નિઃશંક છે અને તેમને મહુવાની સમસ્ત પ્રજાએ કોઇ પણ રૂપમાં પોતાના આભારની લાગણી બતાવવાની ખાસ જરૂર હોય એમ અમારૂં માનવું છે આવા ઉત્સાહી કાર્ય કુશળ પરોપકારાર્થે આયુષ્યનો વ્યય કરનાર પુરૂષો "ન ચન્દનં વને વને" પ્રમાણે બહુજ વિરલ હોય છે. તેવા સત્ પુરૂષને શ્રી ઈષ્ટ પરમાત્મા આરોગ્ય અને આયુષ્ય વૃદ્ધિ અર્પો એ પ્રાર્થના છે. તા. ૮—૧—૧૯૦૮

કુબેરદાસ પ્રભુદાસ મહેતા,
ભુરચંદ લક્ષ્મીચંદ કપાસી,
(આદોનીવાળા.)

ભાવનગર મરકીના ઉપદ્રવ સબબે અમે ત્યાંથી આવીને મહુવામાં મુકામ કર્યો છે. અહીંઆ અમે અનેક ગૃહસ્થના મુખથી ગોરક્ષાનું કામ સ્તુતિપાત્ર સાંભળ્યાથી આજરોજ ગોરક્ષાના ઓફીસમાં આવીને અમને યોગ્ય લાગી તેટલી તપાસણી કરી છે, અને અમારી તપાસણીમાં અમને અત્યંત આનંદ થયો છે. ભાવનગરની ગોરક્ષાના કામ સંબંધી અમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત અસંતોષ હતો અને ત્યાંનું કામ જોઇને અમારા મન ઉપર એવી અસર થઇ હતી કે ત્યાંના જેવું અંધારૂં બધે સ્થળે હશે, તે અસર અહીંયાનું કામ જોવાથી દુર થઇ છે. અહીંયાંની ગોરક્ષાનું કામ કરનાર સેક્રેટરી ઓધવજીભાઇ, જેવી કાળજી રાખે છે તેવી બધે રાખવામાં આવતી હોય તો ગોરક્ષાનું, કામ ઘણુંજ સારા પાયા ઉપર આવતાં વીલંબ લાગે નહીં. મી૦ ઓધવજી અમને એક દેવમૂર્તી જેવા માલુમ પડયા છે. + ×

તા૦ ૩૦—૪—૧૯૧૪ | દીપચંદ ત્રીભોવનદાસ,
હાઇકોર્ટ પ્લીડર–ભાવનગર

હું આજરોજ ગોશાળા જોવા ગયો હતો, ગોશાળાનું દફતર આદીથી અંત પર્યંત ક્રમવાર મને બતાવવામાં આવ્યું હતું તેમાં મારો અભિપ્રાય આપતાં એમ જણાયું છે કે ગોરક્ષાનું કામ બહુજ સંતોષકારક ચાલે છે; અને હાઇકોર્ટ પ્લીડર રા. દીપચંદભાઇએ ગયા વર્ષમાં કરેલા શેરા સાથે હું અક્ષરે અક્ષર મળતો આવું છું. તા૦ ૧–૭–૧૯૦૬.

શીઘ્ર કવિ શીવદાસ નારણદાસ.

મહુવા ગોરક્ષક મંડળના વાર્ષીક રિપોર્ટોના હેવાલ વારંવાર વર્તમાન પત્રોદ્વારા મ્હારા વાંચવામાં આવતા; અને તે પરથી આ ખાતું ઉત્તમ ચાલતું હશે; એવી જીજ્ઞાસા થઇ. આજરોજ. મી૦ ઓધવજી જે આ ખાતાના એક વૃદ્ધ પણ ઉત્સાહી ગૃહસ્થ. જે આ ખાતામાં પારમાર્થીક વૃત્તિએ કામ કરતા માલુમ પડે છે. તેમની રૂબરૂ મુલાકાત થતાં મુખ વર્ણન સાંભળીને હું ગૌશાળાશ્રમમાં ગયો, ત્યાં જતાં વધારે ખુશાલી પહેલી એ થઇ કે મ્હારા મિત્ર મી૦ કુબેરદાસ (ન્યાયાધીશ સાહેબ) મારી સાથે મળી ગયા તેમનો પણ આ પહેલો પ્રસંગ હતો. ગોશાળાનું કુશાદે મકાન, નિરોગી ગાયોને ન્હેવાની જગ્યા, ખોડાં–આજારી ગાયોને ઘાસની પથારીમાં રાખવાની ગોઠવણ, અને તેઓને પાળવા–પોષવાની ઉત્તમ નિયમીત રૂઢી જોઇને સંતોષ થયો છે. નિભાવ માટે અનેક ગૃહસ્થોની વગર માગ્યે પણ મળેલી રકમો, ને તેનો હિસાબ બહુ ચોખ્ખવટવાળો નજરે પડયો. ગાયોના સંરક્ષણ માટેનો રિપોર્ટ એક ઉપદેશક તરીકે વાંચ્યો. મહુવા ગોરક્ષક મંડળ જેવું ખાતું, આ રીતે સરસ પ્રકારે ચાલતું હશે, તે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજરે જોવાથીજ ખ્યાલ આવી શકે. આર્યોની પુજનિય, ને જગતની ઉઘરતી ઓલાદને માતા વગર, પોતાના દુધથી પોષનારી માતા જેવી નિર્દોષ ગાયો, જેના રક્ષણ માટે હિન્દુઓજ નહીં પણ **અશોક ને અકબર** જેવા પ્રતાપી રાજાઓનાં હૃદય દયાથી પીગળ્યાં છે; તેના રક્ષણ અર્થે ગર્ભ શ્રીમંત ગૃહસ્થો કરતાં સામાન્ય સ્થીતીના લોકોનું ભરણું બહુ જોવામાં આવ્યું છે; અગર એ જે ધોરણે સામાન્ય પ્રજા વર્ગ, એક ખેતી વાડીનાં સાધનોનો ઉદ્ધાર કરવા અને રાજ-પ્રજાની આબાદી કરવા રાજ્ય કર્તાઓ પણ આવા ખાતાને સહાય કરે તો થોડું છે. આ ખાતું ચલાવનાર ખરેખર ધન્યવાદને પાત્ર છે. તા૦ ૪-૪-૧૯૦૭

ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર.

પછેગામથી મેં હૈદ્રાબાદ દવાખાનું ઉઘાડેલું ને ત્યાં લાંબી મુદત મારે રહેવું થયેલું. એ અરસામાં મહુવા ગોરક્ષક મંડળીના વાર્ષીક રીપોર્ટના એહેવાલ વર્તમાન પત્રો દ્વારા વારંવાર મારા વાંચવામાં આવેલા, તે પરથી તે ખાતું ઉત્તમ ચાલતું હશે એવી મારી માન્યતા હતી. હૈદ્રાબાદનું પાણી માફક નહીં આવ્યાથી હું સાત માસથી આંહી મહુવામાં આવી મેં દવાખાનું ઉઘાડયું છે. આંહી પણ અનેક ગૃહસ્થોના મુખથી આ સભાની સારી પ્રતિષ્ટા સાંભળીને આ ખાતું નજરે જોવાની મને જીજ્ઞાશા થયેલી, દરમીયાન એ ખાતાના ઉત્સાહી સેક્રેટરી મી૦ ઓધવજી રામજીની મુલાકાત થતાં હું ગોશાલાશ્રમમાં ગયો, તેમાં ઢોરોને જુદા જુદા વોર્ડમાં રાખવાની ને ખોડાં-આજારી ઢોરોને ઘાસની પથારીમાં રાખવાની ગોઠવણ અને પાટા પીંડ બાંધવામાં રખાતી માવજત તથા ઢોરોને પાળવા પોષવાની ઉત્તમ સંભાળ જોઈ મને ઘણોજ સંતોષ થયો છે. હિસાબી ચોપડા તપાસતાં મળેલી મદદના નાણાંનો રખાતો હિસાબ ઘણીજ ચોખવટવાળો જોવામાં આવ્યો છે. આ ખાતું સારી રીતે ચાલતું હશે એમ હું માનતો હતો; પણ જ્યારે નજરે જોયા પછી સરસ રીતે કેમ ચાલવું જોઇએ તેનો મને સંતોષકારક રીતે અનુભવ થયો છે. આ ખાતું આવી ઉત્તમતાએ ચલાવનાર સેક્રેટરી મી૦ ઓધવજી રામજી ખરેખર માનને પાત્ર છે. જેનો બદલો તેને મળ્યો છે ! મળે છે ! ! અને મળશે ! ! ! એવી હમારી બંદગી છે. તા૦ ૧-૧૦-૧૯૦૯

હકીમ સુરૂફઅલી. જીવાભાઇ પછેગામવાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગૌશાળાની વીઝીટ લેતાં મળેલા અનુભવ પ્રમાણે જણાવીશું કે જ્યાં ધર્મ, પ્રેમ, ને વિભૂતિ છે ત્યાં પરમાત્માનો વાસ છે. સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયા કંચન ને કામીનીની મોહજાળમાં નહીં ફસાતાં માયાથી નિર્લેપ રહી કેવળ જ્ઞાન યજ્ઞ રૂપેજ પશુહિતમાં નિરત રહેવાથી જીવન મુક્ત, સાચા સંત (મહાત્મા) છે. તા૦ ૧૫-૨-૧૯૧૮.

શાહ મનજી કરશનજી,
દા. ગોકુળદાસ—જાફરાવાદ.
શાહ રતનજી વછરાજ—ટીંબી.

આ સંસ્થાની વીઝીટ લેતાં અનુભવ મળ્યો છે કે સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાનું આત્મબળ ને હૃદય બળ એટલું બધું અગાધ છે કે તેઓ જો ઈંગ્લાંડમાં જન્મ પામ્યા હોત તો એક નામાંકિત પુરૂષની ગણત્રીમાં આવ્યા હોત તેઓના જીવનમાં સતત્ સત્ય બળ અને પ્રમાણિકતાનો ઉત્તમ રસ રેડાયો છે. કેટલીક બાબતો કહેવી ને ઉપદેશ આપવો એ સહેલ છે, પણ આચારમાં મુકવી એ મુશ્કેલ છે. અસત્ય અને અપ્રમાણીક પણાથી મળતી લક્ષ્મીને લાત મારનાર કેટલા નરો નિકળે છે. મોસુફ સેક્રેટરીમાં એ મહાન ગુણો મુખ્ય છે. પરોપકારી ઉધમ એજ એમનો ખોરાક છે. એક ક્ષણ પણ પારમાર્થીક કાર્ય વિના બેશી રહેવું તેમને ગમતું નથી આવા ભગીરથ કાર્યો કરવા તેમનું દીર્ઘાયુષ્ય થાઓ અને તેમના જેવા ઘણાં મનુષ્યો આ ભારત ભૂમિમાં ઉત્પન્ન થાઓ એમ ઇચ્છી વિરામ પામું છું. અને આ ખાતું ખાસ જાતે જોવા સર્વને વિનંતી કરૂં છું.

તા૦ ૬-૬-૧૯૧૬ | જીવણલાલ ધનજી સરવૈયા,
દશા શ્રીમાળી સરવૈયા કુટુંબ હિતેચ્છુ મંડળના
સેક્રેટરી—ભાવનગર.

પાટણથી સંઘ કાઢી મહાયાત્રા અર્થે મારૂં અહીં આવવું થતાં શ્રીમાન ભાઇ ઓધવજી રામજીના આમંત્રણને માન આપી હું ગોશાળા જોવા આવ્યો તેમાં તેઓ પશુ સેવા એજ પોતાના જીવનનું સાર્થક માની અંતઃકરણની ખરી લાગણીને પ્રેમથી નિઃસ્વાર્થે આત્મભોગ આપી ખરી ગોભક્તિ કરવાથી દરેક પ્રકારની સંભાળ ઉત્તમ પ્રકારની જોવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સબબ તેમણે આપેલા આત્મભોગ માટે અભીનંદન આપી ઉપકાર માનીએ છીએ. તા૦ ૧૮—૩—૧૯૧૭.

નગીનદાસ કરમચંદ.

શ્રી રાંધણપુરના વતની અમો શા૦ મોતીલાલ મુળજી તે સેક્રેટરી ઓધવજી રામજીની સાથે ગોશાળામાં ફરી સર્વે જાનવરોની સ્થિતિ, હિસાબી ચોપડા અને રીતભાત ઘણીજ ઉત્તમ પ્રકારની જોઇ ઘણોજ સંતોષ ઉપજેલ છે. એજ રીતે સુજ્ઞ બન્ધુઓ ધાર્મિક કાર્યમાં અહોનિશ તન મન ધનનો ભોગ આપી જે માણસ કાર્ય કરશે તેનું ભાગ્ય ઉદય થયું સમજવું. તા૦ ૨૭—૧૦—૧૯૧૨.

મોતીલાલ મુળજી (રાંધણપુરવાળા)

મુંબઈથી આવી ગૌશાળાની મુલાકાત લીધી તેમાં લુલી, અપંગ ગાયોની સંભાળ ઘણી સારી રીતે લેવાય છે તથા દરેક કાર્યનાં પત્રકો, નોંધો, હિસાબી નામાં, બહુ વીગતથી રાખે છે તે જોઇ આ ખાતાનું સઘળું કાર્ય સંતોષજનક જણાયું છે. સેક્રેટરી મી૦ ઓધવજી રામજી નીષ્પક્ષપાતપણે ઉત્સાહથી કાર્યદક્ષતાથી કાર્ય કરે છે તે ખરેખર બહુજ સ્તુત્ય ને અનુકરણીય છે તેજ પ્રમાણે જીવદયાની અન્ય સંસ્થાના કાર્યવાહકો પ્રયત્ન કરશે તો તે સંસ્થાઓ પણ આવી ઉત્તમ રીતે કાર્ય બજાવી શકશે.

તા૦ ૩—૨—૧૯૧૨ | કાપડીઆ નેમચંદ ગીરધરલાલ,
ભાવનગરવાળા.

મેં મુંબઇથી આવી આ ગૌશાળાની ને ઓફીસની મુલાકાત લીધી તેમાં હિસાબની ચોખવટ, નીયમીત કામ કરવાની શૈલી, સેક્રેટરી મી૦ ઓધવજી રામજીની કાર્યદક્ષતા, ખંતીલાપણું, ઢોરોની રખાવટ, અપંગ અને લુલાં લંગડાં ઢોરની માવજત વિગેરે બાબત જોઇ તે કામ ચલાવનાર મી૦ ઓધવજી રામજીને ધન્યવાદ ઘટે છે. તા૦ ૧૦—૬—૧૯૧૨

દલાલ શાહ મગનલાલ જીવરાજ ભાવનગરવાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌશાળાની મુલાકાત અમે લીધી તેમાં ગાયોની સ્થીતિ ને હીસાબી નામાની પદ્ધતી ઉત્તમ પ્રકારની જણાઇ છે તેમજ અપંગ ગાયોને જલદી આરામ થાય તેવા ચાંપતા ઉપાયો લેઇ સારવાર કરે છે ગાયોને રાખવાની જગ્યા ઘણીજ સ્વચ્છ રહે છે. સેક્રેટરી ઓધવજી રામજી કોઇ પણ સ્વાર્થ વગર પોતાની જીંદગીનો કીંમતી ભોગ આપી જે મહેનત કરે છે તે પ્રશંસાપાત્ર છે. તા. ૨૫-૧૧-૧૯૧૨.

લી૦ પારેખ મોરારજી ઘેલાભાઈના ટ્રસ્ટીઓ પોતે,
તથા જોડીયા ટ્રસ્ટીઓ પારેખ ગોકળદાસ વછરાજ.

મુંબઈથી આવી આજે અહીંની ગૌશાળાની મુલાકાત લીધી તેમાં તેના કાર્યોભારની રીતી તથા કાર્ય પદ્ધતિ અને નિયમીત રોજમેળ ઈ૦ હિસાબી વિભાગ વિગેરે તથા આરોગ્યતા જળવાય તેવા ગાયોને રહેવાના આશ્રમસ્થાનના વિશાળ છપર જોઇ હું જણાવીશ કે આ સંસ્થા હિન્દની જીવદયાની સઘળી સંસ્થામાં પહેલે નંબરે છે દરેક તંનદુરસ્ત ને માંદા ઢોરો માટેની ઇલાયદી સગવડો છેલ્લી ઢબના સુધારા વધારા સાથે સરખાવી શકાય તેવી છે. ખડ તથા કપાસીયા રાખવાના સ્ટોર ઘણાં સારા તથા ફાયરપ્રુફ છે તથા પાણીની રેલના અકસ્માત જોસ સામે ટકી શકે તેવા છે.

તે ગોઠવણો સેક્રેટરી ઓધવજી રામજીની કુનેહનેજ આભારી છે. એકંદરે દરેક વિભાગ નિયમસર ચોખ્ખા અને સરલતા પુર્વક ચાલે છે તેનો ખરેખરો અનુભવ આ ખાતું નજરે જોયા સિવાય થઈ શકે તેમ નથી તેથી આ ખાતું નજરે જોવા અમારી ભલામણ છે.

તા૦ ૧૦—૨—૧૯૧૫ | **નાનજી વિ. મંગળદાસ ગોપાળજી**
જાફરાવાદવાળા.

દેલવાડેથી આવી આ ખાતાનું સઘળું કાર્ય તપાસતાં હું કહી શકીશ કે સુપાત્રે દાન આપનારને ખરેખર આ પવિત્ર ખાતું છે. અમે ઘણાં દેશાવરના અનેક ધર્મ ખાતાની મુલાકાત લીધી છે તેમાં આ ખાતું શ્રેષ્ટ જણાયું છે. તે સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાના આત્મભોગની ખરી ગૌભકિતને આભારી છે તેનો ખરો અનુભવ જાતે જોનારનેજ થાય છે.
સંવત ૧૯૭૩ ના ફાગણ શુદ ૩ રવિવાર.

અમીદાસ હંસરાજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજરોજ ગોશાળામાં આવી ગોમાતાજીના દર્શનનો અલભ્ય લાભ લીધો. સેક્રેટરી મી. ઓધવજી રામજીએ ગાયો અને નામાના ચોપડા બતાવ્યા તેમાં ગાયોની ઉત્તમ સ્થીતિ અને હીસાબી નામાની ઉતમ પ્રકારની ગોઠવણુ જોવામાં આવી છે—તે સેક્રેટરી મી૦ ઓધવજીભાઈ આ ખાતાને પોતાની જીંદગી અર્પણ કરી તન-મનની લાગણીથી એક સરખી રીતે ખરી ગોભકતી કરે આવે છે તેને આભારી છે. તેમની આવી સ્તુતિપાત્ર લાગણી કાયમ રહો. અને તેમના ઉમદા કાર્યની સર્વ પ્રકારે ફતેહ થાઓ એમ ઇચ્છી તેમના જેવા કાર્યવાહક સેક્રેટરી આ ખાતાને મળી આવો એવી અમારી પ્રભુ પાસે પ્રાર્થના છે. તા. ૧૩—૮—૧૯૧૩

શેઠ વછરાજભાઈ ત્ર્યંબકભાઈ,
શેઠ માધવદાસ ત્ર્યંબકભાઇ, } નગર શેઠ-મહુવા

ભાવનગરથી લગ્ન પ્રસંગે આવવું થતાં આ જીવદયાની સંસ્થાની વીઝીટ લીધી તેમાં દરેક વ્યવસ્થા જોઇ અપાર હર્ષ થયો છે. આ સંસ્થા આર્યવૃતની સંસ્થાઓમાં સારી હસ્તી ધરાવે છે તે દરમીયાન અનેક સંકટો આવેલાં છે ત્યારે પણ સેક્રેટરી ઓધવજી રામજીએ ધીરજ ને સહન શકિત રાખી અડગ રહી સત્યતા ને પ્રમાણીકપણે નેક ટેકથી વહીવટ ચલાવતા આવ્યા છે તેથીજ આવું ઉંતમ પરીણામ અત્યારે જોવામાં આવે છે તેના થએલા અનુભવથી હું કહી શકીશ કે આર્યાવૃતમાં ગોરક્ષાનો ઝુંડો ફરકાવનાર મહર્ષિ સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીજીના ઉત્તમ પ્રયાસનું ખરૂં સાર્થક કરવાને જીંદગી અર્પણ કરી તન, મન, અને ધનથી સતત્ કામ કરનાર વીરનર ઓધવજી રામજી સરવૈયા સમાન મળવા દુર્લભ છે. એમ આ સંસ્થાની ભેટ લેનારને ખરો ભાસ થાય છે સબબ દરેકે આ સંસ્થાની મુલાકાત લેવાની હું જરૂર જોઉં છું એટલું જણાવી વીરામ પામું છું. તા. ૨૭—૨—૧૬

ઓધવજી કાળીદાસ પારેખ,
ભાવનગર આર્યસમાજ તથા દશા શ્રીમાળી મિત્ર
મંડળ અને સ્વયં સેવક સમાજના ઓનરરી સેક્રેટરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહુવા ગોરક્ષક સભાના કાર્યવાહક ઓનરરી સેક્રેટરી ઓધવજી રામજીના ઉદ્યોગ અને ખંતથી આ ખાતું ખ્યાતિ પામ્યું છે એવા સમાચાર વર્તમાન પત્રો દ્વારા તથા લોકો પાસેથી જાણી તે ખાતું સારૂં ચાલતું હશે એવી અમારી માન્યતા હતી. સબબ મુંબઈથી આવી આજરોજ ગોશાળાની વીઝીટ લેતાં મોસુફ સેક્રેટરીએ મારી સાથે ફરી સઘળું બતાવ્યું તેમાં જુદા જુદા વોર્ડમાં ઢોરને રાખવાની ગોઠવણ, સ્વચ્છતા, ઢોરોની રૂષ્ટ પુષ્ટ સ્થીતિ, માતા વગરનાં વાછરડાં ઉછેરવાની માવજત, હવાસિક-સુંદર અને વિશાળ ભવ્ય મકાનના આશ્રમ સ્થાન તથા સરકારી, દરબારી ખાતા જેવા નામાના હિસાબી ચોપડા જોવાથી ઉત્તમ પ્રકારની કાર્યવાહીનો ખરો અનુભવ થયો છે ને સ્વર્ગના ગૌ લોકનો આબેહુબ આભાસ થયો છે. આ સંસ્થાના માનદ્ મંત્રી કેવા તંત્રથી કામ ચલાવે છે તે મહુવા ગોરક્ષક કેમ્પ જાતે જોયા શીવાય તેનો ખરો ખ્યાલ કરવાને કોઇ સમર્થ નથી એમ કહેવાને જરા પણ અતિશ્યોકિત જેવું નથી. તેઓ સંસારી ને સાધારણ સ્થિતિના છતાં ઘર વ્યવહાર, ધંધો, રોજગાર વીગેરે સર્વસ્વ ત્યાગ કરી ખરેખરા ત્યાગી સાધુ તરીકે અંતરાત્માએ ભગવાં વસ્ત્ર ધારણ કરી પોતાનું અણમોલ જીવન આ ખાતાને અર્પણ કર્યાથી તદ્દન નિઃસ્વાર્થે ને નિર્લેપે ખરો આત્મભોગ આપી અનેક સંકટો વેઠી નેક ટેક ને દ્રઢ શ્રદ્ધાથી સત્યતાએ ખરી ગોભકિત કરે છે તેથી આત્મબળ વધવાને લીધે ત્રેસઠ વર્ષની વૃધ્ધાવયે જુવાન માણસ કરતાં પણ વિશેષ શકિતથી નિષ્કામ કર્મ કરી શકે છે. અમે ઘણા ધર્મ ખાતાં જોયાં છે તેમાં આ કેમ્પ જોયાથી અમારો ગર્વ ગળી ગયો છે. "કાળા માથાનો માનવી શું ન કરી શકે?" તેનો ખરેખરો નમુનો છે જેને નીતિ અને સત્યની સહાય છે તેની બરોબરી કોણ કરી શકે? કોઇજ નહીં. પૈસો ઘણા ખરચે છે પણ પ્રમાણીક કાર્યવાહકને અભાવે તેનો સદ્ઉપયોગ થતો અટકે છે. મોસુફ સેક્રેટરી આવા જીવદયાના કાર્યો કરવા દીર્ધાયુષ રહો ને હિન્દમાં તેમના જેવા ઘણા વીર રત્નો ઉત્પન્ન થાઓ એમ ઇચ્છી અમે વીરમીએ છીએ. તા. ૯—૬—૧૫.

શેઠ ભગવાનદાસ ભીગાભાઈ રેo ડેડાણ,
ગોરક્ષક ફંડના મુંબઈ ખાતેના પ્રેસિડેન્ટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરવાળાથી જાનમાં આવેલા સરવે આગેવાનો સાથે આ ગોશાળાની વીઝીટ લેતાં સેક્રેટરી મી૦ ઓધવજી રામજીના સ્વાર્પણથી ફલિત થએલ સ્વર્ગીય ગો લોકનો દિવ્ય પ્રકાશમય અવર્ણનીય અનુભવ મળ્યો છે. મોસુફ સેક્રેટરીની કાર્યદક્ષતા અને પરમ કલ્યાણકારી ગોમાતાની સેવામાં અડગ નિષ્ટા જોઇ અલૌકિક સેવાના પ્રદેશમાં ગમન કરતાં અન્ય પ્રાણીઓને નવીન બળ મળે છે તેનો ખરો અનુભવ આ ખાતાની વીઝીટ લેવાથી થાય છે. તમારા જેવા અનેક ધર્મવીર રત્નો હિંદમાં ઉત્પન્ન થાઓ એમ અંતઃકરણથી ઇચ્છુ છું. એજ તા. ૨૦–૫–૧૬

પ્રભુદાસ મોતીલાલ ભુતા,
બરવાળા બન્ધુ મંડળના ઓનરરી સેક્રેટરી.

જૈનશાળા અને જૈન કન્યાશાળાની પરીક્ષા લેવા સારૂ મારૂં આવવું થતાં આ ગોશાળાની વીઝીટ લીધી તેમાં સેક્રેટરી ઓધવજી રામજીએ મહારાજા દિલીપના જેવી ખરી ગોભકિત કરવાથી કાઠીઆવાડ, ગુજરાત, અને બલ્કે હિંદુસ્તાનના બહોળા દેશાવરમાં પુર્વના જેવું ગોમહાત્મ વધ્યું છે અને તેમના સમાગમમાં પણ તેમના જેવાજ નિખાલસ માણસો જણાય છે વિગેરે સંયોગોને લીધે તેઓ પુર્વના મહાન યોગીનો યોગભ્રષ્ટ આત્મા હોવાથી અધુરો રહેલો યોગ આ ભવે પુરો કરે છે અને આ ખાતાને કુદરતી ચમત્કારનો પરચો તથા ગૌતમ સ્વામીની પેઠે લબ્ધી હોવાની લોક માન્યતા છે એમ કહેવાને જરા પણ અતીશયોકિત નથી. માટે મહુવા ગોરક્ષક કેમ્પ જાતે જોઈ ખાત્રી કરવાની જરૂર છે.

હિન્દમાં આવા ઘણા ધર્મવીરો ઉત્પન્ન થાઓ અને આવા જીવદયાના કાર્યો કરવા તેઓ દીર્ઘાયુષ રહો એવી અમારી પ્રાર્થના છે. તા ૧૧–૬–૧૫

મોહનલાલ કેશવજી શાહ,
જામનગર જૈનશાળા અને જૈન કન્યાશાળાના
ઓનરરી સેક્રેટરી તથા કાઠીયાવાડ સ્થાનકવાસી
જૈન પાઠશાળાના પરીક્ષક.

ભાવનગર ગોરક્ષક સભાના કામ પ્રસંગે મારૂં આવવું થતાં ચાર દિવસ સુધી હું આ ગોશાળામાંજ રહ્યો તે દરમીયાન મારા જાતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવથી મને સિદ્ધ થયું છે કે ગોશાળામાં જેટલા જાનવર છે તે તમામ રૃષ્ટ પુષ્ટ અને સુખી છે. મકાન વિશાળ સુશોભીત અને આકર્ષક છે. મકાનના તમામ ભાગ અને છાપરો ઇત્યાદી નિરંતર સ્વચ્છ રાખવામાં આવે છે અને કાયમ ખંડ ખાંણુ નિયમાનુસાર અપાય છે.

ગોશાળાની અંદર જેટલા માણુસો છે તે તમામ મહેનતુ અને નિમકહલાલ મને જણુાયા છે. દફતરની તપાસ કરતાં ઉત્તમ પ્રકારની ચોખવટવાળું જણાયું છે. ખાતાના કલાર્કો શુદ્ધ દાનતના તથા મહેનતુ હોઇ કાળજી પુર્વક કામ કરનારા જણુાયા છે.

આ સંસ્થાનો ઉત્તમ પ્રકારનો વહીવટ ચલાવનાર ઓધવજીભાઇ સરવૈયા એક મહાન યોગીરાજ જેવા અને બીનસ્વાર્થ હોઇ અહોરાત્રી ગોશાળાનાજ કામમાં તન મન ધનથી મચ્યા રહે છે. પ્રભુ તેમને દીર્ધાયુષ આપે કે આવી કેવળ પારમાર્થીક અને દેશલાભી સંસ્થાને પુર્ણ સહાયતા મળે.

આ દેશહિતકારી અને આત્મ કલ્યાણકારી સંસ્થાને દરેક સ્થળેથી ઉત્તેજન મળવાની ખાસ જરૂર છે મને ખાત્રી થએલી છે કે દાતાનો ધારેલો હેતુ આ ખાતાના વ્યવસ્થાપકો અને કામ કરનાર માણુસોથી પુરતી રીતે સફળ થાય છે.

પરમાત્મા આ ખાતાની દિવસે દિવસે અભિવૃદ્ધિ કરો ઇત્સલમ.
તા. ૪-૩-૧૫

બહેચરલાલ ગૌરીશંકર ત્રિવેદી,
ભાવનગર ગોરક્ષક સભાના અવલ કારકુન.

પ્રથમથીજ મને આ સભાના ઓનરરી સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયા માટે ઘણું માન અને મોટી આશાઓ હતી તે પરીપુર્ણપણે ફળીભુત થયેલી જોઇ મને ઘણોજ આનંદ થયો છે. હિન્દની જીવદયાની સંસ્થાઓના કાર્યવાહકોમાં તેમને સૌથી શ્રેષ્ટ ગણનામાં મુકું છું. તેમણે જે જે કર્યું છે તે કોઇ કરી શકશે નહિ તેમનો આત્મભોગ, તેમના નિડર સ્વતંત્ર વિચારો એ સર્વને અનન્ય છે. તેમની કિંમત શબ્દોથી આંકી શકતા નથી. તેમને માટે હિન્દની પ્રજા ઘણીજ મગરૂર હોવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ અને છે તેઓ હિન્દ ભુમિમાં રત્ન છે. આવી જીવદયાની સંસ્થાની સેવા કરવા મને લાંબી મુદતથી ઉત્કંઠા છે પણ અફસોસ કે અનેક આવરણો આવે છે તેને દુર કરવામાં પુરૂપ પ્રયત્ન પણ સેવીએ છીએ ને પુર્ણપણે સેવા કરવાના અમને પ્રસંગ મળે એમ ઈચ્છા રાખીએ છીએ, ને હિન્દી પ્રજા એમના જેવી પરોપકારી બને એવી અભિલાષા સહ વિરામ પામીએ છીએ. સં. ૧૯૭૩ના પ્રથમ ભાદરવા સુદ ૧૫

દોશી બહેચરભાઇ લક્ષ્મીચંદ }
ગાંધી રગનાથ હામજી } કુંડલાવાળા

મુંબઇથી આવ્યા બાદ આજરોજ અત્રેની ગોશાળા જોવાને માટે અમો ગયા હતા. તેમાં ગૌશાળામાં લુલી, પાંગળી અને કોઇ પણ અવયવની ખામીને લીધે દુઃખીયારી ગાયોને માટે સારવાર અને ભરવાડ વૈદ્યોની ગોઠવણ બહુજ સરસ રાખી છે તથા તેઓને રાખવાની જગ્યો, ખડ, ખાંણ, પાણી વિગેરેની બધી ગોઠવણ જોઇ બહુજ સંતોષ થયો છે. તથા આવક જાવક અને તેનાં અંગનાં બધી જાતના હિસાબ સંબંધી નામાં, પત્રકો, દેશાવરોનાં પત્રો અને તેમનાં પ્રતી ઉત્તરોની બુકો અને ફાઇલો બહુજ ધોરણસર જોઈ અનહદ ખુશી થવા જેવું છે. આ બધી મેનેજમેન્ટનું પરિણામ લાયક અને પ્રમાણીક સેક્રેટરી મી૦ ઓધવજી રામજીનું છે. તેઓ હૃદય પુર્વક લાગણીથી કેવળ આ ધાર્મીક કામ બજાવે છે. ને તેમનીજ તન મનની પુર્ણ ખંતથી અત્યારે મહુવામાં ગૌશાળાનું ભવ્ય મકાન જોવામાં આવે છે. ખરેખર બધી જાતની પુર્ણ મેનેજમેન્ટથી આવું ધાર્મીક સ્થાન જોઇ હૃદય ઉપર જુદોજ આભાસ થાય તેવું છે અને ભવિષ્યમાં આ ગોશાળાનો બીજા દરેક ધાર્મીક કાર્યોને માટે દાખલો લેવા જેવું થશે એમ અમારી માન્યતા છે. તો સેક્રેટરી મી૦ ઓધવજીભાઇનેજ ખરી રીતે ધન્યવાદ ઘટે છે કે પોતાનું બધું કામ બાજુપર મુકી આ શેવાથીજ આપણું શ્રેય છે એવી હૃદય ઉપર કાયમ છાપ રાખી આ કામમાં રચ્યા પચ્યા રહે છે. તે બધી રીતે જોઈ બહુજ હર્ષ થાય છે. તે વિદીત કરૂં છું.

તા૦ ૨૨-૧૦-૧૯૦૯ | ઓચ્છવદાસ ભોટભાઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવનગરથી લગ્નના શુભ પ્રસંગે અમારૂં આવવું થતાં આ સંસ્થાની વીઝીટ લીધી. તેમાં ઢોરોની સ્થિતી પુંછલ, પાંકડાં, દુઝણાં વાછરૂ વિગેરે જાતવારી પશુઓને જુદા જુદા વેર્ડમાં રાખવાની ગોઠવણ. બીમાર, અપંગ, લુલાં, અનાથ જાનવરોને પાટાપીંડની માવજત, જગ્યાની સ્વચ્છતા, નોકરોનું નિયમીતપણું, હિસાબી નામાની ચોખવટ, પત્ર વ્યવહાર ને રીપોર્ટની પદ્ધતિ વિગેરે ઘણુંજ પ્રશંસાપાત્ર જણાયું છે. ઓનરરી સેકરેટરી શ્રીયુત ઓધવજી રામજી સરવૈયા ગ્રહ વ્યવહારથી વિરકત થઈ જીંદગીનો સમગ્ર ટાઇમ અર્પણ કરી પોતાની અનુભવી દેખરેખ નીચે ઘણીજ કાળજીને સંભાળથી ખરી ગોભક્તિ કરે છે તેથી આ ખાતું ખરેખર મદદને પાત્ર છે, માટે વિદેશી દાનવીરોએ આ ખાતું જાતે જોવા તથા યથેચ્છ સખી હાથ લંબાવવા દયા ભરી ફરજ સમજવાની છે. બંન્ને લોકનું શ્રેય ઈચ્છનારા જીવદયાના હિમાયતી બન્ધુઓને આ માર્ગ ખાસ અનુકરણીય છે. "જીંદગીને માટે ધર્મ નથી પણ ધર્મને માટે જીંદગી છે." એમ સેકરેટરી ઓધવજીભાઇએ તેમના હૃદયપર કોતરેલું જણાય છે, તેથી તેમનું દીર્ઘાયુષ થવાનું ઈચ્છી આવાં જીવદયાના કામો ઉપાડનારા તેમના જેવા સેંકડો ઓધવજી ભવિષ્યમાં ઉત્પન્ન થવાનું ઇચ્છી વીરામ પામીએ છીએ.

સંવત ૧૯૭૨ ના વૈશાક વદ ૧૩ સોમવાર.

શા. જગજીવન વિ. અમરચંદ જશરાજ વોરા.
શા. ભગવાનદાસ કરશનજી,
ભાવનગર પાંજરાપોળના જોઇન્ટ સેકરેટરી.
શા. નરોત્તમદાસ ગોવરધનદાસ વોરા.
શા. ભોગીલાલ હેમચંદ.
શા. નાનચંદ દેવચંદ.
ગાંધી ચત્રભુજ પીતાંબરદાસ.
મહેતા તારાચંદ લલુભાઈ—વળાવાળા.

આ ખાતું તપાસતાં સહસ્ત્ર ઢોરો સુખાકારીથી હયાત જીંદગી ભોગવે છે તે દરેક બાબતની સુઘડતા, સ્વચ્છતા અને ઉત્તમ નીયમીત વ્યવસ્થા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેક્રેટરી ઓધવજી રામજીના જાતીભોગને આભારી જોઇ આનંદનો અવધી થયો છે. તેનું બ્યાન કલમથી થઇ શકે તેમ નથી.

મહુવા તા૦ ૪-૭-૧૯૧૭ | દલપતરામ ભગવાનજી ત્રિવેદી,
મુંબઈ.

જુનાગઢથી અહીં આવી આ જીવદયાની સંસ્થાની વીઝીટ લીધી તેમાં દરેક પ્રકારની ઉત્તમ મેનેજમેન્ટ જોઇ હું જણાવી શકીશ કે આખા હિંદુસ્તાનની જીવદયાની સંસ્થાઓ સાથે આ મહુવા શહેરની ગોરક્ષક સભાની પાંજરાપોળ જે સરસાઇ કરતો દેખાવ આપે છે તે આખા મહુવા શહેરને મગરૂર થવા જેવું છે.

સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાએ "અર્થં સાધ્યામિ વા દેહં પાતયામિ" એ કહેવત પ્રમાણેની રહેણીયે રહી આત્મભોગ આપી નિષ્કામ કર્યાથી આત્માના અદ્રશ્ય હાથવતી શ્રદ્ધા, આશા આનંદ, ભકિત, અને હ્રદય ઉમળકાના ખરા પ્રેમ રૂપી હીરા માણેક વડે કાયમનો પુષ્કળ ખર્ચ પુરો પડે છે. તદઉપરાંત ગોશાળાનું ભવ્ય મકાન બંધાઈ રહ્યું છે તેનો પ્રકાશ ચારે બાજુએ આનંદના કીરણો ફેલાવે છે આત્મીક ઉન્નતીની સાતમી ભુમીકાએ પહોંચનારને શરીરના આત્મા સાથે કાંઇ સંબંધ રહેતો નથી એવા પૂર્ણ બ્રહ્મ જ્ઞાનીઓ શરીરને કાંટાના ઝાંખરા તુલ્ય ગણી તેનાથી છુટા થવા ઈચ્છે છે તેવી વૃત્તિવાળાને દોલત ગુલામ, ને દેવ ચાકર બને છે. સૂર્ય-ચંદ્ર અને તારાઓ તેની ઇચ્છાનુસાર ચાલે છે અને ઇંદ્ર વરૂણ તથા કુબેર તેનો હુકમ ઉઠાવે છે તે વૃત્તિના ઉંચી ભુમીકાએ ચડનાર સર્વ ગુણ સંપન્ન અપુર્વ મહાત્મા શુર ઓધવજીભાઇની ભવ્ય મુદ્રાનાં ઓઇલ પેઈન્ટીંગનું દર્શન કરતાં જે પ્રેમ ઉત્પન્ન થયો છે તે પ્રેમ બીજા કોઇ માણસનો ચેહેરો જોવાથી થયો નથી. તે પ્રેમની અસર દેહાંત પર્યંત રહેશે એમ જણાવી હું વિરામ પામું છું. તા૦ ૧૪-૧-૧૯૧૬ શુક્રવાર

વિ. લાખાણી ભાઇચંદ ગોવરધન.

રંગુનથી કામ પ્રસંગે આવવું થતાં આજરોજ આ ગોશાળાની વીઝીટ લીધી તેમાં સેક્રેટરી ઓધવજી રામજીએ સાથે ફરી અમને સઘળું બતાવ્યું ને અમને પણ યોગ્ય લાગી તેટલી તપાસણી કરી તેમાં જણાયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે ઢોરો મુકવા આવનાર પાસેથી કાંઈ પણ ફી લેવામાં આવતી નથી. જાતવારી ઢોરો જુદા જુદા વોર્ડમાં બાંધે છે, તેને રહેવાના આશ્રમ સ્વચ્છ રહે છે, ખોડાં આજારી ઢોરોને ઘાસની પથારીમાં રાખવાની અને પાટા-પીંડ બાંધવાની રખાતી માવજત અને ખડ ખાંણનો મોટો જથ્થો રાખી ઢોરોને પાળવા પોષવાંની ઉત્તમ પ્રકારની સંભાળ રાખવાથી ઢોરોની સ્થિતી રુષ્ટ પુષ્ટ જોવામાં આવી છે. નાણાંની આવક જાવકનો હિસાબ પણ ઘ-ણીજ ચોખવટ વાળો છે, તે સઘળું સેક્રેટરી ઓધવજી રામજીના આત્મ-ભોગને આભારી છે. આ સંસ્થાનો હેવાલ વર્તમાન પત્રો દ્વારા જાણ તથા અનેક લોકના મુખથી સાંભળીને આ ખાતું સારી રીતે ચાલતું હશે એવી અમારી માન્યતા હતી તે કરતાં પણ અધીક ઉત્તમ વ્યવસ્થા જાતે નજરે જોવાથી અનુભવમાં આવી છે. આ પવિત્ર ખાતાની બરોબરી કોઇ પણ ધર્મ ખાતું અમારા જોવામાં આવ્યું નથી. આવા જાથુકના ધર્મ ખાતાને દાન આપનાર દાનેશ્વરીઓનો મુળ હેતુ પુર્ણ અંશે પાર પડે છે તેનો ખરો ખ્યાલ જાતે જોયા સિવાય થવો અશકય છે, સબબ આ ખાતું જાતે જોવા જરૂર છે. તા૦ ૪–૪–૧૯૧૫.

શામજી ગોપાળજી
શેઠ અમરચંદ માધવજીની કું૦ ના
રંગુનના ભાગીદાર ને મેનેજર.

ભાવનગરથી આવી આ ખાતાની મુલાકાત લેઇ પુરેપુરી તપાસણી કરતાં જણાયું છે કે ઘાસ ચારાના દુકાળને લીધે બે હજાર ઉપરાંત ઢોરો હોવા છતાં પણ ઓનરરી સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયા ખંત, કા-ળજી, દયા, પ્રેમ ને નીરાભીમાનતાથી આ ખાતાનો વહિવટ ઘણીજ ઉત્તમ પંક્તિએ ચલાવે છે. વધારે ખુશી થવાનું એ છે કે ખડ, કપાશીયા, લા-ડવા, લાપશી, ટેઠવા, વિગેરે ઢોરોને ખવરાવવા અગર ઢોરોને રહેવાના છપર બાંધવા મળેલા ઓરડર પ્રમાણેજ તાત્કાલિક અમલ થવાથી આશ્રય-દાતાઓનો મુળ હેતુ પૂર્ણ અંશે પાર પડે છે તેને લીધેજ દેશપરદેશના દાનેશ્વરીના અંતરાત્માને કુદરતી પ્રેરણા થવાથી આ ખાતાને મદદ મોકલાવે છે; સબબ આ ખાતું સ્તુતિપાત્ર મદદ કરવા લાયક છે તેનો ખરો અનુભવ જાતે જોવાથીજ થાય છે. સંવત ૧૯૭૨ ના જેઠ શુદ ૩

શા. ગુલાબચંદ આણંદજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સભાની ખ્યાતી ન્યુસપેપરો તથા લોકવાયકાથી જાણી આ ખાતું આબાદ હોવાની અમારી માન્યતા હતી તે કરતાં પણ અધિક ઉત્તમ અનુભવ આ ખાતાની જાતે વીઝીટ લેવાથી અમોને થયો છે તેથી જણાવીશું કે સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાને જગડુશાનો અંશાવતાર અમે માનીએ છીએ તેવોજ અનુભવ આ ખાતું જાતે જોનારને થયો હશે અને થશે એવી હમારી માન્યતા હોવાથી આ ખાતું જાતે જોવા દરેકને અમારી વિનંતી છે. તા૦ ૨૮-૩-૧૯૧૬

જમનાદાસ અમરશી—જુનાગઢ.
કરશન ઓઘડ—જુનાગઢ.
કેશવજી દેવજી—જસદણ.
કરશનજી વછરાજ—જસદણ.
સુળજી વાઘજી—ગીગાસણ.

આજરોજ ગૌશાળાની વીઝીટ લેતાં ગાયો માટે તનદુરસ્તીના નિયમાનુસાર વિશાળ આશ્રમસ્થાન, ખડ ખાણનો મોટો જથ્થો, અપંગ બીમાર ઢોરોની પાટાપીંડની રખાતી માવજત ઢોરોનું થતું સંરક્ષણ અને હિસાબી ચોપડાનું દફતર જોઈ અપાર આનંદ થયો છે.

આ સંસ્થાના ઓનરરી સેક્રેટરી ઓધવજી રામજી સાધારણ સ્થિતિના અને ૬૩ વર્ષના વયોવૃદ્ધ છતાં દિવસ ને રાત ખંત ને કાળજીથી દેખરેખ રાખી જૈફ જીંદગીએ જે તનતોડ મહેનત લે છે તેની બરોબરી કોઇ યુવાનથી પણ બનવું અશકય છે. સબબ જીવદયાની સઘળી સંસ્થામાં આ સંસ્થા પહેલો નંબર ધરાવે છે તેનો આબેહુબ ચીતાર નજરે જોવાથી અમારો ગર્વ ઉતરી ગયો છે. પોતાની જીંદગીનો આવો સદુપયોગ કરનાર કોઇ પણ ધર્મ ખાતામાં અદ્યાપી સુધી અમારા જોવામાં આવ્યું નથી. તા૦ ૨૧-૪-૧૯૧૪.

નગરશેઠ કપુરચંદ ઠાકરશી—પાલીતાણા.
શા. ભીખાભાઈ વીઠલ—વળા.

આજરોજ આ ગોશાળામાં આવતાં સ્વાર્થ ત્યાગી મહાન પુરૂષાર્થી સેક્રેટરી ઓધવજી રામજીએ જે કાર્યક્રમની માહીતી આપી તેમાં ગોશાળાનું ભવ્ય અને તનદુરસ્તીની પુરી સગવડવાળું સ્વચ્છ મકાન અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં આશ્રય લેતા મુંગા પશુઓ તથા હીરાબી ચોપડા તપાસવાથી આનંદનો અવધી થયો છે. તેઓ સાધારણ સ્થિતીના ને વયોવૃદ્ધ છતાં દિવસ ને રાત જુવાન મનુષ્ય કરતાં પણ વિશેષ શ્રમ લઇ તન મનના ઉત્સાહથી ખરી ગો સેવા કરે છે તેથી આ સંસ્થા સારી હસ્તી ધરાવે છે; અને હજુ પણ દરેક રીતના સાધન, ખડ ખાણનો જથ્થો, મકાનો, કુવા, હવેડા વીગેરે સગવડો વિશેષ વધારવાનું ચાલુજ હોઇને દયાની તથા મનુષ્યની આખેરી અદભુત શકિત તથા નિઃસ્વાર્થ અને પરમાત્મા પરાયણ મહારાજા અશોકના જેવા પશુ સંરક્ષણના કાર્યો કરવાથી ઉત્પન્ન થતા જુસ્સાનો આદર્શ ભંડાર દુનિયાને જોવા તૈયાર કરશે એ નિઃસંશયછે.

તદ્દન નિઃસ્વાર્થે આવી કાર્ય કુશળતાથી પારમાર્થીક કાર્યમાં જાતી ભોગ આપનાર અદ્યાપી સુધી કોઈ પુરૂષ કાઠીયાવાડ, ગુજરાતમાં જોવામાં આવ્યો નથી બલ્કે ભારતવર્ષમાં પણ જવલ્લેજ મળશે. આવા અનેક વીર રત્નોને પરમાત્મા હિન્દમાં જન્મ આપે એજ ઈચ્છા. તા. ૧૫-૭-૧૪

નગરશેઠ ત્રીભોવનદાસ પરમાનંદદાસ—અમરેલી.

શ્રી મહુવા ગોરક્ષક સંસ્થાની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા દરેક સ્થળેથી સાંભળવામાં આવેલી અને પ્રભુ કૃપાએ આજે તે સંસ્થા નજરે જોવાની તક મળી. આર્ય પુત્રની વહાલામાં વહાલી ગો માતાના સંરક્ષણ માટે મકાનમાં જુદી જુદી ગોઠવણો અને માવજતની ઉત્તમ પ્રકારની સગવડો જોતાં અંતઃકરણને કોઈ વીલક્ષણ પ્રકારનો આનંદ થઈ આવ્યો. આ સંસ્થાના ઉત્પાદક મહાત્મા ઓધવજીભાઇ સરવૈયા આ સ્થળે હાજર હોવાથી તેમના દર્શનનો અલભ્ય લાભ મળ્યાથી તથા તેમના મુખાર્વિંદથી આ સંસ્થાનો ટુંક ઈતિહાસ સાંભળી તથા જોવાથી **मनुष्य यत्न इश्वर कृपा** એ સુત્ર અનુસાર આ સંસ્થાની અભિવૃદ્ધિ થએલી સીદ્ધ થાય છે. હાલના બારીક સમયમાં આવી સંસ્થાને દરેક સ્થળેથી ઉત્તેજન મળવાની ખાસ જરૂરં છે.

અને મારી પાકી ખાત્રી થએલી છે કે દાતાનો ધારેલો હેતુ આ ખાતાના વ્યવસ્થાપકો તરફથી પુરતી રીતે સફળ થાય છે. પ્રભુ અપંગ પ્રાણીઓના જાનોને સરાહત મળવા તથા ધનવાનો તથા વિદ્વાનોને પુણ્ય મેળવવાના સાધન રૂપ આ ખાતાની દિવસો દિવસ અભિવૃદ્ધિ કરો.

તા. ૨૪-૧-૧૯૧૫ | **જમનાદાસ વનમાળીદાસ વકીલ-અમરેલી.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઇમાં હરવખત વર્તમાન પત્રો દ્વારા તથા લોક વાઇકાથી આ સંસ્થાની પ્રશંસા જાણી આ ખાતું ખાસ જાતે જોવાની જીજ્ઞાશા હતી તે ઇષ્ટ ઇચ્છાએ આજે સફળ થતાં પરોક્ષ રીતે આ ગોશાળાની મુલાકાત લીધી તે વખતે ઢોરોને જીવાત કાઢી પાટા પીંડી બાંધતા સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાને જોઈ આનંદનો અવધી થયો. વિશેષ તપાસ કરતાં મોસુફ સેક્રેટરી સ્વાર્થ ત્યાગ સાથે ખરા પ્રેમથી જાતી ભોગ આપવાથી અમારા સાંભળવા કરતાં પણ વિશેષ પ્રશંસાપાત્ર પ્રત્યક્ષ અનુભવ મળ્યો છે. એજ રીતે આ ખાતું જાતે તપાસનારને ખરો અનુભવ મળશે ને અધિક આનંદ પામશે એમ જણાવવા હું મગરૂર છું. તા. ૪—૭—૧૭.

ગાંધી પ્રાણજીવનદાસ હરગોવિંદદાસ,—ભાવનગર વાળા.

મોલમીનથી આવી આ ગોશાળાની ભેટ લીધી તેમાં દરેક બાબતની તેજોમય વ્યવસ્થા જોઇ આનંદનો અવધી થયો છે. હિન્દમાં આવું સત્યતા અને પ્રમાણીકપણે ચાલતું ધર્મ ખાતું ભાગ્યેજ હશે. એવો અનુભવ મળયાથી જણાવીશ કે આખા હિન્દુસ્તાનમાં આ ખાતું સર્વોપરી છે તેમ કહેવું બીલકુલ અતિશયોક્તિ ગણાશે નહીં એટલું જણાવવા વીરામ પામું છું. તા. ૧૯—૮—૧૭ **પોપટલાલ મોનદાસ,**

આ ગોશાળાની વીઝીટ લેતાં આ સંસ્થાના સ્થાપક કાર્યવાહક સેક્રેટરી ઓધવજી રામજીના આત્મભોગથી ગાયોની સ્થિતી અને હીસાબી ચોપડા ઉત્તમ પ્રકારના જોઈ હું હિમ્મતથી જણાવીશ કે ગોરક્ષાના આગેવાન તરીકે તેમની માયાળુ કારકીર્દી માન ભરેલી હોવાથી તેઓ દેશમાં એક સત્તા સમાન થયા છે. તે નાદ હિન્દના એક નાકાથી બીજા નાકા સુધી સંભળાતો રહ્યો છે. તેમનું નામ દરેક શહેર અને ગામડામાં. દરેક મહેલ અને ઝુંપડામાં ઘરગતુ થઇ પડયું છે. તેમનું નામ અહીંની ગોરક્ષાની સ્થાપના, ખીલવણી ફતેહ અને શીક્ષતો સાથે કીર્તિના મંદિરમાં હમેશાં જોડાયેલું રહે છે તે કીર્તિની યાદ ભવિષ્યની પ્રજા આભારની લાગણી સાથે જાળવી રાખે એમ અંતઃકરણથી ઇચ્છનાર,

તા. ૭—૨—૧૯૧૩ | **જીવણલાલ ધનજી સરવૈયા,**
ભાવનગર દશા શ્રીમાળી સરવૈયા કુટુંબ
હિતેચ્છુ મંડળના જનરલ સેકરેટરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોશાળાની વીઝીટ લેતાં તમામ પ્રકારની વ્યવસ્થા ઘણીજ ઉત્તમ પ્રકારની જોઈ અપાર સંતોષ થયો છે તે એટલે સુધી કે ઓલ ઇંડીયામાં આવું વિશાળ પવિત્ર ખાતું ભાગ્યેજ હશે તેમાં જરા પણ અતિશયોક્તિ નહીં ગણાય એમ અમારૂં માનવું છે જેથી તેનું સઘળું માન ગોભક્ત શુર મહાત્મા ઓધવજી રામજી સરવૈયાની નિઃસ્વાર્થ ગો શેવાને ઘટે છે.

તા. ૧૬—૨—૧૭

ભગવાનદાસ દામોદરદાસ, } ઘોરડીવાળા
રામજી વિઠ્ઠલ સરવૈયા,

મુંબઈથી આવી આજરોજ અત્રેની ગોશાળાની મુલાકાત લેતાં આ સભાના પરમ પરમાર્થિ અને સ્વાર્થત્યાગી સેકરેટરી ઓધવજી રામજી સરવૈયાએ સાથે ફરી દરેક વિભાગ અને તેના કાર્યક્રમની વ્યવસ્થા બતાવ્યાથી વિશેષ સંતોષ થયો છે કે તેઓ સાધારણ સ્થિતીના છતાં પૈસાદાર મગર સત્તાવાનં કરતાં પણ અધીક માનપદ ઉદ્ધારક ને પરમાર્થી ખાતું ઉડાવી આદર્શ બનાવ્યું છે. તા. ૨૭—૭—૧૪

દોશી દ્વારકાદાસ કમળશી,—રાજુલાવાળા.

આજરોજ રાજુલેથી આવી આ ગોશાળાની ભેટ લેતાં જણાયું છે કે મહાત્મા ઓધવજીભાઈ દુનીયાની લૌકીક માયાનો ત્યાગ કરી કુદરતી અલૌકિક માયામય એક તાર થઇ તનતોડ મહેનતથી ગોસેવા કરી રહ્યા છે. આ ખાતું જાતે જોવા જરૂર છે એટલું જણાવી વીરમીએ છીએ.

તા. ૨૭-૭-૧૪

નગરશેઠ કાનજી જીવરાજ મકન રાજુલા વાળા

અત્રે મુંબઈથી આવી આ ગોશાળાની ભેટ લીધી તેમાં ગોપાળ ઓધવજી રામજી સરવૈયા શ્રીકૃષ્ણચંદ્ર પરમાત્માના સખા ઉદ્ધવનો અંશાવતાર હોવાથી ગોપાળ ચુડામણી તરીકે ગોપાલન થએલું જોઇ મગરૂર થયા છીએ. તા. ૨૩—૭—૧૫ શા. કરશનદાસ આણંદજી તથા મહેતા ભગવાનદાસ ગોપાળજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેલવાડાથી મારૂં કાર્ય પરત્વે અત્રે આગમન થતાં આ સંસ્થાની થતી પ્રશંસાની ધ્વનીથી આકર્ષાઇ આ સંસ્થાના સમાગમમાં આવવાની જીજ્ઞાશા પુર્ણ કરવાનો સમય મને મળ્યો છે તે ખાતે મને આનંદ થયો છે આ ગોશાળાશ્રમની વિસ્તૃત જગ્યા ગાયોને રહેવાની ખડ ખાણુ વિગેરે ની થતી યોગ્ય સગવડ સંતોષકારક છે. આ સંસ્થાના ઓનરરી સેક્રેટરી રા. ઓધવજીભાઈ જેની કર્તવ્ય નિષ્ટતા અને નિઃસ્વાર્થતા અનુકરણનીય છે. તેઓ શુભ કાર્યે પ્રેરાયા પછી જે સ્તુત્ય માર્ગ ગ્રહણ કરી લોકપ્રિય થયા છે તે ખાતે મારૂં તેમને અભિનંદન છે.

આ ગોશાળાશ્રમની મુલાકાત લઈ ગયેલા ગૃહસ્થોએ કરેલી નોંધો હું જોઈ ગયો છું અને તેમનાં ઉચ્ચાશયોમાં મારી પુર્ણ અનુમતિ છે. રા. ઓધવજીભાઇ કે જેમને આ સંસ્થાના કાર્ય અવલોકનારાં અનેક સદ્‌ગૃહસ્થો તરફથી આવકાર અને ધન્યવાદ અપાયા છે. તે સ્વીકારતાં આ કર્તવ્ય પરાયણ પુરૂષ કર્તવ્ય નિસ્પૃહી ઉચ્ચ માર્ગે વહન કરવાના પ્રયત્નને અભિનંદનીય ગણતાં નિઃસ્વાર્થ અને નિરાભિમાની પણે કાર્ય કરતા રહેશે એમ આ સંસ્થાના શુભેચ્છુઓને વિશ્વાસ છે. આ સંસ્થાની સગવડો અને ઉચ્ચાશયો પુર્ણ થતાં રહે એમ જગન્નિયંતા પ્રત્યે મારી પ્રાર્થના છે. તા. ૩૦—૧૦—૧૫ ગોમાતાનો શુભેચ્છક બાળક,

ગંગાદાસ તળશીદાસના યથાસ્મરણ યોગ્ય.

મુંબાઈથી દેશમાં આવી આ સંસ્થાની ભેટ લેઇ ગોમાતાના દર્શન કરતાં સ્વર્ગના ગોલોકના દર્શન થયા તુલ્ય ભાસ થયો દરમીયાન સેક્રેટરી ઓધવજીભાઇએ માનપુર્વક સર્વ બતાવ્યું તે જોઇ આ સંસ્થામાં ખરી ગોસેવા થયાનું જાણી ઘણોજ ખુશી થયો છું. જે સેવાના પરતાપે સેક્રેટરી દીરઘાયુષ રહો ને વિશેષ ગોસેવા બજાવો અને તેમની અચળ કીર્તિ યાવત્‌ચન્દ્રો દીવાકરો રહો એવી અમારી ખરા જીગરની પ્રાર્થના છે.

તા. ૮—૨—૧૬ | **શાંઘવી હેમરાજ વનરાવનદાસ,**

જાફરાવાદ વાળા.

ઉરણ બંદરથી લગ્ન પ્રસંગે અત્રે આવ્યા ગોશાળાની ભેટ લેવા ઇચ્છા હતાંજ એકાએક આવ્યા. ગોશાળામાં પેહતાજ ગોમાતાના દર્શનનો લાભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો તે વખતે સેક્રેટરી ઓધવજી રામજીને બીમાર ઢોરોને પાટા પીંડી બાંધતા જોઈ ઘણોજ હર્ષ થયો છે, તે કામથી ફારક થએ તેમણે સઘળું બતાવ્યું તેમાં માતા વગરના વાછરૂને ઉછેરવાની ગોઠવણ સર્વ ઢોરોની સ્થિતી તેના આશ્રમ સ્થાનની સ્વચ્છતા ને ગવર્નમેન્ટ ખાતા જેવું હીસાબી કામ જોઇ મને મળેલા અનુભવથી કહી શકીશ કે આવો જાતી ભોગ આપનાર સંસારી તો શું પણ ત્યાગી પણ ભાગ્યેજ મળી આવે છે, સબબ તેમને મહાન ગોભકત પશુરક્ષાના હિમાયતીનું જોડેલું વીશેષણ યથાર્થ છે તેનો ખરો ખ્યાલ આ સંસ્થા જાતે જોવાથી થાય છે. સબબ દરેકે આ સંસ્થા જાતે જોવાની હું જરૂર જોઉં છું. વિશેષમાં હજારો મુંગા પ્રાણીઓના દુઃખનું નીવારણ કરવા તેઓ લાંબુ આયુષ્ય ભોગવે એવી પ્રભુ પ્રાર્થના કરી હું વીરમું છું. તા. ૨૬-૩-૧૬

કરશનદાસ ખુશાલભાઇ સરવૈયા.

આ ગોશાળા તપાસતાં ઢોરોની રહેલી માવજત સ્થિતિ ને ઘાસપાણીની સગવડ ઉત્તમ પ્રકારની છે. કર્મવીર ઓધવજી રામજી સરવૈયાની ગોસેવા પ્રત્યેની અચળ શ્રદ્ધાને અનેકશઃ ધન્યવાદ સાથે અભિનંદન આપીએ છીએ. વિશેષમાં પરમાત્મા તેમને સહીસલામત રાખે એવી હમારી પ્રાર્થના છે. એજ તા. ૧૭—૨—૧૭

Vershi Chunilal Shah
વોરા ગોકળ પીતામ્બર
ગામ વેછણુ.

મોરસંનથી આવી આ ગોશાળાની ગાયોના દર્શનનો લાભ લેતાં સહસ્ત્ર ગાયોને આશરો મળ્યાનું સુખ અને તેના કાર્યવાહક સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાના આત્મભોગથી થતી ગોશેવા જોઇ અમે ઘણાજ ખુશી થયા છીએ. અમે દેશાવરની પાંજરાપોળ ને ગોશેવા જોઈ છે તેમાં સુપાત્રે દાન આપવાને આવું પવિત્ર ખાતું તેમજ નિઃસ્વાર્થે આવો આત્મભોગ આપનાર કાર્યવાહક કોઇ પણ જગે અમારા જોવામાં આવ્યો નથી તેનો ખરો અનુભવ આ ખાતું જાતે જોવાથી થાય છે.

તા. ૨૬-૨-૧૭ — નાનચંદ જગજીવનદાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ખાતું તપાસવાથી જે હર્ષ થયો છે તેનું બ્યાન કલમથી કરવે પાર પમાય તેમ નથી. વિશેષ ઉપમા શું આપવી. તે મુંગાના સ્વપ્ના જેવું છે તેનો ખરો ખ્યાલ આ ખાતું નજરે જોવાથીજ થાય છે તેથી દરેકને આ ખાતું જાતે જોવા મારી વિનંતી છે. તા. ૮—૫—૧૬

કરશનદાસ વલ્લભદાસ જાફરાવાદ વાળા.

આ ખાતાની વીઝીટ લેતાં હું કહી શકું છું કે સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાએ સોનાને કોદાળે વાવવા પુર્વક બીજો રોપ્યાં છે તેનું અમૂલ્ય ફળ આ લોક અને પરલોકમાં તે તથા તેમની પ્રજા લણશે. વધુ જણાવવાથી સોના ઉપર ઢોળ ચડાવ્યા બરોબર થાય છે તેથી વિશેષ લખવું બંધ કરૂં છું. સં. ૧૯૭૨ ના ચૈત્ર વદી ૯

વાણીયા સોની મુળજી કાળીદાસ ગોધાવાળા

ચોકસ કામ પ્રસંગે મી૦ ઓધવજીભાઇની મુલાકાત લેવા જરૂર પડ્યાથી તેમની દુકાને જઇ પુછતાં તેઓ આખો દીવસ ગૌશાળામાંજ રહે છે એવા ખબર મળ્યાથી ગૌશાળાની પવિત્ર ભૂમીમાં જવાનો મને અનાયાસે સુયોગ આવ્યો. ગૌશાળામાં પેસતાંજ મી૦ ઓધવજીભાઇને ખરા અંતઃકરણથી ગાયોની સેવા કરતા જોઇ તેમની ગૌ સેવા કરવાની ઉત્તમ કાળજી માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. આ પછી ગૌશાળાના દફતરની વ્યવસ્થા એટલી બધી ઉત્તમ અને સુવ્યવસ્થીત જોઇ કે આવી વ્યવસ્થા આપણે બીજા કોઇ પણ ખાતામાં ભાગ્યેજ જોઈ શકાયે. મી૦ ઓધવજીભાઇની કાર્યદક્ષતા માટે તેમજ તેમના આત્મભોગ માટે તેમના ગુણાનુવાદ વર્ણવી શકવા મારી લેખીની અસમર્થ છે.

ખરેખાત આ અધમ કળીયુગમાં દૈવી અંશ તરીકે ધર્મનું સ્થાપન કરવા, અનુભવ પ્રગટ કરવા તથા આર્યના દબાઇ ગયેલા ગૌમહાત્મ ધર્મને ઉત્તેજીત કરનાર કોઈ ઉત્તમ વ્યકિતએ જન્મ લીધો હોય એમ મને મારી વૃત્તિ કહે છે.

મી૦ ઓધવજીભાઇ તન, મન, ધનના અર્પણ પુર્વક જે ગૌ સેવા કરે છે તે સ્તુતિપાત્ર છે અને દરેકને અનુકરણીય છે. આવા પારમાર્થીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાય માટે મી૦ ઓધવજીભાઇને પરમાત્મા લાંબુ આયુષ આપે અને તેમના જેવા નરવીર આર્ય ભૂમીમાં ઉત્પન્ન કરે એવી પ્રાર્થના કરૂં છું.

તા. ૫—૭—૧૯૦૯ | પુરૂષોત્તમદાસ પીતાંબરદાસ,
મહુવા સ્વદેશી સ્ટોર્સના મેનેજર.

મહુવા ગોરક્ષક સભાની કીર્તી ભારત ભૂમીમાં ગાજી રહ્યાનો ધ્વની મારા સાંભળવામાં આવ્યાથી આ ખાતાનું નિરીક્ષણ કરવા હું જીજ્ઞાસુ હતો જે પ્રભુ કૃપાએ તે જીજ્ઞાશા આજે પાર પડી.

ગોશાળા અને ઓફીસમાં આખો દીવસ રહી મેં જે જે અવલોકયું તે લખવાને અવર્ણનીય છે. તો પણ યતકિંચીત ઉભરો સ્વમેળે નીકળી આવે છે—

આ સભાના કાર્યવાહક સેક્રેટરી મી૦ ઓધવજી રામજી નિષ્કામ વૃત્તિથી તન, મન, અને ધનથી ગો શેવા કરી પોતાના આત્માનું કલ્યાણ કરે છે એટલુંજ નહિ પણ તે પોતાના કુળ, ગામ, અને દેશનું પણ કલ્યાણ કરે છે તે કહેવા મને અતિશયોકતી જણાતું નથી. તેમના જેવા નિઃસ્વાર્થે ને પ્રમાણીકપણે ભગીરથ પ્રયત્ન કરનારા ગણ્યા ગાંઠયા મળવા પણ મુસ્કેલ છે તેમના જેવા નર રત્નો હિન્દમાં ઘણા ઉત્પન્ન થાઓ એવી હમારી અંતઃકરણની શુદ્ધ ઈચ્છા છે. તા. ૮–૬–૧૯૦૫

લાલચંદ કાળીદાસ બગસરાવાળા.

જંગબાર વ્યાપારાર્થે મારૂં લાંબી મુદત રહેવું થયેલું ત્યાં મહુવા ગોરક્ષાની કીર્તિ પેપરોદ્વારા જાણી તથા આ ખાતું ઉત્તમ પ્રકારે ચાલતું હોવાનો ધ્વની સાંભળી આ ખાતું નજરે જોવા મને ઉમેદ હોવાથી ચોકસ કામ માટે મારૂં મહુવે આવવું થતાં ગોશાળાની વીઝીટ લીધી તેમાં ગાયોની ઉત્તમ સ્થિતી અને હિસાબી નામાની ઉત્તમ પ્રકારની ગોઠવણ જોઇ ઘણોજ આનંદ થયોં છે.

સેક્રેટરી ઓધવજી રામજી સંસારી ને સાધારણ સ્થીતીના છતાં પરની શેવા એજ આત્મોદ્ધારક સુખરૂપ ને મોક્ષ માર્ગ સાધક જાણી નાણું હાથમાં નહિ ઝાલતાં, કુટુંબ, પરીવાર, ધંધારોજગારની ઉપાધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડી બ્રહ્મચર્ય પાળી, પોતાના દેહના ભાડા રૂપ માત્ર એકટાણું જમવા જવા શીવાયનો તમામ વખત ખરેખરા ત્યાગી (સન્યાસી) માફક નિષ્કામ વૃત્તિથી ખરી ગોભક્તી કરે છે, એ રીતે કંચન કામનીનો ત્યાગ કરી સત્યતાથી આ ખાતું ચલાવવાથી આ ખાતાને પરચો થયો છે તેથી કાંઇ પણ કાયમી લાગા ઉપજ વગરના આ ખાતાનો કાયમી મોટો ખર્ચ પુરો પડે છે એવો ચમત્કારી મહીમા સત્ય સીદ્ધ જણાયાથી થતા આનંદમાં ઓર વધારો થયો છે. આવા ચમત્કૃતીવાળા નરરત્નો ભારતભૂતીમાં ઉત્પન્ન થાઓ અને આવા પારમાર્થીક કાર્યો કરો એવી હમારી પ્રાર્થના છે.

તા. ૫—૩—૧૯૦૩ | જમનાદાસ ખોડીદાસ રાજુલાવાળા

ઈબાનથી ચોકસ કામ માટે મારૂં અહીં આવવું થતાં મેં ગોશાળાની ભેટ લીધી તેમાં લુલી, આંધળી વીગેરે બીમાર ગાયોની રહેણી માવજતથી ઉત્તમ સ્થીતી જોવામાં આવી તેમજ હિસાબી નામાની ઉત્તમ પ્રકારની ગોઠવણ જોવામાં આવી તે સઘળું આ ખાતાના સેક્રેટરી ઓધવજી રામજીએ આર્ય ધર્મને માન આપી નિષ્કામ વૃત્તિથી ખરી ગોભક્તી કરવાને આભારી છે. તેથી દરેક જીવદયાની સંસ્થાએ મોસુફ સેક્રેટરીનું અનુકરણ કરવા જેવું છે એટલું જણાવી આ ખાતાનો વિજય ઇચ્છીએ છીએ. તા. ૧—૬—૧૯૦૬ અમીદાસ કરશનદાસ.

ઓંચા મુગટ (આફ્રિકા) થી અહીં આવ્યા બાદ ગોશાળામાં આવી આખો દીવસ રહી તપાસણી કરી તેમાં ગાયોની ઉત્તમ સ્થિતી તેને રહેવાને સ્વચ્છ જગ્યા, ખડ-ખાણુનો જથ્થો તથા નામાની ઉત્તમ પ્રકારની ચોખવટ જોવામાં આવી છે તે સેક્રેટરી ઓધવજી રામજીની નિષ્કામ વૃત્તિથી થયેલી ગોભક્તીને આભારી છે. આવા ચમત્કારી નરરત્નો ભારતભૂમીમાં ઉત્પન્ન થઈ દેશનો ઉદય થાઓ તે આ ખાતાનો વિજય થાઓ એમ અમો ખરા જીગરથી ઇચ્છીએ છીએ. તા. ૨૫-૫-૧૯૦૬

મગનલાલ ભવાન.

શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માએ ગાયોનું રક્ષણ કરી ગોપાળનું બીરુદ મેળવ્યું છે. તેજ અનુસારે તમે ગોરીવાનાં જે સાહસ કરો છો તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમાત્મા સહાય થઇ તમોને અતી બળ આપે એવી અમારી પ્રાર્થના છે
મધુગ્રા (આફ્રિકા) તા. ૧૮—૪—૧૯૧૩

કલ્યાણદાસ જેઠાભાઈ—દીવ વાળા.
મગનલાલ ભવાન—મહુવા વાળા.

તમે દેહ હિતાર્થના લૈકીક કાર્યનો ત્યાગ કરી આત્મહિતાર્થના પારલૈકીક કાર્યો કરી ખરૂં જીવન સાર્થક કરો છો તમે ત્યાંના ગોરક્ષક ખાતાનો વહિવટ સત્યતા ને પ્રમાણીકપણે ચલાવવાથી દયાળુઓને કુદરતી પ્રેરણા થતાં કાયમ મદદ મળ્યા કરે છે; તેને લીધે કાંઇ પણ લાગા ઉપજ વગરના ખાતાનો પુષ્કળ ખર્ચ કાયમ પુરો પડે છે; તે સંબંધીના ચમત્કારનો ધ્વની સાંભળી તમારો ને તમારા હથુના સર્વ ધર્મ ખાતાનો વિજય ઇચ્છી તમારા જેવા ચમત્કૃતીવાળા નરરત્નો ભારત ભૂમીમાં ઉત્પન્ન થવા પ્રાર્થના કરૂં છું.

ચિન્દી (ઓરીયન્ટલ આફ્રિકા) તા. ૪-૮-૧૯૧૩.

શેઠ દામોદર આણંદજી.

આ ખાતાની વીઝીટ લેતાં કાર્યવાહક સેક્રેટરી ઓધવજી રામજીના આત્મભોગથી ગાયોની ઉત્તમ પ્રકારની સ્થિતિ અને પ્રમાણીક પણે હિસાબી નામાની ગોઠવણવાળા ચોપડા તથા દરેક વ્યવસ્થા સ્તુતિપાત્ર જોઈ ઘણોજ આનંદ થયો છે. તા૦ ૨૫-૫-૫-૧૯૦૭.

સંઘવી જીવરાજ હંસરાજ,
કુંડલા ગૌરક્ષક સભાના પ્રેસીડેન્ટ.

આજરોજ ગૌશાળાની વીઝીટ લેવાનો યોગ મને પ્રાપ્ત થયો તેમાં ગાયોનું રક્ષણ કરવાનો હેતુ ઉત્તમ પ્રકારનો સચવાઇ રહેતો સંપુર્ણ રીતે જોવામાં આવે છે. ખોરાકની વ્યવસ્થા બહુ ચોખ્ખાઇ ને સંભાળથી યોગ્ય રીતના હિસાબથી થાય છે ગૌરક્ષાના વહિવટમાં કોઇ પણ પ્રકારે ગરબડ થઇ શકે નહિ તેવા હિસાબી ચોપડાનું બંધારણ છે. સરવે વહિવટ ચલાવવાની પદ્ધતિ બહુજ પ્રશંસનીય છે. આ સંસ્થા સંપુર્ણ પ્રકારે પોતાનું કાર્ય ઉત્તમ પ્રકારે બજાવે છે એમ પુરી ખાત્રી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૌકીક કાર્યમાં કેટલેક ઠેકાણે માન સ્વાર્થ ભેળવાય તો તે કાર્ય શુદ્ધતાથી ચાલતું નથી એટલુંજ નહીં પણ તેમાં ઈશ્વરી પ્રેરક સત્તાનો લાભ સંપુર્ણ પણે સચવાતો નથી તો તેવા ધર્મ ખાતાં નિરર્થક છે આ ધર્મ ખાતું અતિ ઉત્તમ પ્રકારે પોતાનું કાર્ય કરે છે તેનું કારણ માત્ર આનરરી સેક્રેટરી મી૦ ઓધવજીભાઇના દીલની નિઃસ્વાર્થ અને નિર્માણ પણે ઇશ્વર પ્રીત્યર્થે લૌકિક નહીં પણ પારલૌકિક લાભ લેવાની ઉતમ ધર્મ લાગણીવડે દેખાય છે તેને માટે તેમને પરમાત્મા અતી ઉત્તમ બદલો આપશે પરંતુ આ પ્રકારે તન, મન, ને ધન વડે શેવા કરવા માટે તેમને પુરો ધન્યવાદ ઘટે છે. આવા જાથુકના ધર્મ ખાતાને સદ્‌ગૃહસ્થોએ જાથુ આવક માટે કાંઈ યોજના કરવી ઉચીત જણાય છે. તા૦ ૨૪-૪-૧૯૦૫.

નારણજી શામજી,
નાયબ ફોજદાર.

વીઝીટ લેતાં મારા મનમાં જે વિચારો આવ્યા છે તે જણાવવા હું સમર્થ નથી સબબ ફકત એટલુંજ જણાવવા માગું છું કે દેશ પરદેશના સંખ્યાબંધ યુવકોએ જાતે મુલાકાત લેવાથી આબેહુબ ખરો ચીતાર ખડો થશે. તા૦ ૨૫-૫-૧૯૦૬.

નારણજી શામજી,
નાયબ ફોજદાર.

આ ગોશાળાની વીઝીટ લેઈ મેં બે કલાક તપાસણી કરી તેમાં ગાયોની રૂષ્ટ પુષ્ટ સ્થિતિ, ગાયોને રાખવાના વિશાળ છપરો ને તેની સ્વચ્છતા તથા નાણાંના હિસાબી કામ ઘણુંજ ઉત્તમ પ્રકારનું જોવામાં આવ્યું તેમજ બારી માતલપર ગામના અમારા દરબાર ભીમભાઇ મસરીભાઇના માતલપર ગામમાં પણ આ સંસ્થાની ગાયો રાખવાનાં વિશાળ છપરો ને તેમાં પણ ઢોરની રખાતી સંભાળની ઉત્તમ પ્રકારની ગોઠવણ જોઇ ઘણોજ આનંદ થયો છે. કાઠીયાવાડમાં કોઇ પણ ધર્મ ખાતાની આવી ઉતમ ગોઠવણ મારા જોવામાં આવી નથી આ બાબતનું માન સેક્રેટરી મી૦ ઓધવજી રામજીના આત્મભોગને આભારી છે. તા૦ ૮-૬-૧૯૦૬.

લાધાભાઈ મોનજી વકીલ,—રાજકોટ
બારી માતલપર કામદાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈથી આવી મેં અહીંની ગોશાળાની વીઝીટ લીધી તે વેળાએ સેક્રેટરી ઓધવજી રામજીએ માનપુર્વક તે ખાતાના ચોપડા તથા ગોશાળાનું મકાન અને ગાયો બતાવ્યાથી તે જોઇને મને ઘણોજ સંતોષ થયો છે મોસુફ સેક્રેટરીએ કાંઇ પણ આશા વગર ખંત ને કાળજીથી આ ખાતું સ્થાપન કર્યું છે ત્યારથી એક સરખી રીતે ગૌ શેવા બજાવે આવે છે તે ઘણુંજ પશંસાપાત્ર છે. તા૰ ૧૧-૪-૧૯૦૯.

હરગોવિંદદાસ ભગવાનદાસ તારવાળા,

મહુવાની ગૌશાળાની વીઝીટ કરવા ઘણી મુદતથી મન આકાંક્ષા કરતું હતું અને ચોકસ કામને લઇને આંહી આવવું થતાં આ ગૌશાળાની વીઝીટ લીધી તેમાં ગાયોની ઉતમ સ્થિતિ, સર્વ પ્રકારનું દફતર અને હિસાબ રાખવાની ઉતમ પ્રકારની ગોઠવણ સ્તુતિપાત્ર ને સંતોષકારક જોવામાં આવી છે. સેક્રેટરી ઓધવજીભાઇની જાતીકી લાગણીથી ગોરક્ષાના હેતુ અનુસાર ખરેખર આ સંસ્થાનું ઉતમ સ્થિતિનું કામ જોઈ આશા રાખું છું કે મહુવા ગોરક્ષક સભા હમેશાં હેતુ પ્રમાણે પોતાના કાર્યમાં ફતેહમંદ થશે. તા૰ ૨-૧૦-૧૯૦૨.

પ્રભુદાસ મોતીચંદ વકીલ,
ભાવનગર ગોરક્ષક સભાના સેક્રેટરી.

આ ગૌશાળાની મુલાકાત લેતાં મને જણાવવાને ખુશી ઉપજે છે કે ગોરક્ષાનું દફતર એવું તો વિગતવાર ને જોનારને સમજાય તેવું છે કે તેમાંથી કોઇ પણ માણસ કાંઇ પણ ગેરવ્યવસ્થા કરી શકે નહીં. અહીંની તમામ ગાયોને પુરતી ખોરાકી આપી ઉતમ શેવા કરે છે ભેટ દાખલ ગાય મોકલનારને તેને દુઃખ થશે એવી લેશ પણ ચીંતા થતી નથી આવી ઉતમ વ્યવસ્થા માટે તેના માનવંત સેક્રેટરી ભાઇ ઓધવજી રામજીને સંપુર્ણ શાબાશી ઘટે છે. મારી વિનંતી છે કે દરેક ગૃહસ્થે આ ખાતાને મદદ કરવીજ. તા૰ ૬-૧૨-૧૯૦૪,

લલુભાઈ કાળીદાસ ઓઝા,

મેં આ ગૌશાળામાં આવી ગાયોના દરશન કરી ગાયોની સ્થિતિ અને વહિવટના ચોપડા તપાસી જોવાથી જે સંતોષ થયો છે તેનું બયાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલમથી કરી શકાય તેમ નથી આવીજ રીતે આ સંસ્થાનો વહિવટ ચાલી કીર્તિનો યશસ્વી વાવટો મેરૂને શીખરે ફરકી રહો એવી જગત્ કર્ત્તા પ્રત્યે પ્રાર્થના છે. તા. ૨૪-૯-૧૯૦૧.

ઘોળકીયા મગનલાલ ભાઈચંદ—ભાવનગરવાળા.

આ ગૌશાળાની વીઝીટ લેતાં લુલી અપંગ ને બીમાર ગાયોની ઉતમ સ્થિતિ અને હિસાબી ચોપડાની ઉતમ પ્રકારની ગોઠવણ જોઇને આનંદ થયો છે. તેનું બયાન કલમથી થઈ શકતું નથી આ ખાતાના સેક્રેટરી ઓધવજી રામજી નિઃસ્વાર્થે પોતાનું જીવન આ ખાતાને અર્પણ કરી તન, મન, ધનની ખરી ગૌભકિત કરે છે તેથી સત્યુગની માફક ગાયોનું માહાત્મ ઘણુંજ વધાર્યાથી તેમને ધન્યવાદ ઘટે છે. તા. ૧૧-૫-૧૯૧૨.

ગાંધી અનોપચંદ ચત્રભુજ—બોટાદવાળા.

ગૌશાળાની વીઝીટ લેતાં સભાને ભેટ આવેલી રકમ નિરાધાર અપંગ ગાયોના પોષણ કરવામાંજ વપરાય છે ને તેનો હિસાબ ઘણોજ ચોખો રહે છે. આવી દેખરેખ ને સતતાએ દરેક ધર્માદા ખાતાં ચાલતા હોય તો ખાતા પ્રત્યે અવશ્ય દયાળુ લાગણી થાયજ. તા. ૨૭-૫-૧૯૦૬.

વોરા વીરજી હંસરાજ—ડુંગરવાળા.

આવેલા કાગળોના ઉન્તેખાબ.

× × × ગૌ શેવાના ધર્મ કાર્યમાં તમોએ તમારૂં મન જોડેલું છે તે જોઇ આનંદ થાય છે. લીંબડી તા० ૧૩-૭-૧૯૧૩.

બામા સાહેબ શ્રી બાઈરાજબા,
રાણી સાહેબ—લીંબડી.

સવિનય લખવાનું કે તમારો તા० ૩-૭-૧૯૧૨ નો પત્ર મળ્યો છે. આપના આમંત્રણને માન આપી તમારી તરફ આવવાને હું ઘણી ખુશી છું પણ દીલગીર છું કે કેટલાક કામના દબાણને લીધે તમારી તરફ આવવાનું મુલતવી રાખ્યું છેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા દુકાળને પ્રસંગે આપ જેવા સજ્જનોએ જે શ્રમ ઉઠાવ્યો છે તેને માટે તમોને ધન્યવાદ આપતાં ઘણો આનંદ થાય છે.

ભાવનગર તા૦ ૭-૭-૧૯૧૨. | શુભેચ્છક,

જમનાબાઇ નગીનદાસ સક્કઈ.

આપ જે તન, મન, અને ધનથી બીન સ્વાર્થી ગો શેવા તથા તેના સાથે દેશ સેવા બજાવો છો તેમાં ઇશ્વર આપને દરેક રીતે સહાય થાઓ એજ હું ઈચ્છુ છુંજી. ભરુચ તા૦ ૩૦-૭-૧૯૧૨

શુભેચ્છક બ્હેન,

માણેકબાઇ હોરમસજી દારોરીયાની દુવા.

આપ ત્યાં જે સરસ અને ઉત્તમ કામકાજ કરો છો તેની આ લૉજ ઘણીજ કદર કરે છે + × + આપે અમોને જે આવી તક આપી તેને માટે અમો આભાર માનીએ છીએ. રાજકોટ તા૦ ૧૫-૭-૧૯૧૩.

એસ૦ એમ૦ ક્રોન્ડીન્યા,

રાજકોટ થીઓસોફીકલ સોસાઇટી લૉજના ઓનરરી સેકરેટરી.

મહુવા ગોરક્ષક સભાના પ્રેસીડેન્ટ,

વિ. કે તમારી સભા જે ભારે કામ કરે છે તેનો યશ તેના સુયોગ્ય સંચાલક-માનદ મંત્રી મહાત્મા ઓધવજી રામજી સરવૈયાને ઘટે છે. સુરભી સેવા-પશુ પાલનનો અપુર્વ લાભ એજ તેમનું ગહદ ભાગ્ય હોઇ મહાન પુણ્ય ઉપાર્જન કરે છે તે આત્મોન્નત્તિકારક છે.

અમદાવાદ તા૦ ૩૦-૩-૧૯૧૭ | લી૦ કૃપાકાંક્ષી અને સ્નેહાધિન,

હિંમતલાલ વૃજવલભ

મહાજ્યોતી માસિકના અધીપતી.

મહાન ગોભકત શ્રી ઓધવજીભાઈ,

એક ગોભકતની સંજ્ઞાથી પ્રસિદ્ધ કરતાર તરફથી આપનું જીવન ચરીત્ર ઘણા દીવસથી મને મળ્યું છે. શરીર અસ્વસ્થ રહે છે તેથી, તથા બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનીવાર્ય ઉપાધીઓને લીધે એ પુસ્તક હું કાલે વાંચી શકયો અને આજ ટુંકમાં ઉત્તર લખું છું તે દરગુજર કરશો.

એક ગોભકતે આપનું ચારિત્ર લખીને એક કીંમતી દેશ સેવા કરી છે કેમકે વર્તમાન અને ભાવી ગુર્જર પ્રજા આગળ તે હંમેશને માટે અનુકરણીય થઈ પડશે એમ માનું છું. આપણા દેશમાં જીવન કથાઓ લખવાનો મુખથી વહીવટ નથી તે ખરે શોચનીય છે પાશ્ચાત્ય પ્રજામાં એ રિવાજ ચાલતો હોવાથી તેને અતુલ લાભ થયો છે. તે "જાત મહેનત" જેવા ગ્રંથોનું અવલોકન કરવાથી સમજાશે. આપણા દેશના આપ જેવા મહાત્માઓના ચરિત્રો એકત્રીત કરી પ્રકટ કરવાનો વિચાર "જાત મહેનત" છપાવતાં બહુ બહુ થયેલો પણ સામગ્રીના અભાવે તે માંડી વાળવો પડયો. આપનો ફોટો જોતાં મને લાગે છે કે આપણે મહુવામાં કે અન્ય સ્થળે મળ્યા છીએ પણ ઘણાં વર્ષની વાત એટલે ચોકસ કહી શકાતું નથી આપના કાર્યની કદર વર્તમાન પત્રોએ તથા જુદા જુદા ગૃહસ્થોએ કરી છે એમ એ પુસ્તક આદ્યંત વાંચતા જણાઈ આવે છે. અને તેથી તથા આપના નિઃસ્વાર્થ આત્મભોગને માટે અંતઃકરણથી ધન્યવાદ આપુંછું. આપને એક દેશ ભકત તરીકેજ હું લેખુંછું કેમકે ગાયોનું રક્ષણ તે દેશની આબાદીનું સબળ સાધન છે અને આપના જીવન વૃતે આપના ગામને જાણીતું કર્યું છે. આપની જ્ઞાતિને અજવાળામાં આણી છે અને આપના કુળને ઉજાળ્યું છે. ! ! ! આપ જેવાજ લોકોપયોગી કામો કરવાવાળા આવું જોઇને બીજા યુવકો નીકળી આવો એમ ઇચ્છું છું ને તેમ થશેજ કેમકે સંત પુરૂષોના જીવનનો પ્રતાપ માપી શકાતો નથી આપણે કલ્પી પણ ન શકીએ. તેમ અણધાર્યે સ્થળેથી અણચીંતવી જળહળ કરતી જ્યોત પ્રકટી નીકળે છે. મારે જમણે હાથે ઈજા હોવાથી દાકતરે લખવાની મના કરી છે માટે આટલું લખવું તે શ્રમસાધ્ય થઈ પડયું છે તે માની લેશો. શુભેચ્છક,

સુરત તા. ૨૫-૪-૧૯૧૫ | ગણપતરામ અનુપરામ ત્રિવેદી,
કાઠીયાવાડ મેલ ટ્રેનીંગ કોલેજના લેટ પ્રિન્સીપાલ.

સેવા ધર્મ મારત ભાઇ શ્રી ઓધવજીભાઇ વિ. કે ગયા મેની તા. ૧ લી જાવક નંબર ૬૧૯૦ નો તમારો પત્ર પહોંચ્યો છે. તે મારી પાસે રાખીને રોજ સવારમાં જો જો કરૂં છું અને હવે વધતી જતી વૃદ્ધાવસ્થાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે મારા મનના ભાવ પ્રમાણે ઇચ્છા છતાં આપને વિસ્તારથી જવાબ લખવાની આશાએ આપનો કાગળ આજ સુધી રાખ્યો પણ હવે વધારે ઢીલ કરવી તે હંમેશને માટે કદાચ ઢીલ થઇ જાય તેથી આજ થોડી લીટીઓ લખીને મારા મનનું સમાધાન કરૂં છું. હું ગયા જુન માસમાં ભાવનગર ગયો હતો ત્યાં એક મહીનો રહેવું થયું અને ત્યાં તમારા સંબંધી વાત નીકળતાં તમારી પ્રવૃતિ અને નિઃસ્વાર્થ સેવા તથા પરોપકાર વૃતિનાં ઉદ્‌ગાર મારે કાને પડયા. તે માટે આપને અંતઃકરણથી અભીનંદન આપું છું અને એ તથા એવાંજ દેશભક્તિના આત્મ સંતોષ આપનારા કાર્યોમાં આપનું કાર્ય સિદ્ધ જીવન સતત્ ચાલુ રહેશે એમ તત્કાળના જીવન વૃત ઉપરથી અનુમાન બાંધુ છું. સુરત + × +

તા. ૧-૯-૧૫ બુધની સવાર. | **ગણપતરામ અનુપરામ ત્રવાડી,**

કાઠીયાવાડ મેલટ્રેનીંગ કોલેજના લેટ પ્રીન્સીપાલ.

વિ. કે આપની સભાના સંવત ૧૯૬૪ થી સંવત ૧૯૭૦ સુધીના રીપોર્ટનું પુરેપુરૂં અવલોકન કરતાં તેની વ્યવસ્થા તથા દેખરેખ અને ફંડ ઉપજાવવા માટે પબ્લીકને ખાત્રી પૂર્વક બેસાડેલા વિશ્વાસ વિગેરે દરેક કાર્યની યોગ્ય વ્યવસ્થા જોઇ ઘણો સંતોષ થયો છે અને તેને માટે આપની સભાનું કાર્યવાહક મંડળ ધન્યવાદને પાત્ર છે.

ગૌરક્ષાનું મહાન પવિત્ર કાર્ય એ આર્ય ધર્મના ગૌરવનો મુખ્ય સ્થંભ છે અને તેને તન, મન, અને ધનથી મદદ આપવાની દરેક આર્ય પુત્રની ફરજ છે.

આપની સભાએ આ કાર્ય હાથમાં લીધાને પચીશ વર્ષની લાંબી મુદત વ્યતિત કરી છે. અને દીન પ્રતિદિન વિશેષ ગો શેવા કરવા તથા બીજી જીવદયાની સંસ્થાના કાર્યોમાં સહાયભુત થવા શકિતવંત થયેલ છે, એવું જાણવામાં આવ્યાથી સંપ, ઉત્સાહ, દ્રઢતા અને પરોપકાર વૃતિનાં કેટલાં બધાં ઉંડાં મૂળ આપની સભાના સભ્યજનોમાં છે. તેની ખાત્રી આપે છે. વિશેષ કરી આપે જે જાતીભોગ આપી આ સંસ્થાને આશીર્વાદ રૂપ બનાવી છે તેને માટે જેટલા ધન્યવાદ આપીએ તેટલા થોડા છે. પરમાત્મા આપને દીર્ઘાયુષ બક્ષે અને આવી અનેક સંસ્થા આપના હાથથી સ્થાપન થઇ આપણા આર્ય ક્ષેત્રને આશીર્વાદ રૂપ નીવડો એમ પ્રાર્થના કરૂં છું.

જેતલસર કેમ્પ તા. ૧૪-૮-૧૬ | **ફીદવી અભેચંદ કાળીદાસ વકીલ,**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિ. કે મનુષ્ય જીવન ક્ષણીક છતાં તેને દયા, પ્રેમ, અને પરમાર્થમાં કામે લગાડી સાર્થક કરવા અને પરમાર્થ ખાતર સર્વસ્વનો ભોગ આપનાર આપ જેવો કોઈકજ વીર પુરૂષ મળી આવશે.

જેતલસર કેમ્પ તા. ૬-૭-૧૯૧૭ | અભેચંદ કાળીદાસ વકીલ.

આખા દેશને અતી ઉપકારી કાર્ય આપ બજાવી રહેલ છો તે સમાચાર હરવખત પેપરદ્વારાએ જાણી ઘણોજ આનંદ થાય છે. આપના આવાં પરોપકારી કાર્યનો સદા વિજય ઈચ્છીએ છીએ.

રાજકોટ તા. ૨૪-૯-૧૨ | ચુનીલાલ નાગજી વોરા,
ઓ૦ સેક્રેટરી દશા શ્રીમાળી જૈન બોરડીંગ હાઉસ.

પરોપકારી પ્રિય બન્ધુ અનન્ય ગોભક્ત ઓધવજીભાઈ,

વિ. કે આપની સભાનો રીપોર્ટ અને આપના જીવન વૃતાંતનું વંચાણ કરતાં અત્યાનંદ થયો છે આપને માટે જે કાંઈ લખાય કે બોલાય તે થોડું છે. કાર્યસિદ્ધિ કરવા માટે આપના જેવા થવાની જરૂર છે. મને આપનું જીવન ઘણું ઉપદેશક અને લાભ કર્ત્તા જણાય છે. અને આપની સાથે સમાગમમાં આવવાથી મને ઘણોજ પારમાર્થીક લાભ થશે, ઇશ્વર આપને આવાં ઉપકારી કાર્યોમાં અનંતગણું વીર્ય આપો એમ ઇચ્છું છું ને કુશળતા ચાહું છું હું મારા કાર્યમાં ફતેહમંદ થાઉ તેવી આશીષ આપતા રહેશો મહાત્માઓની આશીષ નિષ્ફળ જતી નથી.

ધોરાજી તા૦ ૩-૩-૧૯૧૬ | મોહનલાલ નાગજી ચીનાઈ,
ડીસ્ટ્રીકટ પ્લીડર અને દશા શ્રીમાળી
હિતેચ્છુ માસીકના અધીપતી.

હિન્દુ ધર્મ પ્રણાલિકા પાળક ગોભક્ત શ્રી ઓધવજીભાઈની સેવામાં.

આશીરવાદ સાથે જણાવતાં આનંદ થાય છે કે મને આપનું જીવન ચરીત્ર વાંચવાથી અવર્ણનિય આનંદ થયો છે ને બીજી તરફથી આપના કાર્યક્રમને આંખોથી જોઈ આવનાર મારા ભત્રીજા કાશીરામ કે જે હાલ મુંબાઇની વિલાયતી દવા વેચનારી કંપનીઓમાં જાણીતી ગજજર કંપનીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનિમ છે તેમણે લખાણની સત્યતાની સાબીતી આપી છે. જે બદલ હું મારી સભા તરફથી આપને ધન્યવાદ આપું છું.

મુંબાઇ, જુની હનુમાનગલી તા૦ ૧૩-૭-૧૯૧૬.

(આયુર્વેદ ભૂષણ) પંડિત ત્રિભુવન રામજી શર્મા,
પ્રમુખ "મુંબાઇ આર્યધર્મ તત્વબોધીની સભા."

તમો દયાળુ છો, મુંગા પ્રાણીઓના હકના હિમાયતી છો, આવા શુભ કાર્યોમાં ઉત્સાહ ધરાવો છો. તુલસીદાસના વાકયો તમને નિત્ય માર્ગ દર્શક છે જેવાં કે—

દયા ધર્મકો મૂલ હે, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છોડીયે, જબ લગ ઘટમે પ્રાન.

× × તમે પરદુ:ખભંજન સ્વભાવના હોવાથીજ તમને આ દયાળુ કામ કરવાની શુભ પ્રેરણા થઇ છે × ×

હું તમારા સહવાસમાં આવ્યો તે મારા ધન્યભાગ્ય ગણું છું અને તમને પરમકૃપાળુ પરમાત્મા તમારા પારમાર્થીક પ્રયાસમાં નીરંતર ફતેહ આપે અને દયાના વિજય વાવટા ચોતરફ ફરકે એવી મારી દ્રઢ નિષ્ટાથી પ્રાર્થના છે. જુનાગઢ તા. ૨૯—૧૧—૧૯૦૭

કેશલાલ લાભશંકર ઓઝા એમ. એ.
બાવદીન કોલેજના પ્રોફેસર.

લંડનથી મી૦ બીયર્ડ સાહેબનો પત્ર આજે મારા ઉપર આવ્યો છે તેમાં તે તમારો બહુજ ઉપકાર માને છે. ઇશ્વર તમને દીર્ઘાયુષ આપે અને અનેક મુંગા પ્રાણીના તમે અન્નદાતા તથા જીવીતદાતા થાઓ.

મી૦ બીયર્ડ સાહેબ આગળ અને આખી સુધરેલી દુનિયા આગળ તમારી સખાવત, ને તમારી લાગણી પ્રગટ કરવાનો અવસર આપ્યાજ કરો એવી મારી પરમ કૃપાળુ પરમાત્મા પાસે નિરંતર યાચના છે.

× × મારાં મા-બાપ તમારી પરોપકારી તીક્ષણ લાગણી જોઇ તમને હજાર હજાર ધન્યવાદ આપે છે, અને પરમ કૃપાળુ પરમાત્મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે માગે છે કે તમને દીર્ધાયુષ આપી દુનિયામાંથી ઘાતકીપણું દૂર કરે × × જુનાગઢ તા. ૩—૨—૧૯૦૮

કેશવલાલ લાભશંકર ઓઝા, એમ. એ.
બાવદીન કોલેજના પ્રોફેસર.

÷ × ઈશ્વર તમોને દીર્ધાયુ કરો ને તમારે હાથે ઘણા શુભ કાર્યો થાઓ. આપણી દૈવી માતા ગાયના સંરક્ષણ કાર્યમાં કમર કસી દુશ્મનો ને પાછા હઠાવો અને વિજય પતાકા સર્વ વ્યાપક વ્યાપો.

જુનાગઢ તા. ૯—૩—૧૯૦૮ | કેશવલાલ લાભશંકર ઓઝા, એમ. એ.
બાવદીન કોલેજના પ્રોફેસર.

+ × ઇશ્વર તમને દીર્ધાયુ આપે જેથી તમારે હાથે અનાથ પ્રાણીઓ વધારે સુખશાન્તિ ભોગવતા રહે × ×

× × તમારા મહદ્ પ્રયાસમાં દીન પ્રતિદીન વધતી જતી ફતેહ ઇચ્છુ છું. સુમના બેલી પરમેશ્વર તમને તન મન અને ધનથી આબાદ રાખે એવી પ્રાર્થના છે. કેશવલાલ લાભશંકર ઓઝા, એમ. એ.
જુનાગઢ તા૦ ૨૨—૫—૧૯૦૮ | બાવદીન કોલેજના પ્રોફેસર.

આપનો શ્રમ તથા દયાના કામમાં ઉત્સાહ તથા સ્વાર્પણ ખરેખર બહુજ પ્રશંસાપાત્ર છે. પરમ કૃપાળુ પરમાત્મા આપને દીર્ધાયુષ બક્ષે, અને અનાથ પ્રાણીઓને નીરંતર આશ્રયદાતા રહો એવી મારી પ્રાર્થના છે × ×

કયા શબ્દોમાં તમારો ઉપકાર માનવો તે મને સુજતું નથી, માટે ખરા દીલથી તમને તથા તમારા ઉમદા કામને સર્વ પ્રકારે ફતેહ ઇચ્છુ છું + × +

તમે જે ફરજ તરીકે કરો છો તે કામ જો હિન્દીવાનોનો એક લાખમો ભાગ કરતા હોય તો સત્યુગ અહીંજ થઇ જાય! સારાં ભાષણો આપવા કે લેખો લખવા ઘણા લોકો કરે છે પણ તમામ વીચારશ્રેણી એકજ ઉમદા કામમાં અર્પણ કરવી તે થોડાઓનાજ સુભાગ્ય હોય છે; અને તેવા સદ્ભાગ્ય માટે તમને હું હજાર હજાર ધન્યવાદ આપું છું ××

વેરાવળ તા. ૨૬—૫—૧૧ | કેશવલાલ લાભશંકર ઓઝા, એમ. એ.
બાવદીન કોલેજના પ્રોફેસર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમ કૃપાળુ મહાનુભાવ શ્રી ઓધવજીભાઈ,

આપના ભગીરથ પ્રયાસનું દિગ્દર્શન ગને હાલમાં મળેલા પુસ્તકથી જાણું થયું છે. ઇશ્વર તમને દિન પ્રતિદીન વિજયશાળી બનાવે એવી મારી ખરા જીગરની પ્રાર્થના છે.

આપને તથા આપના ઉમદા પ્રયાસને નિરંતર ફતેહ ઇચ્છું છું મૂંગા પ્રાણીઓને અભય જીવીતદાન આપને સ્વહસ્તે મળે છે. ઇત્યાદી આપના ભગીરથ પ્રયત્નની તારીફ વાંચી હર્ષ પામું છું.

જુનાગઢ તા. ૧૬-૩-૧૪ | **કેશવલાલ લાભશંકર ઓઝા,** M. A.
બાઉદીન કાલેજના પ્રોફેસર.

ધર્મધુરંધર ગોભક્તરાજ ઓધવજી રામજી સરવૈયા, દિલગીર છીએ કે ઇશ્વરે આપ જેવા એકાદ નરનો જન્મ અમારા તરફ ન કર્યો પણ કાઠીયાવાડના એક ખુણામાં આપનો જન્મ થયા છતાં દરેક જીવદયાની સંસ્થાને આશ્રય આપવા તત્પર રહો છો તેથી સંતોષ સાથે ખુશી થવા જેવું છે. આખા હિન્દુસ્તાનમાં આપના જેવો કોઈ મનુષ્ય અત્યાર સુધી મારા જોવામાં કે સાંભળવામાં આવ્યો નથી. પ્રભુ આપની જીવદયાની લાગણી સતેજ રાખે એવી પ્રાર્થના છે.

કરાંચી તા. ૨૭-૨-૧૯૧૪ | **ગોવર્ધનદાસ વિસનદાસ રતનચંદ**

આપે અપાર શ્રમ વેઠી આત્મભોગ આપી ઘણીજ ખંતથી ખરી ગો શેવા કરી સૃષ્ટિપર ઉપકાર કર્યો છે. તેવાં પારમાર્થીક કાર્યો કરવા પરમાત્મા તમને લાંબુ આયુષ બક્ષે એવી તે દયાળુ પ્રત્યે અમારી યાચના છે.

પેટલાદ તા૦ ૩-૭-૧૯૧૩ | રાજ્ય રત્ન પરી૦
નારણભાઈ કેશવલાલ.

આખરની જીંદગી સુધીનો આપનો વૃદ્ધાવસ્થામાં ગૌ શેવા પ્રત્યેનો અથાગ પ્રેમ અને તે સંબંધી આપે દર્શાવેલા સહાનુભુતી અમને બહુજ ઉત્સાહ ને ઉતેજન આપે છે. મુંબઇ તા૦ ૨૦-૪-૧૯૧૮.

ગોરક્ષણ અથવા કૃષિ જીવન પત્રના અધીપતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપના તરફથી ગૌરક્ષણનો સ્તુત્ય પ્રયત્ન ચાલે છે અને એવાં આવશ્યક પરોપકારી કૃત્યોનું ફળ ચામડાં અને માટીનાં બનેલા માણુસો આપી શકશે નહીં, પણ પરમ કૃપાળુ અને સ્વતઃ ચૈતન્ય પરમાત્માજ પરલોકમાં કે આ લોકમાં આપી શકશે. આપની સભાની ધાર્મિક વૃત્તિ નીરંતર વધતી રહો અને તેને લોકો તરફથી યોગ્ય આશ્રય મળી આપનો કાર્યોત્સાહ પણ વધતો રહે એમ ચાહું છું.

આણુંદ તા૦ ૨૬-૧૧-૧૯૧૧.

લી૦ એક સ્વધર્મનિષ્ટ આર્યવર્યની ઇચ્છાનુસાર;

ગૌરક્ષક સેવક,

Birbal. (બીરબલ)

આપના દેશોત્કર્ષના કાર્ય માટે ધન્યવાદ આપું છું. આશા છે કે આવા સત્કાર્યનો જયઘોષ કાઠિયાવાડ અને ગુજરાતના ખુણે ખુણામાં પ્રસરે ને આપના કાર્યને વેગ આપે.

અહમદનગર તા. ૩૦-૬-૧૯૦૯ | ચત્રભુજ માણકેશ્વર ભટ્ટ.

ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ ઈડર સ્ટેટ.

ગોમાતાના રક્ષણ માટે આપ ૨૧ વર્ષથી પ્રયાસ કરો છો તે અવશ્યે સ્તુતિપાત્ર છે, અને આપના તેમ જગતના કલ્યાણનું શ્રેષ્ટ મુળ છે.

જાદર (ઇડર સ્ટેટ) તા૦ ૨૪-૧૧-૧૯૧૧

ચુનીલાલ નરભેરામ,

પ્રોપ્રાઇટર સુરેન્દ્ર લાભશંકરની કુંપની,

ઓ૦ પ્રેસીડેન્ટ જાદર સુવ્યવસ્થાપક મંડળ,

ઓ૦ સેક્રેટરી ઈડર પ્રજાકીય વિદ્યોતેજક ફંડ,

અને કેસરી બોર્ડીંગ વર્કીંગ કમીટી.

ગોરક્ષાના ખરેખરા કાર્યમાં નિઃસ્વાર્થ વૃત્તિથી આપ આપની ધર્મપત્ની સહવર્તમાન મચ્યા રહો છો એનું પરિણામ આપ લખો છો તેવું ઐહિક પારમાર્થીક અભ્યુદયકારક આવે તેમાં આશ્ચર્ય નથી અહીંની ગોરક્ષાનું કાર્ય જેવી રીતે ચાલે છે તેમાં અને ત્યાંના કાર્યનાં સ્વરૂપમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે મહાન ફરક જોવામાં આવે છે તેનું કારણ માત્ર કાર્યવાહકની ખંત અને નિષ્કામ વૃત્તિને લઇને જે ભેદ છે તેજ છે આપને પૂર્વનો સંસ્કાર બળવાન હોઇને આપને આવાં સનાતન સમારંભમાં સદોદિત પ્રેરે છે એથી ખુશી થવા જેવું છે અને અન્ય પુરૂષોને આપનું જીવન આદર્શરૂપ થઈ પડે તેમ છે. ભાવનગર તા. ૩-૧૨-૧૯૦૬

ગુલાબરાય ગોવીંદરાય દેશાઈ
બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦

તમો સ્વાર્થત્યાગ કરીને નિઃસ્પૃહતાથી ખાસ કાળજી રાખી ખરી ગોશેવા બજાવો છો તેની કૃપાનુપાત્ર ઇશ્વર અવશ્ય કરશેજ તમારા શુભ કાર્યોમાં તમોને અંતરયામી સર્વ રીતે સહાયભુત થાઓ એમ અંતઃકરણ પુર્વક ઈચ્છું છું. નાસીક સીટી તા. ૫-૭-૧૯૦૪

ગુણવંતરાય ગુલાબરાય દેશાઇ,
ડેપ્યુટી કલેકટર જીલે નાસિક

ગોરક્ષક સભાના કામોનો અને આપનો અમે વિજય ઇચ્છીયે છીયે નડીયાદ તા. ૨૨-૧૨-૧૯૦૮ (રોયલ વિક્ટોરીયા એજન્સી)

સુળજીભાઈ હરીવલ્લભદાસ,
મેનેજર કાસરવાળા.

હિન્દની પાંજરાપોળો અને ગોરક્ષાઓ વીગેરે જીવદયાની સંસ્થામાં મહુવા ગોરક્ષકને પહેલા નંબરની પંકતીમાં મુકવાનું માન આપને ઘટે છે સબબ સતત્ પ્રયત્ન ચાલુ રાખીને ભવીષ્ય માટે એથી ઉચી સ્થીતીમાં મુકવા શકતીમાન થાઓ એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

મુંબઇ તા. ૧૭-૯-૧૨ | રામજી મોરારજી, નગર શેઠ—જાફરાવાદ.

તમે હજારો અવાચક પશુઓને ઘાસ ચારાના ભયંકર દુકાળો કઢાવી બચાવો છો અને દરેક જીવદયાની સંસ્થાને જરૂરી પ્રસંગે મદદ કરો છો તેથી તમારી પ્રશંસાપાત્ર સંસ્થાને ઘાસ ચારાની મદદ આપવા ઈચ્છું છું

મુંબઇ તા. ૨૦—૩—૧૪ | શા. ગોકળદાસ નારણજી
તે કાનજી જેરાજની વીધવાના ટ્રસ્ટી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે પરોપકારનાં કામમાં તન, મન, ધનથી ગોશેવા કરો છો તેને માટે ધન્યવાદ ઘટે છે. રાજકોટ તા. ૨૦-૧-૧૯૦૯

પ્રાણજીવન રૂગનાથદાસ.

આપનો આત્મા અધીકારી હોવાથી સર્વજ્ઞ ન્યાય અનુસાર જે ગો-શેવા કરો છો તે અવર્ણનીય છે. લાલપર તા. ૧૧—૭—૧૯૧૩

કચરા લધા.

સ્વધર્મી બન્ધુ ઉદ્ધવ,

નિરાધાર પશુઓના સંરક્ષણાર્થે દાનેશ્વરીઓએ મોકલેલી મદદની રકમનો તેમના જણાવ્યા પ્રમાણે સત્વર સદ્ઉપયોગ કરવામાં તમારા જેટ-લી પ્રમાણીકતા બીજા ધર્મખાતાઓમાં ભાગ્યેજ જાળવી રખાતી હશે એવી ખાત્રી થતાં કયા શબ્દોમાં તમારો ઉપકાર માનું તે હું જાણતો નથી. લાલપર તા. ૧૫—૫—૧૭ કચરા લધા.

તમારા પુર્વ ભવના ભલા સંસ્કારને લીધે શુભ કાર્યમાં સામેલ થયા છો તે ધન્યભાગ્ય છે. ભરૂચ તા. ૨૧-૫-૧૯૦૯

બાલાગીશન.

તમે તમારી આખી જીંદગી ગોશેવામાંજ અર્પણ કરી ખરા જીગરથી તન, મન, સાથે ખરી ગોસેવા બજાવો છો તે ખાતે તમોને જેટલો ધન્યવાદ આપવામાં આવે તે ઓછો છે.

તમારી સ્થીતીના પ્રમાણમાં તમારી જેવું પરોપકારી કામ કરનાર તમારી જેવો બીજો નર આખા હિન્દુસ્તાનમાં હજુ સુધી મારા જોવામાં આવ્યો નથી. મુંબઇ તા. ૭-૮-૧૩ ફુલચંદ ખુશાલચંદ

આપણો શ્રેષ્ટ ધર્મ જે ગોરક્ષા તે તમે અંતઃકરણ પુર્વક બજાવો છો, ઇશ્વર તમોને દીર્ઘાયુષ આપે ને તમારા હાથે ગાય માતાઓ વધારે સુખ શાંતિ ભોગવે એવી પ્રાર્થના છે. ભાવનગર તા. ૭—૮—૧૩

પટેલ લલુભાઈ જીવાભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ સાહેબ જે આવા ઉતમ ધર્મના કાર્યનો લાભ લ્યો છો અને જે જે બાબતમાં ઘણો સુધારો રાખો છો તેથી અત્યંત ખુશી ઉપજે છે.

ચુડા તા. ૩૦—૧૦—૧૯૦૬ | કપાશી માવજી વહચમ.

આપ મહાન પરોપકારી ખાતાની કાળજી ને સંભાળ રાખો છો તેથી ધન્યવાદ આપીએ છીએ. ચુડા તા. ૩-૬-૧૯૦૯

નરોત્તમ હીમતરામ,
સરે વી. દાદા લા. સે.

મનુષ્યો પોતાનું કર્તવ્ય ચુકયા છે તેથી દુષ્ટ રોગો ઉત્પતિ પામ્યા છે. જે કાંઇ શાન્તી જોવામાં આવતી હોય તે તમારા જેવા વિરલા પુરૂષોનો પ્રતાપ છે. પોર્ટ આલ્બર્ટ વીકટર તા. ૧૬-૫-૧૯૦૬

રામપ્રસાદ દુર્ગાશંકર દેશાઇ

મહુવા ગોરક્ષક રૂપી કલ્પવૃક્ષનું બીજ વાવનાર તથા ઉછેરનાર મહાત્માને અતિકાધીક ધન્યવાદ ઘટે છે કિન્તુ! તે મહાત્મા પાતાળ સુધી દ્રષ્ટિ પહોંચાડીને અમી કુંડનું અમૃત પાણી સીંચન કરે છે અને તે કલ્પ વૃક્ષની શાખા આજે દેશ દેશાંતર પહોંચી છે વળી તેના લલિત પુષ્પોની સુગંધીને ફાલ ફળો દરેક મનુષ્યનાં મન પ્રફુલીત કરે છે.

મહાત્મા ઓધવજીભાઇ રામજી આપ પરમાર્થીવીર સત્યશીલ ગુણુ સંપન્ન થઇને સદવૃતિથી મહુવા ગોરક્ષક ખાતાનું કામ ઘણુંજ સરસ રીતે ચલાવો છો, આપ જેવા નિસ્વાર્થી નેક નીષ્ટાવાળા નર રત્ન પુરૂષ આજે જગતમાં થોડાજ દ્રષ્ટીગોચર થાય છે. હું આપની જેટલી પ્રશંસા કરૂં તે કોઈ રીતે પુર્ણ ગણી શકાય નહીં આપની ગોભકતી સંબધે મારી લાગણી પ્રદર્શિત કરવા મને વિશેષ શબ્દો મળી શકતા નથી પરંતુ આપની સદવૃતિમાં દિન પ્રતિદીન વૃધ્ધિ પામો એવી મારી જગન્નીયંતા પાસે પ્રાર્થના છે. અસ્તુ !!! મોલમીન તા. ૨૨-૯-૧૯૧૦

જેશંકર ત્રીકમજી

મહુવા ગોરક્ષણી સભાએ રીબાતી અને દુખીયારી સહસ્ત્ર ગાયોનું સંરક્ષણ કરી જીવતદાન આપ્યું છે. ગાયોની ઓલાદ વધારી બળવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બજાદે ઉત્પન્ન કરી ગોરક્ષાનો મુળ હેતુ મોટે અંશે પાર પાડયો છે તે સેક્રેટરી મી૦ ઓધવજી રામજીની ખરી ગોભકતીને આભારી છે.

મોસુફ સેક્રેટરીએ વૃધ્ધાવસ્થામાં આરામગેશ લેવાના વખતમાં પણ કુદરત પોતાનો જાલમ હાથ તેના પર લંબાવે તે અગાઉ પોતાની પાછળ ભવિષ્યમાં પણ ગાયોનું સંરક્ષણ થવા, સારૂં ફંડ મુકી જવાના હેતુથી કેવળ નિઃસ્વાર્થ પદરના ખરચથી ખરડો કરવા મુંબઈ જઇ સખત મહેનત લીધી છે તેમાં તેઓ ફતેહમંદ થયા છે. તેમનું નામ ઘરગતુ થઇ પડયું છે આવી ગોભકતી સદાને માટે છેવટ સુધી કાયમ રહો અને તેમની હયાતીમાં તેમનું કામ ઉપાડનાર મદદગાર મળી આવો એવું અમો ઇચ્છીએ છીએ. ભાંઈદર-જીલ્લે થાણા તા. ૩—૧૨—૧૦

પ્રાણજીવનદાસ પુરૂષોત્તમદાસ.

કરોડ વૃક્ષ રૂપ ગાયને અભયદાન આપવાનો ભાગીરથ પ્રયાસ મી૦ દાદાભાઇ નવરોજજી પાર્લામેન્ટમાં કરે છે તેજ રીતે ગાયોને જીવિતદાન આપવાને સેક્રેટરી મી૦ ઓધવજી રામજી જાતી ભોગ આપે છે, એવી કીર્તિ દેશાવરના મોટા ભાગમાં ગવાય છે તેથી અમે ઘણાજ મગરૂર છીયે ને ધન્યવાદ આપીએ છીએ. સલાળા તા. ૫-૫-૧૯૦૭

જીવનલાલ અમરશી

ગોશાળાની સર્વોત્કૃષ્ટ વ્યવસ્થા સ્થીતિ આદી માટે તથા તેની શરૂઆત તેમ અદ્યાપી સુધીના તેના ટકાવપણાનાં યત્ન માટેના સંકટો અને તેમાંથી તરીપાર ઉતરવાની ખુબીનો જે ઇતિહાસ હું જાણી તથા જોઈ શકયો છું તેને માટે આપને ધન્યવાદ આપવા શીવાય મારૂં હૃદય દબાવી શકતો નથી. ગોશાળા સંબંધમાં વિશેષ જૈન પત્રમાં લખવામાં આવશે. આપ આવાં સ્તુત્ય કામો કરવા દીર્ઘાયુષ રહો અને મોટાં કામો હાથ ધરી અનેક જીવોને સ્થિત કરી અનંતાનુબંધી પુન્યના ભોકતા બનો એમ ઇચ્છુ છું. કુંડલા તા. ૮-૫-૧૯૦૬ હેવચંદ દામજી શેઠ.

દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળમાં અને સ્થાનકવાસી જૈન સમાજના આપ ઝળકતા સેતારા સમાન છો. વિદ્યા સંપત્તિ ને અધીકાર સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ સદ્દગુણોથી આપની નામના કીર્તિ છાઇ રહી છે. આપની ઉન્નતિથી અમો મગરૂર છીએ. આશા છે કે આપ આપના કીંમતી વખતનો સહજ ભોગ જ્ઞાતિ મંડળના સુધારામાં તથા સ્થાનકવાસી જૈન શાસનને સોહાવવા સમર્પશો એવી વિનંતી છે કુંડલા તા. ૨૯-૧૨-૧૯૦૯

અમરચંદ લક્ષ્મીચંદ દોશી.

શ્રી કૃષ્ણ પરમાત્માએ ગાયોને પાળીને જે શેવા કરી છે તેજ કામ તમો ખરા દીલથી કરો છો, પંડ મહેનતથી નજરે તપાસ કરી સારી ચાકરી બરદાસ્ત કરી પાળો છો તે માટે અમો તમોને ખરો ધન્યવાદ આપીએ છીએ. ભાવનગર તા. ૧—૧—૭

ભુતા ખોડીદાસ પુરૂષોતમદાસ.

દ્વારકાંવાસી શામળશા શેઠનો ધર્મ વહીવટ કરનાર.

તમારો પ્રેમ હરઘડી યાદ કરૂં છું ત્યારે નિઃસ્વાર્થ અને સ્પૃહા વીના ગોશેવા કરનાર મારા જાણવામાં આવ્યો નથી તેથી તમારે વાસ્તે મને ઘણુંજ આશ્ચર્ય લાગે છે. આવી શેવા એક નિષ્ઠાથી અંતઃકરણ પુર્વક બજાવો છો; તેમજ બજાવ્યા કરશો તે શેવાથી કુદરતે તમને ફળ આપ્યું છે ! આપે છે ! ! અને આપશે ! ! ! એ નક્કી યાદ રાખો.

ભાવનગર તા. ૧૯—૬—૧૯૦૬ | **નરભેરામ વર્ધમાન માસ્તર.**

અમારી સભાને ગોશાળાની જગતજનુની ગોમાતાજીઓને આપે અંતઃકરણના શુધ્ધ ભકતીભાવ યાને પ્રેમથી અત્રે વરસાદની ગેરહાજરી સબબે ઘાસ ચારાની અછતને લીધે ત્યાં બચાવવા માટે મંગાવેલી તે મહુવે સુખરૂપ પહોંચતાં વાજતે ગાજતે વાદીંત્ર અને વાવટા સાથે ઘણીજ ધામધુમથી સામૈયું કરી સર્વ ગાય માતાજીઓને પુષ્પથી વધાવી કુમકુમના ચાંદલા કરી અબીલ ગુલાલ નાંખી પુષ્પના હાર પહેરાવી બજારગેટથી ગોશાળામાં લાવ્યાના માંગલીક વર્તમાન આપ મહાશયના તા. ૧૨ મીનહુના મંગળમય પત્રથી શ્રવણ થતાં પારાવાર આનંદ થયો છે કે તેનું વર્ણન કરવા પુરતા શબ્દો જડયા નથી

આપ મહાશય આવાં દેશલાભી અને આત્મ કલ્યાણના કાર્ય તન, મન, ધનથી જે પારાવાર શ્રમ લઇ સ્તુતિપાત્ર રીતે કરો છો તે ખાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ મહાશયાને આ સભા અધીકાધીક ધન્યવાદ આપે છે મનુષ્ય માત્ર સ્વાર્થના કાર્યો કરે છ, પરંતુ આત્મ કલ્યાણ અને દેશલાભી કાર્યો થોડા પુણ્યશાળીનાંજ નશીબમાં નિર્માણ થયેલ હોય છે.

ઉમેદ અને આશા છે કે આ કામ આપે અંતઃકરણની નિર્મળ અભીલાષાથી ઉપાડેલ છે તે કામમાં આપને પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌બુદ્ધિ આપી આપના નેક હાથથી નિરંતર આવાં કાર્યો કરાવે.

આપની સભા અને આ સભા ખાતે આપને કોઇ પણ પ્રકારનો દ્વૈતભાવ નથી એ કંઈ ઓછી મહત્તાની બીના ન કહેવાય. આપની અચળ શ્રદ્ધાનાં જે વખાણ કરીએ તે ઓછાજ છે ઉમેદ છે કે આવા દેશલાભી યાને આત્મ કલ્યાણનાં મોક્ષદાયી કાર્યો નિરંતર પ્રેમ અને શુદ્ધાન્તઃકરણની લાગણી પુર્વક જે શ્રમ ઉઠાવો કરો છો તેજ મીસાલે તેવાં કાર્યો કરી આ ક્ષણભંગુર દેહનું સાર્થક કરશો.

ભાવનગર તા. ૧૫-૮-૧૧ | . **પ્રભુદાસ મોતીચંદ (વકીલ)**

ઓનરરી સેક્રેટરી ભાવનગર ગોરક્ષક સભા.

આર્યજનોની જીવનદોરી જે ગાય માતાના દુઃખમાં ખરા અંતઃકરણથી ભાગ લઈ નિઃસ્વાર્થપણે જે અમુલ્ય શેવા બજાવતા આવ્યા છો, તે શેવાના પ્રભાવથી સિંહણરૂપી અનીતિ દેવી આપના ઉપર ત્રાપ મારી પોતાનો હેતુ પાર પાડી શકી નથી; તેમજ પાર પાડી શકવાની પણ નથી. એવા આપ પરમાર્થીના ગાઢ સંબધમાં આવવાને અને આપના છુપા રહેલા ઉત્તમ ગુણોનું અવલંબન કરી અનુકરણ કરવાને ભાગ્યશાળી બનું એવી આકાંક્ષા રાખું છું. મુબઈ તા. ૧૩—૧—૧૦

ભાઇચંદ વનમાળીદાસ.

આપ ગોરક્ષાનું કામ કરો છો તે ઇશ્વર તમારી લાયકાત જોઇને તમને દુવાઓ પ્રેરણ કરે છે. મુંબઇ તા. ૩૧-૧-૧૦

Jaynarayan Hindumal Dani

Directore of Merchant Bank

જયનારાયણ હિન્દુમલ દાણી

ડારેક્ટર ઓફ મરચન્ટ બેન્ક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વે પાંડુ કુળના ધર્મરાજા નિઃસ્વાર્થે ગૌબ્રહ્મણની શેવા બજાવતા હતા તેજ અવતાર આ હડહડતા કળીયુગમાં ગૌ શેવા કરવા વાસ્તે દશા શ્રીમાળી વણીક કુળમાં અવતાર ધારણ કરેલો છે એમ હું એક સંભાળ પુર્વક નજરે જોનાર તરીકે માની બેઠો છું તેમજ આ ભુમી પર સર્વ દેશાવરોમાં આપની ઉમદા લાગણીની કીર્તિ પ્રસરી રહ્યાથી સર્વ માણસો પણ તેમજ માને છે કારણ કે આ જમાનામાં નિઃસ્વાર્થે નિર્લેપીપણે રહી શકાતું નથી તેમ આથી તન, મન, અને ધન સહીત નિર્લેપે ગૌ શેવા બની શકતી નથી. આવા સ્તુત્ય ભરેલા ધાર્મિક ખાતાનું કરજ અદા કરવાને આપે જે શ્રમ લીધો છે તેમાં કુદરતી મદદ મળી છે! મળે છે!! ને મળશેજ!!! મુંબઈ તા. ૧—૮—૧૦

ભગવાનદાસ પુરૂષોતમદાસ.

આપના સ્તુત્ય પરીશ્રમ માટે આ અભીમાની આપને અભિવંદન અર્પે છે ને કલ્યાણકારી પ્રભુ આપનું કલ્યાણ કરશેજ એ નિઃસંશય છે; અને હાલમાં આપના શુભ કામમાં સતત્ ઉત્સાહ અર્પો એવા આશિર્વચન વિરમાય છે. મહુવા (ગુજરાત) તા. ૧૦-૧૧-૧૯૦૬

મણીલાલ ભાઈલાલ દેશાઈ.

આપનું કાર્યક્રમ ઘણુંજ સ્તુતિપાત્ર છે. આપ આવા પારમાર્થિક કાર્યમાં પોતાના તન, મનનો વ્યય કરી આત્મશકિતનો ભોગ આપો છો તેથી અંતઃકરણ પુર્વક આપને ઘણોજ ધન્યવાદ આપીએ છીએ.

ધોલેરા તા. ૨૫-૧૧-૧૧ | હરગોવીંદદાસ ભુરાભાઇ

શ્રી કૃષ્ણ પરમાત્માએ ગાયોનું રક્ષણ કરી ગોપાળ નામ ધારણ કર્યું છે એજ રીતે આપ ગાયોનું રક્ષણ કરો છો; તેમાં ઇશ્વર તમને સહાય કરો એવી મારી પ્રાર્થના છે. મુંબઈ તા. ૧૩-૪-૧૨

ભુતા પ્રભુદાસ કરશનદાસ.

મહુવા ગોરક્ષક સભાની ગોશાળાનો રીપોર્ટ અવલથી ઈતિ સુધી વાંચતાં આપનો એ કામમાં અથાગ પ્રયાસ જોઇ આપને ધન્યવાદ આપું છું. આપના જેવા નર રત્ન ભારત ભૂમિમાં પ્રકાશો એવું ઈચ્છુ છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભૂ આપને દીર્ઘાયુષ આપે એવું ખરા અંતઃકરણથી ચાહું છું. આપ આવાજ કામમાં અહરનીશ પ્રવૃર્તિ ભારત ભૂમીને વધુ શોભાવશો.

અમદાવાદ, (રતન પોળ) તા. ૯—૧—૧૯૦૫

શેઠ હરીલાલ અળચંદ.

આપ ગોરક્ષાનું કામ પરમાર્થપણે ચલાવો છો, તેમાં આપ વધારે ફતેહ પામો અને હમેશાં આવા પારમાર્થીકપણાના કામમાં આગળ પડતો ભાગ લેવા તંદુરસ્ત રહો એમ ઇચ્છુ છું. મુંબાઈ તા. ૭-૨-૧૯૦૭

શ્રી રત્નચીંતામણી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ.

તમે ઉત્સાહી હોવાથી અહરનીશ ખંત રાખી નિરપૃહવૃત્તિથી ગો ભકિત બજાવો છો તે ખુશી થવા જેવું છે તેનો બદલો તમને પરમાત્મા આપશે. મુંબઇ તા. ૧૮—૫—૧૯૦૭

છોટાલાલ કેશવજી મુકાદમ

પરમોપકારી પશુઓ અને મહદ્ ઉપકારી ગાય માતાની આપ તન મન અને ધનથી જે શેવા બજાવી રહ્યા છો તેમાં શ્રી ગોપાળ કૃષ્ણ આપને અધીક સ્હાય. આશ્રય, ઉત્તેજન અને ઉત્સાહ આપો, અને આ પુરૂષોતમ માસમાં શ્રી પુરૂષોતમ ભગવાન પ્રીત્યર્થે આપ પશુ-પાલનનું પરમોપયોગી સદ્કાર્ય ઉત્સાહ ઉમંગથી કરતા રહો એવી પ્રાર્થના છે.

અમદાવાદ તા. ૧-૭-૧૯૧૨ | હિંમતલાલ વૃજવલ્લભ વીમાવાળા

આપ તન, મન, અને ધનથી ગોરક્ષા કરો છો તે ઘણા વખતથી હું જાણું છું અને આપની એ પરોપકાર વૃત્તિના કામને માટે આપની અનેકસઃ પ્રશંસા કરૂં છું ને આપનામાં પ્રભૂએ આવા પરોપકારી કાર્ય માટે સદ્બુદ્ધિ, શકતી અને સ્વતંત્રતા આપી છે તે માટે પ્રભુનો ઉપકાર માની જેવી રીતે આ શુભ કાર્ય કરો છો તેવીજ રીતે કર્યા કરો અને પરમાત્મા આપને આપના કામમાં મદદ કરો એવું માગું છઉં ને મારા. થી બનતી મદદ કરાવવા પ્રયત્ન કરીશ.

કસ્તુરચંદ સુરચંદ મારફતીયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહુવા ગોરક્ષક સભાની ગોશાળામાં ઘાસ ચારાના ભયંકર દુકાળ વખતે સહસ્ત્ર ગાયોનું ને કાયમ સેંકડો ગાયોનું સંરક્ષણ થાય છે. સારા સાંઢ રાખી બળદની ઓલાદ સુધારે છે. ખડને ખરૂં દ્રવ્ય ગણી સારા વરસમાં દશ દશ લાખ પુળાની બે ગંજી કરાવી તેનો સંગ્રહ કરી રાખવા માંજ સભાની સીલીકની મોટી રકમ રોકવામાં આવે છે. જે ભવિષ્યમાં ઘાસ ચારાના દુકાળ વખતે અમૂલ્ય ઉપયોગી થઇ પડે છે. વિશેષ ખુશી થવાનું એ છે કે લુલાં, લંગડાં, આંધળાં, પાંગળા, ખોડાં, બીમાર વગેરે તમામ જાતનાં ઢોરો રાખી આરામ કરી દુનિયાના ઉપયોગમાં લાવવાથી પરમાર્થ થવા સાથે દેશોદય થાય છે, તે સર્વ તમો ખંતી સેક્રેટરી ગી. ગોધવજી રામજીનાં જાતીભોગનાં સતત્ પ્રયાસને આભારી છે, તે પગલે દરેક જીવદયાની સંસ્થા (પાંજરાપોળ, ગોરક્ષા) ચાલશે તોજ હિન્દની ખેતીનું ખરૂં દ્રવ્ય ઢોરોની વૃદ્ધિ થશે ને પુર્વની માફક હિન્દનો ઉદય થશે એવી મારી માન્યતા છે. સુરત તા. ૧૯–૭–૧૯૦૯

વકીલ ફીકાભાઈ સુરચંદ મારફતીઆ.

તમો જાત મહેનતથી તન, મન લગાડી ગોરક્ષાના પરોપકારી જીવ દયાના કાર્યો કરો છો. તમારી રીતભાતથી મને ઘણોજ આનંદ થાય છે; અને તેવાં કામમાં મારૂં મન ઘણુંજ ખેંચાવાથી મેં અહીંની ગોરક્ષક સભાની ગોશાળા બાંધવા સારી મહેનત લઇ કામ શરૂ કર્યું છે.

કુંડલા તા. ૨–૧૦–૧૯૦૬ | **જીવરાજ હંસરાજ.**

કુંડલા ગોરક્ષક સભાના સેક્રેટરી

આપ તન, મનથી ગાયો માતાની અંતઃકરણ પુર્વક જે સેવા કરો છો તે ખાતે ધન્યવાદ ઘટે છે અને ગોમાતા તરફ જેવી લાગણી છે તેવી જ કાયમને માટે રાખશો તે ખાતે કાંઇ લખવાપણું નથી.

કુંડલા તા. ૩૦–૧૦–૧૯૦૬ | **પરી. ગીરધરભાઇ જીવાભાઈ.**

તમો પરમારથ ઉદ્યમમાં ઉત્સાહી છો અને વધુ થશો એવી આશા છે. તમારી કાળજી માટે ધન્યવાદ ઘટે છે.

ધુળીયા (ખાનદેશ) તા. ૧–૩–૧૯૦૬

મણીલાલ નૃસિંહદાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે ગૃહસ્થાશ્રમમાં રહી ન્યાય માર્ગે ધનાદિ સંપત્તિ મેળવવામાં અધર્મનો નાશ કરી ધર્મ સિદ્ધિદ્વારા ચિત્તશુદ્ધિ કરવામાં, અપુર્વ પ્રેમની સિદ્ધિ કરવામાં, અને તે પ્રેમના ફળરૂપ ઉત્તમ બાળકોને જન્મ આપી તેમને શિક્ષીત કરવામાં, વ્યવહારમાં રચીપચી ન રહેતાં પરમાર્થ ભુમિકા પ્રતિ લક્ષ કરી કામાદિ શત્રુઓનો વિજય કરી, સ્વરૂપસામ્રાજ્યને મેળવવામાં, અને પરિણામે સ્વર્ગાભિમાનનો ત્યાગ થવાથી યોગ ક્ષેમને વહન કરવાનો ભાર શ્રી પરમેશ્વર અને તેમનાં માયા શકિતને સોંપવામાં અપ્રમાદયુકત ધર્યથી કાળ વ્યય કરવાનો સ્તુત્ય ઉંચો આશય તમે સિદ્ધ કર્યાથી તમારા હયુના ગોપાલન ખાતાનો કાયમ પુષ્કળ ખર્ચ પુરો પડે છે તેવો ધર્તા કર્ણ માર્ગે સાંભળી તમારા ખાતાનો વિજય ઇચ્છી આપ જેવા નરરત્ના ભારત ભૂમીમાં ઉત્પન્ન થાઓ એવી અમારી અંતઃકરણની શુદ્ધ ઇચ્છા છે. વઢવાણ સીટી તા. ૫-૨-૧૯૧૧

લેખક નારણજી અમરશી.

પરમદયાળુ દેશ હિતૈષી ઉદાર આત્મ મહાન ગોભકત ઓધવજીભાઇ રામજીભાઈ—વિ. કે આપનું ધૈર્ય અને પ્રભુ ઉપર અડગ શ્રદ્ધા તથા ગોસેવા પ્રત્યેની દ્રઢતા જોઇને કાઠીયાવાડમાં આપના જેવા ભકતજન હોવા માટે અમને અભિમાન થાય છે. વઢવાણ કેમ્પ તા. ૧૯-૧૦-૧૬

ચંદુલાલ જેઠાલાલ,
આસિ. ઓ. સે. કાઠીયાવાડ હિન્દુ અનાથાશ્રમ.

આપ ગોસેવા બજાવવામાં પુરી કાળજી રાખી ખંતથી કામ કરો છો તે ઘણુંજ સ્તુતિપાત્ર છે; તેથી વિશેષ દયાળુ સદ્બુદ્ધિ આપને હમેશાં પ્રાપ્ત થાઓ. ત્રાપજ તા. ૫-૧૧-૧૯૦૬

રેવાશંકર કેશવજી ભટ્ટ.

ભારતભુમીનું અમૂલ્ય ને અખુટ દ્રવ્ય જે ગાયો તેના સંરક્ષણાર્થે આજ ઘણા વરસોથી આપ ગોભકત તન-તોડ મહેનતને ભોગે જે ભગીરથ પ્રયાસ કરો છો તે જાણીને તથા જોઇને એવો કયો હતભાગી હિન્દીવાન હશે કે જે આપ દયાનીધી મહાત્માને માટે માન નહીં ધરાવે? બેશક કોઇજ નહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોરક્ષણ જેવા મહત્તા ધરાવનારા વિષયેનો મુળ હેતુ આપની સંસ્થા તરફથી સંપુર્ણ અંશે પાર પડનારી સ્તુતિપાત્ર કાર્યદક્ષતાને પરિણામે મહુવા સભાની કીર્તિનો અવાજ હિંદ અને ઇતર દેશોમાં ચો તરફ પ્રસરી રહ્યો છે એ રીતે સલતાના રજકરણોને આલંબીનેજ કાર્ય ચાલતું હોવાની ખાત્રી મારા મુરબ્બી દ્વારા મને થયાથી આનંદ પામી ધન્યવાદ આપું છું × × પોરબંદર તા. ૨૭–૭–૧૯૧૩

હરીશંકર જગજીવન મહેતા,
આ. માસ્તર પોરબંદર.

તમે પાણીની રેલમાં અપાર શ્રમ વેઠી ગાયોનો બચાવ કર્યો છે તે અક્ષય પુન્યનું કામ કર્યું છે; તમારી ગોભકતી નાની નથી. પ્રભુ તેની કદર કરશે. × + મુંબઇ તા. ૯–૭–૧૩

મોનજી માવજી.

તમો પારમાર્થિક વૃત્તિવાળા છો તેથી જેટલું પરોપકારી કામ બને છે તેટલું સંસ્કારની ઉદયતા ધરાવે છે. ભાવનગર (વડવા) તા. ૬–૧–૧૬

કરશનજી ગોવીંદજી મકાતી.

કૃષ્ણાનું રૂપ મહાન ગોભકત દેશોદ્ધારક પરમ અંશાવતાર શ્રીમંત મહાત્મા મહાશય ઓધવજી રામજી સરવૈયા—વિ. કે આપે અખંડ ગો. શેવા કરી ખરો દેશોપકાર કર્યો છે તેથી ખરા જીગરથી ધન્યવાદ આપીયે છીએ. વઢવાણ કેમ્પ તા. ૧૩–૯–૧૬

અંબાશંકર હરીશંકર કવિ.

કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત અને બલ્કે આખા હિન્દુસ્તાનમાં બહોળા દેરોવરની જીવદયાની સંસ્થાઓમાં તમારી સંસ્થાએ ઘણી સારી દેખરેખ ને માવજત રાખી સહસ્ત્ર ગાયોને અભય જીવીતદાન આપ્યાથી અગ્રણી પદ ભોગવે છે તે અવર્ણનીય છે તે પગલે દરેક સંસ્થા ચાલશે તોજ દેશોદય થવા સાથે મહાન આશીરવાદ રૂપ થશે. બોટાદ તા. ૧–૭–૧૬

હિમતલાલ હરિલાલ નગર શેઠ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીયુત પરોપકારી મહાન ગોભક્ત ઓધવજીભાઈ રામજીભાઈ, પશુ રક્ષાનો નીભાવ આપે પારમાર્થીક કાર્યોમાં અપાર સંકટ વેઠી ઉપકારી પ્રાણીઓને બચાવવા તથા તેઓનું ઉપકારી જીવન નિભાવવા ઉતમ પ્રયાસો કર્યા છે તેથી આપનું જીવન સાર્થક રૂપ થયું છે. આપ ધાર્મીક પુરૂષનો ફોટો મુંબાઈ નગરીમાં શેઠ બહેરામજી જીજીભાઇએ ધાર્મીક પુરૂષોના મેળવેલા ફોટાના સંગ્રહસ્થાનમાં આપનો ફોટો મુકયો છે તે શું ઓછો ધન્યવાદ છે? વિશેષ સઘળે સ્થળે ફોટા મુકાય અને આપના જીવન ચરિત્રોના ગ્રંથો પ્રસિદ્ધ થાય તથા પ્રભુ આપને અગાધ શકિત બક્ષે એમ અમો પ્યરા જીગરથી ચાહીએ છીએ. બોટાદ તા. ૧૭–૩–૧૪

શેઠ ત્ર્યંબકલાલ કેશવલાલ.

આપે અનેક ધાર્મીક કાર્યોમાં નિઃસ્વાર્થે પવિત્રતા ને ઉત્સાહ દર્શાવી તનતોડ પ્રયાસો નિર્લેપે કર્યા છે તેનો પુરતો બદલો કંગાલ સ્વાર્થી દુનિયા પાસે વચન પુષ્પ વૃષ્ટિ સિવાય શું હોય? હમે તે માનપ્રદ વચનોનો વરસાદ વરસાવીએ છીએ. બોટાદ તા. ૧૩–૨–૧૪

પ્રાણલાલ ત્ર્યંબકલાલ.

તમે ગૌ શેવાના નેક કામ કરો છો તેથી વિશેષ કરવાને તમુને ખુદા જાદે બુદ્ધિ આપે એ હમારી દુવા છે. ઈલાવ તા. ૨–૧૧–૧૯૧૩.

ફેરઆદજી નવરોજજીના સલામ.

શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માએ ગાયોનું લાલન પાલન કરી ગોપાળનું બીરદ મેળવ્યું છે તેજ રીતે પા સદીથી જીંદગાની છેલી ઘડી સુધી આપ પણ સહસ્ત્ર ગાયોને અભય જીવીતદાન આપતા રહી ગોપાળનું બીરદ મેળવો છો તેથી આપ દીર્ઘાયુષ રહો અને આપના જેવા અનેક કર્મવીર રત્નો આ દેશમાં પેદા થાઓ એવી અમારી પ્રભુ પ્રાર્થના છે.

મોડાસા તા. ૨૩–૫–૧૯૧૪ | **Chunilal Gokaldas.**

તમે અંતઃકરણની લાગણીથી મુંગા પ્રાણીઓનું સંરક્ષણ કરવાથી વિજય પામો છો તેથી વિશેષ માનભરી લાગણી વૃદ્ધિ પામતી રહે એમ ઇચ્છું છું. ધુળીયા તા. ૧૯–૮–૧૯૧૪. **ગોવિંદજી ખીમજી,**

પ્રાણીરક્ષક સંસ્થાના ઓનરરી સેક્રેટરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિ. કે આપની સંસ્થાનો સં. ૧૯૭૦ ની આખર સાલ સુધીનો વાર્ષીક રીપોર્ટ અમારી કમીટી અને મહાજન વર્ગને પહોંચતાં તેનું વંચાણ કર્યાથી ખરેખર આપે અથાગ પરિશ્રમ જાતીભોગ અને ઉત્તમ કાર્યવાહી કરી મનુષ્ય જીંદગી એક પુન્ય મહાત્મા તરીકે સાફલ્ય કરી છે તે ખાતે સહસ્ત્રવાર ધન્યવાદ ઘટે છે. વળા તા. ૧૬-૮-૧૯૧૬.

ભાઇચંદ ફુલચંદ મહેતા,
કરશનલાલ ગુલાબચંદ મહેતા,
વળા પાંજરાપોળના ઓનરરી સેક્રેટરીઓ.

પરોપકારી શેઠ ઓધવજી રામજી,

આપ ખરેખરા વીર પુરૂષ છો, આવા નિર્દય સમયમાં તમો ગોભકત થઈ જે ગૌ શેવા બજાવો છો તેનો બદલો પ્રભુ તમને જરૂર આપશે. ધન્ય છે તમારા વિચારોને કે પરમારથ સારૂજ દેહ ધારણ કર્યો છે.

સનખડા તા. ૧૮-૬-૧૯૧૬ | લી૦ શેવક,
ભુરાભાઈ નારણજી શેહીશાળાવાળા.

વિ. કે આપ વીર પુરૂષ આવા નિર્દય સમયમાં ખરી ગો શેવા બજાવો છો તેનો બદલો પ્રભુ તમોને જરૂર આપશે ધન્ય છે તમોને કે પરમારથ સારૂજ દેહ ધારણ કર્યો છે. આપની મહત્વાકાંક્ષાની ગોભકિતથી મગરૂર થઇ ધન્યવાદ આપું છું. ભરૂચ તા. ૩-૧૦-૧૯૧૬.

ભુરા કેશવજી સરવૈયા,
હિન્દુસ્તાન ઉધોદીક સાર્વજનિક હિતેચ્છુ ફંડના સંસ્થાપક.

સાદુ જીવન ગાળી સહન શીલતાથી દેશ કલ્યાણકારી ગાયોની સેવા કરવા આત્મભોગ આપો છો તે વૃદ્ધિ પામવાનું ઇચ્છીએ છીએ.

અમદાવાદ તા. ૨-૨-૧૫ | કેશવલાલ પ્રેમચંદ, B. A. LL. B.

નિઃસ્વાર્થ બુદ્ધિથી ખરી ગોભકિત કરવાથી તમે વિજય પામો છો તેમાં વૃદ્ધિ પામો એવી પ્રાર્થના છે.

સુરત તા૦ ૨૫-૧૦-૧૯૧૪ | ધીરજલાલ દલપતરામ વૈદ્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે સહસ્ત્ર અવાચક પશુઓને અભય જીવિતદાન આપ્યાથી ગહુવા પ્રસિદ્ધિમાં આવી કાઠીયાવાડમાં નામના મેળવી છે. તે બાબત ખરેખર મગરૂર થવાનું છે. સુરત તા. ૨૫-૪-૧૯૧૫.

ગુલાબદાસ ભાઇદાસ વકીલ.

તમારા જેવા વિવેકીની ગોભકિતથી ભારતભૂમી શોભી રહી છે તેથી ઘણાજ પ્યારથી અભિવંદન કરૂં છું. સુરત તા. ૧૯-૧૨-૧૯૧૫.

ગુલાબદાસ ભાઈદાસ વકીલ.

પરોપકારી કાર્યો અટકાવનારા ઘણા હોય તેવા જમાનામાં તેવી અડચણોને નહીં ગણતાં પરમાત્મા પરાયણ મહાન પરોપકારી કાર્યનો માર્ગ ગ્રહણ કર્યો છે તેથી તમારા માતા પીતાને ધન્ય છે. તમારા જેવા ધર્મ કાર્ય કરનાર હજારોએ કોઈકજ નિકળે છે.

ભરૂચ તા૦ ૨૫-૧૦-૧૪ | **આશારામ નરોત્તમ ભગત.**

તમારા જેવા નિષ્કામ કર્મ કરનારા ધર્મવિરો ભાગ્યેજ જોવામાં આવે છે. નડીયાદ તા ૨૫-૧૦-૧૯૧૪.

રણછોડલાલ ખુશાલદાસ,
સત્યસાગર પ્રેસના મેનેજર.

હિન્દનું ગોધન બચાવી ખરી દેશ સેવા બજાવો છો તેથી વંદનીય છો તમારા જેવા ગોધન બચાવવાનો દિગ્વિજય કરનાર ઘણા ધર્મવીરો ઉત્પન્ન થાઓ એવી અમારી પ્રાર્થના છે.

વીરમગામ તા. ૨૦-૪-૧૯૧૪ | **સુખલાલ જીવણલાલ ડોકટર.**

સંસારના વ્યવહારિક કાર્યોનો તદન ત્યાગ કરી ઉપલા ડોળના લોકોને દેખાડાના ભગવાં નહીં પહેરતાં મન ભગવું કરી દેશનું ગોધન બચાવો છો તેથી હાલના કળીયુગના પાંચમા આરામાં તમે ખરેખર પુજનીય છો. ને કરોડો ધન્યવાદને પાત્ર છો.

વઢ તા૦ ૨૮-૮-૧૯૧૪ | **ઈશ્વરલાલ નહાલચંદ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દની જીવદયાની દરેક સંસ્થાને જરૂરી પ્રસંગે મદદ કરવાનું સાહસ ખેડનાર તમારા જેવો કોઇ મારા જોવામાં આવ્યો નથી.

જંબુસર તા. ૨૦-૨-૧૯૧૪ | મણીલાલ મથુરાદાસ.

પુર્વનો મહાન યોગ ભ્રષ્ટ આત્મા અધુરો રહેલો યોગ આ ભવે પુરો કરવા અવતાર ધર્યાથી તમે ગોપાલન કરી આખર જીંદગી સુધી ગોપાળનું બીરદ મેળવ્યું છે તે તમારા સ્તુતિપાત્ર પ્રયત્નોમાં ફતેહ પામવાનું ઈચ્છીએ છીએ. ડભોઇ તા. ૧૧-૮-૧૯૧૩.

શેઠ ચુનીલાલ ફુલચંદ.

તમારા જેવી ગોભકિત હાલના કળીકાળમાં થવી મુશ્કેલ છે પણ તમે શ્રી કૃષ્ણના પરમ ભકત **ઉદ્ધવનો** અવતાર હોવાથી બને છે એમ અમારૂં માનવું છે. જંબુસર તા. ૧૬—૭—૧૯૧૪

શંકરલાલ મુળજી.

ધર્મપર અચળ વૃતિ, અચળ માન્યતા અચળ શ્રદ્ધા રાખી પરધન ને પરસ્ત્રીનો ત્યાગ કરી ગોશેવા કરનાર મહાત્મા ઓધવજીભાઇનું જીવન ચરિત્ર મોકલાવશો. તો અત્રેના ગૃહસ્થો વાંચી પોતાના જીવનમાં અમૃત રસ મેળવવા ભાગ્યશાળી થશે. કોટડી (કચ્છ) તા. ૧૩—૭—૧૪

હરીલાલ દોલતરામ ધોળકીયા.
ઓ. સે. સા. પુસ્તકાલય.

હજારો મુંગા પશુઓને બચાવ્યાનો તમારા જેવો દિગવિજય કરનાર અનેક ધર્મવીર રત્નો હિંદમાં જન્મ પામો એવી મારી પ્રાર્થના છે.

કલ્યાણી તા. ૧૩-૯-૧૫ | જોશી વિઠ્ઠલદાસ કરશનદાસ.

આપ ઘણી ખંત ને પવિત્રતાથી આત્મ બળીદાન દેઇ નિર્લેપે ગોભકિત કરો છો તેમાં વધુ સફળ થવા ઈચ્છીએ છીએ. પાટણ (ગુજરાત) તા. ૧૨-૧-૧૪ | પોપટલાલ હેમચંદ નગર શેઠ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે અપાર શ્રમ વેઠી સકળ દેશનું કલ્યાણ કરવા મહુવા ગૌરક્ષાને ઉચ્ચ સ્થીતીએ મુકવાના કરેલા પ્રયત્નો સફળ થયા છે આપ જેવા ઉદ્યોગી પારમાર્થીક વીરો વડેજ આ ભારત ભુમી શોભી રહી છે તે વિષે વધુ લખવું ને સૂર્યને રોશની બતાવવા બરોબર છે. તમારા જેવી જીંદગી વ્યતિત કરનારા ઘણાં ધર્મવીરો ઉત્પન્ન થવા મારી પ્રાર્થના છે.

વડનગર તા ૨૮–૪–૧૯૧૪ | ભગવાનદાસ નરસીદાસ પટેલ
ગૌરક્ષાના સેક્રેટરી.

એક ગૌભક્તે પ્રસિદ્ધ કરેલ આપનું જીવન વૃતાંત દુનિયાને ધડો લેવા જોગ અતિ ઉત્તમ છે. આપ આત્મ વિલાશી મહાત્મા આત્મ બળથી હૃદય જ્યોતિ પ્રગટાવી અવની પટપર આવ્યાથી શરીર બળ સાથે આત્મબળનો યોગ પ્રાપ્ત થયાથી મહાન કાર્યો જોઈએ તે રીતે કરી ગૌ મહાત્મ વધાર્યાથી પુજનીય છે. અમરેલી તા. ૩૦–૬–૧૪.

અમીચંદ ગોપાળજી,—કામદાર.

મહુવા ગૌરક્ષક સભાની પાંજરાપોળનાં રીપોર્ટ, ચાલતી લોકવાયકા વર્તમાન પત્રો વિગેરેના અભિપ્રાય ને પ્રમાણપત્રોવાળું સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાનું જીવન વૃતાંત તથા તે સભાના ધર્મશીલ ઉપદેશકના પરીચયથી થયેલા અનુભવથી કહી શકીશું કે તે સંસ્થાના સઘળા કાર્યવાહકોની ખરી ગૌભક્તિથી તે સંસ્થાનું ગૌરવ ને ભુષણનો દિવ્ય પ્રકાશ ઝળહળી રહ્યો છે તેથીજ દરેક સંસ્થામાં તે સંસ્થા અગ્રણીય પદ ભોગવી સારી ખ્યાતી પામી છે. સબબ દરેક સંસ્થાના કાર્યવાહકોએ તેનું અનુકરણ કરવા યોગ્ય છે.

દેશમાં હાલની ચાલતી પરિસ્થિતિ જેમાં દુધ, ઘી અને બળદની મોંઘવારીની અતી બુમ વધી પડી છે તેવા સમયમાં આ સંસ્થાએ તે બાબત ઉપર પુરતું લક્ષ આપી ગાયોનું સંરક્ષણ કરે છે; સારા સાંઢ રાખી બળદની સારી ઉચ્છેર કરી ઉત્તમ ગ્રાહકને કીંમતથી પાંચ રૂપીયા ઓછા લઈને વેચાણ આપે છે. પ્રજાને ચોખ્ખું દુધ એકસરખા ભાવથી વેચાણ આપે છે તેથી સમાજ સેવા અને ખાતાને મદદ બેરૂ બાબત સચવાય છે.

આવો ઉત્તમ વહિવટ અને ઉત્તમ કાર્યવાહી સેક્રેટરી ઓધવજી રા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજીનું આત્મ સ્વાર્પણ અને તેમનુ દેશકાળનું અનુભેવ પુર્વકનું જ્ઞાન એ એ મુખ્ય બાબત છે.

ઉપરનાં સર્વ કારણોને લઇને દરેક વિદ્વાન, ધનવાન, અને વીચારશીલ દયાળુ આશ્રયદાતાને ભલામણ છે કે પોતાની ખાસ ફરજ સમજીને દરેક આ સંસ્થાને યથાશકિત મદદ કરવી યોગ્ય છે સબબ મહાન વ્યકિતનું લક્ષ આ સંસ્થા તરફ આકર્ષાય તો ખાસ આ સંસ્થા જાતે જોઈ તેવી યોગ્ય સંસ્થા ગુજરાતમાં સ્થાપત કરવા પ્રયત્ન કરવો.

આમોદ તા૦ ૨૩-૨-૧૯૧૮ | હરજીવન રાયચંદ.
કોઓપરેટીવ સોસાઇટીઓનાં ઓનરરી સેક્રેટરી.

આ ફાની દુનિયામાં સર્વ કોઇ સૌ સૌના સંસ્કાર પ્રમાણે સત્ય અસત્યને જાણે છે છતાં વર્તનમાં મુકી ચીરકાળ સુધી દઢ પુરૂષાર્થથી અનેક મહાન મુશ્કેલીઓને કાપતાં પ્રથમથીજ આખર સુધી ઉત્તમ કલ્પના મુજબ ભગીરથ પ્રયત્ને સાહસને જગ જાહેરમાં સત્યતા પુર્વક શ્રી દૈવી કૃપાથી જય જયના ઘોષથી વળગી રહી અનેક ભીન્ન ભીન્ન પ્રકૃતિનાઓને સત્યથી નિડર પણે વશ કરી સરલ માર્ગે ચઢાવી ભવિષ્ય લાભ, ધર્મ અને મોક્ષ સંસ્કારવાળું ગૌ દાનનો પ્રકાશ બતાવવો એ પરમ શ્રદ્ધાળુ ધર્મદાતાનું કામ છે. તેજ પ્રમાણેના આપના પવિત્ર કાર્યોના અદ્ભુત પ્રયાસોથી આપના ગુણગાન ગવાઇ રહ્યા છે. એજ આપનું જીવન ધન્ય છે તેને માટે જેટલું કહીએ તેટલું ઓછું છે.

દુધાળા તા. ૨-૭-૧૯૧૪. | શંઘવી વછરાજ મોરારજી.

આપના પરોપકારી કાર્યોમાં શ્રી હરિ સહાયભુત થાઓ અને દરેકના હૃદયમાં પરોપકારી વૃત્તિઓ પ્રેરો એજ સદ્ ઇચ્છા છે.

દરેડ તા. ૩-૭-૧૯૧૪ | હરિલાલ હરિશંકર વ્યાસ.

સ્વાર્થિ કાર્યો સૌ કરે છે પણ પારમાર્થિક કાર્યો કરવા અને કરાવવાની સુચના આપનાર આપના જેવા વીરલા પુરૂષો થોડાજ નીકળશે.

વાલુકડ તા. ૪-૫-૧૯૦૭ | રતનજી વીરજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોના માર ખમીને તથા ઘરનાં દોઢીયાં કહાડીને ખરો આત્મભોગ આપી તમારા જેવો અડગ ગોભકિત કરનાર કોઈ મનુષ્ય આજ સુધી મારા જાણવામાં આવ્યો નથી. તમે દોલત ને ઓરત એ બે ચીજોમાંથી મન ખેંચી લીધાથી તમારી ગોભકિતનો વિજયી વાવટો ફરકી રહ્યો છે તેનું દૃષ્ટાંત દરેકને અનુકરણીય છે. વાલુકડ તા. ૧૫-૧-૧૯૧૪.

રતનજી વીરજી.

તમને સંવત ૧૯૭૦-૭૧ ના બે વરસ પાંચ પાંચ હજારની નુકશાની ગઈ. સંવત ૧૯૭૨ માં લક્ષ્મણજી જેવો લઘુ બન્ધુ સુરચંદભાઇનો વિયોગ થયો ને સંવત ૧૯૭૩ માં ભરત જેવો લઘુ બન્ધુ કાળીદાસભાઇનો વિયોગ થયો એવા અનેક સંકષ્ટો મહારાજા હરિશ્ચંદ્રની માફક આવ્યા છતાં પણ અડગ રહી એક સરખી ચઢીયાતી રીતે આખરની જીંદગી સુધી અચળ ગોભકિત શરૂ રાખ્યાથી મહારાજા હરિશ્ચંદ્રની માફક સત્ય રહ્યું છે તેથી તમારા દરશનની મને જીજ્ઞાસા છે તે ઉમેદને બર આવવા મારી પ્રભુ પ્રાર્થના છે. વ્રાપજ તા. ૫-૧૧-૧૯૧૭.

રેવાશંકર કેશવજી ભટ.

ગોરક્ષાનું કાર્ય આપ બીનસ્વાર્થે ઘણુંજ કાળજીથી બજાવો છો તેને માટે ધન્યવાદ ઘટે છે.

જેતપુર તા. ૨૨-૬-૧૯૦૯ | માનસીંગ નરભેરામ.

પચીશ વર્ષ અગાઉના પરિચયમાં બાંધેલી આશાઓને કાર્ય રૂપમાં ધર્મ કરતાં વધારે ફળીભૂત થયેલી જાણી સંતોષ જાહેર કરૂંછું કે આ સભા હિન્દની જીવદયાની સંસ્થાઓમાં પહેલા નંબરનો દરજ્જો ભોગવે છે તે માન આપના આત્મબળને આભારી છે. આ સભા સ્થાપન થઈ ત્યારથી આ સભાના ઓનરરી સેકરેટરીના માનવંતા પદપર આપ બિરાજો છો તેથીજ આ સભા મહાન પદ મેળવવા ભાગ્યશાળી થઇ છે. તેના થયેલા અનુભવથી જણાવી શકીશ કે આપ સરીખા અમુલ્ય લાગણી ધરાવનારા કાર્યકર્તા કોઇ પણ પરોપકારી સંસ્થામાં મને દૃષ્ટિગોચર થયા નથી.

જેતપુર તા. ૧૪-૪-૧૯૧૪. | માનસીંગ નરભેરામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લોકના સ્વલ્પ જીવનમાંથી પરલોકના દીર્ઘ જીવનના સુખની તૈયારી પાછળ ગો શેવા હિતાર્થ આત્મભોગનો સદ્ વ્યય કરીને પુણ્યરૂપી અધીક સુખપ્રદ અને અધીક સત્ય ધનનું ભાતું બાંધો છો, તેમાં વૃદ્ધિ પામવાનું ઈચ્છી વિરામ પામું છું. જેતપુર તા. ૧૬-૯-૧૯૧૭.

કામદાર નાથાલાલ વિ. ઝવેરચંદ.

મનુષ્ય જન્મ રૂપ પારસમણીને યોગ્ય સ્થાન આપવામાં આપ સરીખા મહાત્મા પુરૂષોનીજ બુદ્ધિ પ્રવર્તે છે આપ મનુષ્ય જન્મમાં કોઇ દેવજ અવતરેલા છો. કુંભાજીની દેરડી તા. ૨૫-૩-૧૯૧૪

કરશનજી ગોવિંદજી મકાતી
ભાવનગર (વડવા) વાળા.

તમે શ્રી કૃષ્ણ પરમાત્માના સખા ઉદ્ધવનો અવતાર થયાથી દેશ. કલ્યાર્થે ગૌ સેવાના અનેક શ્રેષ્ઠ કાર્યો કરી વિજયી થયા છો તેથી વંદનીય છો. સબબ આપ ધર્મ મૂર્તીના દર્શન લેવા અંતઃકરણની જીજ્ઞાસાછે તે બર આવે એવી મારી પ્રાર્થના છે. કુવાડવા તા. ૧૬-૩-૧૯૧૪.

ઠકર દેવશી દામજી.

તમારી અખંડ ગોભકિતથી પૂર્વના જેવું ગો મહાત્મ્ય વધ્યું છે તે જાણી સુવર્ણનો સૂર્ય ઉગ્યો માનું છું તે બાબત તમારો કયા શબ્દોમાં ઉપકાર માનવો તે હું જાણતો નથી. કુવાડવા તા. ૭-૫-૧૯૧૭.

ઠકર દેવશી દામજી.

વિ. કે આપ કોઇ વિલક્ષણ મનુષ્ય છો અન્ય અધિકારી આપને હજુ સુધી સમજી શકયા નથી. આપની પાછળ રહી સહાય આપનાર મનુષ્ય શકિત કરતાં મહાન શકિત અથવા પ્રભુને અથવા કોઇ દેવને આપ જોઇ શકો છો. આપની છેવટની ક્ષણ સુધીની જીંદગી ગો શેવામાંજ નિકળે છે તેના પ્રતાપે આત્મીક બળથી ગોરક્ષાનું ગૌરવ ને મહાત્મય હાલના કળીકાળમાં પણ પ્રાચીન સમય જેવું વધાર્યાથી લ્યુથર કરતાં પણ વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંચી કોટીના સુધારક અને દેવાંશી અવતારની ગણનામાં આવ્યા છો તેથી પણ વૃદ્ધિંગત થાઓ એવી અમારી પ્રાર્થના છે.

ઉમરાળા તા. ૧૪-૮-૧૯૧૪ | ઉજમશી નાનચંદ,
જૈનશાળા માસ્તર.

જીંદગી ગુજરવા અને મરણ પામવાજ જન્મ્યા છો ને જગતમાં પ્રભુ અને સત્ય શીવાય સર્વ મીથ્યા છે એવી ઉગ્ર ભાવના ને દઢશ્રદ્ધાથી પવિત્ર રહેતાં સુધી બધા આશીર્વાદ આપવાને લીધે કદી પણ નિષ્ફળ થતા નથી એવી સચોટ ખાત્રી થઇ છે.

કમળ પત્રની પેરે વિષય ભોગથી નિર્લેપે રહી રાગદ્વેષજનક સર્વ સંબંધથી ન્યારા રહી નિસ્પૃહ બની દુનિયાના વિચીત્ર બનાવો ઉપરથી લક્ષ ખેંચી માયાને છોડી ઉદાસીન દશા ધારી પરમાત્મા સાથે એક તાર લગાવી સહસ્ત્ર મુંગા પશુઓને અભય જીવિતદાન આપો છો તેથી તમારા જેવા અનેક ધર્મવીરો પ્રાદુર્ભુત થવા ઈચ્છીએ છીએ.

ઉમરાળા તા. ૧-૮-૧૯૧૪ | સોમચંદ ગીલાભાઇ,
જૈનશાળા ઉત્પાદક.

ઉત્સાહથી જીંદગી સ્વાર્પણ કરી આત્મભોગ દેઇ સર્વોત્તમ ગોશેવામાં જીવન ગાળો છો તે વૃદ્ધિ પામવા વીર પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

દામનગર તા. ૨૦-૮-૧૪ | ચુનીલાલ ગુલાબચંદ ગાંધી.
આ. માસ્તર તા. સ્કુલ.

વિશ્વંભર જેની લાજ રાખે તેની રહે એવા કઠિન દેશકાળમાં ઘાસ ચારાના દુષ્કાળ વખતે સહસ્ત્ર ગાયોને અભય જીવીતદાન આપી રહ્યા છો તેથી તમારા જેવા ઘણા કૃપાપાત્ર ધર્મવીરોનો જન્મ ઇચ્છીએ છીએ.

દેલવાડા તા. ૨૧-૪-૧૫. | શેઠ કેશુરદાસ વિઠલદાસ સાચર.

મરતાની ઘડીસુધી ધંધાનોકરીની હાયવોય કરતા રહી તેમાંને તેમાંજ છેલ્લો શ્વાસ મુકીને આ લોક પરલોકમાં દુઃખજ ભોગવવાં ને સુઝાલા લોભી મુર્ખાઓએ ઘડો લેવા જેવું તમારી જીંદગીનું એક તત્વ એ છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે સાધારણ સ્થીતિના છતાં બે પુત્ર (ફલ) પ્રાપ્ત થયેથી ૪૦ વર્ષની વય થવા પુર્વેજ ધંધા રોજગારમાંથી ફારેગ થઇ સજોડે બ્રહ્મચર્ય લેઇ આખરની જીંદગી સુધી ગોભકતી કરવા પાછળજ સમય ગાળીને સ્વજીવનનું સાર્થક કરી રહ્યા છો તે પવીત્ર દયાળુ હૃદય તથા ઉદારચિત-ની મહત્વતા જોઇ બેહદ ખુશી થયો છું. દેલવાડા તા. ૧૪-૬-૧૩

હરગોવીંદ ધનેશ્વર,
તાલુકા સ્કુલ માસ્તર.

ગોમાતા પ્રત્યે બથાગ પ્રેમ રાખી અપાર શ્રમ લેઇ તનતોડ મહેનતથી ખરી ગોભકતી કરો છો તેથી દેવ બરાબર વંદનીય છો.

દીવ તા. ૨૯-૧-૧૪ | જેરામ પ્રભુદાસ.

જગદોદ્ધારક કાર્યો કરી રહ્યા છો તેથી ખરા અંતઃકરણથી મંગળ ઇચ્છી હર્ષીત થાઉં છું. દીવ તા. ૨૧-૫-૧૪

મણિલાલ નિર્ભયરામ.
પ્રોફેસર સ. ગુ. શાળા.

પરમાર્થના કામોમાં મહાન નરરત્ન મને આપજ જણાયા છો.

ધોધલા તા. ૫-૪-૧૪ | ડાહ્યાલાલ ગોવીંદજી

આપે ઉત્સાહ, ઉત્કંઠા સાથે તસ્દી લઇ પવિત્ર પ્રયત્નો આદર્યા છે તે સારૂ ધન્યવાદ, સુખશાન્તિ તથા વૃદ્ધિ કરીએ છીએ.

બરવાળા તા. ૧૭-૬-૦૯ | **K. S. Deliwala.**
બરવાળા મહાજનના પ્રમુખ.

આપે એક આર્ય તરીકે ગાયોની સેવા કરવામાં જીંદગી કૃતાર્થ કર્યાની કીર્તિ ગવાઇ રહી છે તેથી મગરૂર છું. જામનગર તા. ૨૯-૭-૧૪

ગીરધરલાલ જેરામ.

આપના પ્રયત્નથી થતી ગોસેવા એ એક અંતની મુડી ને ભાતુ છે

બેટ શંખોદ્ધાર તા. ૨૨-૪-૧૪ | ભવાનીશંકર હરજીવન જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે સહસ્ત્ર ગાયોની શેવા કરી પવિત્ર વહીવટ ચલાવવાથી મહુવા ગોરક્ષાને જગત વિખ્યાત કરી કાઠિયાવાડને પ્રસિદ્ધિમાં આણ્યું છે તેથી ઘણોજ હર્ષ થયો છે. ગોપીતલાવ (દ્વારકાં) તા. ૯-૧૨-૧૪

મહંત બીહારીદાસજી મોનદાસજી.

આપ મહાત્મા પુરૂષનું જીવન ચરિત્ર જાણવા અમે ઘણાજ ઉત્સુક છીએ તે પુસ્તક મહાન પ્રસાદી રૂપે ભેટ તરીકે મુકાય તો હજારો સંસ્કારીઓના હાથમાં જઈ વંચાય આ દેશ પરિપુર્ણ થાય

કરીયાનાગસ તા. ૧૧—૧—૧૪ | **લીલા ગાંગજી.**

જૈન પુસ્તકાલયના તંત્રી.

મહુવા ગોરક્ષક સભાની સેવામાં, વિ. કે ભારતવર્ષમાં શ્રીયુત ઓધવજીભાઈ જેવા ધર્મવીર અર્વાચીન કાળમાં પ્રગટ થવા દુર્લભ છે ખરે ખર કૃષ્ણાવતાર વખતે "ઉદ્ધવજી" હતા તેજ આ ઓધવજીભાઈ પોતે છે. આ વાતનો નિર્ણય કરવો હોય તેને ખાસ મહુવા ગોરક્ષક સભાની ગોશાળા તથા વહીવટ જોવાની હું વિનંતી કરૂં છું. વલસાડ તા. ૭-૨-૧૪

કેશવલાલ કલ્યાણજી પંડીત.

મેનેજર સુરત નાટક સમાજ.

ગરીબ બીચારી ગાયોની સંભાળ રાખવા માટે પરમ કૃપાળુ પરમેશ્વર આપ તથા આપના સહાયક વર્ગને સુખી શાન્ત ને ઉત્સાહીત રાખે એ આશીર્વાદ દઉં છું. ગંગાપુર સીટી તા. ૨૮-૧૨-૧૩

બાબુ પન્નાલાલ પરમાનંદદાસ વોરા,

સ્ટેશન માસ્તર.

તમે સ્વાર્થનીતે લોક નીંદાની દરકાર છોડી સહનસીલતાથી ખરી ગોભકિત કર્યાથી આ મૃત્યુ લોકમાં તમારી ગોભકિતની પ્રશંસાના ગુણગાન મુકત કંઠથી ગવાઇ રહ્યા છે તેથી ધન્યવાદ ઘટે છે.

ઈંદોર છાવણી તા. ૨૧-૯-૧૪ | **શાંતીલાલ નાનચંદ ભરૂચ વાળા.**

આપ જેવા ભાગ્શાળી ધર્મવીર પદરના રોટલા ખાઇને ખરી ગોસેવા કરનારા જુજ હોવાથી દુનીયાદારી લોકો આપને આશિર્વાદ આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખાણે છે. આપે ઘાસ ચારાના ભયંકર દુષ્કાળો કઢાવી ખરો દિગવિજય કર્યો છે તેથી આપના દર્શન કરવા લાંબી મુદતથી મારી જીજ્ઞાશા છે; પણ વ્યવસાયને લીધે તે લાભ લઇ શકયો નથી તે મારાં કમભાગ્ય સમજું છું અને આપની અચળ કીર્તિ ને નામ યાવત્ચન્દ્રોદીવાકરૌ અમર રહો એવી હમારી પ્રાર્થના છે. ઈન્ટેબા તા. ૧૫-૯-૧૫

ખારવા મનજી માંડણ કુંપની.

હા. પામર છોરૂ મનજી રણછોડના ભુતનાથ સ્મરણ.

આપે આ જગતની જંજાળમાંથી છુટી જન્મ મરણનો ફેરો ટાળવા અવાચક પશુઓની સેવામય જીવન બનાવ્યાથી અને જગતને પવિત્રતા તરફ દોરો છો; કોટીશઃ ધન્યવાદ અર્પી વંદન કરીએ છીએ.

બ્યાવર (મેવાડ)

કાનજી દેવજી
દા. રાણા માંડણ.

મનુષ્ય દેહ ધર્યાનું ખરૂં સાર્થક કરો છો તે જગ જાહેર હોવાથી અમે મગરૂર છીએ. ડેડાણ તા. ૩-૫-૧૩ | પરી. જેશંગ દેવજી

શા. રણછોડદાસ ગોવીંદજી
ડેડાણ ગોરક્ષાના જોઇન્ટ પ્રેસીડેન્ટ.

તમે લાંબી મુદતથી દીન પ્રત્યે ચડીયાતી રીતે ગોભકતી કરી છપન, એકસઠ, અડસઠ ને બોંતેર ચાર કાળને ભાંગ્યા છે. તેથી મગરૂર છીએ. તમારા જેવા ઘણાં ધર્મવીરો ઉત્પન્ન થાઓ એવી હમારી પ્રાર્થના છે.

કોચીન તા. ૧૧-૮-૧૩ | ઠક્કર લાલજી તેજપાળ.

ઇશ્વર કૃપાથી ગોશેવા કરવાને તન મન ને ધનથી હોંશ પુર્વક જે ફરજો બજાવો છો તેમાં પરમાત્માની વધુ સહાય. મળે અને આખી પૃથ્વીમાં જીવ દયાના વીર હિમાયતી કહેવાઓ એ ઇચ્છા.

જંગબાર તા. ૨૪-૫-૧૪ | નરશી વિ. ભગવાનદાસ.

હિન્દ અને આફ્રિકાના એક નાકાથી બીજા નાકા સુધી તમારી ગોભકતીના ગુણગાન ગવાઈ રહ્યા છે. આવું પરોપકારી જીવન ગાળનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ મહા પુરૂષના દિવ્ય દર્શન લેવા માટે ગોશાળાના ચોક વચે આપનું બાવલું રહેવાની હું જરૂર જોઉં છું.

હીરાનું મુલ્ય ઝવેરી કરે છે પણ આપ ધર્મવીર હીરાનું મુલ્ય પરમાત્મા શીવાય મનુષ્યથી થઈ શકે તેમ નથી એમ સમજી વીરામ પામીએ છીએ. મધુલા (આફ્રિકા) તા. ૨૭—૧૨—૧૩

દામોદર પાનાચંદની કું૦
કલ્યાણચંદ જેઠાભાઈની કું૦
મગનલાલ ભવાન

હાલ કળીકાળમાં આપે કામધેનુની ખરી સેવા કરી પ્રાચીન કાળ જેવું ગો મહાત્મય વધાર્યાથી અમે મગરૂર છીએ.
ઇન્ટાએ (આફ્રિકા) તા. ૧૭–૪–૧૪ | ગીરધરલાલ અમરશી.

દરીયા કીનારે ને ખુણે પડેલા મહુવા શેહેરની ગોરક્ષણી સભા ઢોરોના સંરક્ષણાર્થે ખડને અમુલ્ય દ્રવ્ય ગણી ઘાસ ચારાના સુકાળના વરસમાં ભવિષ્ય માટે ઘાસનો પુષ્કળ જથો સંગ્રહ કરી રાખે છે તેજ માફક આ વરસે પણ દશ દશ લાખ પુળા ઘાસની બે ગંજી સંગ્રહ કરી રાખી છે ને ગાયોનું સંરક્ષણ કરી બળદની ઓલાદ સુધારે છે તથા દરેક જીવ દયાની સંસ્થાને જરૂરી પ્રસંગે મદદ કરે છે. વધારે ખુશી થવાનું એ છે કે દરેક જાતનાં લુલાં, પાંગળાં, આંધળાં, ખોડાં, બીમાર ઢોરોને આરામ કરી દુનિયાના સદ્ઉપયોગમાં લાવે છે. એજ રીતે દરેક જીવ દયાની સંસ્થા (પાંજરાપોળ અને ગોરક્ષા) સતત પ્રયાસ કરશે તો પરમારથ થવા સાથે દેશોદય થશે. તા. ૭–૪–૧૩ | ડુ૦ ડા૦

પરોપકારી વીર રત્ન શેઠજી ગોધવજીભાઇ—મહુવા. આપની સભાના બહાર પડેલા રીપોર્ટ તથા વર્તમાન પત્રોનાં ગળેલા હેવાલ પરથી આપ પશુ રક્ષાને માટે જે નિઃસ્વાર્થે આત્મભોગ આપી રહ્યા છો તેથી આપને કોટીશઃ ધન્યવાદ આપવામાં આવે છે. આર્યોની પુજનિય ને જગતની ઉછરતી ઓલાદને માતા વિના પોતાના દુધથી પોષનાર માતા જેવી નિર્દોષ ગાયો જેના રક્ષણ માટે હિન્દુઓ નહિ બલકે અશોક, કુમારપાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુ રાજાઓ તેમજ અકબર જેવા મુસલમાન રાજાઓના હૃદય દયાથી પીગળ્યા છે તો એક ખેતીવાડી અને રાજ્ય તેમજ પ્રજાના પૌષ્ટિક તત્વોની આબાદીને માટે આધુનિક સાર્વભૌમ બ્રિટીશ સત્તા તરફથી પણ સહાય થવાની જરૂર છે. બાકરોલ વાયા આણંદ તા. ૧૯–૫–૧૪

પરમાર્થીનો સેવક—શા. મોતીલાલ શીકમદાસ માળવી.

महानुभाव परोपकारी वीर रत्न ओधवजी रामजी सरवैया,
ओनररी सेक्रेटरी महुवा गोरक्षक पांजरापोळ—महुवा.

आपना तरफथी " महुवा गोरक्षक पांजरापोळ " नो संवत १९६४ थी १९७० नी साल सुधीनो एकंदरे सातसाली रिपोर्ट मळ्यो. अथथी इति सुधी वांची जोयो तपास करतां मालूम पडे छे के सदर संस्थाने सन् १८९१ मां एक नाना पायापर महान परोपकारी गोभक्त ओधवजी रामजी सरवैयाए स्थापन करेली ते वखतथी ते अद्यापी पर्यंत तेओ तेना जीवन रूप गोमाताजीना संरक्षक तेमज तन, मन, धनने खरा जीगरनी लागणीथी निःस्वार्थ पणे परोपकार्थे जीवन अर्पि दिन प्रतिदीन आबाद स्थितिए लाववाने माटे जे सतत् प्रयास करेलो छे ते स्तुत्य छे गो सेवा करी पोताना आत्मानुं नहि बलके पोताना कुळ, गाम देश अने छेवटमां आखा विश्वनुं कल्याण करेलुं छे ते कहेवामां मने अतिशयोक्ति जणातुं नथी.

श्रीयुत ओधवजी रामजी सरवैयाए 'महुवा गोरक्षक पांजरापोळ' ए शुभ वृक्षनुं बीज वावेलुं जे हाल दिन प्रतिदिन आबाद स्थितिए आवतुं जाय छे ते तेमना निःस्वार्थने प्रमाणिक पणे आपेलो आत्मभोग छे.

विशेषमां जगनियंता प्रभु पासे मारी नम्र प्रार्थना ए छे के

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आवी पारमार्थिक संस्थाने दीन प्रतिदीन आबाद स्थितिए लाववा सुज्ञ महाशयोने तन, मन, धनथी बनती मदद करवा प्रेरणा करे.

बांकरोल वाया आणंद (गुजरात) ता. २७-१०-१९१६.

पारमार्थीनो सेवक,
शा मोतीलाल त्रीकमदास मालवी.

આદર્શ સંસ્થા શ્રીમતિ મહુવા ગોરક્ષક સભાના ધર્મવીર
વંદનીય શ્રીયુત મહાશય મંત્રી મહોદય   મહુવા.

સેવામાં નિવેદન કે ઉત્તરની દુષ્કાળી દુનિયામાંના પાંચ હજાર પશુઓનું પાલન થવા આશ્રય આપવા આપ તૈયાર થયાનું તા. ૯-૩-૧૯૧૪ ના મુંબઈ સમાચારમાં વાંચી અત્યંત હર્ષ થયો છે.

આપે આવા મહદ્ કાર્ય માટે વીર હૃદયની ઉદારતાથી પુરૂષાર્થ કરીને બીજી કીડી વેગની સંસ્થાઓમાં ઉત્તમ સંસ્કાર નાંખ્યા છે તેથી આપ ભારત માતાના વીર પુત્રો કહેવરાવવા યોગ્ય છો.

કડા (ગુજરાત) તા. ૨૪-૩-૧૪ | પ્રહ્લાદ પુરૂષોતમ આર્ય-કડાકર.

આપે ગોરક્ષાનું અત્યુત્તમ કામ હાથ ધરી મનુષ્ય જીવીત સાફલ્ય કર્યું છે. દુનિયામાં કહેનાર ઘણા હોય છે. પરંતુ આર્ય ભૂમીમાં મનુષ્યાવતાર પામી શાસ્ત્રાનુસાર જે કર્તવ્ય અદા કરવાનું છે તે આપેજ કરી બતાવ્યું છે, અને ઉજ્વળ યશકીર્તિ સંપાદન કરી છે, અમો ખરા જીગરથી આપને મુબારકબાદી અને ધન્યવાદ આપીએ છીએ ને ચાહીએ છીએ કે ઇશ્વર સદા તમારૂં ભલું કરો.

વળા તા૦ ૩૦-૫-૧૯૧૧ | ગુલાબચંદ જીવાભાઈ.

આપે જે મહાન કાર્ય મુંગા પ્રાણીને માટે આરંભેલ છે તેમાં દીન દીન ચડતી થઇ અચીચળ રહો એવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

વળા તા. ૨૮-૧૦-૧૯૦૬ | સુંદરજી ગોવરધન,—ગાજી કામદાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા જેવી પ્રમાણીકતા કોઈ જગ્યે મારા જોવા કે સાંભળવામાં આવી નથી એમ કહું તો હું ખુશામત કરૂં છું એમ કહેવાની હીંમત ધરનારને હું ચેલેંજ આપી શકું છું, તમારી ગોભકિતથી ગોરક્ષક સભાઓ અને પાંજરાપોળો વિગેરે જીવદયાની સંસ્થાઓપર સુવર્ણનો સૂર્ય ઉગ્યો માનું છું. તમારો કયા શબ્દોમાં ઉપકાર માનવો તે હું જાણતો નથી.

ખારી કનાડ તા. ૨૬-૧૦-૧૯૧૭ | મણીશંકર લવજી

આ. માસ્તર બ્રેંચ સ્કુલ મહુવા.

મહાન ભકત સુર મહાત્મા ઓધવજીભાઈ,

આપની મંડળીનો સાતસાલી રિપોર્ટ મળ્યો. તે પવિત્ર રિપોર્ટ ઉપરથી પાંજરાપોળ જેવાં કેટલાક ખાતાં વરસોના વરસોથી અંધારામાં પડયા છે. કે જેના શું હિસાબ કીતાબ છે તે બહાર આવતા નથી. તેને ધડો લેવાનું થયું છે તે જોઇ આનંદ પામ્યો છું. આપ મહાન દેશ વીરનર ઇશ્વર સ્વરૂપ મહાત્માએ ખરી ગો શેવા કર્યાથી તેના ગુણગાન ગવાઈ રહ્યા છે અને ઉજ્વળ કીર્તીનો વાવટો દુનીયાના તમામ ભાગપર ફરકી રહ્યો છે તેથી મગરૂર છું. વળા તા૦ ૨૬-૮-૧૯૧૬.

સુંદરજી ગોવરધનદાસ દા. ચત્રભુજ.

સદ્‌ગુણ સંપન્ન સદ્ધર્મ પરાયણ પારમાર્થીક, દેશ ઉદ્ધારક પરમ ગોભકત ઓધવજી રામજી સરવૈયા, મુ. મહુવા

ગો શેવા યાને દેશભકિત કરવામાં તમારો ભગીરથ પ્રયત્ન જોઇ કયો મનુષ્ય આશ્ચર્ય નહીં પામે ? જેણે પોતાનો જન્મ ગો શેવા અર્થેજ ગણેલો છે. અને ગો શેવા એજ મોક્ષનું દ્વાર છે એવું માનનારા આપ જેવા વિરલા જવલેજ મળી આવશે.

હાલના ઘાસ ચારાના દુકાળના વખતમાં ગાયો અને બીજાં મુંગાં પ્રાણીઓના બચાવને માટે આપે જે સાહસ ખેડયું છે તેને માટે તમોને ધન્યવાદ ઘટે છે અને અમો અંતઃકરણથી આશીર્વાદ આપીએ છીએ કે જગન્નિયંતા મહા પ્રભુ આપને દીર્ઘ આયુષ આપી સદા સુખી રાખે.

સંવત ૧૯૭૨ના ચૈત્ર સુદ ૭ | શ્રી ઝાંઝમેર મહાજન તથા ગામ સમસ્ત;

સહી દા. હીરાચંદ લાલચંદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંવત ૧૯૭૨ ના ઘાસ ચારાના ભયંકર દુષ્કાળમાં આપની ગૌશાળાના હજારો ઢોરોને ઘાસ ચારો પુરો પાડવા ઉપરાંત પ્રજાના પશુઓને પણ ઘાસ ચારો પુરો પાડવાનું જે મહાન ભગીરથ સાહસ ખેડે આવ્યા છો તેથી આપને અમે જગડુશાનો અવતાર સમજી આપના દર્શન લેવાની જીજ્ઞાસા રાખીએ છીએ તે પરમાત્મા સફળ કરે ને તમારૂં લાંબુ આયુષ કરે એવી હમારી ખરા જીગરની પ્રાર્થના છે. સંવત ૧૯૭૨ ના ચૈત્ર વદ ૧

૧ નાના ખુંટવડાના મહાજન હા. દોશી દુલભજી માણેકચંદ.

૧ ગામ સમસ્તની સહી હા. પટેલ વીસા માયા.

જગડુશાએ મનુષ્યોને સાત દુકાળ કઢાવ્યાથી તેના ગુણગાન ગવાઇ રહ્યા છે તેજ પ્રમાણે તમો પણ અનાથ મુંગા પ્રાણીઓને સાત દુષ્કાળ કઢાવ્યાથી તમારા પણ ગુણગાન ગવાઈ રહ્યા છે તેથી અમો મગરૂર છીએ તમો લાંબુ આયુષ ભોગવો એમ અમો પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

લીલીયા સંવત ૧૯૭૩ અશાડ વદ ૨ શુક્રવાર.

શા. પાનાચંદ જાદવજી.

હિન્દના બહોળા દેશાવરના દરેક ભાગના દુઃખી ઢોરો બચાવવાનું મહાન સાહસ કરી અલૌકીક બોધ આપીને નવદાર રૂપી મહાન વિષમય બેડીમાં જોડાયેલા ને આપ અલૌકીક આનંદિત બનાવો છો તેથી જગતના સ્થંભ રૂપ છો. પૂર્વે રામચંદ્રજીએ વૈકુંઠ જતાં પહેલાં સર્વે શ્રદ્ધાળુઓને વિમાનમાં બેસારી અગાઉથી વૈકુંઠમાં મોકલાવ્યા હતા તેવીજ રીતે આ કળી કાળમાં આપ પુજ્ય મહાત્મા ઉદ્ધવ નામે અવતાર ધારણ કરી ભવ્ય જીવોને ડુબતા બચાવી વૈકુંઠની પ્રાપ્તિ કરાવો છો તેથી આ મૃત્યુ લોક શોભી રહ્યો છે. આવાં દેશ કલ્યાણકારી કાર્યો કરના દિર્ઘાયુ રહો ને વિજય પામો એવી અમારી પ્રાર્થના, છે. મુંબઇ તા. ૨૬–૨–૧૯૧૪.

કાણકીયા હરગોવિંદદાસ રામજી.

આપે આખી જીંદગી ગૌ શેવામાં ગુજારી જીવનનું ખરૂં સાર્થક મેળવ્યું છે તેનો બદલો ઇશ્વરે રતીલાલ તથા વેણીલાલ જેવા બે સપુત પુત્રો આશિ વાળી આપ્યો છે. તેથી પણ અધીક વાળી આપશે. આપને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારસે અને સુપુત્રો પણ ગોભકિત કરે છે તેથી વિશેષ ગગરૂર છું આપને છેવટની જીંદગી સુધી ગો શેવા કરવા માટે પરમાત્મા લાંબી જીંદગી બક્ષે એવી જગનિયંતા પ્રત્યે ખરા અંતઃકરણથી મારી પ્રાર્થના છે.

કુંડલા સંવત ૧૯૭૨ ના શ્રાવણ વદ ૭ રવિવાર.

હરખચંદ પુંજા વિરાણી.

વીરલ આત્મ સમર્પણ કરનાર લોકમાન્ય કર્મવીર પરમ ગોભકત ઓધવજીભાઈ—મહુવા. **बहु श्रेयांसी विघ्नानि** એ રહસ્યમય સુત્ર પ્રમાણે જીવનની છેલી ક્ષણ સુધી ભારતના ભદ્ર માટેના વીરલ રત્નો કે ઉગ્ર કર્તવ્ય પરાયણતાનો ત્યાગ નજ કર્યો ને આપનું સર્વસ્વ ગોરક્ષાના રંગમા રંગી દીધું છે તેની ચળકતી કારકીર્દીઓ અમે ઇચ્છીએ છીએ ને આપે સંપાદન કરેલી ગોસેવાનો લાભ બીજાઓને પ્રાપ્ત થાય એમ ચાહીએ છીએ. વિશેષમાં આપ મહાન ભકતરાજની ગોભકતીના ગુણગાન ગવાઈ રહ્યા છે તેથી ગાય માતાઓના અને આપના દર્શન લેવા લાંબી મુદતની અમારી અચળ શ્રદ્ધા છે તે પ્રભુ સત્વર બર લાવે એવી તે દયાળુ પ્રત્યે મારી પ્રાર્થના છે. સંવત ૧૯૭૨ ના આસો શુદ ૧ થોરડી.

માધવજી લાધાભાઈ સરવૈયા.

આપના નિયમો વાંચ્યા છે. કાર્ય સ્તુતિપાત્ર છે. આપ વિશેષ પ્રયાસ કરશો તો સસ્થા વિશેષ તાકાતવાળી થશે. સંવત ૧૯૬૮ના દુષ્કાળ પ્રસંગે આપે ઘણી અચ્છી શેવા બજાવી હતી. આપના એ સ્તુતિપાત્ર કાર્ય માટે પ્રભુ આપને વિશેષ શકિતમાન, આયુષવાન બનાવે એવી અમારી નમ્ર પ્રાર્થના છે. વડોદરા તા. ૯—૯—૧૫

મયારામ પ્રાણજીવન જોશી,
સેક્રેટરી જીવદયા ઉપદેશક.

પરમ પરગજુ પરદુઃખભંજન કર્મવીર પુજ્ય મહાત્મા ઓધવજીભાઈ— વિ. કે, આપે નિઃસ્વાર્થપરાયણ નિસ્પૃહ વૃતિથી આત્મભોગ આપી ભગીરથ મહાન સ્તુતિપાત્ર ગોભકિત કરી ગોપાળ ગણાયા છો તે પારમાર્થિક કાર્ય તરફ મહારી સહાનુભૂતિ છે. તે બાબત મારા હૃદયની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગણી કયા શબ્દોમાં દર્શાવું તે નહીં સુજવાથી ધન્યવાદના વરસાદો વરસાવું છું. મુંબઇ કપોળ મિત્ર ઓફીસ તા. ૨—૧૨—૧૬

પ્રભુદાસ લાધાભાઈ મોદી

જા. નં. ૩૪૧ ૐ

માનવંતા શેઠજી સાહેબ મહાન ગોભકત ગોધવજી રામજી.

આજે આપ તરફથી પ્રગટ થએલી બુક ગોભકતી બાબતની આવેલી, અંદર અવલોકન કરતાં પ્રેમ પૂર્વક લખવાની ફરજ પડે છે કે આપનો પ્રયાસ. હીંમત. દાન, માન, અને અડગ શ્રદ્ધા અલૌકિક છે. ગુરૂ અને ઇશ્વર કૃપા પામી આ હડહડતા કળીયુગમાં માન, લોભ, અનેક જાતની સ્વાર્થની મોહ રૂપી લાલચોમાંથી બચી સ્વાર્થનો ભોગ આપી અડગ શ્રદ્ધાથી આવાં કાર્યોમાં ઉત્સાહ પુર્વક પ્રમાણિકપણે નિશ્ચય બાંધી શરૂ કરેલા કાર્યને પરિપુર્ણ કરવું એ આપના યોગો પુર્વ સંસ્કારો અતિ ઉગ્ર અને બળવાન હોવા જોઇએ. શ્રી શાન્તિનાથ આપના કાર્યોમાં, પ્રેમમાં ઉત્સાહ અને આનંદ આપી આપને લાગણી વાળા સત્ય અને શુભ યોગ વાળા મર્દ બહાદુર વીરનરો મળો અને આપના સંસારમાં સર્વ કુશળ યોગો ઉપરાંત શ્રી અંબા આપને યશ, આરોગ્ય. અને શાંન્તી કીર્તિ આપતાં આપનું બહોળું કુટુંબ ભવિષ્યમાં માન અને વૃદ્ધિ પામો એજ તથાસ્તુ. સુરત, લુહાર પોળ તા. ૧૯—૬—૧૬

આશીષ સાથે, લી. **માસ્તર મગનલાલ કરૂણાશંકર ઓઝા,**
એસ્ટ્રોલોજરના વિનય પુર્વક યથાયોગ્ય વાંચી
સ્નેહી વર્ગને વંચાવવા કૃપા કરશોજી.

નંબર ૩૫૨.

માનવંતા સુજ્ઞ મહુવા ગોરક્ષક સભાના ઓનરરી સેક્રેટરી સાહેબ આપના મંડળના તરફથી રીપોર્ટ બુક આવેલી, જવાબમાં લખવાની ફરજ નીચે મુજબ જાણશોજી. પ્રીય વચનારાઓ! આ ફાની દુનિયામાં સત્ય, અસત્યને સર્વ કોઈ સૌ સૌના સંસ્કાર પ્રમાણે જાણે છે છતાં વર્તનમાં સુજ્ઞો ચીરકાળ સુધી દ્રઢ પુરૂષાર્થથી અનેક મહાન મુશ્કેલીઓને કાપતાં પ્રથમનીજ ઉતમ કલ્પના મુજબ આખર સુધી ભગીરથ પ્રયત્ન સાહસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગજાહેરમાં સત્યતા પુર્વક શ્રી દૈવી કૃપાથી, જયજયના ઘોષથી વળગી રહી અનેક બીજા બીજા પ્રકૃતિનાઓને સત્યથી નીડરપણે વશ કરી સફળ માર્ગે ચડાવી ભવિષ્ય, લાભ, ધર્મ અને મોક્ષ સંસ્કારવાળું ગોદાનનો પ્રકાશ બતાવવો એ પરમ શ્રદ્ધાળુ ધર્મદાતાનું કામ છે. રાજાઓ અને પ્રજાનું મુખ્ય મુદ્દાનું આ સુખ છે.

આજે સં૦ ૧૯૬૪ થી સં૦ ૧૯૭૦ ની બુક આભાર પુર્વક મળી છે. વાંચી જોતાં રક્ષકોની શૈલી અતિ ઉત્તમ છે. આવક જાવકની બાજુ પ્રત્યક્ષ સત્ય શેવાનું પ્રમાણિકપણાનું પ્રમાણ આપે છે. નિયમો અવિચળ છે કવિતાઓ હૃદયના અંધકારને દુર કરી પ્રકાશમાં લાવવા સુચવનારી છે. છેવટે લખી જણાવવાની ફરજ પડે છે કે કાઠીયાવાડનું વીરલ તેજસ્વી ઉમદા લોહીનું આ ખમીર છે. ધન્ય જય અને સાત્વીક બુદ્ધિથી તમારા કામને શ્રી શાન્તીનાથ પરમાત્મા જય અને વૃદ્ધિ કરો.

સુરત, લુહાર પોળ તા. ૯—૭—૧૬

નમ્રતા અને કૃપા માગનાર હું છું, તમારો
માસ્તર મગનલાલ કરૂણાશંકર ઓઝા
એસ્ટ્રોલોજરના યથાયોગ્ય.

આપની સંસ્થાને આશ્રયદાતાઓ ખડ, કપાશીયા, લાડવા, લાપસી વીગેરે જે જાતની મદદ મોકલાવે છે તેજ જાતનો ઉપયોગ તુરત કરો છો, તેનો મને ખરો અનુભવ હોવાથી અને આપની સંસ્થા પ્રત્યે મારા સ્વર્ગવાસી ભાઇ ગોકળદાસ ગોવરધનનો વાત્સલ્ય પ્રેમ હતો તેવોજ મારો પ્રેમ આપની સંસ્થાના સાતસાલી રીપોર્ટનું વંચાણ કરતાં વધી પડ્યાથી મારા સ્વર્ગવાસી ભાઇના આત્માની સદ્ગતિ અર્થે રૂા. ૫૦૦)ની હુંડી ઘાસ ચારા માટે મોકલી છે તે સ્વીકારી પહોંચ મોકલાવશો.

જામ ભાણવડથી સં૦ ૧૯૭૩ના ચૈત્ર શુદ ૩ રવીવાર

શા. ખુશાલચંદ ગોવરધનના જયજીનેંદ્ર.

વડીલ પુજ્ય મહાત્મા શ્રી ઓધવજીભાઈ—આપે દીવ્યતાનો સાક્ષાતકાર થવા જગતજાળ તોડી પ્રીય ઈચ્છાઓને વીંધી ગોશેવાનો પાર પામવા ઉત્સુક થઇ આત્મભોગ આપ્યાથી ઇશ્વરનો સાક્ષાતકાર થયો છે. તે મહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભ, ગોશેવાથી મેળવી મહાત્મા બન્યા છો ને તે ભક્તિથી કુટુંબને જ્ઞાતિ ને અને મહુવા શહેરને અને બલકે આખા કાઠીયાવાડને યશસ્વી બનાવી પ્રસીદ્ધિમાં આણી આપણા કુટુંબને તારી દીધા છે.

આપ મહાત્માશ્રીના વાત્સલ્ય પ્રેમની કૃપાને આશીરવચન એજ પ્રસાદી રૂપ અમારૂં સર્વસ્વ માનીએ છીએ. પ્રભુજીની કૃપાથી આપ હજુ કરગી આત્માની સેવા કરવાનો લાભ મેળવવાને ભાગ્યશાળી થવા જીજ્ઞાશા રાખીએ છીએ તે ઉમેદને પરમાત્મા બર આણે એવી હમારી પ્રાર્થના છે

મુંબઇ તા. ૧-૯-૧૬ | ગોકુળદાસ વછરાજ ધારશી સરવૈયા.

તમે ખંત હિમત અને દ્રઢતાથી નિર્લેપે એક વૃતિથી ગોશેવાનું કામ ઘણુંજ સારૂં બજાવો છો તેથી અમારે મગરૂર થવાનું છે.

દયાળુ પરમાત્મા તમારા હૃદયમાં અહરનીશ સદ્વિચારોનું સેવન કરાવે ને તે શુભ વિચારોથી ભવિષ્યમાં વધારે બહાર પડી નિરંતર વિશેષ ગોભક્તિ કરતા રહી સુયશ પ્રાપ્ત કરો એવી મારી પ્રાર્થના છે. મુંબઇ

તા. ૧૨-૧-૧૯૧૦ | રતીલાલ ગોકળદાસ દોશી.

ॐ तत्सत् परमात्मने नमः

નિરંતર ધ્વળ યશોગાનથી આર્ય ભગીનીઓ અને બાંધવોના બાહ્યા-ભ્યંતર પ્રદેશમાં સંપુર્ણ વંદનીય માન પચરાવી અડગ ભક્તિભાવ પ્રેરક વ્હાલા શ્રીપતીના સખા ઉદ્ધવની શેવામાં— મુ૦ મહુવા.

વિ. કે હાલના કળીયુગમાં ગૃહ વ્યવહાર, વ્યાપાર રોજગારાદી લૌકિક માયાથી વિરક્ત થઇ આત્મહિતાર્થેના પરોપકારી કાર્યો કરી દીર્ઘાયુષ રહો ને ધારેલાં કાર્યો પાર પડો એવી અમારી પ્રભુ પ્રાર્થના છે.

આસરાણા સંવત ૧૯૭૪ ના કારતક સુદ ૭

રતીલાલ ગોકળદાસ.

તમારા આત્મભોગથી થતી ગોસેવાએ ગોરક્ષણી સભાઓ ઉપર સુવર્ણનો સુર્ય ઉગ્યો માનું છું. તમારા જેવી પ્રમાણીકતા કોઈ જગોએ મારા જોવામાં આવી નથી અને તમારા અંતરના ભોંયરામાંથી મુંગી આશીશો પ્રમાણે તુરત ફળ પ્રસક્ષ જોવામાં આવે છે તેથી તમો ખરેખર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચનસીદ્ધિ મહાત્મા છો. એમ કહું તો હું ખુશામત કરૂં છું એમ કહેવાની હીંમત ધરનારને હું ચેલેંજ આપી શકું છું તમારો કયા શબ્દોમાં ઉપકાર માનવો તે કાંચન ઉપર ઢોળ ચડાવ્યા બરાબર માનું છું. સબબ મારા અનેકશઃ ધન્યવાદ છે. મુંબઇ તા. ૨૭–૫–૧૮

આપનો સદાનો પ્રેમનિષ્ઠ,
હરજીવનદાસ છગનલાલ,

સત્ય ધર્માભિમાની પરમપુજ્ય મુરબ્બી શ્રી ગોભકત ઓધવજીભાઇ મુંબઈમાં કોંગ્રેસ તેમજ અનેક સભાઓ થઇ તેમાં દેશ હિતેચ્છુ રાજા મહારાજા અને વિદ્વાન વકતાઓએ પધારી ભાષણો આપ્યા તેનો અનુભવ લેતાં આપ મને ખરેખર હમેશાં યાદ આવ્યા કરો છો.

દુનિયામાં ગરીબ સ્થિતિમાં છતાં દયાળુ દેવની કૃપાથી વૈરાગનો રંગ લાગ્યાથી કુદરત તરફ નજર કરી અંદર ભગવાં ધારણ કરી કુટુંબ પરીવાર વ્યવહાર વીગેરે સંસારી માયાથી વીરકત થઇ ખરેખરા ત્યાગી સાધુ માફક જીંદગી અર્પણ કરી ઉત્તરાવસ્થા સુધી દેશનું ખરેખરૂં ધન ગાયોની સેવા કરી હજારો ગાયો બચાવો છો તે મહાન આશીર્વાદ રૂપ છે. દુનીયા અત્યારે ભલે તમને દુઃખી દેખે પણ ભવીષ્યમાં ખરેખર સુખના ભોકતા થશો ને આપના કુટુંબને વ્યાજ સહીત દૈવી સુખ મળશે.

આ વરસે ઇંદ્ર મહારાજની અવકૃપાથી અનાવૃષ્ટિને લીધે ઘાસ ચારાના દુષ્કાળથી દેશને ધા હજુ હવે લાગશે તેને લીધે ગાયોનો જે મેળો વધ્યો છે તેથી પણ વિશેષ વધશે પણ આપ શુરવીર મહાત્મા હીંમતથી લાકડાને ઘોડે કામ ચલાવી ગાયોની વાર કરી રહ્યાથી ખરેખર ઓધવ નામને અને મહુવા ગામને ઉજ્વળ બનાવ્યું છે. આપ મહાનુભાવ ધર્મવીર મારી જન્મભૂમિવાળા મહુવા શહેરમાં જન્મવાથી ઘણીજ મગરૂરી સાથે સંતોષ ને હર્ષ થાય છે. ગાયોના આશ્રમ સ્થાનના સુંદર મહાન કિલ્લા જેવાં ભવ્ય છપરો આપે બંધાવી ખરૂં ગોલોક બનાવ્યું છે તેજ આપની નામના ને અચળ કીર્તિ યાવત્ચન્દ્રો દિવાકરૌ રહેનાર છે તેનું વર્ણન હું સાધારણ જ્ઞાનથી કરી શકું તેમ નથી સબબ વિદ્વાન વકતાથી થવાનું રાખી આપ તનદુરસ્ત રહેવા સાથે હિંદ હિતેચ્છુ ઓનરેબલ દાદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઇ નવરોજજી ડોકટર માફક લાંબુ આયુષ ભોગવી ગોપાળનું બીરદ મેળવો એમ ઇચ્છી વીરામ પામું છું. મુંબઇ તા. ૩૧-૧-૧૬ ઠેο નાગ દેવી નં. ૩ ડો. રણછોડદાસ હરખજી. | ત્રીકમજી માધવજી.

દેશાવરોથી પાંજરાપોળના આવેલા સહસ્ત્ર ઢોરો વગર ફીએ સંભાળી સંο ૧૯૫૬થી અત્યાર સુધીના ભયંકર દુકાળ કઢાવી જીવીતદાનુ આપ્યાનો દિગવીજય કરવાથી આપ જગડુશાનો અવતાર થયાની લોકમાન્યતા ચાલી રહી છે ને મહુવા પ્રસિદ્ધિમાં આવ્યું છે તેથી અમે મગરૂર છીએ. વિશેષમાં અધ્યાત્મીક બળના દિવ્ય પ્રકાશથી આવા દિગવીજય કરવા આપ સતાયુ રહો ને આપના જેવા ઘણાં ધર્મ વીરો હિન્દમાં ઉત્પન્ન થાઓ એવી પ્રભુ પ્રાર્થના છે. મુંબઇ તા. ૨૪-૯-૧૫

ત્રીકમજી માધવજી મહેતા.

લૌકીક પ્રેમબંધનનો પાસ છોડી અલૌકીક પ્રેમમય થઇ જન્મ મરણનો પાસ ત્રોડવા અને આત્માને કાયમ અધીક સુખની પ્રાપ્તિ થવા લોકોના માર ખમીને અને ઘરના ડોઢીયાં કાઢીને તન મનની લાગણીથી ગુપછુપ ગોશીવાનો પરમારથ કરનારા તમારા જેવા ઘણાજ થોડા મળશે અને જ્યાં સુધી તેવા નહીં મળે ત્યાં સુધી પ્રજા ઉન્નત દશા જોઈ શકશે નહીં, તમારો ભગીરથ પ્રયત્ન દેશોદય થવાને દુનિયાને ઉપકારી હોવાથી તે પ્રયત્નમાં આખી દુનિયાને જોડાઇ જવાના આંદોલન મોકલો કે સર્વ મોક્ષપદ મેળવી શકે.

ગોશીવાના પ્રતાપથી તમારી તન્દુરસ્તી સુધરી છે. સંતાન પ્રાપ્તિ થઈ છે ને કીર્તિ વધી છે તેથી વિશેષ ગોશીવા કરતા રહો ને તેનો વિશેષ લાભ તમને મળો એમ ખરા જીગરથી ઇચ્છતો.

ભાવનગર તા. ૧૫-૨-૧૩ | જીવણલાલ ધનજી સરવૈયા.

દશા શ્રીમાળી સરવૈયા કુટુંબ હિતેચ્છુ મંડળના જનરલ સેકરેટરી.

તમારા લઘુ બંધુ સુરચંદ બે દીવસના પ્લેગની બીમારીથી કીશોર વયમાં ગૌ લોકવાસી થવાનો કારી ઘા તાજો છતાં અને તેનું ઉત્તર કારજ પણ નહીં ગયા છતાં યોગીની માફક અલૌકીક વૃતિથી તે અંગત દુઃખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયના એક ખુણામાં દબાવી થોરડી ગામે કુટુંબ કુળદેવીના માંગલિક મેળામાં હાજરી આપી આગેવાની ભર્યો ભાગ લેઇ અલૌકીક યશ મેળવ્યો છે તેથી આપને અનેક ધન્યવાદ આપીએ છીએ ને મરહુમનો અમર આત્મા અખંડ શાંન્તી પામવા પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

થોરડી સં૦ ૧૯૭૨ના આસો સુદ ૯

જીવણલાલ ધનજી સરવૈયા ભાવનગરવાળા.
દશા શ્રીમાળી સરવૈયા કુટુંબ હિતેચ્છુ
મંડળના જનરલ ઓનરરી સેકરેટરી.

વ્હાલા સ્વધર્મી બન્ધુ ! હાલના કળીમાં તમારા જેવી અડગ ગો-ભક્તી કરનાર જવલેજ મળી આવે છે. તે ભક્તિનો ભંગ પાડવાને તમારી દુકાનનો વહીવટ ચલાવી બે હજાર રૂપીઆ પેદા કરી તમારા કુટુંબનો નિર્વાહ ચલાવનાર તમારા લઘુ બંધુ સુરચંદનું અકસ્માત બે દિવસના પ્લેગની બીમારીથી ભવિષ્ય થયાનું મહાભારત દુઃખ આવી પડ્યા છતાં પણ જીંદગી ગુજારવાને મરણ પામવા જન્મ્યા છો ને પ્રભુ તથા સત્ય શીવાય સર્વ મીથ્યા છે એમ માની બ્રહ્મચર્ય, શ્રદ્ધા, પ્રમાણિક ને સત્ય નીષ્ટથી અલૌકીક ભક્તિ શરૂ રાખ્યાથી તે સેવાના પ્રતાપે આત્મબળ વધવાથી વૃદ્ધાવસ્થામાં પણ એક જુવાન કરતાં અધીક, અચળ ગોસેવા કરવાને છેવટની જીંદગીએ વિજયવંત થયા છો. પવિત્ર રહેતાં સુધી બધા આશીર્વાદ મળતાં સુધી નિષ્ફળ થયા નથી. તમેં કોઇ વિલક્ષણ મનુષ્ય છો અન્ય અધિકારી હજુ સુધી સમજી શક્યા નથી. તમારી પાછળ રહી સહાય આપનાર મનુષ્ય શક્તિ કરતાં મહાન શક્તિ અથવા પ્રભુને અથવા કોઈ દેવને તમે જોઇ શકો છો એમ મારૂં માનવું છે.

ઢસા સ્ટેશન તા. ૩-૯-૧૬ | **માવજી ધનજી સરવૈયા.**
ઢસા રેલ્વે સ્ટેશન માસ્તર,

દયાળુ પરોપકારી બંધુ ઓધવજી રામજી સરવૈયા—મુ૦ મહુવા.
આપના મહાન ભગીરથ પ્રયાસને ખરેખર ધન્યવાદ દેવા ઉપરાંત મારી પાસે શબ્દો નથી કે તેની હદ વાળી શકું ! સર્વે મહાશયો જાણી શકે છે કે આપની મહેનતને કુદરતે યશ આપ્યો છે અને સત્યથી તે ઇશ્વરને ઘેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમે થયેલ છે. દૈવી શકતીથી જે બને તે તમારાથી બને છે ને બીજથી પામો છો તેથી વીશ્વાધીપતિ કોટી બ્રહ્માંડના પાલકે આ જમાનામાં તમને દેવના દેવની ઉપમા નિર્માણ કરેલી માનું છું.

ભાવનગર તા. ૩-૫-૧૫ | **નરશીદાસ વીરજી સરવૈયા.**

રા. રા. પરમ ગોભકત વૈશ્ય કુલાવંતસ શ્રીમાન્ મહાત્મા ઓધવજી રામજી સરવૈયા મુ. મહુવા—સેવામાં સવિનય નિવેદન કે આપની સભાના હિત માટેની કાર્યદક્ષતા જાણી આપના તરફ ઘણોજ પૂજ્યભાવ ઉત્પન્ન થયો છે એ કેવા શબ્દો થી વ્યકત કરવો તે સમજાતું નથી. મુંગાના સાકર સ્વાદ સમાન માનસિક ભાવનાજ રહેવાની.

આપ એક વૈશ્ય કુળભૂષણ છો અને દેશોપયોગી જે વૈસ્ય વૃત્તિને ભારત ભાગવતાદિ સત્શાસ્ત્રોમાં પ્રભુ સેવાના મુખ્ય અંગ તરીકે ગણી તેની અનેકાનેક પ્રશંસા કરેલી છે તેને યથાવત્ તન, મન અને ધનથી આચારમાં મુકતાં આવ્યા છો, મુકો છો ને મુકશો તેના પ્રતાપે એ અંતરના ભોંયરામાંથી નીકળતી મુંગી આશીષો સ્થુલ રૂપે અને સુક્ષ્મ રૂપે ફળતી પ્રત્યક્ષ જોવામાં આવે છે તેથી અધીક ફળીભૂત થવા તથા આરોગ્યતા સાથે દીર્ધાયુષ થવા પ્રભુ પ્રાર્થના કરનાર સેવક,

વઢવાણ કેમ્પ તા. ૧૭-૬-૧૮ | **નાગરદાસ હરીશંકર પાઠક,**
કાઠીયાવાડ હિન્દુ અનાથાશ્રમના સુપ્રીન્ટેન્ડેન્ટ.

" **कीर्ति यस्यस जीवती** " તે સૂત્રાનુસાર ખરેખર આપની કાર્ય કુશળતા પ્રમાણે જો કોઇ કાર્ય આદરે તો અવશ્ય પાર પડે તેમાં નવાઈ નથી. આપે અનાથ દુઃખી ગાયોની ખરી સેવા કરી છે. તેની વિશેષ ઉપમા આપવાને શબ્દો નહીં મળવાથી આપ ગોરક્ષણીમાં આ કળિયુગમાં ગોધેનનું રક્ષણ કરનાર " અર્જુનનો અવતાર " થયો માની બે હાથ જોડી નમન વંદન કરૂં છું.

આપને પરોપકાર પ્રિય છે તેના નેતા શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્મા કે જેણે વહાલા સુદામાજીના મહેલ સુધાર્યા તે આપનો અને આપની સંસ્થાનો સદા વિજય કરો એવી અભ્યાર્થના છે. પોરબંદર તા. ૩૦-૫-૧૪

શા. મોતીચંદ કપુરચંદ ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગો બ્રાહ્મણ પ્રતિપાળ એવું બિરદ ઇશ્વરને આપેલું છે તે શ્રી કૃષ્ણ ચંદ્ર પરમાત્માના ભકત ઉદ્ધવનો તમે ઓધવ રૂપે અવતાર થવાથી ગાયોની રક્ષા કરવાને તમારા અંગમાં વસી પુર્વના સુર્યવંશી મહારાજા દિલીપની જેની ગોભકતી (ગાયોની સેવકાઇ) કરાવે છે. સબબ તમે જગત જંજાળ છોડી સાધુ જીવન ગાળી ગૌશેવાની લીલામાંજ એકતાન થઈ અંતઃકરણના શુદ્ધ મનોભાવ વાળી પ્રેમમય ભકિત કરો છો તે ચમત્કારી મહીમા જગતને પરમ સાધન રૂપ હોવાથી તમારા જેવા સેંકડો મનુષ્યો આ પવીત્ર ભારત ભુમીમાં ઉત્પન્ન થાઓ એવી અમારી અંતઃકરણની શુદ્ધ ઇચ્છા છે. ભાવનગર તા. ૫-૫-૧૩

દયાનંદજી ગુરૂ દેવાનંદજી.
ગોપનાથજીના બ્રહ્મચારી.

સદ્‌ગુણ સંપન્ન, સદ્ધર્મ પરાયણ, પારમાર્થીક દેશ ઉદ્ધારક પરમ ગોભકત ઓધવજી રામજી સરવૈયા—મહુવા બંદર.

ગોશેવા યાને દેશભકિત કરવામાંજ તમારો ભગીરથ પ્રયત્ન જોઈ કયો મનુષ્ય આશ્ચર્ય નહીં પામે? જેણે પોતાનો જન્મ ગૌશેવા અર્થેજ ગણેલો છે અને ગોસેવા એજ મોક્ષનું દ્વાર છે એવા વરતનથી છેવટની જીંદગી સુધી રહેનારા તમારા જેવા વીરલા જવલેજ મળે છે.

આ ધાસ ચારાના ભયંકર દુષ્કાળના વખતમાં ગાયો અને બીજાં મુંગા પશુઓના બચાવને માટે આપે જે સાહસ ખેડયું છે તેને માટે તમોને ધન્યવાદ ઘટે છે અને અમો અંતઃકરણથી આશીર્વાદ આપીએ છીએ કે જગન્નિયંતા મહાપ્રભુ દીર્ઘાયુષ આપી સદા સુખી રાખો. અસ્તુ.

મોટા ગોપનાથજી તા. ૨૯-૪-૧૬ શની   લી૦ શુભચિન્તક,

બ્રહ્મચારી દયાનંદજી ગુરૂ દેવાનંદજી,
આજ્ઞાથી—દા. કામદાર પ્રભાશંકરના પ્રણામ.

॥ ૐ શ્રી ॥

સદ્‌ગુણ સંપન્ન, સદ્ધર્મ પરાયણ, દેશોદ્ધારક પરમ ગોભકત શ્રી ઓધવજી રામજીભાઈ, મહુવા,

આ વરસમાં સાનુકુળ વરસાદ નહીં થવાથી ધાસ ચારાનો દુષ્કાળ પડતાં ઘણે સ્થળે મુંગા પ્રાણી પીડાતાં નજરે પડે છે તદનુસાર આપના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જાણવામાં આવતાં તેના બચાવ અર્થે ઘણાંજ કીફાયત ભાવે ઘાસ સાર્વજનીકને આપવા માટે આપે જે બંદોબસ્ત કર્યો છે તે સત્કાર્યને ધન્યવાદ આપીએ છીએ.

ગોરક્ષા અને દેશ ભક્તિ કરવામાંજ તમારો ઉત્સાહી પ્રયાસ જોઇ હું આભારી થયો છઉં. જેણે પોતાને આ જન્મ ગોસેવામાં તથા દેશ ભક્તિ કરવાના અર્થેજ માનેલો છે અને તેજ કામમાં તત્પર રહી જે સાહસ ખેડાય છે એજ મોક્ષનું દ્વાર છે એવું માનનારા આ સંસારમાં વિરલા પુરૂષોમાં આપ પણ એક જોવામાં આવો છો તે ખાતર આભાર માની જગન્નિયંતા શ્રી હરિ પ્રત્યે ચાહું છું કે આપને દીર્ઘાયુષ્ય બક્ષી સદંતર સુખ શાંતિમાં રાખી નિરંતર દેશ ભક્તિ અને ગોરક્ષા કામમાં ઉત્સાહી રાખે અસ્તુ. મોટા ગોપનાથજી તા. ૨૯-૪-૧૬

લી॰ શુભચિન્તક—મહંતશ્રી લક્ષ્મણગીરીજી મંગળગીરીજી

આજ્ઞાથી—દા. કામદાર નારણસિંહ બાવાજીના ધટાર્થ

તમો અહરનીશ સભાને ઉંચા હિમાલયના શીખર પર ચડાવી લેઈ જવા ઉત્સુક છો તે જોઇ પરમેશ્વર પાસે નિરંતર યાચના છે કે તમારા પરમાર્થિક કામને દીન પ્રતિદીન વિશેષ અને વિશેષ મદદ આપે.

ખંત ને પ્રમાણીકપણાથી દરેક કાર્યમાં મચ્યા રહેવાના તમારા ઉત્તમ મત અને કામને દીન પરદીન વધારવાના ઉત્સાહના કાર્યને જોઇ ને અને સાંભળીને તમોને દરેક કાર્યમાં પરચો મળતો હોવાથી નરસિંહ મહેતાની હુંડી માફક તમારા ખાતાની હુંડી કાયમ શીકરાય છે જો મારી કલમને અતિશયોક્તિમાં મુકવા માગતો નથી. તમે જે જે કાર્ય હસ્તમાં લીધાં છે તેમાં મારી જાત માહેતી છે કે નરસિંહ મહેતો અને લાલા ભગતની માફક તમોને પરચો પ્રાપ્ત થયો છે તેથી જે કાર્યમાં ભાગ લ્યો છો તેમાં ઇશ્વર પ્રથગ સહેજ મુશ્કેલી ભોગવાવી કસોટી પર ચડાવ્યા બાદ પુરતી ફતેહ મળી છે તે જોઇ હું બહુજ હર્ષિત થયો છું ને દીલોજાનીથી ઇશ્વરનો ઉપકાર માનું છું.

તમો ભાઇએ અનહદ પરિશ્રમ ઉઠાવી ગઢ્ડવા ગોરક્ષક સભાને ઉંચી ટોચ ઉપર લેઇ ગયા તે બાબતનું સઘળું માન તમો નામવરને ઘટે છે અને હમેશાં ઇશ્વર પ્રત્યે નમ્ર યાચના છે કે તમારૂં આયુષ્ય સતાયુ પુરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીવડે અને દેશ હિતાર્થ તથા લોક હિતાર્થનાં શુભ કાર્ય તમારા હાથે થઈ ઉજવળ કીર્તિ સંપાદન કરો ને ગાય ગાતાજીની ઉતમ શેવા કરવાની તમારી ઉતમ લાગણી ચઢતી રહે તે જોવાને અમે ભાગ્યશાળી થઈએ.

આપ ભાઇના હાથથી પરોપકારી કામમાં મુખ્ય ભાગ બજાવવાની ઉતમ તક પસાર થયેલી છે, થાય છે, ને થશે. તે સઘળી બાબત યાદ કરતાં બહુ આનંદ થાય છે. ઇશ્વર પાસે નિરંતર યાચના છે કે આપને હાથે પરોપકારી કામો પસાર કરી યશ પ્રાપ્ત થાઓ.

મહાન જગતનિયંતા પ્રભુ પાસે નિરંતર યાચું છું કે તમારી આર્થિક અને પરમાર્થિક વૃતિને પુરતી મદદ આપે ને નવા જીવનનું સીંચન કરી બગીચાને ફળદાયી બનાવે. રંગુન તા. ૧૨-૧૨-૦૯

દ્વારકાંદાસ છગનલાલ દોશી.

અહીં ગઈ સાલમાં નિરાધાર પશુઓનું સંરક્ષણ કર્યાથી હયાત રહેલી ગાયો, વાછડા, બોકડા વીગેરે ૫૦ મુંગાં પ્રાણીઓનો બચાવ થવા અમે મોકલાવ્યાં તે મહૂવે સુખરૂપ પહોંચતાં વાજતે ગાજતે વાવટા અને વાજીંત્ર સહ ઘણીજ ધામધુમથી સામૈયું કરી સર્વ પ્રાણીઓને પુષ્પથી વધાવી કુમકુમના ચાંદલા કરી અબીલ ગુલાલ નાંખી પુષ્પના હાર પહેરાવી ગોશાળામાં લાવ્યાનાં માંગલિક સમાચાર જાણવામાં આવતાં ઘણોજ આનંદ થયો છે.

શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માએ ગાયોનું સંરક્ષણ કરી " ગોપાળ " નું બીરદ મેળવવામાં શ્રેષ્ટતા છે એમ પોતાના ઉજવળ દષ્ટાંતથી જગતને બતાવી આપ્યું છે. તે પગલે સેક્રેટરી ઓધવજી રામજી ચાલી હડહડતા કળીયુગમાં પરોપકારાર્થે ખરી ગોભકતી બજાવે છે; તેથી ગાયોનું મહાત્મ ઘણું વધી પડ્યાથી અમે ઘણાજ મગરૂર છીયે ને તેવી ગોભકતી દીન પ્રત્યે વૃદ્ધિ પામવાનું ઇચ્છીયે છીયે. રાજુલા તા. ૯-૪-૧૩

શેઠ જીવરાજ મકનદાસ
વોરા દુર્લભદાસ ત્રીકમજી
શાહ લલ્લુ નાગરચંદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયો સંબંધીનું આપનું લખાણ સરસતાથી ભરપુર છે તે વાંચી અપુર્વ આનંદની સાથે હૃદય ઉછાળો મારે છે. ધન્ય છે તમારી ઉચ્ચ વૃતિને ! પ્રચંડ કળીયુગમાં તમને વિશેષ ધન્ય છે. શીહોર તા ૨૪-૮-૧૫

ગીરધરલાલ વહાલજી વકીલ.

ગોપાલક મહાત્મા ગોવિંદજીભાઈ,

દ્વાપરયુગના અંત લગભગથી જે અનિષ્ટ કર્મો કરવા તરફ મનુષ્ય જીવને પ્રવૃતિ થતી આવ્યાનું આપણે પુરાણ આદીથી જાણ્યું છે તે પ્રવૃતિ જેમ જેમ કળીયુગ આગળ વધતો ગયો તેમ તેમ તેવાં કર્મો વિશેષ ભયંકર સ્વરુપમાં કરવા તરફ મનુષ્ય જીવની પ્રવૃતિ પણ વધતી ગઇ છે. અને અત્યારે જો કે કળા કૌશલ્યામાં આ દુનિયાપરના પ્રસિદ્ધિમાં આવેલા પાંચ ખંડો પોતાની ઉચ્ચતાનું ભાન કરાવે છે. પરંતુ જડવાદના પ્રાબલ્યને લઇને આધ્યાત્મિક સુખની કોઇને કીંવા મોટા સમુદાયને પરવા નહીં હોવાથી ખરૂં મનુષ્ય કર્તવ્ય કયાં અને શેમાં સમાએલું છે ને તે કર્તવ્ય નહીં કર્યાથી પોતાના જીવની શી ગતિ થશે એ શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માનાં વચનો જોતાં આ યુગમાં દશ લાખે એકજ માણુસ માંડ માંડ જાણતો હશે.

આપ પરબ્રહ્મને તત્વરૂપે જાણો છો કે નહિ તેનું મને સાક્ષાત જ્ઞાન તો છે નહીં પરંતુ આપની મુંગા પ્રાણીઓ પ્રત્યેની અત્યુતમ સેવા અને તેમને માટે આપે અર્પિત કરેલું જીવન વિગેરે જોતાં મને તો એમ લાગે છે કે આપ કોઇ યોગભ્રષ્ટ પુરૂષ છો. અને ગયા જન્મમાં અવશેષ રહેલું કર્ત્તવ્ય આ જન્મમાં બજાવી અંતે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ મેળવવા માટેજ આપનો જન્મ થયો હોય એમ મને ભાન થાય છે.

મહાન પુરૂષોના લેખો વાંચતાં મને એકજ અફસોસ થાય છે કે આપની ગો શેવાના અદભુતતા જાતે જોવાને હું પોતે શા માટે એનશીબ રહ્યો હોઇશ અને હજી પણ તે વખત હું પ્રાપ્ત કરી શકીશ કે નહીં. આટલા શબ્દો લખી હૃદયના ઉભરાને શાન્તવન આપી હું વિરામ પામું છું.

શિહોર તા. ૨૨-૩-૧૯૧૪ | સ્નેહાધિન,

ગીરધરલાલ વહાલજી વકીલ

ના સ્નેહ પૂર્વક પ્રણામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કળીયુગે તો આર્યતાનો ક્ષય કરવા ધાર્યો છે તો પણ પવિત્ર ભારત ભૂમીમાં આપના જેવા વિદેહી ગાયોનું સંરક્ષણ કરવાનું માન ધરાવનારા હોવાથી દેશનું ખરૂં ગૌવન બચાવવા આખી જીંદગી સ્વાર્પણ કરી આત્મ-ભોગ આપી મહારાજા દીલીપ ને અંશોક રાજાની માફક તન મન ધનથી તનતોડ મહેનત લઇ અનેક સંકષ્ટો સહન કરીને પણ ખરી ભકિત કરી રહ્યા છો. તેનું માન આપવાને વિશેષણ જોડવા સમર્થ નથી સબબ આ-પના જેવા અનેક કર્મવીરો ઉત્પન્ન થાઓ ને આપ દીર્ઘાયુષ રહો એવી હમારી પ્રભુ પ્રાર્થના કરી વિરામ પામીએ છીએ.

રાજકોટ તા. ૧-૬-૧૯૧૭ | **પારેખ દેવજી પ્રાગજી તથા ત્રિભોવન પ્રાગજી.**

મોટા મોટા ચક્રવર્તી રાજાઓએ ગાયોનું સંરક્ષણ કરવા માટે પો-તાના અમુલ્ય પ્રાણ આપ્યા છે તે દેશોદ્ધારક મહાન ભગીરથ કાર્ય તમે કરો છો તેવી વંદનીય છો. **ચમનલાલ કેશવલાલ,**

કડી તા. ૧-૧૦-૧૯૧૫ | હેડ માસ્તર ગુ૦ શાળા.

હિંદના અને આફ્રિકાના એક નાકાથી બીજા નાકા સુધી તમારી ગોભકિતના ગુણાનુવાદ સાંભળી મારૂં હૃદય હર્ષિત થવાથી તમો કર્મવીરના દર્શન લેઈ પાવન થવા ઇચ્છું છું. ચાઈચાઈ (ગાજા) તા. ૨૧-૮-૧૫.

દા. માધવજી ઝીણાભાઈની કું૦

કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાત બલ્કે આખા હિંદુસ્થાનમાં તમારા જેવા વિદેહી મળવા દુર્લભ છે સબબ તમારૂં દીર્ઘાયુષ થવા પ્રાર્થના છે.

જાફરાવાદ તા૦ ૭-૯-૧૯૧૭ | **શા. ગોકુળદાસ હીરજી.**

તમારૂં વર્તમાન જીવન પશુ શેવાની તમારી લાગણી તેમજ પ્રવૃત્તિ એ અનુકરણીયજ છે. પ્રભુ તમને દીર્ઘાયુષ આપે ને દીન પરદીન પશુ સેવા માં અધીકાધીક ઉત્સાહ, તત્પરતા ને સફળતા અર્પો અને તમારા જેવા સેંકડો નરરત્નો નીકળી આવી ભારતને સુશોભીત કરો એમ ઇચ્છી વિરામ પામું છું. જુનાગઢ (ઉપરકોટ) તા. ૭-૯-૧૯૧૫

વૃજદાસ ગાંગજી—કંટ્રાકટર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોલત ને ઓરત એ બે ચીજોથી તમે વિરક્ત થયાથી વિજયી થયા છો તેથી અમારૂં અભિનંદન આપીએ છીએ.

ઠાએટમ્યો તા. ૨૭–૫–૧૯૧૫ | શા. વિઠલદાસ હેમચંદ.

તમે સર્વ હિતાવહ બાબતોનું જ્ઞાન સ્મૃતિ અને બલ મુશલધારથી અખંડ ભાવે સદાકાળ વર્ષાવી રહ્યા છો પણ અમે તો નેવાની નીચે મૂકાયેલા ઉંધા પાત્રની પેઠે અમારા હૃદય પાત્રો અવળી દીશામાં રાખી રહ્યા છીયે, તમે વિદેહી છો તેથી તમારૂં બાવલું મુકવા હું જરૂર જોઉં છું તે ઉમેદ બર આવે એવી મારી પ્રભુ પ્રાર્થના છે.

ડીલાગોઆબે તા. ૨૬–૩–૧૫ | શા. વૃજલાલ લાલચંદની કું.

તમે ખરેખરા વિદેહી છો, હાલના કળીયુગમાં ખરી ગોભકિત કરી પુર્વના જેવું ગૌ મહાત્મ્ય વધારી મહારાજા દીલીપની ગૌ ભકિત અને મહાન્ અશોક રાજાની પશુ સેવાનું તાજું સ્મરણ કરાવ્યું છે. આપના દર્શન લેવાને લાંબી મુદતથી જીજ્ઞાસા છે છતાં અંતરાય કર્મને લીધે બની શક્યું નથી તેથી ચીંતાતુર છું પણ ઈશ્વર મારી ઉમેદને બર પહોચાડે એવી પ્રાર્થના છે. મોંબાસા તા. ૩૦–૯–૧૯૧૫.

ઠા. રતનશી રણછોડદાસ.

પુરાણોમાં નિષ્કામ નૈસર્ગીક જીવન ગાળનાર વ્યકિતને દેવની ઉપમા આપી છે જેને આપ અક્ષરશઃ મળતા છો એમ કહેવામાં અમો લેશ પણ અતીશયોકિત કરતા નથી તમારા જેવા ઘણા કર્મવીરો હિન્દમાં થવા મારી પ્રાર્થના છે. અમદાવાદ તા. ૧૫–૯–૧૯૧૫.

રાવળ દામોદરદાસ સાંકળેશ્વર.

તમારી ગોભકિતથી ગો મહાત્મનો ઉંચ આદર્શનો જયઘોષ સાંભળી હૃદય આનંદ સાગરમાં લીન થઈ જાય છે. તમો ધર્મ મૂર્તિ છો, તમારા દર્શન લેવા હું ક્યારે ભાગ્યશાળી થઇશ એવું કાયમ ચીંતવન કરૂં છું.

અગાશી સંવત ૧૯૭૧ ના ભાદરવા વદ ૬

ખીમચંદ મુળજી સરવૈયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલના કળીમાં તમારા જેવી ગૌભકિત કરનાર અત્યાર સુધી કોઇ મારા જાણવામાં આવ્યો નથી તેથી તમારૂં બાવલું મુકેલું જોવાને મારી અંતઃકરણની જીજ્ઞાસા છે

ધટોલા તા. ૨૪–૪–૧૯૧૫ | કાળીદાસ નારણ.

દેહ ઉપર ભગવાં પહેરેલા ઠગારા બગ ભકતો ઘણા છે પણ અંતરના ઉમળકાથી અંગતોડ મહેનત કરી કીંમતી વખતને ખરચીના બળીદાનો ગન ભગવું કરી ખરી ગૌભકિત કરનારા તમારા જેવા ક્વચીત્ જ મળી આવે છે તમે ખરેખરા વિદેહી છો તમારા દર્શન લેવાની ઉમેદ બર આવવા અમારી પ્રભુ પ્રાર્થના છે. ઉરણ તા. ૫–૧૧–૧૯૧૫

શા મેમચંદ મોતીચંદ.
શા હરગોવિંદ માણેકચંદ.

શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માના ભકત ઉદ્ધવનો અવતાર હોવાથી હાલના કળીયુગમાં આખર જીંદગી સુધી એક સરખી ને ચઢતી સ્થીતિએ ગૌભકિત કરી દેશોપકાર કર્યાથી તમારૂં બાવલું મુકવા હું જરૂર જોઉં છું.

નૈરોબી તા. ૩૦–૧૦–૧૯૧૪ | જયચંદ ઝવેરચંદ.

તદન બ્રહ્મચર્ય પ્રમાણિક ને સત્યનિષ્ઠાને લીધે વૃદ્ધાવસ્થામાં જુવાન જેટલું આત્મબળ વધવાથી અચળ ગો શેવા કરવામાં વિજય પામ્યા છો તેથી ગગરૂર છું. પછેગામ તા. ૯–૫–૧૯૧૭

ગીરજાશંકર કરૂણાશંકર.

તમે ખરેખરા વિદેહી હોવાથી આત્મ સાધન થાય છે તેથી અમે મગરૂર થઇ ધન્યવાદ આપીએ છીએ. ભાવનગર તા. ૭–૯–૧૯૧૫.

દશા શ્રીમાળી હિતેચ્છુ સભાના ઓનરરી સેક્રેટરી.

તમે કોઇ વિલક્ષણ મનુષ્ય છો, આત અધીકારી હજુ સમજી શકયા નથી તમારી પાછળ રહી સહાય આપનાર મનુષ્ય શકિત કરતાં મહાન્ શકિત અથવા પ્રભુને અથવા કોઈ દૈવત જોઇ શકો છો એવા મોગીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શન લેવાની જીજ્ઞાસા બર આવે એવી ખરા જીગરની પ્રાર્થના કરીએ છીએ. મુંબઈ તા. ૧૭-૩-૧૯૧૭.

ભવાનીદાસ દુલભદાસ.
બાબુભાઇ ભવાનીદાસ.
પ્રાણજીવનદાસ નારણદાસ.
કાળીદાસ દુર્લભદાસ.

જગત્માં પ્રભુ ને સત્ય શિવાય સર્વ મિથ્યા છે એમ સમજી પવિત્ર ગતિથી ગૌભક્તિ કરી જીંદગી સાફલ્ય કરો છો ત્યાં સુધી બધા આશીર્વાદ આવવાથી ફળીભુત થાઓ છો તેથી અભિનંદન અર્પું છું.

મુંબઇ ૧-૭-૧૯ બંદર રોડ.

ગુજરાતી વેપારીઓની મંડળીના આનરરી સેક્રેટરી.

મુંગાં પશુઓ પ્રત્યેની દયાની તમારી સંસ્કારિક લાગણીથી મુક્ત કંઠે જણાવતાં ઘણોજ હર્ષ થાય છે. ઉંરણ તા. ૧૫-૧-૧૯૧૬.

દામોદર ગોવરધનદાસ.

ગો શેવાના પ્રતાપ બળથી રઘુ રાજાની અમુક પેઢીએ રામચંદ્રજી ભગવાનનો અવતાર થયેલ છે. મહારાજા દીલીપને પુત્ર પ્રાપ્તિ થઇ છે તેમજ રાનાડેના વડીલ ભાસ્કરરાવ ઉર્ફે આપાજી ભગવંતના માતા કૃષ્ણાબાઈ ગાયને જવ ખવરાવી તે જવ છાણમાંથી વીણી ધોઇ સાફ કરી સુકવી દળી તેનાજ રોટલા કરી અહાર લેઈ જીંદગી ગુજારવાથી તે કુળની અમુક પેઢીએ ન્યાય મૂર્તી રાનાડેનો જન્મ થયેલ છે. તેમજ તમને પણ ૩૦ વર્ષનો અમ્લપીતનો મહા અસાધ્ય વ્યાધી વગર ઉપચારે દુર થયો છે ને પુત્ર હયાત રહેતા નહીં છતાં રતીલાલ તથા વેણીલાલ એ પુત્ર (ફળ) પામ્યા છો તે ઉપકારના બદલામાં વિશેષ ગો ભક્તિ કરી રહ્યા છો તેથી વિશ્વ તાબે થયું છે, જગત્ આધીન થયું છે ને ઇશ્વરનો સાક્ષાત્કાર થયો છે. તમારી જીવદયાની લાગણીથી જીવદયાની સંસ્થાઓ પર સુવર્ણનો સૂર્ય ઉગ્યો છે તેનો ઉપકાર કયા શબ્દોમાં માનવો તે હું જાણતો નથી.

ભાવનગર તા. ૫-૧૧-૧૯૧૭ | ચુનીલાલ માણેકચંદ મોદી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારના સર્વે પદાર્થો અસાર માની મોહ માયા મમતા તજી સત દીવસ ગોભકિતમાં તલ્લીન રહી ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરૂષાર્થ સાધો છો, પરમાત્મા સ્વરૂપમાં મગ્ન રહી દેહ છતાં વિદેહી થઇને ફરો છો. સર્વ વિષયો તથા સર્વ ઇંદ્રિયો જેને વિશે રહેલી છે એવા મનને સર્વ ઠેકાણેથી ખેંચી ત્રણે લોક કંપી ઉઠે તેવી એકાગ્ર મનથી ખરી ગો-ભકિત કર્યાથી કુળનો ઉદ્ધાર થયો છે, એકોતેર પેઢી તારી છે ને અખંડ શાન્તિનું પદ પ્રાપ્ત થશે એમ મારૂં માનવું છે. ભાવનગર તા. ૫–૮–૧૭

જ્ઞાતિ બન્ધુ ફુલચંદ ગોપાળજી.

ત્રીદંડ ધારણ કરે, મૌન રાખે, જટાં ધરે, મૂંડન કરાવે, વલ્કલ પ-હેરે, વૃત નિયમ પાળે, વારંવાર સ્નાન કરે, તપથી શરીર શોષણ કરે, પણ જેનો આત્મા પવિત્ર (વશ) નથી તે સર્વ અફળ નિરર્થક છે અને અ-હંતા ને મમતાનો ત્યાગ અને આત્મ જ્ઞાનથી સિદ્ધિ છે એ હેતુ પુરઃસર અવિચળ સ્થાન મળવા ઇંદ્રાસન ડોલે તેવો ગો શેવાનો તપ આદરી રહ્યાથી તે તપનો છળ કપટથી ભંગ કરવા માયાના વિક્રાળ રૂપથી તમારા બંન્ને લઘુ બંધુનો વિયોગ થયા છતાં પણ પ્રાણને રૂંધી અલૌકીક ગોભકિતમાં (વિશ્વ રૂપમાં) ઐકયતાને પામ્યાથી વચન સિદ્ધિ છો તેથી અભિવંદન કરૂં છું. વળા તા. ૫–૮–૧૯૧૭.

ચત્રભુજ સુંદરજી.

તમે ખરી નેકી ને સત્યતાથી ધર્મ ખાતાના વહિવટ ચલાવો છો તેથી શ્રી (વિજય) ને લક્ષ્મી (સંપત્તિ) એ દાસી થઇ જમણી ને ડાબી બાજુ રહે છે તેથીજ કાયમી બહોળો ખર્ચ પુરો પડે છે. આશ્રય દાતાએ મોકલેલ નાણાંનો તેના જણાવ્યા પ્રમાણે સદ્ વ્યય કરવામાં તમારા જેવી પ્રમાણીકતા કોઇ જગે મારા જેવામાં કે સાંભળવામાં આવેલ નથી નથી તમારો કયા શબ્દોમાં ઉપકાર માનવો તે હું જાણતો નથી.

ભાલોદ (નાંદોદ લાઇન) તા. ૮–૧૨–૧૯૧૭.

પરી. નગીનદાસ દલસુખરામ.

ગો સેવા પુનરોદ્ધાર, અધ્યાત્મિક જાગ્રતિ અને આત્મ જ્ઞાનની પ્રાપ્તિ થયાથી આગ્રહ પુર્વક યત્ન, ઉગ્ર ભાવના ને ઇશ્વર ઉપર દ્રઢ શ્રદ્ધાથી તન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન ધન અર્પણ કરી ગો સેવામાં તલ્લીન રહ્યા છો તે દરમીયાન અવલમાં પર્વત જેટલી મુસ્કેલીઓ આવેલી પણ આખરે મહા પ્રભુની સહાયતાથી જંગલમાં મંગળમય થયું છે ને સતીયાનું સત રહ્યું છે. કાળા માથાનું માનવી શું ન કરી શકે? તેનો ખરો અનુભવ જાતે જોનારનેજ થાય છે ખરેખર તમો દૈવિ પુરૂષ છો તે સિવાય કળિકાળમાં બનવું મુસ્કેલ છે.

ભાયાવદર તા. ૨૧-૧૦-૧૭ | **શાહ ત્રિભોવન ધનજી.**

આત્મભોગ આપનાર વીર રત્ન સાચા પરોપકારી રા. રા.
ઓધવજીભાઇ રામજીભાઈની પવિત્ર શેવામાંઃ—

આપને આપના પરોપકારી ઉંચા કાર્યો માટે આપના તરફ પુજ્ય ભાવથી લખેલ શબ્દો માટે આપ બહુજ વિવેકથી લખો છો એ આપની નિર્મળ ઉંચ વૃત્તિ અને પરોપકારી પ્રેરણા છે. ખરેખર ગોરક્ષા માટે આપે બેહદ કામ કરીને તમારી જીંદગીને સાફલ્ય કીધી છે, અને તે ઉંચ પરોપકારી વૃત્તિએ ગોરક્ષણ માટે આપે જે ધોરણે કામ લીધું છે તેવું કામ બીજી તરફ થતી ગોરક્ષા કરતાં બહુજ અનુકરણીય થઇ પડે તેવું છે. આ દુષ્કાળના વખતમાં પણ તમો બહુજ વખાણવા લાયક કામ કરી ગો માતાને જીવતદાન આપો છો. તમારા એ ધાર્મિક ઉંચા કામને માટે ખરા જીગરથી તમને ધન્યવાદ આપું છું. મુંબઇથી તમો ગોરક્ષાનું મોટું ફંડ ભેગુ કરી આવ્યા ત્યારે મહુવામા આપને આવતી વખતે લોકો તરફથી હરખભર્યો મોટો આવકાર આપવાને એક ઉત્સાહ ભર્યો મેલાવડો કરવાની મારી લાગણી ભરેલી મોટી ઇચ્છા હતી; પણ કમનસીએ હું મહુવા છોડી ગયો હતો. છેલ્લે આપના નહીં વીસરાય તેવાં પરોપકારી કામો માટે આપ લાંબુ આયુષ્ય ભોગવી વધારે પરોપકારી કાર્યો કરતા રહો.

તમારો સાચો સેવક.

મુબઇ તા. ૧૦-૮-૧૧ | **નથુ મંછાચંદ—પ્રોફેસર.**

મહાન્ પરોપકારી વીર નરરત્ન રા. રા. ઓધવજીભાઇની શેવામાં + × તમારા પ્રયાસ માટે બહુજ ખુશ થઇને ખરા જીગરથી ધન્યવાદ આપું છું. ગઇ પરમના સાંજ વર્તમાનમાં મહુવાની ખબરોમાં ગોમાતાના રક્ષણ માટેનો હેવાલ વાંચી વધારે તમારા તરફ ધન્યવાદના વરસાદો વર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવું છું તમો ખરેખર એક સાચા પરોપકારી અને આત્મભોગ આપનારા છો. તમોએ ગોરક્ષણ માટે બહુજ ઉપયોગી કામો કરીને તમારી જીંદગીને અને મહુવાને બહુજ માનવંત અને નામાંકિત કીધાં છે. તમો હજુ લાંબી જીંદગી ભોગવી એ ખાતાને વધારે અને વધારે મોટું બનાવો દયાનંદ સરસ્વતી કે જેણે એ બાબતનો મોટો ઉપદેશ આપ્યો છે એ જો જીવતો થાય તો પહેલું મોટું માન રા૦ રા૦ ઓધવજીભાઇને આપે કે જેને ગોરક્ષાના ઊંચા કાર્યો કર્યા છે. તમારા પરોપકારી કાર્યો હમેશાં વિજયવંતા નીવડો એમ ખરા જીગરથી ઇચ્છતો તમારો સાચો સેવક,

મુંબઇ તા. ૩૦–૮–૧૯૧૧ | નથુ મંચ્છાચંદ પ્રોફેસર.

ત્યાં વરસાદની રેલથી ખમવી પડેલી હાડમારી વખતે તમે પુર્ણ શ્રમ લેઇ ગાયોને બચાવી છે. તે દયાના કામમાં તમારો ઉત્સાહ સ્વાર્પણ ખરેખર બહુજ પ્રશંસાપાત્ર છે. તમને દીર્ઘાયુષ બક્ષે ને તમે નીરંતર ગાયોના આશ્રયદાતા રહો એવી પ્રાર્થના છે. મોરબી તા. ૬–૮–૧૩

ગુસાંઈ દલેલગરજી વી. દોલતગરજી

કૃષ્ણ પરમાત્માએ ગાયેનું રક્ષણ કરવા ગોવર્ધન પર્વત ઉપાડી જે મહાન્ કામ કરી ગોપાલ નામ ધારણ કર્યું છે તે કૃષ્ણ પરમાત્માના સખા ઓધવજી પણ તે વખતમાં હતા તેજ સખા ઓધવજી નામને લાયક આપને અમો ગણીએ તો તેમાં જરા પણ ગેરવ્યાજબી ગણાય નહીં; કારણ જેવા ઓધવજીના ગુણનું વર્ણન છે તેવાજ અને તેટલાજ ગુણોના આપ પણ અધીકારી છો એમ કહેવા અમે જરા પણ અચકાશું નહીં બલકે તેથી પણ વિશેષ છો. કારણ કે તેવા વખતમાં તેવા મનુષ્યો ઉત્પન્ન થાય તે તો વ્યાજબી છે પણ આવા હડહડતા કળીયુગમાં કે જ્યાં ધર્મની ફરજ શું છે? તથા આપણા દેહનું સાર્થક શું છે તેતો કોઇને સ્વપ્ને પણ સમજવામાં નથી; તેવા વખતમાં આપ જેવામાં તેવા ગુણો જોઈ અમો આપને માટે જે કાંઈ લખીએ તેમાં અતીશયોકિત તથા આપને ભલું નહિ મનાવતાં તે વ્યાજબીજ ગણાશે. પોતાના ખર્ચનું ખાતું વૃદ્ધાવસ્થા જેને પુરેપુરી વળગી ગઈ છે તેવી અવસ્થામાં આપે મુંબઇ જેવા શહેરમાં કે જ્યાં દરેક ઘરમાં દાદરાનું દુઃખ મોટું મનાય છે તેવા દાદરાઓનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખ અમે આપના અંતરમાં નહીં આણતાં ચડી ચડીને જે ટીપ મેળવી ગયા છો તેને માટે તો ઉપલા લખાણને આપ ખાસ લાયક ઠરો છો; તેટલેથી પણ આપ બેસી નહીં રહેતાં તેજ પરમાત્માની પ્રવૃતિ પકડીને તેજ પ્રમાણમાં મચી રહ્યા છો તે જોઇને અમે આપને લાખોવાર ધન્ય-વાદ આપીએ છીએ ને અમારા મનનું સમાધાન કરવા નીચેનો દોહરો લખવા વલણ લઉં છું. દોહરો.

કૃષ્ણ સખા "ઉદ્ધવ"ને અરજ મારી છે એક,
ગોશેવા સ્વીકારવા. યાચું ધરી વિવેક;
પ્રત્યુત્તર લખી પ્રીતથી, સુરભીતણું વૃત્તાન્ત,
"માધવ" માગે એટલું, સહાય કરો શ્રી કાન્ત.

પરમાર્થી પુરૂષો આ અસાર સંસારને છેવટના પરિણામે દુઃખ રૂપ માની મોંઘા મનુષ્ય શરીરનું સાર્થક કરવા માટે પરમાર્થ કામમાં તન, મન, અને ધનથી પ્રવૃત રહે છે પરંતુ તેવા હાલના જમાનામાં ઝાઝા જોવામાં આવતા નથી છતાં તેવામાંના આપ સરખા હજારોમાંના એકના પગથી આ પૃથ્વી પોતાને પાવન થયેલી સમજે છે એમ કહેતાં જરા પણ ગેરવ્યાજબી ગણાશે નહીં. કારણ સ્વાર્થને અંગે પરમારથ ઘણા કરતા હશે પણ કેવળ બીન સ્વાર્થે મુંગા પ્રાણીઓમાં જે ગાય ઉ-ત્તમ પ્રાણી ગણાય છે તેને અર્થે આપ સેંકડો અંગના લાભો પડતા મુકી તન, મન, ધનથી કામ કરો છો તેથી ખરેખર ઉપલી ઉપમાને લાયક છો એમ કોઈ પણ કબુલ કરશે. આપના પવિત્ર દેહનાં દર્શન અમોને જે વખતે મહુવે થયાં હતાં તે વખતે અમો અમને પોતાને ભાગ્યશાળી સ-મજતા હતા. હજી પણ આપના દર્શનનો લાભ પત્રદ્વારાએ થાય છે એ કાંઇ ઓછાં સદ્‌ભાગ્યની વાત સમજાતી નથી માટે એ લાભ આપ હંમેશાં પત્ર દ્વારાએ પહોંચાડશો એવી આશા છે. મુંબઈ તા. ૧૧-૧-૧૨

માધવદાસ ભાણજી.

મહાન ગોભક્તથી ઓળખાતા દયાળુ દીનાવીર ઓનરરી સેક્રેટરી
ઓધવજી રામજી

બાદ આ કાગળ હું આપના પવિત્ર ચરણમાં મુકવા ઈચ્છું છું. આજ રાત્રે મેં આપનો સં० ૧૯૭૦ સુધીનો બહાર પડેલો રીપોર્ટ વાંચ્યો છે જેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ આપણી ગોમાતાની ઘણી સેવા કરો છો એવું સ્પષ્ટ જણાય છે તો હું આપને ગોભકતથી ન ઓળખતાં મહાન ભારતવર્ષના પાલક તરીકે ઓળખીશ. હું નથી ધારતો કે ભારત વર્ષમાં આપના જેવા ગોભકત પેદા થશે. મારી ઇશ્વર પ્રત્યે એવી નમ્ર પ્રાર્થના છે કે આપના જેવા ગોભકતને દિર્ધાયુષી કરે અને આપના જેવા ભારતવર્ષમાં પેદા થાઓ. આપના જેવા મહાન ગોભકતે હિન્દમાં જન્મ લીધો છે તેને માટે હું ઘણું અભિમાન ધરાવું છું હું મારા વડીલ ભાઈ સાથે ઈંગ્લીશ સ્કુલમાં નડીયાદ અભ્યાસ કરૂં છું.

કવિતા

હે પ્રભુ મુજ વિનંતી સાંભળજે, કરૂં છું હું જે હે ઇશ્વરા;
જન્મ આપવા તસ્દી લેજે, ઓધવજી રામજી જેવા વીરલા;
મુજ ધર્મ પિતા ઓધવજી કરે છે સેવા મુજ ગોમાતાની,
તેવાજ ભકતો કરજે પેદા, પ્રભુ આ ભારત વર્ષ મહીં.
પાળે છે ધર્મ પિતા તંદુરસ્ત ગાયને, તેમજ વળી લંગડી લુલી માંદીને
વાંચક ખોળી લાવ જોઇએ, ભારત વર્ષમાંથી આવા મહા વિરલાને
દ્રઢ નિશ્ચયથી કહું છું નહીં મળે, આવો વિરલો આ ભારત તેમજ દુનીયા મહીં.
ભલે ગુમાવો જીંદગી રટણ કરવામાં, યુરોપ સિલોન આસ્ટરેલિયા તેમજ અમેરિકા મહીં.
ધર્મપિતા=ઓધવજી રામજી, હવે લાવું છું છેડો મારી વિનતીનો, એટલુજ કહેતાની સાથે;
પ્રભુ કરજે પેદા ગોભકત તેમજ કરજે દીર્ધાયુષી આ ભારતવર્ષિ પાલકને.

મહાશય, સેવક તરફ કૃપાદ્રષ્ટિ રાખશો. આ ગરીબ સેવક આશા રાખે છે કે આપના જેવા દયાળુ તેમજ દયા દ્રષ્ટિથી ભરેલા મહાન ભારત વર્ષના પાલક મુજને આપના કાગળોની નોંધની અંદર આ ગરીબમાં ગરીબ પત્રને નોંધી લઈ આભારી કરશો.

નડીયાદ તા. ૨૯-૧-૧૭ | આપની કૃપાદ્રષ્ટી ચાહતો તેમજ આપને દીર્ધાયુષી ઇચ્છતો,

ગોવરધનદાસ વિ૦ પટેલ કરમસદ વાળા
ખારાકુવા (ગુજરાત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવદયા પ્રતિપાળક ભાઈ શ્રી ઓધવજી રામજી—મુ૦ મહુવા.
ધન્ય છે આપને કે આવાં પરોપકારી કાર્યમાં આપનું જીવન ગાળો છો અને તેને માટે જે શ્રમ લ્યો છો ને જે કાર્ય કરો છો તે મનુષ્ય કર્તવ્ય નથી પરંતુ દૈવ્ય કર્તવ્ય છે અને આપને માટે સ્વર્ગના દ્વાર હમેશાં ખુલ્લાંજ છે. હમેશ આવું કામ કામ કરો અને દરેકને કરવાની સદ્બુદ્ધિ આપો જેથી દરેક મનુષ્યનું જીવન સફળ થાય.

દોહરો.

કહાં યુધીષ્ટર નરપતિ, કહાં હળધર કૃષીપાળ,
કીર્તિ જગમેં રહી ગઈ, સબકો ખાયો કાળ;
બ્રહ્માના એક દિવસમાં, ચોદ ઈંદ્ર વહી જાય,
(તે) બ્રહ્મા કાળનો ભય ધરે, સો વર્ષ પુરાં થાય.

આ ક્ષણભંગુર દેહ છે, તેમાં જે કાંઇ સુકીત કરવું એ કાંઈ પુર્વના સંસ્કાર વગર બનવું ઘણુંજ કઠણ છે અને તેને માટે આપને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે. તેમ આપને ઉપમા આપવાની શકિત મારામાં નથી. હું તો એક નિમિત માત્ર છું; મારાથી કાંઇ આપી શકાય તેમ નથી. વળી સમુદ્રની અંદર અસંખ્ય જળ છે તેમજ સમુદ્ર એક અંજળી જળ (અર્ઘ) આપવાંથી પ્રસન્ન થતો નથી પરંતુ અર્ઘ આપનારના ભાવ (પ્રેમ)થીજ પ્રસન્ન થાય છે તેવી રીતે આ પત્રની સાથે રૂા. એકની ટીકટ મોકલી છે તે શ્રી ગોપાળજી મહારાજના નામે જમે કરશો. સુરત છાપરીઆ શેરી, તા ૧૪-૧-૧૬

લી૦ ગોસેવક—**જયોતીષી રેવાશંકર ભવાનીશંકરના**
આશીષ.

ગોપાળનો લોપ થવાથી ગોપાલન કરવા તમે અંશાવતાર હોવાથી હડહડતા કળીકાળમાં સર્વસ્વ જીંદગી સ્વાર્પણ કરી આત્મભોગ આપી ગોધનની વૃદ્ધિ કરો છો તે દરમીયાન તમને અવલમાં સગાળશા શેઠ, મીરાં, ધ્રુવ, પ્રલ્હાદ, નરસિંહ મહેતો ઇત્યાદી ભકતોની પેઠે અનેક સંકટો આવ્યાં છતાં પણ નેક ટેકથી દીન પ્રત્યે ચઢતી સ્થીતિએ ગો ભકિત શરૂ રહ્યાથીજ આખરે કુદરતી સહાયતા મળવાને લીધે હજારો ગાયોના પ્રાણના બચાવ થયા છે તેથી પુર્વની માફક ગો મહાત્મના વિજય વાવટાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીવ્ય પ્રકાશ મેરૂને શીખરે પહોંચ્યો છે તેથી કોટીશ પ્રણામ કરૂં છું ને તમે ગોપાળનું બીરદ મેળવનારા અંશાવતારના દરશન લેવા ભાગ્યશાળી થાઉં એવી પ્રાર્થના કરૂં છું. મુંબઈ તા. ૧૬—૨—૧૪

દેવચંદ પ્રેમજી.

આપની જેવી કહેણી તેવી રહેણી છે. આપની ગોભકતી દરેકને સદવર્તનથી ચાલવાનું ચિત્ર છે. પરોપકારના વીપાકનો લેખ છે, આપના સમાગમથી અપવિત્રતા દુર થાય છે. પાપવૃતિ નાશ પામે છે, મગજની મલીનતા હણાય છે, વ્યવહાર કલેશનું વિસ્મરણ થાય છે, મનોવૃત્તિઓ શાન્ત થાય છે, નેત્ર પ્રસન્ન થાય છે, વાણી પ્રમાણીકપણું ગ્રહણ કરે છે, ઇશ્વરી રસ્તા જાણવામાં આવે છે, પુન્યના અંકુરો પેદા થાય છે, અનેક સદવિચારો અંતઃકરણમાં આલ્હાદીત થાય છે, અપરીચીત આનંદનો અનુભવ થાય છે, ઈંદ્રીયો આડે રસ્તે જતી અટકી ઉત્તમ રસ્તો ગ્રહણ કરે છે, કલ્પ વૃક્ષની પેઠે ઈચ્છીત ફળ આપે છે ને અમૃતની પેઠે અજર તથા અમર કરે છે તેથી તેને સ્વર્ગ સમાન કહેવામાં કાંઈ પણ અડચણ નથી:—

સજ્જનના સહવાસનું વર્ણન કરવા આ ટુંકા કાગળમાં સ્થળ નથી ત્યારે એક નીચેનો શ્લોક અત્રે લખી આપ સજ્જનના સમાગમથી હું આનંદ માનીશ.

श्लोक—जाड्यं धियो हरंति सिंचति वाचि सत्यं ।
मानोन्नतिं दिशति पाप मपाकरोति ॥
कीर्ति च दिक्षुवितनीतितनोति लक्ष्मी ।
सत्संगतिः कथय किंनकरोति पुंसाम् ॥ १ ॥

સામા ઉપકારની આશા વિના કરેલા ઉપકારને ધન્યવાદ છે. તુલસીકૃતનું વાકય છે કે—ચોપાઈ.

पर उपकार वचन मन काया, संत सहजसुभाव खगराया;
संत सहहीं दुःख परहित लागी, परदुःख हेतु असंत अभागी:
भूर्ज तरु समसंत कृपाला, परहित सहनित विपति विशाला;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तदपि करवमैं काज तुम्हारा, श्रुति कहं परम धर्म ऊपकाराः
परहित लागी तजैजोदेही, संतत् संत प्रशंसही तेहि.

વળી આપ પરોપકારી કામ કરી મનુષ્ય જન્મની ફરજ અદા કરો છો તે બાબત મારી કલમ લખતાં શરમાય છે કે રખેને આપને આપની આત્મ શ્લાઘા લાગશે તેથી મારી કલમને દબાવી રાખું છું તો પણ તે કલમથી કહેવાયા વિના રહેવાતું નથી કે—

મનહર છંદ.

જગતમાં જન્મ લહિ ઢાંકયો રહ્યો નહિં કહિં,
શુભ ગુણે વિશ્વ વિષે સહુ મન ભાવિયો;
ગાયો તણી રક્ષા થતી બંધ જોઈ ગોપાળે આ,
ગાયો પાળ ઓધવને મેમ્બર ઠરાવિયો;
ગાય માતા રક્ષણના ધોરણને અગ્ર ધરી,
સુધરાવી સઘ બધે ધર્મ સુ ચલાવિયો;
ધન્ય ધન્ય ભારતીના "ઓધવ" સપૂત તને,
દેશ દાઝ દીન દુઃખ સદા ઉર લાવિયો.

સવૈયા.

વસુધા તળમાં વિદ્વાન વસે, વળી એકથી એક કરે સરસાઇ;
જ્ઞાન ભૂગોળ ખગોળ તણું, ધરતા કરતા સુખ આપ બડાઈ;
(પણ) શાસ્ત્રનો સાર સિદ્ધાંત લહે, જણવે જગ જાહેર જેહ નવાઈ;
સંશય છેદક જે ચિત્ત વેધક, એક મળ્યા અબ 'ઓધવભાઈ' ૧

આપની પરોપકારી વૃત્તિ જોઇ મારૂં હૃદય આનંદ પામે છે.

સવૈયા.

કોણ કહે ધનને મનથી જન આશ પૂરો મુજની વરસીને,
કોણ કહેછે દિવાકરને કરથીજ પ્રકાશ કરો સરસીને;
કોણ કહે જન નીર સમીરને આશ પૂરો શુભ કે નરસીને,
સજન તેમ વીના કહેથી પણ આશ પૂરે જનની હરષીને. ૨

શ્લોક—लभंते ब्रह्मनिर्वाण मृषयः क्षीणकल्मषाः ।
छिन्न द्वैधः यतात्मानः सर्व भूतहितेरता ॥

શ્રીમદ્ ભગવતગીતા અ. ૫, શ્લોક ૨૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને ફરીથી કહેવા દો કે **कीर्तिर्यस्य सजीवती** જેની કીર્તિ છે તે જીવે છે, સુકૃત્યો કરીને એટલે મનની મહેનતથી ઉપજતા અનેક સદ્‌વિચારોથી સંયુક્ત ઉત્તમ ઉપદેશો વડે આખી દુનીયાને દરેક દુઃખથી દૂર રાખી તેનું અવિનાશી કલ્યાણ કરીને કીર્તિ મેળવનારા જ્ઞાની વિદ્વાન પુરૂષો હોય છે અને મને તેની ઉત્તમતા અધીક ભાસે છે. જે પુરૂષ સ્વકર્તવ્ય સારી રીતે કરી કીર્તિ સંપાદન કરે છે તે સદા અમરજ છે અને તેનુંજ જીવ્યું સાર્થક છે. પોર્ટ આલ્બર્ટ વીકટર તા. ૨૦-૨-૦૭

કાનજી માધવજી ભટ્ટ,
વીકટર સ૦ શે૦ સ્કુલના માસ્તરના જયસચિદાનંદ

દયાળુ દીનાવીર ગોરક્ષીત સેકરેટરી મી૦ ઓધવજી રામજીની સેવામાં
મુ૦ મહુવા બંદર.

તમારો બહાર પડેલો ગોરક્ષાનો રીપોર્ટ વાંચી જતાંજ આનંદની જ્વાળા હૃદયમાં પ્રગટી અને અંતરમાં એકદમ ઉદ્‌ગારો ઉભરાઇ આવ્યા જે મેં મારી "આંતરીક ઉદ્‌ગારો" નામની પ્રાઇવેટ બુકમાં લખી લીધા પણ મારૂં મન તેટલેથી સંતોષ માની બેઠું નહીં પણ તેની એક નકલ આપના તરફ મોકલી આપવાની ઇચ્છા કરી અને તે ઇચ્છાનુસાર તે નકલ આ સાથે બીડી છેજી.

આપે ગોરક્ષા ખાતામાં જે મહેનત કરી તેને ઊંચ સ્થીતિમાં મુકવા પ્રયત્ન કર્યો છે તે અત્રે સફળ થયો આજે જોઇએ છીએ અને કહીએ છીએ કે સકળ દેશનું ધ્યાન ખેંચનારો સુધારો તેમાં થયો છે અને વિશેષ થાય તેવું ઇચ્છીએ છીએ.

આપના જેવા ઉદ્યોગી અને પરમાર્થી વીરો વડે આ ભારત ભૂમિ શોભી રહી છે, અને અમારા જેવા અલ્પજ્ઞને ઊંચ સ્થિતિ ઉપર આવેલા ઉન્નતિના શીખરો ઉપર ચડવા સીડી સમાન થયા છો. પુર્વે સત્યુગમાં અરજુને ગાયો વાળી રક્ષા કરી હતી એજ રીતે આપ ગાયોની રક્ષા કરો છો તેથી આ કળીયુગમાં ગાયોની રક્ષા કરવા અરજુનનો અવતાર થયો એમ હું આપને માનું છું તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. પ્રભુ આપને દીર્ઘાયુષ્ય આપો એવું ઇચ્છી ચાલતા વિષયને બંધ કરીશું.

મુંબઇ તા. ૧૮-૭-૧૦ | લી. સેવક—**હેમચંદ ફુલચંદના** જયજીનેંદ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહુવા ગોરક્ષક સભા તરફથી બહાર પડેલો સંવત ૧૯૬૧થી સંવત ૧૯૬૩ સુધીની સાલનો વારસીક રીપોર્ટ વાંચ્યા પછી નીપજેલા વીચારો.

હરિગીત છંદ.

અગણીત ગુણ ગવાય છે ગૌમાતના વીચારીએ,
ઓ ભવ્ય પ્રાણી વિચાર કર નર ચક્ષુ ખોલી દેખીએ;
ખોરાક જે ખડ ખાય છે બક્ષીસ પ્રભુએ આપીયું,
કહીં દુધ ઘી તેનાં બને ઉત્તમ સ્વાદે જાણીયું;
બાળકને રોગીષ્ટની આશિષ લે તે ઉરથી,
શીતલાનાં રોગીયો મુકાવતા તેની રસી;
હેરાન કરતા મચ્છરો જે રાત્રીના અવસાનમાં,
કુદરતે ઔષધ અર્પ્યું ગૌ તણા તે મુત્રમાં;
ખોરાકને આરોગીયે તે નીપજે ખેતર મહીં,
ધન—ધાન ખેતી વાસ્તે તે બળદ જોડયા અહીં તહીં;
વળી પહેરીયે જે લુગડાં તે નીપજે કોની વતી,
ઉપકાર કોનો માનવો વીચાર કર નર તું જરી;
નુકશાન કેવું વર્ણવીયે એક ગાયનું મૃત્યુ થતાં,
હાય હૃદય મારૂં થર થરે વર્ણન તેનું સુણતાં;
ભુખે પડી ધુળ ચાટતી ભોંયે પડી બહુ ભાંભરે;
વૃદ્ધ થતાં સ્વાર્થી અંધો બહુ ગુણ તેના વીસરે;

દોહરા.

પાંકડ તાવડ લંગડી, લુલી માંદી જેહ;
રક્ષણ તેનું જે કરે, કૃપા કરે પરમેશ.
દયા ધર્મનું મૂલ એ, રક્ષણ કરે નીરાશ્રિત;
તન મન ધનથી કુદતો, એહ ધર્મની રીત.
પાલણ પોષણ થાય છે, મહુવા ગૌરક્ષાય;
વાંચી આનંદ ઉપજે, જો રીપોર્ટ વંચાય.

મી૦ ઓધવજી રામજીના સંબંધમાં વીચારો:—

રાગ ગઝલ.

પડયો દુષ્કાળ છપનીયો જેહ, ગયા ઘરબાર તજાવ્યો દેહ;
કરી હિંમત બહાદુરે, રક્ષણ કર્યું ગૌ તણે વીરે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુદયો રણમાં કેશરીયો થઈ, હજારો વીર મદદમાં લઈ;
કરી ઘણા રૂડેરાં કામ, જગ્યો જગ ઉજવ્યું તુંજ નામ;
જંગલમાં વસાવ્યું તેહ, પ્રભુની મહેરબાની એહ;
પરમાર્થે ગણ્યો નહીં દેહ, સ્થળ મંગળ કરાવ્યું તેહ.

મુંબઈ તા. ૯–૭–૧૯૧૦ | લી० હેમચંદ ફુલચંદ,
નીરાધાર પશુનો સેવક.

આપના તરફથી ચાર વર્ષના વાર્ષિક રિપોર્ટની કોપી મળ્યાથી ઉપકારી થયો છું. તમારા સ્તુત્ય કાર્ય માટે દરેક સંસ્થા તમારા એકી અવાજે વખાણ કરે છે એ કાંઈ ઓછા હર્ષની વાત નથી. આપને આવા પરોપકારી કામ માટે પુર્ણ હર્ષાવેગથી મદદ કરીશ.

આ સાથે "સુરભી સેવન" અથવા આર્યોનું આત્મિક સ્વર્ગનું કાવ્ય લખી મોકલેલ છે તે ગોરક્ષક સભાના રીપોર્ટમાં પ્રસિદ્ધ કરશો.

વડતાલ તા. ૧૩–૧૧–૦૬ | લી०
કવિ ભાઇશંકરજી વિ. વિદ્યારામ પંડિત.

સુરભી સેવન

અથવા

આર્યોનું આત્મિક સ્વર્ગ.

(લખનાર–કવિ ભાઈશંકરજી વિ. વિદ્યારામ પંડિત—વડતાલ.)

હરિગીત છંદ.

(૧)

સ્મૃતિમાં! સનાતન કાળથી, ધરનારી જે ધિરત્વને;
વરસાવનારી વળી વડી, વસુધા વિષેજ વિરત્વને;
પ્રસવે પશુ–સુત જે પુરા, બળી વર્દ!! ભૂમિ ભય હરે;
હતભાગી હિંદ!! કોણ? તે નહીં સુરભીનું! સેવન કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

અતિ યોગી–રોગી વિયોગી જે, પાલન કરણ પંથે વહ્યા,
પડવા પ્રહારો પાહુના, સદ્‌ગ્રંથમાં સાક્ષિ રહ્યા;
મદનાદિ પણ જેના અહોનિશ અંતરે ગુણ ઉચરે,
હતભાગી હિંદુ ! ! કોણ ? તે નહીં સુરભીનું સેવન કરે.

(૩)

નવકોટી નંદ સ્વછંદ કેરા, વૃંદમાં વ્રજચંદ ! ! રહી;
ગણના કરી ગુણ ગાયના, ગુણવંત ગેડી કર ગ્રહી;
દિન રાત કર્યું દાસત્વ હોય ન, સત્વ તો શીદ પુંઠે ફરે;
હતભાગી હિંદુ ! ! કોણ ? તે નહીં સુરભીનું સેવન કરે.

(૪)

તૃણ ખાય તોએ તેનું તન, તત્વો રૂડાંથી તર કર્યું;
પદ–પુચ્છ ! ! તુચ્છ પવિત્રને, મળ–મુત્ર ! ! પણ મહતા ભર્યું;
પય પ્યારૂં પોષણકારી, જેમાં વિર્યની વૃદ્ધિ ઠરે;
હતભાગી હિંદુ ! ! કોણ ? તે નહીં સુરભીનું સેવન કરે.

(૫)

શીશું સાથ્ય બહુ સ્નેહાળને, રતિમાં સ્વભાવે રાંકડી;
પરમારથે નીજ પ્રાણનું, બલીદાન ! ! દેવા બાંકડી;
સજ શ્વાસોશ્વાસે જે સદા, રહી સૃષ્ટિનાં સંકટ હરે;
હતભાગી હિંદુ ! ! કોણ ? તે નહીં સુરભીનું સેવન કરે.

(૬)

દ્રઢ ધર્મ બળ ધરનાર, અત્રી અંગિરા બલી ! ! આગ્રહી;
રઘુ રાહુગણ રસરાજ ! ! જેની ચરણ રજ લેતા ચહી;
પુરૂવંશી પુરૂષોએ અને પુજી જે, પુલસ્ત–પરાસરે ! !
હતભાગી હિંદુ ! ! કોણ ? તે નહીં સુરભીનું સેવન કરે

(૭)

અધિકારી નિર્વિકલ્પના, હજી પણ યજે ગણીને હિતુ;
કરી ગંધ અક્ષત કરથી પાદોદક, પીવા ચ્હાતા પિતૃ ! !
કવિ ભાઈશંકરજી સદા જે, શાન્તિકાર ચિત્તે સ્મરે;
હતભાગી હિંદુ ! ! કોણ ? તે નહીં સુરભીનું સેવન કરે.

વડતાલ તા. ૧૫-૧૧--૧૯૧૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*ઓધવ જન્મ પ્રોત્સાહન.

(લખનાર-કવિ ભાઈશંકરજી વિ. વિદ્યારામ પંડિત—વડતાલ.)

ગરબી.

૧

ધન્ય જનનિ ઓધવજીની આ લોકમાં,
જેના સુતે શોભવી માતૃ કૂખ જો;
શીર પર ઉંચકી સંકટ કેરાં પોટલાં,
ભગીરથ યત્ને ભાગી ગૌની ભૂખ જો;
ધન્ય જનનિ ઓધવજીની આ લોકમાં.

૨

જે વખતે પશુ જળ સરખું ન'તું ભાંખતાં,
તો પછી કયાંથી ઘાસ તણા ગંભારજો;
એવી વિપતમાં આભલિએથી આણીને;
અન્ન તૃણ કેરા અખૂટ ભર્યાં અંબાર જો;
ધન્ય જનનિ ઓધવજીની આ લોકમાં.

૩

સુરભી શરણમાં મર્ણ લગી મમતા ધરી,
અર્પણ કરી બેઠેલા જીંદગી આપ જો;
જાગૃત સ્વપ્ન સુશુપ્તીને તુર્યા વિષે,
અખંડ ગૌ સેવાનો ઉરમાં જાપ જો;
ધન્ય જનનિ ઓધવજીની આ લોકમાં.

૪

ધ્રુવ ડોલે કે દીગપાળો કદી ડગમગે,
કે કદી મેરૂ મેદની મધ્ય મુકાય જો;

---

*સ્નેહ ચિન્હ સુચક સંવત ૧૯૬૯ ના કારતક શુદી ૧૧ ને દીન શ્રી ઓધવજીભાઇ રામજીભાઈની જન્મ તિથીના શુભ ટાંકણે મોકલવા નિમિત્તે તૈયાર કરેલું—કેવળ નિઃસ્વાર્થ ભાવના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ રામજી સુતનું તો ગૌ ભકિતથી,
ચિત્ત ચલીત ન કોઈ પ્રકારે થાય જો;
ધન્ય જનનિ ઓધવજીની આ લોકમાં.

૫

ગંગા, મહીં, ગોમતિ ને વળી ગોદાવરી,
ભવ બ્રહ્માદિક તેત્રીસ કોટી ટીકાય જો;
અડસઠ તીરથ એણીપેર વાસ્યાં આંગણે,
કેવળ પૂજી સુરભી તણા શુભ પાય જો;
ધન્ય જનનિ ઓધવજીની આ લોકમાં.

૬

તનમાં તાપ ધર્યો ન કદી તૃષ્ણા તણો,
દીલમાં ન ધર્યો દુષ્ટ પણાનો દંશ જો;
પ્રપંચ તો પ્રીછયો નહીં પોતે જન્મમાં,
એવો વીરનર વૈશ્ય કુળે અવતંસ જો;
ધન્ય જનનિ ઓધવજીની આ લોકમાં.

૭

પુરણ પ્રતિજ્ઞા પશુ રક્ષણની પ્રાણમાં,
નયન વિશે નરી કરૂણા કરણ સમાન જો;
ભરી ભરીને નિત્ય ભાઈશંકરજી કવિ તણી,
આશિષ કેરૂં સાચું સાહો સુકાન જો;
ધન્ય જનનિ ઓધવજીની આ લોકમાં.

મહાન ગોભકત પરમ પ્રીય સ્નેહાદર્શ શ્રીયુત્ ઓધવજી રામજીભાઇ.

આપની દીર્ઘ વાંન્છના અને વિજયવંત યોજનાઓ સર્વત્ર સફળતા પ્રાપ્ત કરો એજ છેવટ મારી શુભાશિષ છે.

સુ પ્રસંગોના મુળ રૂપ આપ રૂપ વ્યકિતને પરમાત્મા દિર્ઘાયુ બક્ષે.

ઇતિ શમ્ મુંબઈ તા. ૭-૨-૧૯૧૪.

કવિ ભાઈશંકરજી વિ. નિધારામ પંડિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ધન્યવાદ."

શાર્દુલ વિક્રીડિત વૃત.

વિશ્વે જન્મ ધરી અસંખ્ય ગઉનાં, સંકષ્ટ સંહારીઆં;
ખર્ચીને ધન ખૂબ ધરમી કરમો, ધ્યાને સદા ધારીઆં;
વેઠી કષ્ટ પરાર્થ શાંતિ ભરતાં, સાક્ષાત પર્જન્ય છે,
એવા રામજી સૂત 'ઓધવ' તણા, જીવીતને ધન્ય છે.

गव्यं पवित्रं च रसायनं च पथ्यं च हृद्यंबल पुष्टिदंस्यात् ।
आयुः प्रदं रक्त विकार पित्त । त्रिदोष हृद्रोग त्रिषापहंस्यात् ॥

જે ગૌમાત તણા પવિત્ર દુધથી, આ વિશ્વ જીવે બધું,
તુષ્ટિ પુષ્ટિ પુરી ત્રિદોષ હરીને, આયુષ્ય અર્પે વધુ;
કાપી રક્ત વિકાર રોગ હૃદયના, હરનારી સૌ જન્ય છે,
તેના પુજ્ય પુજારી 'ઓધવ' તણા જીવીતને ધન્ય છે.

त्रिपाके मधुरं वृष्यं, वातपित्तकफापहम् ।
चक्षुष्यं बल कृन्मेध्यं, गव्यंसर्पिर्गुणोत्तमम् ॥

વાઇ છે ધૃત જેતું વાયુ હરણું, વિપાકમાં મીષ્ટ છે,
નેત્રાનંદિ અને સુબુદ્ધિ કરણું, આરોગ્યદા ઈષ્ટ છે;
કારી કંઈક કફાત્મ વ્યાધિ મટવી, દેનારૂં સૌજન્ય છે.
તેના પુજ્ય પુજારી 'ઓધવ' તણા, જીવીતને ધન્ય છે.

कंडू किलास मलशूल मुखाक्षि रोगान् ।
गुल्मातिसार गुदमारुत मूत्ररोधाम् ॥
कासं सकुष्ठ जठर कृमि कोशजालं ।
गोमूत्र मेक मपि पीतमहो निहंति ॥

કાપે કોઢ કિલાસ ગુલ્મ ગુદજા, નેત્રાદિ રોગો નર્યા,
કંડુ ખાંસી કૃમી અને જઠરના, ભારે પિડયાઓ ભર્યા;
એવા જે ગઉ દેવીના ગુણકરા, મુત્રે ગુણો ગ્રણ્ય છે,
તેના પુજ્ય પુજારી 'ઓધવ' તણા, જીવીતને ધન્ય છે.

*   *   *   *   *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્જો આવું અખંડ કામ ઉરથી, વિઘ્નો વિદારી વડાં,
ભર્જો ભક્તિતનિ શક્તિ ભાવિ તનમાં, દોરી નીતિ નાવડાં;
શીખાડી શિશુને રૂપાળી શિખ આ, દીર્ઘાયુ હોજો તને,
આપે આશિષ એવિ આપ ઉપરે, માણિક્ય શર્મા મને;

કાલબાદેવી રોડ મુંબઇ તા. ૬-૮-૧૯૧૩.

લી૦ આપનો,
કોકશાસ્ત્રજ્ઞ પણ્ડિત માણિક્ય શર્મા
પ્રાણરક્ષક ઔષધાલય.

ગૌભક્તની અનુપમ યાદગીરી
અથવા
ઓધવજીભાઇનો અનુકરણીય ધર્મ.

(સોરઠા.)

ધન્ય ઓધવ તુજ ધર્મ, ગૌ સેવાનો ગુણ ભર્યો;
એ મરદાની મર્મ, સમજે તેને શી પીડયા ?

નવ લખ નંદ સમેત, 'કૃષ્ણે' એ કૃતિ આદરી;
તે નવ સમજે પ્રેત, મનુષ્ય તો મૂકે નહીં.

જનમાં બ્રાહ્મણ જેમ, પશુમાં તેવી ગાવડી;
સેવન કરતાં ક્ષેમ, તરપે એહ ત્રિલોકનું.

વેદ તણાં પ્રતિ સાખ્ય, સૂત્રે સુચવ્યો ધર્મ તે;
સરવૈયાની સાખ્ય, આપે આ કળિકાળમાં.

નર તો જોઉં નિશંક, સંસારી સુખ ફેડતો;
રામજીનો સુત રંક, ગૌ સેવાના ગર્વમાં.

દર્દ કરી સહુ ગર્દ, સેવા સુરભીની સજી;
મહુવા ભુમીનો મર્દ, અવિચળ એ રે'જો સદા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશીષ એવી આજ, 'ધીરજ' આપે ધર્મથી;
પ્રતિપાળક મહારાજ, ઉર આકાંક્ષા પૂરશે.

જંબુસર તા. ૨૦-૧-૧૮ | **વૈદ્યશાસ્ત્રી ધીરજલાલ મગનલાલ.**
લોકહિતાર્થ દવાખાનું.

પ્રાતઃ સ્મરણીય 'ઓધવજી'ને ધન્યવાદ.

હરીગીત.

૧

સજી ગાયની સેવા સકળ જગ સંતતીને શીખવી,
ના લાલસા ભરી લાલચોને લાભકાર ગણી લવી;
સુત પોતિકા બે સાથ દોરી એ તરફ નિજભાઇને,
છે ધન્ય એ શુભ ધર્મના ધરનાર ઓધવભાઇને.

૨

આ ધર્મ ધરતાં બન્ધુ બે, પરલોક મધ્ય પધારીયા,
ને હાનિ ઉદ્યોગે લણી, પણ સ્વાર્થ તે ન સુધારીયા;
જીવન તણું ફળ જાણ્યું એકજ, ધેનું ભણી નિત્ય ધાઇને,
છે ધન્ય એ શુભ ધર્મના, ધરનાર ઓધવભાઈને.

૩

પશુ ગાયને શી પાળવી, મ્લેચ્છો તણી એ માન્યતા;
તોડી વછોડી ટાળી એવી, દેશ કેરી દૈન્યતા;
ગજવ્યો ધ્વની ગુજરાતમાં, ગૌમાતના ગુણ ગાઇને;
છે ધન્ય એ શુભ ધર્મના, ધરનાર ઓધવભાઇને.

૪

મહુવા તણી મરદાનિ કુખ. શોભાવી જેણે સાનથી;
શીરવંદ્ય માની સુરભીને, મન ના ડગાવ્યું માનથી;
ટળી માંહી માને કારમી, એ 'કાળીદાસ' નવાઇને;
છે ધન્ય એ શુભ ધર્મના, ધરનાર ઓધવભાઇને.

જંબુસર પોરવાડની ખડકી | **કાળીદાસ ગીગાભાઈ રાજગોર.**
પોલીસ કારકુન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીયુત મહાશય સ્વધર્મ જીજ્ઞાસુ ધર્મ બન્ધુ !

જેના પુત્રો વડે આ અખીલ વિશ્વ વિધવિધ પ્રકારના વૈભવો ભોગવી રહી છે તેને આપ સ્વધર્મ રક્ષક બની માતાતુલ્ય તન મન અને ધનથી સેવન કરો છો એ જોઈ આ દીન ભગીની અતી આલ્હાદ પામી છે.

આ સાથે, "નૂતન વર્ષની મંગલ પુષ્પાંજલી" તેમ આપ ગૌમાતાની તન મન ધનથી સેવા કરો છો તત્સંબંધે આપને "ધન્યવાદ" આપવામાં આવે છે. તો તે પ્રેમ પુર્વક સ્વીકારી આ બ્હેનીને કૃતાર્થ કરશોજી.

હાલ એજ જણોર તા. ૨૬-૧૦-૧૯૦૬ | લી૦ હું છું આપની,

ધર્મ ભગીની સૌ. ચંદ્રમણીના અભિવંદન.

॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

" નૂતન વર્ષની મંગલ પુષ્પાંજલી "

હરિગીત વૃતં.

શીળ સત્યતા સંતોષ સૂજશ સૌર્ય સન્મતિ આપજો,
સદ્ ધર્મ ધૈર્ય દયા ક્ષમા સુખ શાન્તી સારદ સ્થાપજો;
ટાળી ત્રીવીધી તાપ, લક્ષ્મી વાડી વય વીસ્તારજો;
શુભ સાલ ત્રય રસ ભકિત ભૂ સૌને શ્રીહરી સુખકર હજો — ૧
(૩ ૬ ૯ ૧)

જણોર તા. ૨૬-૧૦-૦૬ | લી૦ આપની ધર્મ ભગીની

સૌ. ચંદ્રમણી નાથાલાલના જયજય.

॥ ॐ तत्सत् परमात्मने नमः ।

ગોરક્ષક સભાના ઓનરરી સેક્રેટરી રા. રા. ઓધવજી રામજી
(સરવૈયા)

" ધન્યવાદ "

શાર્દુલ વીક્રીડિત વૃતં.

જન્મી આ જગમાંય તાત્રી તનતે કામો રૂડાં આદરો,
પાળી સુરભી વૃંદ પોષણુ કરી વત્સોની વૃદ્ધી કરો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ આભાર ન અલ્પ વિશ્વ બંધીને વીરા નહી વીસરે,
છે જીત તમારૂં ધન્ય પ્રદરે "ચંદ્રમણી" સત ઉચરે,
લી૦ આપની ધર્મ ભગીની,
ઝણોર તા. ૨૬-૧૦-૧૬ | સૌ. ચંદ્રમણીના જયજય.

મંગલ મૂર્તિ પરમપુજ્ય તિર્થસ્વરૂપ ધર્મ પિતાજી !

ઓધવજી રામજી

વિનંતી કે ગોરક્ષક સભાના દશ વર્ષના રીપોર્ટની ફાઈલ તથા ગોરક્ષક મંડળીના વિનંતી પત્ર એ સર્વે પામર પુત્રીને તા. ૯મીને રોજ મળ્યું છે, તેમાંના ગદ્ય તથા પદ્ય વાંચી હું અતિ આલ્હાદિત થઇ છું. આપની પ્રભૂ પ્રેરીત કાવ્યશક્તિને ધન્ય છે તેની માધુર્યતા કાંઈ અલૌકીક છે. સબબ તે વારંવાર વાંચવાને મન લલચાય છે—અતૃપ્તી રહે છે.

દેવને પણ દુર્લભ એવો આ રત્નચિન્તામણી રૂપ માનવ દેહ પામી ઉત્તમોત્તમ એવું ચોથું વૃત આદરવાથી આપ જીવન મુક્તજ થયા છો એમ આ પામર પુત્રીનું માનવું છે. પ્રયોજન ? આ દુનિયામાં સૌ કોઇ સમજે છે કે આ દેહ ક્ષણભંગુર છે; અને અવસાન કાળે પુન્ય પાપ સિવાય અન્ય કંઈ પણ સાથે સંચરનાર નથી. મિથ્યા માધુર્યતાને વળગી રહી દુઃખી થાય છે, કિન્તુ તેને તમે જીતી છે જેથી આપને એકવાર નહિ પરંતુ લક્ષાવત્તિ ધન્ય હો ! જન્મનું ખરૂં સાફલ્યપણું તો એજ છે. નહીંતો આ પ્રપંચી મન તો રાત અને દિવસ પ્રપંચમાંજ મચ્યું રહે-વાનું. તેને જીતનાર આ ભૂ પૃષ્ટ પર આપ જેવા નર વિરલાજ હોય છે.

આપની અર્ધાંગના કે જે મારાં ધર્મ માતુશ્રી, તેમને પણ આ હડહડતો કળીયુગ જોતાં અત્યંત ધન્યવાદ આપવો ઘટે છે. પ્રભુ એવી સન્મતિ સર્વ કોઈ સ્ત્રી વ્યક્તિને બક્ષે એવી મારી પ્રભુ પ્રત્યે નિરંતર સવિનય વિજ્ઞપ્તી છે. હાલમાં આપને બે પુત્ર તેમ બે પુત્રીઓ હયાતીમાં છે, અને આપને અસહ્ય પિડા આપનાર અમ્લપિત્તનો અસાધ્ય વ્યાધી વીના ઉપચારે દૂર થયો એ જાણી અતિ હર્ષિત થઇ છું.

પિતાજી ! પ્રભુ ઉપર વિશુદ્ધ પ્રેમ રાખી ગોસેવા કરવામાં આપ તન મન, અને ધનથી નિરંતર તત્પર રહો છો તો પછી રૂડું થવું શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશક્ય છે? કદી નહિ. પ્રભૂ સૌ સારૂંજ કરે છે. આગળ ઉપર નૃસિંહ મહેતા, મીરાંબાઇ, પ્રલ્હાદ ઇત્યાદી અનેક ભકતોનો એ દયાળુ પ્રભુએ ઉદ્ધાર કીધો છે તેમ આપ પણ જીવન મુકતજ થયા છો. આપની વય પંચાવન વર્ષની વીદીત થતાં હવે હું આપને ધર્મ પીતાજી અને આપની અર્ધાંગનાને ધર્મ માતુશ્રી તુલ્ય ગણીશ તો તે અયોગ્ય નહિંજ લેખાય, અસ્તુ!

ઝણોર તા. ૨-૧૧-૦૬ | લી૦ દિન પુત્રી,

સૌ. ચંદ્રમણીના દંડવૃત.

મંગલ મૂર્તિ પરમ પુજ્ય તીર્થસ્વરૂપ ધર્મ પીતાજી!

આપના તરફથી ગોશાળાનો વાર્ષિક રીપોર્ટ મળ્યાને આજે દિર્ઘ સમય વ્યતિત થાય છે ત્યારે આજે કૃષ્ણ કૃપાએ તેનો "અભિપ્રાય" લખી મોકલવા પુત્રી ભાગ્યશાળી બને છે, તો તે પહોંચ્યાની પહોંચ લખશોજી. આ પુત્રી કર્માનુસારે શરીરીક વ્યાધીથી પીડા પામતી હતી. જેથી ત્વરીત અભિપ્રાય લખી મોકલવાને બની શક્યું નથી તો તે બદલ અનકંપા.

પત્ર સમાપ્તી પૂર્વે આપ દિર્ઘાયુ સાથે સુખી રહો. આ પુત્રીને હવે સહજસાજ આરામ થયો છે. એજ વિસુદ્ધ પ્રેમમાં વૃદ્ધિની જીજ્ઞાસા તૃપ્ત કરશોજી. ઝણોર તા. ૧૧-૯-૧૦ લી૦ દીન પુત્રી,

સૌ. ચંદ્રમણીના જયભારતોત્કર્ષ.

"અભિપ્રાય"

મારી પવિત્ર ભારત ભૂમીના આર્ય વિરનર રત્ન! અને સૃષ્ટિ પર વસતા જનમાત્રને વિવિધ વૈભવ ભોગવાવનાર, તેમજ ઉન્નતિના શિખર પર આણનાર ગોમાતાના સુદઢ ભકત મણિ!

આપના તરફથી મોકલેલ ગોશાળાના સંવત ૧૯૬૧, ૬૨, ૬૩-એમ ત્રણ વર્ષના વાર્ષિક રીપોર્ટની કોપી પુત્રીની દ્રષ્ટિ સાંનિધ્ય આવી ખડી થઈ. આદ્યાંત અવલોકન કરતાં આપે ગોસેવાના પરમાર્થ કાર્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તન, મન, અને ધનથી જે ભગિરથ પ્રયત્ન કીધો છે; તેની સ્તુતિ કરવા ને મારા મગજમાંથી તેવા ઉત્કૃષ્ટ શબ્દોનો વિક્ષય થવાથી લાચાર છું.

આપની આવી નિષ્કામ વૃત્તિને લઇને, આ આર્યભૂમિમાં નિવાસ કરતી દરેક વ્યકિતના આનનદ્વારે આપના અતિ ઉત્તમ ગુણોના ગાયનના ધ્વનિથી દશે દિશાઓ ગાજી ઉઠી છે તેમાં યત્કીંચિત્ પણ અતિશયોકિત નથી. બેશક આપનું નિઃસ્વાર્થ સદ્વર્તન અન્યને આદર્શરૂપ થઈ પડે તેવું છે. પ્રભુ આપને આવાં પારમાર્થિક કાર્ય વહન કરવાને દિર્ધાયુ બક્ષો. અસ્તુ !

આટલેથી પણ આ પુત્રીનું અંતઃકરણ સંતોષ નહિ પામતાં આપો આપ આનંદ શ્રૃંગપર ચઢી જવાથી અંતરોદ્ગાર આનનદ્વારે બહાર આવે છે કે—

હરીગીત છંદ.

(૧)

છે ધન્ય મહિતળ ગામ "મહુવા" માં નિવાસી ભ્રાતરે,
નીજ કુળ દિપાવ્યું ગોતણી રક્ષા કરી દિન રાતરે;
આશિશ શુભ લીધી અતિ ધરી જન્મ માનવીનો ધરા,
કહે 'ચંદ્રમણી' 'ઓધવ' ખરે ! ઉદ્ધવ રૂપે છો અવતર્યા.

(૨)

સંસાર સુખ ગણી તુચ્છ મનથી દુઃખ વેઠી દેહરે,
વૃદ્ધાવયે પહોંચ્યા છતાં ગો સેવતા ધરી સ્નેહરે;
ઓછું નથી એ પુણ્ય સમજો સર્વ સૌ સદ્ગુણ ભર્યા,
કહે 'ચંદ્રમણી' 'ઓધવ' ખરે ઉદ્ધવ રૂપે છો અવતર્યા.

" સુરભીનું સેવન એ ઘેર બેઠાંજ ગંગા છે "

(૩)

કાશી અને કેદાર કે હરિદ્વાર દ્વારીકાં ફરો,
ગિરનાર કેશરીયાજી શેત્રુંજે ભલે જઇને ઠરો;
છે તિર્થનાં સ્થળ એ ખરાં કરનારને કંઇ રંગ છે,
પણ સુરભીનું સેવન ખરેખર ઘેર બેઠાં ગંગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" પરિબ્રહ્મ પ્રત્યે ગૌ માતાના અંતરોદ્‌ગાર "

વસંતતિલકા વૃત.

(૧)

વેઠી વિપત્તિ વસમી વપુએ અતિ જે,
રક્ષા અમારી કરી રામજી સૂત રીઝે;
ઉગારીને યવનથી દીધ પ્રાણ દાન,
કલ્યાણ તેનું કરજો કરૂણા નિધાન.

ઝણોર તા. ૧૧-૯-૧૦ | લી. આપ સુજ્ઞ મહાંશયની ધર્મપુત્રી
સૌ. ચંદ્રમણીના જયદેશોત્કર્ષ.

સકલગુણ ગુણાલંકૃત ધર્મપિતાજી !

વિ. કે "શ્રીમાળી અભ્યુદય" માસિક પત્રના બીજા પુસ્તકનો પ્રથમ અંક તેના સંપાદક તરફથી મને પહોંચતાં, તેને નવમે પૃષ્ટે આપનું જીવન ચરિત્ર પ્રસિદ્ધ થયું છે તેને ઇસંભુત અવલોકી અત્યાનંદ થયો છે. નિઃસ્વાર્થ ગોભકિતનું ફળ જે અમરત્વ તે પ્રભુએ આપને ઇતર રસ્તે બક્ષ્યું છે. કુટુંબ સહ સર્વદા સુખી રહો એજ જીજ્ઞાશા.

આપનું જીવન ચરિત્ર અવલોકતાં પુત્રીનાં આંતર પ્રદેશમાં જે મહદાનંદ ઉપસ્થીત થવા પામેલો તેનો 'હૃદય મુદ્રિત પત્રીકા" એ હેડીંગથી સ્ફોટ કીધો છે, જે આ સાથે સામેલ કરી મોકલી આપેલ છે.

ઝણોર તા. ૯-૮-૧૩ | લી૦ દીન પુત્રી ચંદ્રમણીન.
જયજીનેંદ્ર સ્વીકારશોજી.

✻ हृदय मुद्रित पत्रिका ✻

મને પરિચિત છે કે ઘણા દીર્ઘ સમયથી આપની ગોભકિત અપરિમિત છે, અને તેજ આપની નિઃસ્વાર્થ ગોભકિત પરમાર્થીક પ્રવૃતિના પ્રબળ પ્રભાવના આંદોલને કરી આ ભૂપૃષ્ટ પર નિવાસ કરતી હરકોઇ વ્યકિતના મસ્તિષ્કમાં આપનું જીવન વૃતાન્ત આલેખવાને સદ્‌વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્દભવે એ સંભવિત છે. કેવળ નિશંક અને નિર્વિવાદ છે—નહિં કે વિતંડાવાદ ઉન્માદ છે! કિંવા સ્વાર્થીક આસ્વાદ છે!!

આપના નિર્દોષ જીવન વૃતાન્તની ઝાંખી થવાને આ દીન પુત્રીના આંતર પ્રદેશમાં કેટલાક સમયથી વિચાર સંકલના પ્રબળ વેગે વહન કરી રહી હતી તેજ આપનું જીવન ચરિત્ર પ્રભુ કૃપાએ આજરોજ આકસ્માતીક મારી દૃષ્ટિ સાનિધ્ય આવી ખડું થતાં મારા આનંદનો અવધી થયો છે.

ગુરૂદેવ! દેવને પણ દુર્લભ એવો આ રત્ન ચિંતામણી રૂપ માનવ જન્મ ધરી જહનમ નસિબ કરનાર તમામ આસુરી સંપતિનો સર્પ કાંચળી વત્ સ્વતઃ અભિત્યાગ કરી પરાવૃતિની પ્રાપ્તી કરાવનાર જે દૈવી સંપતિ તેનો સર્વદા સંગ્રહ કરી સ્વપુરૂષાર્થ વડે સંપાદન કરેલ આર્થિક સંપતિનો તન મન સાથે પુર્ણ શ્રદ્ધાથી ગોસેવા જેવા પારમાર્થીક કાર્યમાં વ્યય કરી દેશ વિદેશમાં સારી ખ્યાતિ—નામના મેળવી તમે અમરત્વ પ્રાપ્ત કીધું છે! સાથે ભૂમાત્રને સચોટ જ્ઞાન દીધું છે.!!

સુજ્ઞ પિતાજી! ખરેખર આપનું આ પવિત્ર જીવન ચરિત્ર સૃષ્ટિમાં એક ધડો લેવા જોગ છે! અન્યને આદર્શ રૂપ છે!! અમૃતનો કુપ છે!!! દેવને પરિતૃપ્ત કરવાનો સુગંધમય ધુપ છે!!!! બલિહારી તમારા "ઉદ્ધવ" એવા નામનો! કે તમે નથી ગણ્યા દામ! નથી ગણ્યું કામ!! કિંવા નથી ગણ્યું ઉત્તરાવસ્થાના ધામને!!!

મહાશય! મહાપુરૂષોમાં વિરાજી રહેલ કે જે દૈવી ગુણો રૂપ દિવ્ય વિભૂતિની ચમત્કારીક ઝળહળતી જ્યોત્સના—પ્રતિભા શું ઢાંકી રહે છે? કદિ નહિ. અને તેથીજ વિના પરિશ્રમે મારા સુધાંતર પ્રદેશમાંથી એજ ઉદ્દગાર બાહ્ય શ્રવે છે કે—

ઇંદ્રવિજય વૃત.

નીતિ રીતિ પરિપુરણ પ્રીતિજ ગોપર પાર વિનાની પિછાણી,
દાન દયા દિનતા શીળ સત્ય ધૃતિ સમતા સરવોપરી જાણી;
એ તિણુ લાયક ગુણ અનેકથી અંકિત શું વરણે મમ વાણી,
"ચંદ્રમણી" ચિત્તમાંય ચહે સુખમાં ધરે નિત સારંગપાણી.

× × × + × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમાત્મા! ઉપરોક્ત આંતરિક સુખ સમર્પનાર દૈવી ગુણોએ જેના હૃદયાગારને વિષે સ્થાન કીધું છે, તેવા મહાપુરૂષના દર્શનથી કિંવા તેના કીર્તિ રૂપ ડિંડિમ્નો પ્રબળ ધ્વનિ કર્ણ પ્રદેશ પર આવી અથડાતાં મગરૂર કોણ ન બને?! અવશ્ય બને?! પુત્રી પણ તેજ સ્થાને?!! અસ્તુ!!! ઝણોર તા. ૯-૮-૧૩ | લી. પિતા પ્રેમની પ્યાસી પામર પુત્રી

સૌ. ચંદ્રમણીના સવિનય પ્રણામ.

વિદ્દદ્ધર્ય નરરત્ન!

આપના તરફથી તા. ૯ મીના પત્ર સાથે ગોરક્ષક સભાના રીપોર્ટની કોપી તા. ૧૩ મીએ મળી જે ઇસંભૂત તપાસી યત્કીંચિત શુદ્ધિ પણ કીધી.

વિ. વિ. કે આ સાથે "હૃદય સંકલ્પનો પ્રથમ મણકો" લખી મોકલેલ છે તો તેને પ્રસ્તુત રીપોર્ટની કોપીમાં સ્થાન આપવા મરજી અન્વય થશે તેમને પ્રેસની વિભુતી દ્વારા પ્રસિદ્ધિ પામતાં તેની એક નકલ આ પ્રતિ મોકલી આપી પુત્રીને આભારી કરશો એજ સુજ્ઞેષુ કિંબિકં અસ્તુ!

"હૃદય સંકલ્પનો પ્રથમ મણકો"

માન્યવર મહાશય શ્રીકૃષ્ણ પરમાત્માના પ્રિય સખા ઉદ્ધવ તુલ્ય દૈવી સંપત્તિથી અલંકૃત થએલા ધર્મ પિતાશ્રી ઓધવજી રામજીની પવિત્ર સેવામાં: નિવાસ સ્થાન—મહુવા.

અત્રે સર્વેશ્વરની સાનુકુળતાએ સુખરૂપ તત્રાસ્તુ. આપે ગોરક્ષક સભાના વાર્ષિક રીપોર્ટની હસ્ત મુદ્રિત થએલી નકલ પોસ્ટ દ્વારાએ આ અજ્ઞાત છોરૂ પર અવલોકનાર્થે પાઠવી તે પહોંચી.

પ્રસ્તુત રીપોર્ટનું પ્રત્યેક મેન્યુસ્ક્રિપ્ટ મેં એકાગ્ર ચિતે અવલોકયું ખરેખર! આપની સ્વાર્થત્યાગ ગોસેવાના મહત્ કાર્ય રૂપ વિજળીક લાઈટથી અંજાઈ વિધવિધ સ્થળથી વિધ વિધ વ્યક્તિએ પોતીકી ચમત્કારીક જાદુઇ કલમથી આપના ઉપર આલેખી મોકલેલ પ્રત્યેક અભિપ્રાય અવલોકતાં મારા હૃદયસરને વિષે મહદાનંદ જળના વિશુદ્ધવિચિ પ્રબળવેગે ઉપરા ઉપરી ગતિમાન થવા લાગ્યા અર્થાત આનંદનો અવધિ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નર વ્યાઘ્ર! આપની તદન સ્વાર્થ ત્યાગ ગોસેવાની પ્રશંસા હજારો બલકે લાખો વ્યક્તિના આનન દ્વારાએ કદી થાય તો તેમાં યત્કિંચિત્ પણ અતિશયોક્તિ નથી. પ્રયોજન! આપનું નૈષ્ઠિક સદ્વર્તનજ તેમના અંતઃકરણને તેમ કરવા અહર્નિશ પ્રેરે છે—ઉસ્કેરે છે.

યોગીરાજ! આ અસાર સંસારમાં માનુષી દેહ ધારણ કરીને આપ આપની આર્થિક સ્થીતી નબળી છતાં ભગિરથ પ્રયત્ન કરી હિમગીરીવત્ અડગ શ્રદ્ધાથી ગોરક્ષાનું પ્રત્યેક કાર્ય વહન કરવા કદિ પણ પાછી પાની ધરતા નથી એ શું ઓછા હર્ષની વાત છે? અરે! મને કહેવા દો કે આ અર્વાચીન કાળમાં આપ જેવા કોહિનુરનો તો આ પૃથ્વી તળ ઉપર ભાગ્યેજ કોઇ સુભાગી જનેતાએ જન્મ આપ્યો હશે.

મહાત્મન્! તો પછી આપના સદ્‌ગુણની પ્રશંસા! પ્રશંસા કોની? સો ટચના શુદ્ધ સુવર્ણના કિંમતી આભૂષણને વળી ઓપની આવશ્યકતા હોય ખરી કે? કદી નહીં! તેના શ્રેષ્ટ ગુણે તે આપોઆપજ દિગંત પર્યંત દોડી જાય અને બધે બહેક બહેક થાય એમાં વળી અંતરાય ખરોકે?

ભક્તમણી! શેષનાગ પોતાના સહસ્ત્રાનનને પણ આપને કૃષ્ણ કૃપાએ પ્રાપ્ત થએલ નૈસર્ગિક સદ્‌ગુણોની ગણના કરવાને સમર્થ નથી તો પછી ઉડગણ વત્ આ અજ્ઞાત જીવની શી તાકાત? શી વિસાત? એતો પછાતજ પડે. ખરી વાતને! સાક્ષાત સૂર્ય કાન્તને એ શો ઉત્પાત? છતાં કોણ જાણે કેમ ને કેમ આ લોહચુંબકવત્ આંતરિક મનોવૃતિ આપની દિવ્ય મૂર્તિનેજ દર્શી તે તરફજ ખેંચાય છે અને વિનાપરિશ્રમે નીચેનું કાવ્ય આનન દ્વારે બહાર મુકવા તત્પર થાય છે.

શાર્દુલ વિક્રીડીત વૃત.—(અન્યોક્તિાલંકાર)

રે! ઓ *આમ્રતરૂ તું [૧]તાડ કરતાં છોટો છતાં વાહરે!
[૨]છાયા શિતળ આપી સર્વ જનને આપે તું આન્દરે!
તે સાથે [૩]ફળ મિષ્ટ ઉત્તમ દીયે [૪]પત્રો રૂડે અર્થરે!
છે જીવ્યું તુજ ધન્ય આ ધરણીમાં [૫]મોટા મુખે ઉચરે!—૧

*ગોભક્ત ઓધવજીભાઇ. ૧–વૈભવી સીર્ફ મોજ શોખમાંજ કાળ ક્રમણ કરનારો શ્રીમંત જીવ. ૨–ગોસેવનથી પ્રચલિત થએલી કીર્તિ. ૩–ગોશ્રુષાનું મહત્ કાર્ય કરવા અન્યને પ્રેરણા. ૪–તદસંબંધે અનવધિ પ્રબોધ ૫–અનુભવી વ્યક્તિ

ચંદ્રમણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો તાડ તને કશી ગણુતીમાં જો ના ગણે તો ભલે. ।
મિથ્યા તે ખર તુલ્ય માન ધરીને ફુલાઇને છો મરે.
મોટું નામ ધરી ન કોઈ જનને આવ્યો કશા કામરે;
તો જીવ્યું ધીક તેહનું ધરણીમાં તું શોક શાને ધરે—૨

ધર્મસ્થંભ ! આ ક્ષણભંગુર માનવ દેહ પ્રાપ્ત કરીને અહર્નીશ આવાં જગતવંદનીય સ્તુત્ય કર્તવ્ય કર્મ કરવામાંજ નિમગ્ન રહેવું એ આપની સર્વોતમ માન્યતાને સહસ્ત્ર કીંવા લક્ષાવધી ધન્ય હો. અરે એટલુંજ નહીં પણ અંતીમ આપનું આગામી જીવન એવાં પારમાર્થીક કાર્ય વહન કરવામાંજ વ્યતીત થાઓ એવી હું અંતઃકરણ પુર્વક અનાથ નાથ પુનીત પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરી શાંન્તી સદનમાં પ્રવેશ કરૂં છું. અસ્તુ.

ઝણોર તા. ૧૪–૮–૧૫ । લી૦ શુભચિન્તક,

ચંદ્રમણીના સવિનય પ્રેમપુર્વક પ્રણામઃ

મહુવા ગૌરક્ષક સભાના અવલથી અત્યાર સુધીના છપાયેલા વાર્ષિક રિપોર્ટનું વંચાણ કર્યાથી ઉપજેલા વિચારો—

સવૈયા છંદ.

(ભ્રાન્ત્યાપ્નહુતિ અલંકાર)

મનુષ્ય બની "મહુવા" મહીતળમાં "રામજી" કર રક્ષાયલ સુત,
"દશા શ્રીમાળી" બની દશ દીશમાં આદરી કાયં કર્યું અદ્ભૂત;
ગૌરક્ષક ગુણવંતિ સભાનો, પુરતો કરવા પૃથ્વી પ્રચાર,
સગુણ હશે 'સૌરાષ્ટ!!' વિશે શું ? "ઓધવ" ઉદ્ધવનો અવતાર.

(ભરૂચ ભુતનાથ ફળીયા) તા૦ ૧૪–૯–૧૯૦૯.

ધર્મોપદેશક—સૌ. સુરજલક્ષ્મિ,

પો૦ કા૦ કાળીદાસ ગીગાભાઇ રાજગોરનાં ધર્મપત્ની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમપુજ્ય સાક્ષાત દેવમુર્તીરૂપ ધર્મપીતામહ પરમ ગૌભકતરાજ ઓધવજીભાઈ રામજીભાઈની પવિત્ર શેવામાં.

હાલમાં મારૂં શરીર પ્રારબ્ધ આધીને નબળું થઈ ગયું છે, તેથી પત્રમાં તેમજ કાવ્યમાં કાંઈ પણ ખામી હોય તો માફી માગું છું.

પુર્વે સતયુગના અંતે અને કલીના પ્રારંભમાં જેવી રીતે પાંડવોએ ગાયોનું રક્ષણ, ધર્મ, અરજુન, સહદેવ. નીકુળ અને ભીમે મળી કર્યું હતું; તેવીજ રીતે હાલના હડહડતા કળીયુગમાં આપ લાખો ગાયોનું પાલણ પોષણ કરો છો જેથી આપની કીરતી વાવટો, ધર્મ ધ્વજા આખા વિશ્વમાં વ્યાપી રહી છે. તેથી આપ પાંચે પાંડવોના તત્વ અંગભૂત તરીકે આ કળીમાં ગાયોના રક્ષણ અર્થે અવતાર ધારણ કરી શ્રેય કરો છો. જેમ કૃષ્ણ અવતારે, શ્રી કૃષ્ણ પરમાત્માએ ગાયો પાળવામાં અને તેનું રક્ષણ કરવામાં જે ઉચીત પદ સમજી નંદના ઘેર રહી લક્ષ ગાયોનું પાલણ કરી તેની પાછળ રાત દીવસ વ્રજમાં ગોવાળીઆઓ સાથે રહી સેવા બજાવી સમય અનુસારે સેવા પડી મુકી રાજ્ય પ્રાપ્ત કર્યું પણ છેવટ સુધી સેવા બજાવી નથી પણ આપ ખરા અંતઃકરણથી ખરૂં રહસ્ય અને ઉચીત પદ સમજી જે સેવા તન મન ધનથી બજાવો છો તેથી આપને ધન્યવાદ ઘટે છે, અને આપ જેવા વીરનરો કલીયુગે હજાર વર્ષ સુધી હયાત રહે એવી મારી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

આપ પામર પ્રાણી માટે જે દયા અને લાગણી દરશાવી હમેશાં તેમની શેવા બજાવો છો તેથી આ લોકમાં આપ કીર્તીના સ્થંભ રૂપ છો, અને ફરસુરામના અંશ રૂપ ગણવા કાંઇ હરકત નથી; કારણ કે સહસ્રા-અરજુને કામધેનુ પકડવા માટે તલવાર કામધેનુને મારી તેથી ફરસુરામે એકવીશવાર નક્ષત્રી પૃથ્વિ કરી હતી; તેવીજ રીતે આપ ગાયો તેમજ પામર પ્રાણીનું પોષણ કરવાથી જે જીવહીંસક-ઘાતકી લોકો છે તે ફાવી શકતા નથી તેથી આપના કર્તવ્ય કર્મને ધન્યવાદ ઘટે છે.

આ પત્ર સાથે "ગૌશિક્ષા" નો લેખ મોકલેલ છે તે ગૌરક્ષક સભાના રીપોર્ટમાં પ્રસિદ્ધ કરશોજી.—સુજ્ઞેષુકિંબહુના ! ! !

હાંસોટ—(જીલ્લા ભરૂચ) તા૦ ૫-૧૦-૧૯૧૩.

ધર્મોપદેશક—**સૌ. સુરજલક્ષ્મિ,**
પો૦ કા૦ કાળીદાસ ગીગાભાઈ રાજગોરના ધર્મપત્ની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ગૌ શિક્ષા "

(સવૈયા છંદ.)

૧

ઉર કંપે છે યાદ કર્યાથી, દુષ્ટ પડયો એવો [૧]દુષ્કાળ;
ભવ બ્રહ્મા તૃણ ભાળી શકે નહીં, હતો તપાસ્યે એવો તાળ;
જળ કે ધાન્ય તણું જગ મધ્યે, ઠરેલ ન્હોતું ચોકસ ઠાર;
એ પળ યાદ કરી ગૌમાતા ! " ઓધવનો માનો ઉપકાર."

૨

સુકાળમાં સજ્જનતા ધરી જે, ઉદારતા દાખવતા આપ;
તે પણ કાળ પડી ફટકયાને, જીરવી શકયા ના જીવન તાપ;
કર્યાં તેમણે કર્મ તજીને, કંજુસાઈના કોટી કરાર;
એ પળ યાદ કરી ગૌમાતા ! " ઓધવનો માનો ઉપકાર."

૩

જડવાદીઓ જીવન હેતુથી, તુરત લાભ મેળવવા ચ્હાય;
પુત્ર તુલ્ય તે પાળ્યાં પશુડાં, ખરીદ કરીને ચીરી ખાય;
કસાઇ પણ કીલકારી કરીને, ચર્મ તણો ચલવે વ્યવહાર;
એ પળ યાદ કરી ગૌમાતા ! " ઓધવનો માનો ઉપકાર."

૪

સડો થયોને કંઇ શહેરોમાં, રકત પ્રસારણ ચાલ્યો રોગ;
ભાગ્યવાન પશુ તમ સરખાં, જે આશ્રિ થકી રહેલાં આરોગ્ય;
નિવાસ માટે નિત્ય નિશાસા, મુકે મુખથી ભારોભાર;
એ પળ યાદ કરી ગૌમાતા ! " ઓધવનો માનો ઉપકાર."

૧–સંવત ૧૯૫૬ માં પડયો તે મહાકાળ, કે જેનું કરૂણરસ પ્રાધાન્ય વર્ણન, વડતાલ નિવાસી સુપ્રસિદ્ધ કવિશ્વર ભાઇશંકરજી પંડિતે પોતાના રચેલા 'કાળનો કઠાપો' એ નામક ગ્રંથમાં યથેચ્છ કરેલું છે; તેમજ તે મહાકાળનો દાહ સર્વેના હૃદયમાં હજી સુધી અંશભૂત સત્તા ભોગવે છે. એટલે તે વિશે વિશેષ સુચન અત્રે સ્થળે નિર્થક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

પ્લેગ તાવની પાકી બીમારી, મંડાવતી ઘર ઘર મ્હોંકાણ;
જાત સંભાલી શકે નહીં તો પછી, ખરે નિરે કુણ તમને ખાણ;
ખાઇ ડફણાંઓ ખળ માલીકની, આરડતાં અતી વગર સુમાર;
એ પળ યાદ કરી ગૌમાતા! "**ઓધવનો માનો ઉપકાર.**"

૬

પાપી પેટ ભરણની પિડયા, દમતી હતી તમને દરરોજ;
વન વગડે વિચરવું પડતું, ખડની કરવાને વળી ખોજ;
"**સુરજલક્ષ્મી**" તણી શુભ શિક્ષા, વિચારીને મન વારંવાર;
એ પળ યાદ કરી ગૌમાતા! "**ઓધવનો માનો ઉપકાર.**"

હાંસોટ—(જીલ્લા ભરૂચ) તા. ૫-૯-૧૯૧૩.

લીં૦ અભિષ્ટચિંતક,
સુરજલક્ષ્મિ.
પો૦ કા૦ કાળીદાસ ગીગાભાઇ રાજગોરના ધર્મપત્ની.

હાલના કળીકાળમાં તમે ખરી ગોભક્તિ કરી "ગોપાળ"નું બિરુદ મેળવ્યાથી પુજનિય છો, ધન્ય છે તમારી માતાને કે જેની કૂખે તમારા જેવા ગોપાળનો જન્મ થયાથી તે માતાના આત્માનો ધ્રુવજીની માતાની પેઠે વૈકુંઠવાસ થયો છે. ડેડાણ તા૦ ૪-૭-૧૯૧૪.

સંતોકબાઇ જીવરાજ,
કામદાર રામજી ભગવાનનાં વિધવા

કાંઇ પણ બદલો મળવાની આશા વિના નિઃસ્વાર્થ પણે ખરી ગૌ સેવા કરો છો તે દરમીયાન ધંધા કે કુટુંબમાં કંઇ આફત આવી પડતાં સુધીના ધાનો સોયે છુટકો થયો માની અધીકને અધીકજ ગૌ સેવામાં આખરની જીંદગી સુધી દત્ત ચિત્ત રહેનારને મહાત્મા નહીં તો બીજું શું કહેવાય? ધન્ય છે તમને અને તમારી જનનીને કે જેણે આવા મહાત્માને પોતાની કૂખે અવતાર આપ્યો. ડેડાણ તા૦ ૫-૯-૧૫.

સંતોકબાઇ જીવરાજ,
કામદાર રામજી ભગવાનનાં વિધવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌજન્ય સુધાસાગર સકળ શુભ ગુણ સંપન્ન પુજ્યનિક ધર્માત્મા પીતા સ્વરૂપ પરમ ગૌભક્ત મહાત્મા મુરબ્બી શ્રી ઓધવજીભાઇની પવીત્ર સેવામાં. મુ. મહુવા બંદર.

સદ્‌ગુણ સંપન્ન મહાશય,

મહુવા ગૌશાળાનો વાર્ષિક રિપોર્ટ વાંચતાં અત્યાનંદ થયો છે. આવા કળીકાળમાં આપે "કામધેનુ"ની જે મહાન્ સેવા આખી જીંદગી સુધી શુદ્ધ હૃદયથી તદન નિઃસ્વાર્થ પણે બજાવી છે તે માટે આપશ્રીને ધન્યવાદ આપતાં અંતઃકરણમાં અનહદ ખુશાલી ઉત્પન્ન થાય છે.

સકળ સૃષ્ટિના મનુષ્યોની જીંદગીનો આધાર કલ્પવૃક્ષ રૂપ ગાયો ઉપર ટકી રહ્યો છે. જેનો બચાવ કરવા આપે તન, મન, અને ધનથી જે મહાન ભગીરથ પ્રયાસ જારી રાખ્યો છે તે માટે હિન્દમાં વસતા સમસ્ત ભારતવાસી સ્ત્રી પુરૂષો આપનો જેટલો અહેશાન માને તેટલો ઓછો છે.

આપ વયોવૃદ્ધ હોવા છતાં એક યુવાન માણસની માફક અહોનીશ ગૌરક્ષા કરવામાં જે હીંમત બતાવો છો તે માટે ખરેખર કૃષ્ણાવતાર વખતે ઉદ્ધવજી હતા તેજ રૂપમાં તમો પોતે છો એમ મારી માન્યતા છે.

મને જણાવવાને ભારે ખુશાલી ઉત્પન્ન થાય છે કે આપ જેવા એક પવિત્ર મહાત્માનું ઓઇલ પેઈન્ટીંગ ત્યાંની સભાએ પોતાના ખર્ચે તૈયાર કરાવી ગૌશાળાના સુંદિર અને ભવ્ય મકાનમાં મુકાવવા જે યોજના કરી છે તે માટે સદ્‌ગુણિ સભાસદોએ બુજેલી કદર માટે ખાસ ધન્યવાદ આપવામાં આવે છે.

આપ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એક સાધુ મહાત્માની પવિત્ર જીંદગી પસાર કરો છો એ ઉપરથી સિદ્ધ થાય છે કે મનુષ્ય જન્મરૂપ પાર્શ્વમણિને યોગ્ય સ્થાન આપવામાં આપ જેવા મહા પ્રતાપી વારતરોની બુદ્ધિ પ્રવર્તે છે.

આપે મનુષ્યના રૂપમાં દેવનોજ અવતાર ધર્યો છે. મહારાજા દિલીપના જેવી ખરી ગૌભકિત આપ નિરંતર બજાવો છો એમ સૌ કોઈ માને છે.

જીવદયાની દરેક સંસ્થાને દુષ્કાળ પ્રસંગે ઘાસ ચારાની મદદ આપવાનું સાહસ ખેડનાર આપ એક ખરેખરા કોહિનુર નિવડ્યા છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવદયાના ચુસ્ત હિમાયતી તરીકે આપશ્રીનું નામ વિશ્વ વિખ્યાત છે. પરમાત્મા આપને દિર્ઘાયુષ અર્પણ કરે એજ મારી પ્રભુ પ્રાર્થના છે.

મહુવા ગોશાળાની ઉત્તમ વ્યવસ્થા માટે તેમજ આપ મહાત્મા માટે ઇંગ્લાંડથી જીવદયાના હિમાયતી મી૦ સીડની એચ૦ બીયર્ડ તથા શેઠજી બહેરામજી જીજીભાઈ તેમજ શ્રીયુત્ પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ ઉપરાંત સેંકડો જાણીતા ગૃહસ્થોના મળેલાં સર્ટીફીકેટો અને ધન્યવાદ પત્રોથી તેમજ એડવોકેટ ઓફ ઇન્ડીયા, મુંબઈ સમાચાર, સાંજ વર્ત્તમાન, જામે જમશેદ, ધી ગુજરાતી, ગુજરાતી પંચ વીગેરે દરેક પત્રોએ આપેલા ઉત્તમ અભિપ્રાયથી સ્પષ્ટ બતાવી આપે છે કે મહુવા ગૌરક્ષક સભા આજે સૌથી શ્રેષ્ટ મહાન જાહોજલાલી ભોગવે છે તે માત્ર આપના જેવા બહાદુર કાર્યવાહકોને જ આભારી છે.

હું સમસ્ત આર્ય બન્ધુઓને માન પૂર્વક અપીલ કરૂં છું કે આવી ઉત્તમ સંસ્થાને મદદ કરવા આપની લક્ષ્મીને સ્નેહ પૂર્વક અર્પણ કરો કે જેથી આપનું નામ સુવર્ણમય અક્ષરોથી સદાયને માટે યાદગાર રહેશે. કહ્યું છે કે—

> નામ રહંતા ઠાકરા, નાણાં નહિં રહંત;
> કીર્તિ કેરાં કોટડાં, પાડયા નહિં પડંત.

આ અમુલ્ય શબ્દો દરેક મનુષ્યે પોતાના અંતઃકરણમાં કોતરી રાખવાને આ ગરીબ બ્હેન વિનંતી કરે છે.

ધન્ય છે ! કાબુલના નામદાર અમીરને કે જેઓની હીંદની મુલાકાત વખતે ગૌવધ બંધ કરાવ્યો. ધન્ય છે મોગલવંશના મહાન્ બાદશાહ અકબરને કે જેના રાજ્યમાં ગૌવધ બંધ હતો.

સાંભળીને હૃદય કંપે છે કે હિન્દમાં હંમેશાં ૩૫૦૦૦ ગાયોનો વધ થાય છે. હિન્દની દુર્દશા અટકાવવા માટે આપણા દયાળુ નામદાર શહેનશાહને ગૌવધ (હિન્દમાં) અટકાવવાનો પ્રયત્ન જારી છે. વખત જતાં આ ન્યાયી બ્રિટીશ રાજ્યમાં ગૌવધ અટકશે એ ખાત્રી રાખજો.

છેલ્લે અવાચક અને અનાથ ગાયોના બચાવ અર્થે આપના જેવા પ્રતાપી વીરનરો હિન્દમાં અનેક થાઓ અને આપને આવાં ઉત્તમ જીવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયાના કાર્યો કરવા લાંબુ અને આબાદ આયુષ્ય પરમાત્મા આપે એજ મારી પ્રાર્થના છે તથાસ્તુ!

અમદાવાદ ધનાસુતારની પોળમાં હાલ્લાં પોળ તા. ૨૦-૯-૧૯૧૫.

લી૦ શુભચિંતક દિન પુત્રી,
ઝબક વૃજપાળ કપાસી ચુડાવાલા
શ્રી પ્રધાનબાઈ જૈનકન્યાશાળાના સ્ત્રી શિક્ષકના જયજીનેંદ્ર.

સકળ શુભ ગુણ સંપન્ન પુન્યવનિક ધર્માત્મા પિતા સ્વરૂપ
પરમ ગૌભકત મહાત્મા સુરબ્બી શ્રી ઓધવજીભાઈ
રાસજીભાઈની પવિત્ર શેવામાં. મુ. મહુવા બંદર.

પરોપકારી માન્યવર મહાશય!

આપનો જા. નાં. ૧૫૩૮૩ નો કૃપાપત્ર આ ગરીબ પુત્રીને મળ્યો છે જે અતિ ઉત્તમ બોધદાયક હોવાથી વારંવાર સ્નેહ પુર્વક વાંચતાં હૃદયને બહુ જોવાનું જાણવાનું અને સમજવાનું મળ્યું છે. આ રંક પુત્રી પ્રત્યે આપના જેવા મહાન ભકતરાજની અથાગ આશિષથી મહારા અંતઃકરણને બહુજ હર્ષિત થવાનું કારણ મળ્યું છે. કેટલાએક અડચણ ભરેલા કાર્યથી જવાબ લખતાં ઢીલ થઈ છે તે ખાતે દરગુજર કરશો.

મહુવા ગૌશાળા જોવા આવવા અંતઃકરણમાં વારંવાર ઇચ્છા થાય છે તે સાથે આપના જેવા એક પવિત્ર વૃદ્ધ મહાત્માના દર્શન કરવા પણ જીજ્ઞાસા ઉશ્કેરાય છે પણ હાલ તો હું પરીક્ષા આપવાના કામકાજમાં વિદ્યાભ્યાસમાં રોકાએલી છું.

આ રંક પુત્રી પ્રત્યે આપની જે કૃપાદૃષ્ટિ છે તેથી વિશેષ રાખશો. ત્યાંની ગૌશાળા માટે અમુક રકમ થોડા દીવસ પછી મનીઓરડરથી મોકલાવીશ કે જે રકમ સ્વીકારવા મહેરબાની કરશો એવી આશા છે.

ધન્ય છે આપના માત પિતાને કે જેઓને ત્યાં આપના જેવા એક કોહીનુર સમાન મહા ધર્માત્મા પુત્રનો જન્મ થયો છે, આપના ઘરમાં મહારા માતુશ્રીને મહારી વતિ પાયવંદન કહેવરાવવા કૃપા કરશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપના સહ કુટુંબને અહોનિશ આરોગ્ય ચાહું છું પરમાત્મા આપને જીવદયાના શુભ કાર્યો કરવાને લાંબુ અને આબાદ આયુષ્ય બક્ષીસ કરે એજ મારી અંતઃકરણની પ્રભુ પ્રાર્થના છે. આપના ઉમદા ગુણો એટલા બધા છે કે હું મ્હારા પત્રમાં આપને શું લખું તે શબ્દ મને યાદ આવતા નથી. આ ગરીબ પુત્રીનો ગાંડો ઘેલો પત્ર પ્રેમથી વાંચશો અને આશીર્વાદ આપશો કે જેથી થયેલા પાપ કર્મનો ક્ષણ થાય. એજ વિનંતી તા. સદર.

અમદાવાદ ધનાસુતારની પોળમાં હાલ્લાં પોળ તા. ૩૦-૯-૧૫ ગુરૂવાર

લી૦ દીન પુત્રી,

ઝબક વૃજપાળ કપાસી ચુડાવાલા

શ્રી પ્રધાનબાઈ જૈન કન્યાશાળાના સ્ત્રી શિક્ષકના

જયજીનેંદ્ર વાંચશોજી.

સૌજન્ય સુધાસાગર સદ્દગુણામૃતનીધિ માન્યવર શ્રી ગોપાળદાસ મહાત્મન્ "ઉદ્ધવજી" (ઓધવજી રામજી) ની પવિત્ર સેવાગાં.

સદા માંગલિક શહેર મહુવા.

આપશ્રીએ ગો ધનની વૃદ્ધિ કરવા માટે સદભાવની ઉંડી ઉર્મિઓ વાત્સલપણે માતૃભાવની શુદ્ધ લાગણીઓ અને ભગિરથ પ્રયત્નોથી સંસ્થાની સારી ખ્યાતી જમાવી તેને બહોળા પ્રમાણમાં વિખ્યાતિમાં મુકી જગત્રી. શીના ઉચ્ચારમાં એકે સ્વરે મહુવાજ મહુવા ગોરક્ષણમાં ગોરક્ષણ ગવાય હિન્દુસ્થાનમાં વસ્તા રંકથી ગૃહસ્થ સુધીનાં હૃદયોમાં સજ્જડ છાપ લગાવી ધાર્યા કરતાં વિશેષ કલ્યાણ કરી બતાવ્યું છે. વળી શુદ્ધ ખંત, ઉત્સાહ, પ્રેમ અને શુભેચ્છક પણાની શુદ્ધ સાત્વીકી ભાવના હૃદયોમાં પ્રગટાવી મુકી છે તે કર્તવ્ય જગતને અત્યંત આભારમય અને મહદ ઉપકારી છે.

ગો સેવાના મહાન્ પ્રયત્નથી આપનાં અંતરમાં જે પ્રેમબળ પ્રગટ થયું છે અને તેનાજ પવિત્ર ફળ રૂપે મહાત્મા પંકિતમાં પવિત્ર પદને પ્રાપ્ત કરી ચુકયા છો તેથી આપના પવિત્ર ચર્ણારવીંદમાં યોગ્ય અલંકારિક કાવ્ય સમર્પિ હાલ તો શાન્તિનું શરણ લઉં છું.

શાર્દુલ વિક્રીડિત વૃત.

ગોપાલક ગોપાલ વ્હાલ ધરીને, ધેનુ ચરાવા વને;
જાતાં ઇષ્ટ સખાની સંગ હર્ષે નિત્યે સહુને ગમે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગે ઉદ્ધવજી સહાય કરતા સેવા તણા ભાવથી;
તેને તે સુપ્રત કરી જગતમાં રહેતા પુરા લ્હાવથી.

કવ્હાલી.

વસી જ્યાં રિધી ને સિધ્ધી અને સ્મૃદ્ધિ ગૌ ચરણે;
વળી ઉત્પત્તિ સ્થિતિની રહી શુભ આશ ગૌ શરણે;
ઉભવ ભવના ચચળ દ્વારો સુધારો શાન્તિને લેવા;
પરમ પદ પ્રાપ્તિને અર્થે કરી લે ગૌ તણી સેવા.

મારૂં હૃદય પણ એજ સાક્ષી આપે છે કે—

જા ગોપાળકના સખાની શર્ણે, નિશ્ચિંત નિત્યે થવા;
ઉત્તમ નાવસુખાબ્ધિ વાસ તણું જે, આજ્ઞા થશે ત્યાં જવા;
સાર્થક માનુષી જન્મનું સફળ ત્યાં, સંપુર્ણ તારૂં થશે;
વ્હાલા ઉદ્ધવની દયાળી દષ્ટે, ભકિત ભલી ભાવશે.

કિન્તુ— बलियसि केवलम् ईश्वरेच्छा.

ચિતાગોંગ તા૰ ૮-૫-૧૪ | વૈદ્ય કવિ દયાશંકર મકનજી.
ત્રવાડી ઉર્ફે કવિ મસ્ત.

॥ ॐ तत्सत् परमात्मने नमः ।

આ દુનીયામાં એવો પણ વર્ગ છે કે જે પુરી ખાત્રી કર્યા શિવાય અંડબંડ અને દલીલ વીનાના વિચારોથી ગમે તે વીયુકતીમા મસ્ત રહે છે હોય !

(ઇંદ્રવિજય છંદ)

છે વિધિની બલીહારી કદિ, કળી જાય ન કો જનથી જરીએ,
શુદ્ધજ ભાવ મનોબળનો પણ, આશ તણી ઉર્મી દરીએઃ
સત્સંજ પંથી કને પ્રીય હોયજ, તો પણ વ્હેમ લઈ ધરીયે,
તે કરૂણાનિધીની કરૂણા ગૃહી, શાન્ત સદા ચીત્તમાં ઠરીયે.

(શાર્દુલ વિક્રીડીત છંદ)

આ કળીકાળ કૃપા જણાઈ કપટી, જેની પ્રભાઓ કહી;
ના ધાર્મિક શ્રદ્ધાળુ ભકિત બળની, કયાંઈ કસોટી રહી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમી પૂર્ણ પવિત્ર ધર્મ અર્થે, સર્વોતમે શોભતું;
તેમાં તન, મન, નિત્ય હર્ષ ધરીને, એકાગ્રથી લોભતું.

પણ તેથી શું! એવા ક્ષુદ્ર વર્ગ સામાન્ય વર્ગ આખરે દયા પાત્ર વર્ગ છે કિન્તુ ખરેખરા દેશધર્મ અને રાજ્યના સ્થંભ રૂપ વિદ્વાન વિચારક વેપારી, રાજા, રાણા, મહાત્મા અને વિદુષી તથા પવિત્ર બ્હેનોના આવકાર તરફ લક્ષ રાખી પવિત્ર ફરજના હાથ ધરેલા કાર્યમાં અડગ અચળ રહી પરમાત્મ પ્રસન્નતામાં ઓર વૃદ્ધિ કરી અમારા જેવા પામર પ્રાણીઓને આભારી કરશો અને પુણ્યનો ભંડાર જગતમાં ફેલાવી શ્રી રામચંદ્ર જીની પેઠે પુણ્યમય સ્વર્ગના સાથે પણ રહતુંમા થશો.

જેમ કે રામચંદ્રજીએ વૈકુંઠમાં જતાં પહેલા સર્વ શ્રદ્ધાળુઓને વૈમાનમાં બેસારી અગાઉથી મોકલી આપેલા હતા તેમજ આ હડહડતા કળિકાળમાં આપ પુજ્ય મહાત્મા ઉદ્ધવ નામે અવતાર ધરી આપના સહવાસમાં આવનાર ભવ્ય જીવોને ડુબતા બચાવી વૈકુંઠની પ્રાપ્તી કરાવો છો તો પછી એવો કોણ મૂર્ખ હશે કે આપ જેવા દયાળુ ભકતરાજ પાસેથી ખસી જવા પ્રેરણા કરે? કોઈજ નહીં.

વળા તા. ૧૧-૮-૧૪ | દયાશંકર મકનજી ત્રવાડી
ઉર્ફે કવિ મસ્ત—દુધરેજ નિવાસી.

॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

નિરંતર ધ્વલ યશોગાનથી આર્યમાતાઓએ ને બાંધવોના બાહ્યાન્તર પ્રદેશમાં સંપૂર્ણ વંદનિય ગાન પ્રસરાવી અડગ-અચળ ભક્તિભાવ પ્રેરક વ્હાલા શ્રીપતિના સખા ઉદ્ધવજીની પવિત્ર સેવામાં—

મુ૦ સદા માંગલિક શહેર મહુવા.

મહાશય! સાંપ્રત કાળમાં અન્ય સંસ્થાઓ કરતાં મહુવા ગોરક્ષક સભાનું કાર્ય ભારત અને તેની ભગિનીઓના આશ્રમમાં વસતાં ઉભય રત્નોનાં હૃદયમાં ઉચ્ચ સ્થાન સ્થાપી રહ્યું છે એ હું મારા પોતાના ગુજરાત, મધ્ય પ્રાંત, રજપુતાના, બંગાળ, આસામ અને આરકાનના પ્રવાસમાં મળેલા અનેક પ્રસંગોથી નિશ્ચય કરી ચુકયો છઊં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કાર્યદક્ષતાનું સઘળુ માન આપના ઉત્તમ નામનેજ સર્વ સ્થળોમાં મળે છે એ પણ સ્વાનુભાવે સિદ્ધ થયું પરંતુ પ્રત્યક્ષ દર્શનના અલભ્ય લાભની જીજ્ઞાસા ઉદ્‌ભવ્યા છતાં પ્રસંગ પ્રાપ્ત થયો નહિ તો પણ તીવ્ર મનોબળે ધારણા અમુક અંશે સફળ થઇ તે એ કે અત્રેના નગર શેઠ મી૦ ગુલાબચંદભાઇ મારફતે આપના જીવન ચરિત્રની ટુંક નોંધનું અમુલ્ય પુસ્તક મળતાં તે માંહેના અગ્ર ભાગે કરેલી પવિત્ર ફોટાની સંકલનાના પ્રતાપે દર્શન પામ્યો ધન્ય ભાગ્ય—અસ્તુ.

શંકા—સમાધાન—નંદન વનમાં આનંદકંદ શ્રી કૃષ્ણચંદ્ર ગોપાળે અનેક વખત ગોપસખાવૃન્દ સહીત ધેનુ ચરાવી ગો પદરજમાં નિરંતર સ્નાન કરી કરાવી પવિત્ર માતા સુરભીને સર્વોતમ પદ અર્પી પોતાની સઘળી પ્રસન્નતા ફકત ગાયનીજ સેવામાં સમાવલી છે એમ ચોકસ શ્રીમદ્‌ભાગવત્ આદી ધાર્મીક તત્તના ગ્રંથોમાં સ્વમુખે કહીને વહાલા સખા ઉદ્ધવજીને ગંગાના, જમનાના ત્રટ પર હૃદય આપ્યુ

ઉદ્ધવ કૃષ્ણમય થયા અને સ્વામી સેવક ભાવે સર્વ કાર્ય ઉત્સાહીત હૃદયે કરીને અમરત્વ પામ્યા.

યુગ બદલાયો, કળીબળ પ્રબળ થયું અને શામળાની નીત્ય પ્રેમની પરમ વસ્તુ (ગાયોનું વ્હાલું વૃન્દ) સંકષ્ટમાં સપડાતાં દયાર્દ્ર વદને આકાશ તરફ મુખ રાખી નેત્રાસુ ટપકાવતી સ્તુતિઓ કરવા લાગી આ અસહ્ય આક્રંદથી અત્યંત દુ:ખી હૃદયે વિશ્વ પતિએ વહાલા સખા ઉદ્ધવજીને બોલાવી ગોસેવા કરવાની આજ્ઞા આપી. આ આજ્ઞાને શિરસાવંદ્યે સન્માન આપી ઉદ્ધવજી—ઓધવજી કે જે પુર્વનું નામાભિધાન હતું તેને જ તે સુંદરમયની સંજ્ઞાની પ્રબળ જાગ્રતી રહેવા માટેજ માન્ય આપી જન્મ લેઈ જગતમાં વિજયી વાવટો ફરકાવી ધર્મ ધ્વજા સુરભી સેવા અને જીવન સાફલ્ય એ મહાન ત્રીપુટી સાધ્ય કરી ભારતમાં ઉત્તમ દાખલો બેસારવામાં મહાનપણું દાખવ્યું.

ઓધવ આ ઉદ્ધવ સખા સ્મરણથી વહાલાજ શ્રી કૃષ્ણને
તે સુરભી સંરક્ષણેજ જન્મી . પામ્યા બહુ હર્ષને;
લીધું કાર્ય અમાપ બુદ્ધિ બળથી આત્માર્પણે ભાવથી,
શ્રેયશ પ્રાપ્ત સ્વધર્મ મર્મ સમજી, કીધું રૂડા લ્હાવથી.

છબી નિરિક્ષણે હૃદય ઉર્મી—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદની એલીરેલી જગ વ્યકિત વધાવતી દ્રષ્ય થઇ ભકતીની ભવ્યતા હૃદઉર્મીના અતુલ્ય બળને મુખચંદ્રમાં પ્રદર્શિત કરતી ગાંભિર્ય અને નિર્માની ગુણો છલકાઈ રહી સ્વાનુકરણ કરવાની સદ્દભાવનાની પ્રેરક શકિતની પુરક બની રહીધું અને સાદું મન વિદ્યુતાકર્ષનાં પ્રભાવેનો પ્રતાપ પ્રસરાવતું પવીત્ર લેખીની દ્વારા અમીવૃષ્ટી વરસાવવા લાગ્યું એ આ પવીત્ર છબીથી અંકાયું.

સત્ય સુહાગણુ માત સપુત નિપજાવતી,
કરવા સુરભી સેવ સદૈવ નીદાનજો.
ધીરવીર સમાનજ શ્રેયશ પામવા
ઓધવ ઉદ્ધવ આવ્યા ધરી હરી ધ્યાનજો.—સત્ય૦ ૧

હૃદય કમળ શુદ્ધ ભાવનું લઇ ધરી ભેટને
સહર્ષ ભેટી વંદન કરી હરી પાયજો
એવા અનુકંપા સાગર ઉદ્ધવે સદા
જપવા માંડ્યા ગૌરક્ષકના જાપજો—સત્ય૦ ૨

મે૦ માયાળુ શેઠજી સાહેબ બહેરામજી જીજીભાઇ, મી૦ સીડની એચ૦ બીયર્ડ કે જેઓ ઈંગ્લાંડથી પોતાની ભલી લાગણીઓથી ભરેલ સાભાર પત્ર પાઠવી ઉપકારી થયા છે. તેઓ શેઠ સાહેબ પુરૂષોતમદાસ ઠાકોરદાસ, મહંત રામવનજી, એડવોકેટ, સાંજ વર્તમાન, મુંબઇ સમાચાર ગુજરાતી, નગરશેઠ હરીલાલ મોનદાસ, શાસ્ત્રી નર્મદાશંકર દામોદર યાજ્ઞીક વીગેરે સદ્ધર્મી મહાનુભાવોના આભાર યુકત પત્રો નીરખી મારૂં હૃદય પ્રફુલ્લિત બન્યું. વિશેષમાં વિઝીટરોના શુદ્ધ હૃદયોત્પન્ન વિચાર પુર્ણ લેખોથી ઓર આનંદ વધ્યો ઉપરાંત આનંદ સાગરના અવધીનું દિગદર્શન થયું તે એ કે માયાળુ બામા સાહેબ શ્રી બાઈરાજબા તથા અન્ય પવિત્ર ભગિનીઓ જમનાબાઇ નગીનદાસ સક્કઇ, માણેકબાઈ હોરમસજી દમોરીયા, કાવ્ય વિનોદી સૌ. બેન ચંદ્રમણી નાથાલાલ અને સૌ૦ બેન સુરજલક્ષ્મી વિગેરે ભાગ્યવાન ભારતીની પવિત્ર પુત્રીઓની ઉત્તમ ઉર્મીઓના પ્રસારેલા પ્રકાશો મ્હારા અજાણ હૃદયને જાણ બનાવતાં મને શાન્તિ પ્રાપ્ત થઇ કે આવી મહાન ગુણવંતી ભગિનીઓના સહવાસમાં આવનારી ભારતીમાં ભવીષ્યની માતાઓને સ્વધર્મ સંરક્ષણ અને અનુકંપાનું શિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણુ મળતાં ધર્મોદ્ધાર અવશ્ય થશેજ ત્યારે દેશોદ્ધાર માટે શંકાજ શાની હોય? નહિંજ! અસ્તુ. છેવટે—

ધર્મ કાર્યના અતુલ બળમાં, અડગ શકતી વૃદ્ધિ પામો,
દેશ દેશમાં ગો સેવક, ઉદ્ધવની કીર્તીજ જામો
દીર્ધાયુ સુખ સંપત્તિમાં રહી કરો ધર્મ કામો,

દયાળુ! આપની મહાન્ ગોસેવાની પવીત્ર ભાવનાઓની પ્રખ્યાતીથી મારૂં હૃદય એકવાર નહિ કિન્તુ હજારો બલકે લાખો વાર અને છેવટે અ-સંખ્ય વાર સાભાર વંદન કરી આપે જે પવિત્ર ફરજ અદા કરી છે અને કરો છો તેને માટે આપનો ઉપકાર માનવાના અમુલ્ય શબ્દોનો સમુહ યાદ નહીં આવ્યાથી કાલા ઘેલા શબ્દોમાં પરમ કૃપાળુ પરમાત્માની સ્તુતી કરૂં છું કે તે દયાળુ ભકતવત્સલ ભગવાન આપને દીર્ધાયુ બક્ષી સદા સર્વદા તન્દુરસ્ત બક્ષો અને ગોરક્ષાનું મહાન્ કાર્ય દીર્ઘ કાળ પર્યન્ત ઉત્સાહીત હૃદયે નિરંતર કરવા બળવાન બનાવો એવી અંતઃકરણ પુર્વક યાચના કરતો હાલ લેખીની બંધ કરૂં છું. વળા તા. ૧૮-૮-૧૪

લી૦ હું છું આપનો-ખરા જીગરથી આભારી,
વૈદ કવિ દયાશંકર મકનજી ત્રવાડી
ઉર્ફે કવિ મસ્ત દુધરેજ નિવાસી.

॥ श्रीहरिः शरणम् ॥

दोहा.

मोर मुकुट कटि काछिनी, मन्द हसन मृदु गात ॥
श्री राधायुत युगल छबि, मोरे मन अति भात ॥ १ ॥
कर मुरली कुंडल श्रवन, गल वैजन्ती माल ॥
भव बाधा हारक सदा, मेरे प्रान गुपाल ॥ २ ॥
भक्तन भय भू भारको, हरन धर्यो अवतार ॥
श्री वृन्दावन कुञ्जमें, लीला करी अपार ॥ ३ ॥
ऐसे नंद नन्दन तिन्हें, वार वार पर नाम ॥
भक्तनके कारज करो, तुम समर्थ घनश्याम ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीमान् गोभक्त शिरोमणि परम मान्यवर उद्धवजी रामजी महाशय की पवित्र सेवामें.

मान्यवरजी.

आज मुझे श्रीमान् प्रोप्राइटर श्री "त्रिभुवन प्रिन्टिंग प्रेस (त्रिवेदी जटाशंकर जी ईश्वरलाल जी) द्वारा एक पुस्तक प्राप्त हुई है। जिसके आद्योपान्त देखने से विदित हुवा कि आपने अपने जीवन में अद्यावधि क्या २ शुभ कृत्य किये हैं। उन सभों से विशेष प्रशंसा योग्य यह है कि अनाथ, अपंग, अवाचक श्री गौ माता के संरक्षण में तन मन धन से लगे हुवे हैं। शरीर अस्वस्थ होने पर मुंबई बडे २ और ऊंचे दादरों पर चढ कर अपने संकल्प का खरडा आप से दयालु और दृढ धर्मी के अतिरिक्त कौन कर सकता है. मुझे इस बात के कहने में कुछ भी संकोच नहीं है कि साक्षात् श्री कृष्ण ने अपने प्रिय सखा उद्धव को गौ माता के उद्धारणार्थ इस कराल कलिकाल में भेजा है और आप द्वारिका में विराजे हैं। इस समय अनाथ, असहाय लुली, लंगडी, अंधी गो माता का संरक्षण यदि आप से गो भक्तो का जन्म न होता तो कौन करने वाला था.

आप मुझे कहने देंगे कि आपने गोसेवा कर केवल पुण्य और यश का ही भाग नहीं लिया है वरन सप्त पीडी का उद्धार किया है। महाभारत में लिखा है.

कृत्वा गवार्थे शरणम्, शीत वात क्षमं मंहत्
आसप्त संतारयति कुलं भरत सत्तम ॥ १ ॥
गाश्च शुश्रुपते यश्च, समं वेत्तिच सर्वशः
तस्मै तुष्टा प्रयच्छन्ति, वरामपि सदुर्लभान् ॥ २ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आप की प्रशंसा मैं तुच्छ बालक क्या कर सकता हूं जब अनेक विद्वद्गण मुक्त कंठ से कर रहे है, केवल इतना ही मात्र परमेश्वर से प्रार्थना करता हूं कि वे आपको समग्र सुख देकर चिरायू रखे। और हमारे धर्मभ्राता भाई रतीलाल जी तथा वेणी लाल जी की भी भक्ति सदैव इसी प्रकार बनी रहै और वे अनंत सुख भोगें।

वर्तमान काल में जो गो माता सभों से प्रार्थना करती है वो पत्र प्रथक आप की सेवा में भेजा जाता है।

कवित्त.

जय जय श्री उद्धवजी रामजी सपूत पुत्र
कीरत तिहारी शुभ्रं देशन में छाई है।
विद्या में निधान गुनवानन को राखत मान
आरत गोमाता हेत, मानव देह पाई है॥
सत्य व्रत धारी औ उजारी निज वंशहूके
क्रोध छल छंद रहित हिय में भलाई है
भने मदनेश (मदनराज) सुख संपति समृद्धि युक्त
रहिये चिरायू आप शंकर सहाई है ॥ १ ॥

आप का शुभचिन्तक,
पण्डित मदनराज श्रीमाली.
भूत पूर्व सहकारी मंत्री,
श्री गोपाल गोशाला रतलाम (मालवा)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશુપ્રતિ માણસની ફરજ.

કલ્યાણ.

ઓ માનવી આ સૃષ્ટિમાં જન્મ ધર્યો શા માટ ?
ધર્મ ન જાણ્યો તે મહા, ભૂલ્યો ભવની વાટ.
વફાદાર આ જીંદગી અર્પી છે જગદેવ,
જીવતર તેનું વ્યર્થ છે, કરી ન પશુની શેવ.
રાહતને રોજી મળે, ધન ધરાને ધામ,
મર્તાં મૂરખ નાં દીએ, મૂંગાં અર્થે દામ.
જીવ જેવો છે આપણો, ત્હેનો તેવો જાણ,
મહિમા આ મહા વાક્ય છે, સૌના સરિખા પ્રાણ,
હુન્નર ઉદ્યમ ને કળા, કોના પર એ કરાય,
વાચાહીન પ્રાણી વિના, લેશ નહી તે થાય.
ગૌરવ મોટું ગાયનું, પશુમાં સૌથી ગણાય,
રક્ષણ કરવા ત્હેહનું, માનવ ફરજ જણાય.
ક્ષણીક આ સંસારમાં, સત્ય છે એ સાર,
કઠીન કાળની ઝાળમાં, ઝપલાતાં શિ વાર ?
સર્વ સ્થળે ઇન્સાનનો, અધિકાર લેખાય.
ભાગ્ય પશુનાં તમ વડે, જે આપો તે ખાય.
નામ અચળ રહેશે જગે, નાણું નહીં રહેનાર,
સેવા કર સમજી ખરૂં, થશે ભવાબ્ધિ પાર.
ક્રોડીટ કાજે કૈક જનો, ઉરાડે છે દામ,
ટળવળતાં મૂંગાં પ્રતિ, નહીં દમડીનું દાન.
રીદ્ધી સિદ્ધી તો બધી, તેથી છે જગમાંય,
"મણિ" અંતથી ખલકમાં, કરો પશુની સ્હાય.

ઉદ્ધવને અભિનંદન.

મનહર.

સફળ કરી સફર, જગે જનમીને નર;
ધર્મ તણી ધરી ધર, ધન્ય સંત રામજી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર ઉપકારી કર, ગૃહીને ખડ્ગ ખંજર,
શૂરો કુદ્યો રણ પર, ધન્ય સૂત રામજી !
અડગ રહી નિડર, શ્રમ સહી લાવી જર !
ભરે પશુનાં ઉદર, ધન્ય સૂત રામજી !
મૂગાં હીત્તમાં જીગર, એવો થશે કોણ નર ?
થયો સદા તું અમર, ધન્ય સૂત રામજી !

દોહરો.

ગોભકત થઈ ગજાવીયું, દેશ વિદેશે નામ;
હજુ પણ હૈયે ઘણી, રાખી ફરતો હામ.

મહુવા તા૦ ૫-૯-૧૯૧૩ | લી૦ સેવક,
મણીશંકર ત્રીકમજી જોશી
ફોટોગ્રાફર-મહુવા—કાઠિયાવાડ.

શ્રીમતી મહુવા ગોરક્ષક સભાના સેક્રેટરી ઓધવજી રામજી.

આ ભારત ભૂમીના મોટા મંડળ ઉપર આર્ય ધર્મનું મુળ બીજ તેમજ ભારતી પ્રજાના સર્વ સુખનો આધાર ગોરક્ષા જેવા અનાદિ ધર્મને ધર્મ બુદ્ધિથી તન મન અને ધનથી મહાભારત પ્રયત્ન કરી ઉત્તેજન આપનાર આપ મહાશયને ઘણા ઉમંગ અને હર્ષથી ધન્યવાદ આપીએ છીએ. તેની સાથે આપના તેવા ઉત્તમ કાર્યની સદા ફતેહ ઇચ્છીએ છીએ.

આપ મહાશયે જ્યારથી મહુવા બંદરના મધ્ય ભાગમાં ગોરક્ષાની મોટી સભા સ્થાપન કરી ત્યારથી તે આજ સુધીમાં આપ તરફથી જે જે કાર્યો થયા છે તેની ધર્મકીર્તિ ઘણા દેશમાં ગવાય છે; અને તે અમારા કર્ણ માર્ગે સાંભળવામાં આવે છે તેમાં એટલું વિશેષ આશ્ચર્ય છે કે આપ મહાશયે આરંભશુરપણું નહી બતાવતાં પોતાની જેવીને તેવીજ ખંત કાયમ રાખી છે.

અમે ધારીએ છીએ કે જ્યારે પાપી લોકોના જુલમથી પીડા પા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેલી ગાય માતાએ મહા કૃપાળુ પરમેશ્વરની પાસે જઇ દાદ માગી હશે તે વખતે તે દયાળુ પ્રભુએ ગાયને કહ્યું હશે કે હે ગાય? તું રૂદન કરીશ નહીં; થોડા દીવસમાં પૃથ્વિ ઉપર મધુમાવતી (મહુવા) પુરીમાં તારૂં રક્ષણ કરવાને એક સભા સ્થાપન્ન થશે અને તેમાં તારા પરમ ભકતો સારો ભાગ લેઈ તારી ભકિત કરશે. એવી ઈશ્વિર પ્રેરણાથીજ આપ મહાશયની સભા સ્થાપન્ન થઇ હોય એમ જણાય છે, તે શીવાય આવી ખંત કયાંથી હોય ?

છેવટ આપ મહાશયની ગોરક્ષા ઉપર અપાર પ્રીતી અને ઉત્સાહ જોઈ આપની સભા હમેશાં આબાદ રહે અને આપ મહાશય પુત્ર પરિવાર દિર્ઘાયુષ અને પરમ સુખ પામો એવું પરમ કૃપાળુ પરમેશ્વરની પાસે માગીએ છીએ તથા આપની સભા અચળ રહે તેવા હેતુથી નીચેની કવિતાથી પરમેશ્વરની સ્તુતિ કરીએ છીએ.

શાર્દુલ વિક્રીડિત વૃત.

(૧)

જે પૃથ્વિ જલ તેજ વાયુ ગગને વ્યાપી રહ્યો સર્વદા,
જે આનંદ અમંદ ધારણ કરે નિર્લેપ રૂપે સદા;
જે અજ્ઞાન વિદારવા જગતનું ધારે પ્રબોધે પ્રભા,
તે રાખો મહુવા તણી અચળ આ ગૌરક્ષકારી સભા.

(૨)

જે સૃષ્ટિ સૃજતો સદા સકળ આ શ્રી સત્વગુણે કરી,
પાળે નિત્ય રજોગુણે જગતને જે નિત્ય નીતિ ધરી;
જે સંહાર કરે તમો ગુણ વડે રાખી સદા સ્વપ્રભા,
તે રાખો મહુવા તણી અચળ આ ગૌરક્ષકારી સભા.

તથાસ્તુ.

ભાવનગર તા. ૧૧-૧-૧૯૦૧ | ભાવનગર બાલગોરક્ષક સભાના પ્રમુખ,

શાસ્ત્રી નર્મદાશંકર દામોદર

અધ્યાપક જૈન સંસ્કૃત પાઠશાળા—ભાવનગર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીયુત ગોભક્ત ધર્મવીર શિરોમણી, ભાઈ શ્રી ઓધવજીભાઈ,

દેશના સૌભાગ્યની દેવી રૂપ ગો માતા છે. અને સર્વ જીવોને જીવન આપનારી આ લોકની કામધેનુ પણ તેજ છે. તેનું રક્ષણ કરવાનો દિવ્ય ધર્મ આપ યથાર્થ રીતે બજાવો છો; તેને માટે આપને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે. સાંપ્રત કાળે માનવ જીવનની સાર્થકતા કરવાને માટે ખરૂં તત્વ ગોરક્ષા કરવાની પ્રવૃતિ છે. અને એ તત્વ આપે સંપાદન કરી જીવનની સાર્થકતા પુરેપુરી કરી છે. પ્રજા વર્ગમાં આપના જેવા નર રત્ન હોવાથી આ ભાવનગરના ધર્મ રાજ્યને પણ પુરેપુરી શોભા મળી છે. આપને ધન્યવાદ આપવાને માટે સાધનરૂપ ગણી નીચેની સંસ્કૃત કવિતા મોકલાવું છું, તે ગોરક્ષક રીપોર્ટમાં દાખલ કરશો તેથી મને અતિશય આનંદ થશે.

शार्दूलविक्रीडित.

वैकुंठं सुरभिर्गता हरिपुरः प्रोवाच कंपान्विता ।
श्रीविष्णो मम संततिं कलियुगे त्रायस्व गोपालक ॥
तत्पुत्राः कृषिकर्मधर्मनिरता देशर्द्धिसंपादकाः ।
तस्माद्गोकुलरक्षणं सुविधिना कर्त्तव्यमेव त्वया ॥ १ ॥

ભાવાર્થ—એક વખતે ગોમાતા ધ્રુજતાં ધ્રુજતાં વૈકુંઠમાં વિષ્ણુ ભગવાનની પાસે ગયા અને આ પ્રમાણે બોલ્યા. "હે વિષ્ણુ ભગવાન ! કલિયુગમાં મારી સંતતી (ગાયો) દુઃખી થાય છે, તેથી તેમનું રક્ષણ કરો કારણ કે, આપ ગોપાળક છો. તેમ વળી તે ગાયોના પુત્રો કૃષિકર્મનાં ઉપયોગી હોવાથી દેશની આબાદી કરનારા છે, તેથી આપે વિધિ પૂર્વક ગાયોની રક્ષા કરવી જોઇએ. ૧

अनुष्टुप्.

श्रुत्वा सुरभिवाचं तामुवाच मधुसूदनः
समाश्वसिहि देवि त्वं त्वदुद्धारो भविष्यति ॥ २ ॥

ભાવાર્થ—સુરભી-કામધેનુની આ વાણી સાંભળી શ્રી વિષ્ણુ ભગવાન બોલ્યા કે, હે દેવી, શાંત થાઓ તમારો ઉદ્ધાર થશે. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्रग्धरा.

भव्ये भावेशराज्ये मनुजतनुधरो ह्युद्धवो देवि भावी ।
गोभक्तो गोहितार्थं निजमिह सकलं जीवितं नेष्यते सः ॥
धृत्वा गोभक्तिखड्गं सदयनिजकरे दुष्टदुष्कालदैत्यात् ।
त्राता त्वत्संततीनामिह भुवि भविता वार्धितीरे प्रमोदात् ॥३॥

ભાવાર્થ—હે ગો દેવિ ! આ પૃથ્વિ ઉપર ગોબ્રાહ્મણ પ્રતિપાળ મહારાજા શ્રી ભાવસિંહજીના ધર્મ રાજ્યમાં મારા મિત્ર ઉદ્ધવજી પુનઃ મનુષ્યાવતાર ધારણ કરશે. તે ગોભક્ત બની ગાયોના હિતને માટે પોતાનું બધું જીવન અર્પણ કરી દેશે. સમુદ્રના તીર ઉપર આવેલા મહુવા બંદરમાં પ્રગટ થયેલા તે ઉદ્ધવજી ગોભક્તિ રૂપી ખડ્ગને પોતાના દયાળુ હાથમાં ધારણ કરી દુષ્ટ એવા દુષ્કાળ રૂપી દૈત્યથી તમારી સંતતિ (ગાયો) ની હર્ષથી રક્ષા કરશે. ૩

शार्दूलविक्रीडित.

यस्मिन्मानवजीवनं त्विह सदा कृष्यादिभिः सौख्यदं ।
स्वर्गाद्यैश्च फलैः परत्र शिवदं राज्यर्द्धिसंवर्द्धनम् ॥
तं गोरक्षणयज्ञमाचरति यो गोभक्तिदीक्षान्वितः ।
श्रीमानुद्धववीर एव जयताद् भावेशराज्येऽनिशम् ॥ ४ ॥

ભાવાર્થ—જેથી આ લોકમાં મનુષ્યનું જીવન કૃષિ વગેરેથી સદા સુખદાયક થાય છે અને પરલોકમાં સ્વર્ગ વગેરેના ફલથી કલ્યાણને આપનારૂં થાય છે, તેવા રાજ્યની સમૃદ્ધિને વધારનારા ગોરક્ષણ રૂપી યજ્ઞને ગોભક્તિની દીક્ષા લઇ જેઓ સદા આચરે છે, તેવા ગોભક્ત ધર્મવીર શ્રી ઓધવજીભાઈ મહારાજા શ્રી ભાવસિંહજીના ધર્મ રાજ્યમાં હંમેશાં જય પામો. ૪

ભાવનગર તા. ૨૦-૧૦-૧૯૧૩ । શ્રી ભાવનગરનરેશાશ્રિત.

શાસ્ત્રી નર્મદાશંકર દામોદર યાજ્ઞિક
ભાવનગર હાઈસ્કુલના સંસ્કૃત અધ્યાપક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવંતા, જૈન પ્રજાના ચળકતા કોહિનુર, હિન્દના મહાન્ મહાત્મા,
સદા સૌજન્ય, વણિક કુળમણિ, ઔદાર્યશાળી, પશુના સાચા
હિમાયતી, પીતા, મહુવા ગોશાળાના માનવંતા ઓનરરી સેક્રે-
ટરી, ભારત રત્ન, સ્વધર્માનુરાગી, ગોપ્રીય ભ્રાતા, શ્રીયુત્
ઓધવજી રામજીભાઈ, શુભસ્થાન મહુવા ગોશાળા.

મહારાજ શ્રી સંઘજી સ્વામીજી મહાત્માનો ચર્ણરજ મુનિ શ્રી કાનજી સ્વામીના વંદેજીનવરં બહુ માનથી માન્ય કરશો. વિશેષમાં અત્રે બીરાજતા આપણા ધર્મગુરૂ, ધર્માચાર્ય સમકીત બીજ બોધના દાતાર, પંચ મહાવૃત ધારક, નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાળનાર, કપટપટ વિદારક, જૈન દીવાકર, મહાત્મા શ્રી ગુરૂવર્ય સંઘજી સ્વામી, તપસ્વીજી મુનિ શ્રી લક્ષ્મીચંદજી સ્વામી આદી ઠાણા ૩ સુખશાતામાં છીએ; ઠાણા ત્રણે તમોને બહુ માનથી સંભારી ધર્મધ્યાન કરવા ફરમાવેલ છે.

સંતતિ એવી અલૌકિક છે કે ગંગા, સિંધુ સમાન અચળ પ્રેમ છે તમારા જેવા પશુના રક્ષક પીતા આ દુનિયાની સપાટી પર કવચિત દ્રષ્ટિગોચર થાય છે. દયાના સોનેરી કિરણો જગત્ના અંધારાનું પડળ ત્રોડીને પ્રકાશદાયક સૂર્યનાં દર્શન કરાવવામાં સહાયક છે. દયાથીજ સૂત્રો અને શાસ્ત્રોમાં ઇતિહાસના પૃષ્ટો પર અમર નામાવલિ કોતરાવી ગયા છે, ગમે તેવા વિકટ સંજોગોમાં જે માણસ દયાના મીશનને અડગ શ્રદ્ધાથી વળગી રહે છે તેને મહાસાગરના તોફાનમાંથી બચાવનાર છે. શાળીભદ્રને લક્ષ્મી પ્રાપ્ત થઇ હોય તો ફકત એક દયાના પ્રભાવેજ શ્રેણિક મહારાજા કુમાર મેઘકુમાર એને રાજ્યાસન મળ્યું હોય તો એક દયાનોજ પ્રભાવ છે. શીવાય અન્ય નથી. સર્વ ધર્મના આધાર ભૂત દયા છ. "दया धर्मको मूल है" દયા વિના કોઈ પણ વ્યકિત નથી. દયાના પહેલા નંબરના પાસ થએલ તમેજ છો. એના કાર્યવાહક લાયક તમારા જેવા ગોભકત એકા છો. સુજ્ઞેષુકિંબહુના ?

અગરાપુર તા. ૧૩-૧૧-૧૫ | શ્રી શ્વેતાંમ્બર સ્થાનકવાસી સંઘાડાના
મહામુનીશ્રી સંઘજી સ્વામીજીના ફરમાનથી
દા. મુનિશ્રી કાનજી સ્વામી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવંતા મહાશય સૌજન્ય ગોદયા પ્રચારક મહાન્ જૈન પ્રજાના
સુનંદા બહાદુર વિર યોદ્ધા નાગવર ગોના મહાન પિતૃ ગોવત્સલ
આદર્શ ગોભકત વીર પરમાત્માના વીરપુત્ર જૈન સંઘ ને વિર-
શાશનના હિતકારી વિશાલૌદાર્ય શાન્તિ શ્રાવક કુળ મંડન
મણિ શ્રીમાનૂ ભ્રાતા એક પુણ્યાત્મા પ્રભાવશાળી ગો
ઉદ્ધારક વિર ભકત અગ્રેસર શ્રીયુત્ ઓધવજી રામજી
ભાઇ મુ. મહુવા બંદર.

વિશેષ તમારા તરફથી હેંડબીલ ને પત્ર પહોંચ્યો વાંચી યોગી આ-ત્માને શુદ્ધાનંદ થાય એ સ્વભાવિક છે. અહીં વાંચી વહેંચી આપ્યા છે ને હિંદના ગોભકત તરફ સૌહદ્યોમાં તમારા ગોપ્રેમે નસોનસમાં ભ્રાતૃ ભાવ-ની લાગણી ઉત્પન્ન કરી છે. અહીંના મનુષ્ય વર્ગથી અમારા સમક્ષ એમ કહેવાઇ ગયું કે આવા મહદ્ પુણ્યાત્માથી મધુમાવતી (મહુવા) પાવન છે. તે હજુ અમને અસારેજ ભાન થાય છે. ગો દયા દુનિયાને પાપમાંથી બચાવનાર એક બહાદુર યોધ્ધાનું કામ બજાવે છે. ગો દયા સ્વર્ગની સીડી છે ને દયાનાં સુંદર રજકણો એવા પ્રખર છે કે ઇંદ્રના પાવ અલૌકીક સુખના લહુતું આસ્વાદન કરાવનાર ગો દયા છે સોળમાં પ્ર-ભાવિક તીર્થંકર શાન્તિનાથ ભગવાન તીર્થંકર થઇ ગયા તે ફકત એક પારેવાની દયાનાં ઉગ્ર અને તિક્ષ્ણ કીરણો વડેજ અને તેથીજ મોક્ષ ગતીનાં અધીકારી બન્યા છે. જૈન સાધુ અને જૈન શાશન પુર્વે જેઓ હજી પંચમ આરામાં જે જાહોજલાલી ભોગવે છે તેનો સઘળો આભાર ને આધાર મુખ્ય સિધ્ધાંત જીવદયાનો, મુખ્ય પાર્ટ છે. વીર પરમાત્માના દયાના મંત્રને મૂર્તિવંત કરવાનો હેતુ છે. ચંડકોશી સાપના પ્રખરને ભયાનક વિષથી માણસોના પ્રાણ બચાવનાર અને વિષથી પ્રજવલિ સાપને સ્વર્ગ આપનાર દૈવી મહાત્મા વીર ભગવંત હતા; એ સાપના ગ્રહ મંદિર ઉપર શાંન્ત સંસ્કાર રેડી શાન્ત કરનાર એ મહાત્માશ્રી હતા દયાનો સોનેરી વાવટો આખી દુનિયામાં ફરકાવનાર એ મહાત્મા વીર ભગવાન હતા. જૈનો તમારા જેવાઓની રીઝવર્ડ દયા છે. તીર્થંકરો ને જ્યારે કેવલ્યજ્ઞાન પ્રાકટ્ય થાય છે ત્યારે તેઓશ્રીના શ્રીમુખમાંથી પહેલા જ નંબરે એજ શબ્દો સોનેરીક્ષરે (માગધી ભાષામાં) “ **માં હણો માં હણો** ” એનો મતલબ એવો છે કે “ હણસો તો હણાવું પડશે ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેદશો તો ભેદાવું પડશે ત્યાર બાદ મુમુક્ષુ જીવાત્માઓને સર્વ શીરોમ-ણી તત્વજ્ઞાનનું દિગદર્શન કરાવે છે. ઇતિહાસમાં જોશો તો જણાશે કે પાટણની પ્રભુતામાં આનંદસુરીએ દયામંત્રને મૂર્તિવંત કરવા માટે યતી-શ્રીએ સાલેબાસ છોડીને એક રાજપુત યોદ્ધાને છાજતો વેષ પરિધાન કરી હસ્તમાં સમશેર લઈ પાટણની મુખ્ય વૈધવ્ય પટરાણી જેઓ રાજ્યની કુલ સત્તા જેના હસ્ત કમલમાં પૂતળા માફીક રમતી હતી તેના સમક્ષ અને રાજ કાવત્રામાં ભાગ લેનાર આ યતિએ ચોખ્ખા શબ્દોમાં કહી બતાવ્યું હતું કે હિંદુસ્થાનના રાજ્ય કર્તાઓ બાદશાહીને અન્ય હિંસકો-ની જે રાજ્ય સત્તા ચાલે છે તેને ઉખેડી મારા પ્યારા મહાવીર ભગવાન-નો ભગવો વાવટો ને ગો દયાનો રાજવંસી વાવટો ફરકાવીશ, સનાતન જૈનાનુયાયી રાજા મહારાજા તખ્તારૂપી હૃદયમાં શીલા લેખ જો કોતરાયો હોય તો ફકત જૈનાચાર્યનું મહાન બળવાન મીશનને આભારી છે. એ વંશના અનુયાયી ભ્રાતા ગોધન (ઉદ્ધવ) છે એ મારે ભાર દઇને લખ-વું પડે છે. ગોદયાના ઝુંડને ટકાવનાર વીરરત્નો ભ્રાતા ઉદ્ધવ જેવા હજુ ભારત ભૂમિમાં વિદ્યમાન છે. એજ.

બાદ અત્રે બીરાજતા આપણા ધર્મગુરૂ ધર્માચાર્ય સંતશીરોમણી મહાન્ ઉપદેષ્ટા સદા કૃપાસાગર શુદ્ધ ક્રિયાપાત્ર મહાપુરૂષ શ્રીજી મહાત્મા સંઘજી સ્વામી તપસ્વીજી મુની શ્રી લક્ષ્મીચંદજી સ્વામી ઠાણા ૩ સુખ-શાતામાં છીએ. મહારાજશ્રીએ આપ ગોભકતને બહુ માનથી સંભારી ધર્મ ધ્યાન કરવા ફરમાવેલ છે.

વ્યાખ્યાનમાં સભાની અંદર દરબારો સમક્ષ તમારા એકે અવાજે વખાણ કરે છે ને લખાવે છે કે આ ગોસેવા વિશેષ પ્રમાણે કરે અને હું પણ ઉપરના શબ્દોને પુષ્ટી આપી લેખને ઇતિશ્રી કરૂં છું.

તા. ૨૪-૧૧-૧૬ | લી૦ વીર પરમાત્માનો ચર્ણરજ કીંકર,

મુનિશ્રી કાનજી સ્વામીના વંદેજીનવરમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપોળ મીત્ર માસિક મે જુન સને ૧૯૧૮

ગોભકત ઉદ્ધવ !

પશુ રક્ષાના સાચા હિમાયતી તરીકે મહુવા-કાઠિયાવાડની ગોશાળાના સ્થાપક અને ઓનરરી સેક્રેટરી શ્રીયુત્ ઓધવજી રામજીનું નામ જીવ દયાળુ પ્રજા વચે આજકાલ એટલું બધું તો જાણીતું થઇ પડયું છે કે તેઓને ઓળખવાની હવે જરૂર રહી નથી આ પ્રસિદ્ધ ગોભકત ઉદ્ધવની છબી "કપોળ મિત્ર" ના આ અંકમાં પ્રગટ કરવામાં આવી છે. આ પરગજુ ગ્રહસ્થે મહુવા ગોરક્ષક મંડળીની સ્થાપના સને ૧૮૯૧ માં કરી હતી અને તે વખતથી અદ્યાપી પર્યંત તેઓ તેના જીવન રૂપ, ગોમાતાજીના સંરક્ષક તથા તન મનને ખરા જીગરની લાગણીથી યથાશકિત ધનનો ભોગ આપી અખંડ ઉમંગથી સતત્ કામ કરનારા અને આ કાર્યને ઉત્તમતાએ લાવનાર પરદુઃખ ભંજન પુરૂષ થઈ પડયા છે. તેઓએ સંવત ૧૮૯૮ માં ગોશાળા સ્થાપન કરી અને તે વખતથી સેંકડો બલકે હજારો ગાયોનું સંરક્ષણ કરી તેઓએ પોતાના આ પરમાર્થના કાર્યમાં વિજય મેળવ્યો છે. સંવત ૧૯૫૬-૧૯૬૧-૧૯૬૮ અને ૧૯૬૯ ના ઘાસ ચારાના દુષ્કાળ વેળાએ તેઓના પ્રયાસથી આ વાચા વગરના મુંગા પ્રાણીઓને મોટી સંખ્યામાં જીવિતદાન મળ્યું હતું, અને આજે ગાયોની સેંકડોની સંખ્યા ગોશાળામાં સંરક્ષણ મેળવે છે. હાલ પોતે વાનપ્રસ્થ થઈ ગોભકત ઉદ્ધવે પોતાનું સઘળું જીવન ગો શેવાનેજ સોંપ્યું છે. તેઓના પ્રયત્નથી મહુવાથી દુધાળા જાનવરો અજાણ્યા પરદેશીને વેચાણ નહીં દેવા તથા તેવા જાનવરો વહાણે ચડાવી પરદેશ નહીં લઇ જવાનો ઘણો સારો બંદોબસ્ત થયો છે. તેમજ ભાષણો અને પુસ્તકો દ્વારા કરેલા પ્રયાસથી મહીસુરમાં દુધ દેતી બંધ થયેલી ગાયોને ગાડામાં, હળમાં ને કોસમાં જોડવાનો રીવાજ બંધ પડયો છે. તથા ત્રાવણકોરના અલપાઈ બંદરમાં થતો ગોવધ અટકાવવામાં ફતેહ પામ્યા છે. અને કતપર, ડુંગર, રાજુલા, જેસર, કુંડલા, દસા, પાલીતાણા, ડેડાણ, કોચીન, જંગબાર અને ડેલાગાવાએ વગેરેમાં ગોરક્ષણી સભાઓ સ્થાપી ગોશાળા ઉઘાડી ચરાણના મોટા જંગલો રાખવામાં આવ્યા છે.

ગોભકત ઓધવજી રામજીએ પરની સેવા કર્યાથી આત્માનો વિકાશ કરવામાં મહત્તા માની તીવ્ર ઈચ્છાથી નિર્લેપે અને નિઃસ્વાર્થે પશુ સેવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનસેવા કરવા આત્મભોગ આપવાથી તેઓના હસ્તુ ગોરક્ષા, સોનાપુર, પારેવાની જુવાર, તેઓના સ્વધર્મ, કુટુંબ ઉદ્ધારક, સુરવ્રત, કુળદેવી એ સાત ધર્મ ખાતાં ચાલે છે તે ધર્મ ખાતાંના નાણાં પોતે હાથમાં નહિ ઝાલતાં ત્રાહેત સજ્જન હસ્તુ રખાવી પોતાની દેખરેખ રાખી જાતી ભોગ આપે છે. જાતિ સ્વાર્થની કાંઈ પણ આશા વગર તદ્દન આત્મ હિતાર્થે પરનું કલ્યાણ કરવાથી તે અક્ષય પુણ્યના પ્રતાપે તેમને ત્રીશ વર્ષનો અમ્લપીતનો મહા અસાધ્ય રોગ વગર ઉપચારે દુર થઇ આરામ થયો છે અને સંતાન જીવતાં નહીં તે અત્યારે બે પુત્ર હયાત રહ્યાં છે. દરમીયાન સજોડે જ્ઞાનોદય થતાં વીશ વર્ષથી સજોડે અખંડ બ્રહ્મચર્ય (ચોથું વ્રત) ધારણ કર્યું છે. એ રીતે પૈસાની તથા સ્ત્રીની મોહમાયાની તદ્દન ત્યાગવૃત્તિ કર્યાથી તેઓ હસ્તુના ચાલતાં સર્વ ધર્મ ખાતાંઓ સારી હસ્તી ધરાવે છે એજ પુરાવો બસ છે.

ગાયોનું રક્ષણ કરનારા, તેમનું દુઃખ નિવારણ કરનારા અને જનાવરો ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારા જીવદયાના દરેક ધાર્મિક ખાતાઓમાં તેઓ એક સ્થંભ સમાન છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો કોઇપણ સાર્વજનીક ખાતું તેઓની આગેવાની વગરનું નહીં હોય.

કાઠીયાવાડની મુસાફરી કરતાં મહુવે આવવું થએલ તે દરમીયાન મહુવાની ગોરક્ષાનું મકાન જોયું તથા તેની અંદરની તમામ વ્યવસ્થા જોઇ. એક વિસ્તાર વાળી જગ્યામાં ગોરક્ષા માટે ભવ્ય મકાન બાંધવામાં આવ્યું છે. આ ભવ્ય મકાન આ સંસ્થાના સેક્રેટરી ગોભક્ત શુર મહાત્મા ઓધવજીભાઈ રામજીભાઇના ખંત, નિઃસ્વાર્થ અને ઉચ્ચ ગોભક્તિનું પરિણામ છે. અસંખ્ય ગાયોને આ સંસ્થા તરફથી આશ્રય આપવામાં આવ્યો છે અને તેમને અભય જીવિતદાન આપવા માટે અને નાના તેમજ મ્હોટા પ્રકારનું ગાયોના દુઃખનું નિવારણ કરવા માટે રા. ઓધવજીભાઈ પોતાની વૃદ્ધાવસ્થા અને શારીરિક ઉપદ્રવ અને વ્યાધિથી પીડાતાં છતાં સતત પ્રયત્ન કરે છે. ગોરક્ષામાં તેઓ તન્મય થયેલા છે, તેનેજ પોતાનો ધર્મ સમજે છે. આવી ઉત્તમ અને નિઃસ્વાર્થ વૃત્તિથી ચાલતી સંસ્થા મ્હારી અનેક મુસાફરીમાં મ્હેં આખા હિન્દુસ્થાનમાં જોઇ નથી. દુષ્કાળના સમયમાં ગાયોને દુઃખ ન પડે તેટલા માટે સંખ્યાબંધ ઢોર નિભી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલું જથ્થાબંધ ઘાસ સ્ટોકમાં રાખવામાં આવે છે અને ગાયોને ઉત્તમ પ્રકારનો ઘાસ ચારો, કપાસીઆ, દાણો વિગેરે આપવામાં આવે છે. ફંડ એકત્ર કરવાની પદ્ધતિમાં તેમજ તમામ વહિવટ કરવામાં અત્યંત ચોકસાઇ વાપરવામાં આવે છે. મકાન એવું સ્વચ્છ અને સુઘડ રાખવામાં આવે છે કે એક ધનાઢ્ય પુરૂષના મ્હેલની સ્વચ્છતા પણ તેની પાસે પાણી ભરે છે. ઈશ્વર રા. ઓધવજીભાઇને દીર્ઘાયુ આપો કે જેથી તેમણે ઉપાડેલું મહાન જીવદયાનું કાર્ય હંમેશને માટે ઉત્તમ પાયા ઉપર મૂકાય અને તેમને હાથે જીવદયાના અનેક બીજાં કાર્ય થાય.

મહુવા તા. ૧-૮-૧૯૧૮ | ત્રંબકલાલ શિવશંકર ત્રિવેદી, M. A.
આસી. સુપ્રિ., જનરલ ડીપાર્ટમેન્ટ
સેક્રેટેરીઅટ,—મુંબાઈ.

પ્રીય આર્ય ભુષણ ઉદ્ધવ !

પ્રસિધ્ધ "ગુજરાતી" પત્રના તા. ૨૯ મી માર્ચના અંકમાં પહોંચ વાળા કોલમમાં ૮૧૬માં "મહાન ગોભકત ઓધવજી રામજી પશુરક્ષાના હિમાયતી" "પ્રસીધ્ધ કરનાર એક ગોભકત" એ લખાઇ આવેલા સુવર્ણ વાક્યોના અવલોકને આજે અનહદ આનંદ આપ્યો છે. "ગોભકત મહાન કૃષ્ણ" ના યશોગાન ગવાય છે, ગવાશે અને કૃષ્ણના પ્રીય સખા ઉધ્ધવ (ઓધવજી) ના અન્ય અવતાર રૂપ મારો દેશ બંધુ, જ્ઞાતિ બંધુ અને વિશેષમાં સ્વધર્મી બંધુ આ વિષમ કાળનો પરમકૃષ્ણ કાર્યકુશળ, વિશુધ્ધવહીવટદાર, પ્રમાણીકતાનીપ્રતિમા, પ્રખર ભકિતવાન અને બાહોશ બુદ્ધિવાન આર્યોનો આદર્શ દેશોદ્ધારક- વ્હાલા "ઓધવ"ની લક્ષાંસે પણ આમ કદર બુઝાયેલી જોઇ હૃદય હર્ષથી ઉછળે છે.

સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના સમર્થ સેક્રેટરી સ્વર્ગસ્થશ્રી "બેચર દાસ" તલસાણીયાના શોકોદ્દગારના સમયે મારે રડવું પડ્યું હતું કે

સોરઠો.

કદરદાન જે હિન્દ આ ટાણે છે નિંદમાં
"ઉપકારી અરવિન્દ" કો પૂજે તલસાણીયા.

એ મારા હૃદય શોકને વિસમાવનાર અમારા "ઉપકારી અરવિન્દ"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઓધવ' નીયતકિંચીત કદર કરી "એક ગોભકત ભાઈએ" જે સ્તુત્ય પ્રયાસ કર્યો છે તે સંપુર્ણ પ્રશંસનીય છે.

ઉપરોકત "તલસાણીયા" ના પ્રસંગમાં મેં કથેલ કે—

સોરઠો.

ગુણ ગ્રાહકતા હોય ઉન્નતિ આશા તો રહે,
(પણ) કર્તવ્ય ભ્રષ્ટતા જોય, હત્તાશ છું "તલસાણીયા".

પ્રસ્તુત વિષયમાં "એક ગોભકતે" ગુણ ગ્રાહકતાની સાથે કર્તવ્ય નિષ્ટાનાં દર્શન કરાવ્યાં તે શું ઓછો ખુશાલીનો વિષય છે.

દોહરો.

લાયક જનની લાયકો, ગણના કરી "ગુણવાન"
જાહેરમાં જસ ખોલતા યોગ્ય દઈને માન.

સદરહુ "ગુણવાન એક ગોભકત ભાઇને" મારાવતી અંતઃકરણનો આભાર દર્શાવવા કૃપા કરશો તેમજ સદરહુ ભાગ્યવંતુ પુસ્તક "મહાન ગોભકત ઓધવજી રામજી, પશુરક્ષાનાહિમાયતી" નીચેના શીરનામે વી૦પી૦ થી મોકલી આપવા મેં૦ રાહે બન્દોબસ્ત તુરતમાં કરાવશોજી.

બાણુ બાવા મકનજી ગોડા; ઠે૦ ચાઇફને પગોડારોડ ઘર નં. ૩૯ ફીફ્થ ડીવીઝન મુ૦ મોલમીન (બરમા) તેમ ઇંગ્રેજીમાં કરાવશો.

હું ગોંડળ છોડી અત્રે ધંધાર્થે આવેલ છું. કાર્ય સેવા ફરમાવી કૃતાર્થ કરવા વિનંતી છે. દા. તમોને પુર્ણ માનની દ્રષ્ટીથી જોનાર,

મોલમીન તા. ૧૨–૪–૧૪ | **બાવા મકનજી ગોડાના જયજીનેંદ્ર**

પરમ ધર્માનુરાગી પ્રીય આર્યભુષણ "ઉદ્ધવ"

મારી માગણીને માન આપી આપે "મહાન ગોભકત ઓધવજી રામજી" નામનો ગુણીયલ ગ્રંથ મોકલવા બન્દોબસ્ત કર્યાથી તે દીવ્ય પુસ્તકના વાંચને જે અવર્ણીય, સ્વર્ગીય આનંદ આપ્યો છે તે ખાતે આપનો અહેસાનમંદ છું; તે પવીત્ર પુસ્તકના પઠનથી પ્રેરાઈ 'ઓધવ યશોગાન' નામનું કાવ્ય આ સાથે લખી મોકલું છું તે સ્નેહાર્પણે લખાયું છે પરંતુ બાળ કૃતિ હોઈ સ્નેહભાવથી નીરખવા વીનંતી છે. સાથે જો તે યથોચીત જણાય તો યોગ્ય સ્થળે ઉપયોગ કરશોજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ૐ ॥ અ૦ સી૦ આ૦ ઉ૦સાયે નમઃ ॥

" ઓધવ યશોગાન. "

દોહરા.

શ્રી મહાન્ ગોભક્તનો, ગરવો નિરખી ગ્રંથ
ચીત્તમાં ચોટી ચટપટી, એથી પરવરૂં પંથ
અથંગ લુટારે લુટયો, વિશેષણોનો કોષ
ઉત્તમ ઉપમાઓ બધી, ઉઠાવતો બાહોશ
સાવધ થઇને સુરનરો, સ્નેહે સાધી લાગ
"યશ તસ્કર" એ ઉધ્ધવમાં, સદ્ય પડાવો ભાગ
હૃદય પ્રેમ પુષ્પો થકી, સજ્જને પોંખ્યો ખાસ
યતિકિંચિત એનો અહીં, આપું છું આભાસ.

(મનહર છંદ)

" માન્યવર " " મહાશય, " " માનવંતા " "વીરનર "
કેકે " મહાન્ ગોભકત, " કહીને બોલાવ્યા છે
" પરઉપકારી " " પશુરક્ષા તણા હિમાયતી"
" ખંતીલા " " ઉત્સાહી, " " હિન્દ હિતૈષી" ગણાવ્યા છે
બહેરામજી ભાઈ તણી ચારૂ ચતુરાઇ જુઓ
" દુનિયાના પ્રખ્યાત પુરૂષોમાં " લેખાવ્યા છે
આતો અબધુત યોગી અલખ પુરૂષ દીસે
ભૂરકી નાંખીને ખરે " ઓધવે " ભુલાવ્યા છે.—૧
" ઘણો હુશિયાર " કોઇ, કહે છે " ગોપાળ " વળી
મહંતજી વદે " મંત્રી, " તિવ્ર મંત્રી તંત્રી છે
ભુલ્યા સંત સાહેબજી, દિલે દરીયાફ કરો
શૂરો શાણો સંત્રી પાકો, " જાદુગારો જંત્રી છે
વદે છે " વીરલ " કોઇ... કોઈ કહે " નર રત્ન "
" કર્મવીર " કહી કીર્તી કોટડે ચડાવ્યા છે—
આતો અબધુત યોગી અલખ પુરૂષ દીસે
ભૂરકી નાંખીને ખરે " ઓધવે " ભુલાવ્યા છે ૨
" પરદુઃખ ભંજન ને પ્રાતઃ સ્મરણીય કહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘! ઉદ્ધવ ” ‘ દિલિપ ” ફરી અવતરી આવ્યા છે
“ ધર્મ અવતાર ” આએ, “ પાંચે ભાઇ પાંડવ ” છે
જેમ આવ્યા તેમ વેગી તુરંગો દોડાવ્યા છે
દુંદભી વગાડી દીપચંદ કહે “ દેવ મૂર્તિ ”
હેમચંદ કહે ખુદ “ પ્રાર્થવજી ” આવ્યા છે—
આતો અબધુત યોગી અલખ પુરૂષ દીસે
ભૂરકી નાંખીને ખરે “ ઓધવે ” ભુલાવ્યા છે ૩
ચંદ્રમણિ કહે “ મારા ધર્મના પિતા ” એતો
ખરી–સીતા–બેન કોયે “ જનક ” જણાવ્યા છે
“ મંગલ મુરતી ” વળી જોય “ જળહળ–જ્યોતી ”
“ફર્સુ–અંશ ” રૂપે મન સૂરજને ભાવ્યા છે.
“ વિદેહી ” “ સન્યાસી ” “ નિસ્પૃહી ” “ નિષ્કામી ” કહી
“ યશસ્વી ” “ મહાત્મા”ને સંતમાં ખપાવ્યા છે—
આતો અબધુત યોગી અલખ પુરૂષ દીસે
ભૂરકી નાંખીને ખરે “ ઓધવે ” ભુલાવ્યા છે ૪
“ કાર્યદક્ષ ” “ પ્રમાણિક ” “ લાયક ” લખે છે કોઇ
કોઇએ “ કુળભૂષણ ” “ દયાળુ.” દરશાવ્યા છે
“ અમૃતનો કુંપ ” કોઇએ “ સુગંધીનો ધુપ ” કીધો
“ ચળકતા સીતારા ” ને પદે પહોંચડાવ્યા છે
કોઈ કહે “ હરિ હાથે હુંડીઓ સ્વીકારી આપે ”
કોઇએ “ પ્રભૂજીની પાસે પરચા પુરાવ્યા છે ”—
આતો અબધુત યોગી અલખ પુરૂષ દીસે
ભૂરકી નાંખીને ખરે “ ઓધવે ” ભુલાવ્યા છે ૫
કોઇએ લખ્યું ખરીતામાં કોઇએ ગાયું કવિતામાં
મન ભાવ્યા તેવા તેજી તરકો લડાવ્યા છે
અનેકધા ઉપમાને વિવિધ વિશેષણોએ
હૃદય કુસુમ વડે પ્રેમેથી વધાવ્યા છે
અગણીત ગુણ એના ગણી ન શકાય ભાઈ
પોથીઓના પુંજ રૂપ ગોળા ગગડાવ્યા છે
આતો અબધુત યોગી અલખ પુરૂષ દિસે
ભૂરકી નાંખીને ખરે ઓધ્ધવે ભૂલાવ્યા છે—૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોહરો.

સુરભીના સેવન થકી, યશ પ્રસર્યો દશદિશ;
હજુ વિશેષે વાધજો એ યોગી આશિષ.

પુજ્ય ઉધ્ધવ ચરણે સમર્પણુ તા. ૧૧—૫—૧૪
શાન્તિ સ્ટોર-ફીકથ ઠીીઝન ચાઈફ્રને રોડ—મોલમીન.

બાણુ બાવા સકનજી ગોડાના
જયજીનેંદ્ર.

ગોશાળા ખુલ્લી સુધી ત્યારે સભા હજુર કવિ રામવનજી ધર્મવનજીએ ગાયેલી કવિતા.

દોહા.

ઉત્તમ ખેતી આ સમે, નહિ ઉત્તમ વેપાર;
નર ઉત્તમ નિરખી જુઓ, પશુ થકી પળનાર.

બનજારો.

થઇ સર્વ કામના સિદ્ધિ, ગૌશાળા કાયમ કીધી.—ટેક
નિર્ગિ ગૌરક્ષા નામે, [1]મહુમતી વિશાળ મુકામેરે;
કરી પત્ર વિષે પર સિધ્ધી, ગૌશાળા કાયમ કીધી—૧
સુત્ર અધિપતી [2]રામપ્રસાદે, નાગર નર હર્ષિત નાદેરે;
લેખાવિણુ કિર્તિ લીધી, ગૌશાળા કાયમ કીધી—૨
વાગ્યાં મંગળ સુરવાજે, ગોપાળ મંડળી ગાજેરે;
ધન્ય [3]દ્વારિકેશ તક લીધી, ગૌશાળા કાયમ કીધી—૩
લખી તામ્ર પત્ર કર લેવા, સજ કરી ભેટ ગૌ સેવારે;
પીયુષ અંજળી પીધી, ગૌશાળા કાયમ કીધી—૪
મતિ નહીં કવિ શું માપે, ઉપદેશ રામવન આપેરે;
[4]ઉધ્ધવજી તો યશ લીધી, ગૌશાળા કાયમ કીધી—૫

---

૧ મહુવા. ૨ આ સભાના પ્રમુખ રામપ્રસાદ દુર્ગાશંકર દેશાઇ. ૩ આ સભાના મંત્રી દોશી દ્વારકાદાસ છગનલાલ લવજીભાઈ. ૪ આ સભાના ઉપ મંત્રી ઓધવજી રામજી સરવૈયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક ઓગણીશ સત ચોપન્ને, શ્રીકૃષ્ણ અષ્ટમી દિનેરે;
વરણુન કરતાં બહુ વીધી, ગૌશાળા કાયમ કીધી—૬

દોહા.

ગોહીત ગૌરક્ષક સભા, પૂર્વાપર સુખ પ્રાય;
મધુમતી વિલસે મુદીત, મેમ્બર જન સમુદાય.—૭

કવિત.

મહુવામાં ગોપાળ સભા પ્રથમ. બોલાવી પોતે;
જણાવ્યું જે ગૌ શેવા, હરેક પાપ હંત્રી છે.
ગોપાળ ધરાવો નામ, ગૌશાળા છે ધર્મ ધામ;
ગૌમાતાના દ્વેષી જનો, દનુજ દિગંત્રી છે.
અમો સૌ એના આભારી, લાગા કર્યા લાભકારી;
તીવ્રમતી આ સભા, ચલાવનાર તંત્રી છે.
જાણે છે આયુઃક્ષણીક, દશા શ્રીમાળી વણીક;
ઓધવજી રામજી જે, મુખ્ય ઉપમંત્રી છે.—૮

દોહા.

પશુરક્ષક મંડળ પ્રતી, પ્યાર કરે પશુપાળ;
સહુ જન બોલો એક સ્વર, જયજય જય ગોપાળ.

અમે છેવટે એટલુંજ કહીશું કે દરેક મહાશયો એમને પગલે ચાલી દેહ ધર્યાનું તથા પૈસો મેળવ્યાનું સાર્થક કરો. છેલ્લે ગોભક્ત **ઓધવજી રામજીને** મહાન્ પશુરક્ષક દાખલ અભિનંદન આપતાં એમના જેવા ગુણવાન, બુદ્ધિવાન અને સંપત્તિવાન મનુષ્યોથી આ હિન્દુસ્તાન દેશનો ઉદય થાઓ એમ ઇચ્છી આ લેખ પુરો કરીએ છીએ.

દોહો.

સત્ય સાચવે તેહને, દુરીજન શું કરનાર;
કેમ શ્વાન કરડી શકે, જે ગજ શિર અસ્વાર.

લી૦ કૃપાકાંક્ષી,
મહુવા ગોરક્ષક સભા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનહર છંદ.—રાજ સરદાર તણા, સીપાયોનું જોર ચોલે;
દરબાર તણો દંડ થાય તે ખમાય છે.
ધુતારાઓ ધુતી ખાય, ચોર ચોરી કરી ખાય;
અગનીથી બળી જાય, એ બધું ખમાય છે.
વેપારમાં હાણ થાય, દરીયામાં ડુબી જાય;
માલ સારો મરી જાય ત્યારે તો ખમાય છે.
પણ મોટા પુન્ય માટે, પાઈ એક ન અપાઈ;
કહો ભાઇ કેવું, પૂર્વ જન્મનુ પાપ છે.

છપય છંદ.—નથી જુલમ નથી જોર, નથી મોસલ દરબારી;
નથી વેરો નથી વેઠ, નથી જપ્તી સરકારી;
નથી પરાણે પુન્ય, નથી કોઇ માટે કરવું;
અરે બીચારી ગરિબ, ગાયની વારે ચડવું;
દુઃખ પામે છે દેશમાં, ધર્મી જન નકી ધારજો;
આશીષ બહુ તે આપશે, ગરીબ ગાય ઉગારજો.
પડશે જ્યારે પ્રાણ, પાણ પરમાણ તમારૂં;
કરશો શું ઉપાય, વિચાર કરોને વારૂ;
કાંઈ ન આવે કામ, સાથ શું લઇને જાવું;
ધન દોલત ને ધામ, પડયા મુકી પસ્તાવું;
હાથે તે સાથે આવશે, કરશો તેવું પામશો;
જશ લેશો આ જગતમાં, નહીં તો જન્મ ગુમાવશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિ પત્ર.

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૬	૬	ઓલાય છે	ઓલાય છે
૬	૨૧	ધીજય	વીજય
૩૪	૧	હિન્દુસ્તાની	હિન્દુસ્તાનની
૩૪	૧૩	સભાએ	સભા
૩૪	૨૩	પ્રણ	પણ
૩૬	૧	સમાંતથી	સમંતીથી
૩૭	૨૮	રવા	કરવા
૫૨	૩	એવા મહાશયોએ- આપી હતી.	એવા મહાશયોએ હાજરી આપી હતી.
૫૩	૯	પ્રત્ય	પ્રત્યે
૫૬	૪	ચાંલે	ચાંદલે
૫૮	૧	વસી	વાસી
૮૨	૬	ભયકર	ભયંકર
૮૨	૧૦	મટે	માટે
૮૬	૨૩	શહેર	શહેર
૮૯	૧૨	शामदाबा	शारदांबा
૯૭	૨૫	ખાતાની	ખાતાના
૧૨૦	૧૩	મેરબી	મોરબી
૧૨૧	૨૪	પાષવાની	પોષવાની
૧૨૫	૨૧	કતેહ	ફતેહ
૧૪૪	૩	વેર્ડમાં	વોર્ડમાં
૧૪૫	૨૪	દીવાકરા	દીવાકરૌ
૧૪૮	૧	કાય	કાર્ય
૧૬૯	૪	મળચંદ	મુળચંદ
૧૭૧	૮	ધર્યથી	ધૈર્યથી
૧૭૧	૧૧	રત્ના	રત્નો
૧૭૨	૬	ફેટા	ફોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૮	૧	અનુભે	અનુભવ
૧૭૮	૭	ગુજરાનમાં	ગુજરાતમાં
૧૮૦	૧૨	કલ્યાર્થે	કલ્યાણાર્થે
૧૯૨	૨૦	પ્રમ	પ્રેમ
૧૯૯	૧૫	નિરંતેર	નિરંતર
૨૦૨	૧૩	તેવી	તેથી
૨૧૨	૨૩	કષ્લા	કરેલા
૨૨૪	૨૧	મતુશ્રી	માતુશ્રી
૨૨૭	૨૩	પ્રળખ	પ્રબળ
૨૩૪	૨૧	સુધીના	સુળીના
૨૩૬	૧૯	રાખખવા	રાખવા
૨૩૭	૨૬	પાયત્રંદન	પાયવંદન
૨૩૮	૬	ક્ષણ	ક્ષય
૨૩૯	૨	રહેતા	તારે
૨૩૯	૬	સુધારો	સુધારે
૨૩૯	૧૦	તર્ણું છે	તણુંજે
૨૪૦	૧૯	માતાઓએ	માતાઓ
૨૪૧	૨	સ્વાનુભાવે	સ્વાનુભવે
૨૪૧	૨૨	સુંદરમયની	સુંદર સમયની
૨૪૧	૨૨	આપા	આપી
૨૪૨	૩	ગુણો	ગુણે
૨૪૨	૨૧	હૃદયે	હૃદયો
૨૪૨	૨૫	વીનાદી	વીનોદી
૨૪૨	૨૭	પરારતો	પ્રસરેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજ્ઞપ્તિ.

સર્વે સજ્જનવર્યો! અને ગૃહસ્થોને! નમ્રતા સાથે વિનંતી કરવાની કે, આ પુસ્તકને જીજ્ઞાસુઓમાં વગર કીંમતે વહેંચી, તે વડે જનસમાજમાં ગૌસેવાનો માનવ ધર્મ અને અહિંસાની હેલી જવાબદારીની ઈશ્વરી આજ્ઞાનો બહોળો ફેલાવો કરવામાંજ, આ સભાએ તેની કીંમતનો પુરતો બદલો મળેલો માન્યો છે; પણ કેટલાક ધર્મશીલ મહાશયોએ અમને જાહેર કર્યું છે કે એવી રીતે ગૌરક્ષાના ધર્મખાતા તરફથી મફત પુસ્તક મેળવવાનો લાભ લેવામાં પ્રજાનો મોટો ભાગ સંકોચાશે. આ ઉપયોગી સુચનાને લક્ષમાં રાખી, આ સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો છે કે:—વર્તમાન પત્રો, માસીકો, લાયબ્રેરીયો, અને સાર્વજનિક જાહેર ખાતાંના વ્યવસ્થાપકો સિવાયના દરેક ભાવિક ગૃહસ્થો પાસેથી, ગૌપ્રદાન નિમિત્તે માત્ર રૂા. ૦-૮-૦ આઠ આના વસુલ લેઈ પુસ્તક આપવું. અમને આશા છે કે આ સ્તુત્ય ઠરાવને દરેક ભાવિકો પ્રેમ અને હર્ષથી વધાવી લેશે.

મહુવા ગૌરક્ષક સભા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar